चित्रसेन
चरित्रम्
॥१॥

श्री शांतीनाथाय नमः

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

श्री महावीरस्वामीनाथाय नमः

श्री धर्मसुरेन्द्ररामसूरीश्वरेभ्यो नमः
सौभाग्य-उत्तम-सुमति-विमल-सुदर्शन-चन्द्र सद्गुरुणीभ्यो नमः

श्री राजवल्लभ गणि विरचितं

श्री चित्रसेन पद्मावती चरित्रम्

संस्कृत गुर्जर भाषांतरो पेतं

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा, गांधीनगर-३८२००९

Serving JinShasan
052930
gyanmandir@kobatirth.org

वर्तमान गच्छाधिपति प.पू.आ.श्री विजय रामसूरीश्वरजी म.सा.(ડહેલાવાળા)ના
આજ્ઞાવર્તિની દીર્ઘ સંયમી વયોવૃધ્ધા પ.પૂ. શ્રી વિમલશ્રીજી મ.સા.ની
પુણ્ય સ્મૃતિ નિમિત્તે

વીર સં.૨૫૧૭

સુરેન્દ્ર સં. ૪૧

વિક્રમ સં. ૨૦૪૭

(પૂ. સાધુ-સાધ્વીજી મ.સા.ને આ ગ્રંથ ભેટ મળી શકશે.)

॥१॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સંપાદક : પ.પૂ. શાસન પ્રભાવિકા વિદૂષી સાધ્વીજી શ્રી ચન્દ્રકલાશ્રીજી મ.સા.ના પરમ તપસ્વિની સાધ્વીજી શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ.સા.

પ્રકાશક : સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા., સા.શ્રી પુષ્પલતાશ્રીજી મ.સા. તથા સા.શ્રી સમ્યગ્રત્નાશ્રીજી મ.સા.

અનુવાદકર્તા : પ.પૂ.સા.શ્રી ચન્દ્રકલાશ્રીજી મ.સા.ની શિષ્યા પ.પૂ.સા.શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ.સા.

પ્રાપ્તિ સ્થાન : સૌભાગ્ય ઉત્તમ સુમતિ વિમલ સુદર્શન સ્વાધ્યાય મંદિર
માલદાસ શહેરી, ઉદયપુર, (રાજસ્થાન).

પ્રત : ૧૦૦૦ કિંમત : પઠનપાઠન પ્રથમ સંસ્કરણ.

મુદ્રક : જીગી પ્રિન્ટર્સ * જીતેન્દ્ર બી. શાહ.
૩૦૫, મહાવીર દર્શન, કસ્તુરબા ક્રોસ રોડ નં.૫, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૬. ફોન :- C/o. ૩૧ ૭૮ ૧૦ / ૨૯ ૫૫ ૭૬.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શીયલનો મહિમા

શીલં જગનિહાણં, શીલં પાવણં ખંડણં ભણિયં
શીલં જંતૂણં જઈ અકતિમં મંડણં પવઈ

શીલવ્રત જગતનું સાચું નિધાન છે, પાપનું ખંડના કરવા રૂપ છે અને માનવી માટે જ્ઞાનીઓએ શીલવ્રતને શાશ્વત અલંકાર કહ્યો છે.

માનવી ઉદાર હોય, કરોડોનો દાતાર હોય, વિનયવાન હોય પણ જો તેનામાં શીલધર્મ નથી તો તે આત્મા લોકપ્રિય બની શકતો નથી. સુગંધ વિના પુષ્પની જેમ તેની કોઈ કિંમત નથી. તેમ શીલ વિનાના જીવનની પણ કોઈ કિંમત નથી. જ્યાં શીલ નથી ત્યાં પ્રાણ વિનાના કલેવર જેવું છે. ઈતિહાસને પાને-પાને અનેક દાખલા આવે છે કે શીલધર્મની રક્ષા માટે તેમને કેટલા કષ્ટો સહન કર્યા - પ્રાણની આહુતિ આપી પણ શીલથી ભ્રષ્ટ થયા નથી.

કહેવાય છે કે સારું વિચારવું તે સારું છે. પણ એના કરતાં સારું કરવું એ વધારે સારું છે. અને એના કરતાંયે સારું જીવવું એ અતિ વધુ સારું છે. આત્માએ આત્માના સ્વભાવમાં રમવું તેનું નામ શીલ છે. જે આત્મા સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે તે તો

P.P. Ac: Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રશંસાપાત્ર છે, પણ જેની તેટલી તાકાત ન હોય તે પોતે પોતાની પત્નીમાં સંતોષ માને અને પરનારને માતા કે બેન સમાન માને તોય સારું છે. જેનામાં દાન ગુણ હોય તેના માટે આ ગુણ તો સહજ રીતે આવી જાય. આ શીલગુણ આવે એટલે તેની વાણી મધુર અને સુંદર બની જાય છે.

શીલ પાળવા માટે સત્ત્વ જોઈએ. અબલાઓ પણ શીલની રક્ષા કાજે સબલા બને છે. મોટા મોટા રાજ-રાજેશ્વરને સમજાવીને ઠેકાણે લાવે છે.

જેનામાં શીલ ગુણ જીવતો-જાગતો છે. તેનામાં એવી અપૂર્વ શક્તિ હોય છે કે તે ગુણના પ્રભાવે અગ્નિ પાણી થઈ જાય, શૂલી સિંહાસન બની જાય, સાગર ખાબોચિયું થઈ જાય, ભયંકર ફણીધર પણ નિર્વિષ બની જાય. ચિન્તામણિ તો માગ્યું ભૌતિક સુખ આપે છે. જે ક્ષણીક હોય, જ્યારે શીલતો આત્મિક અનંત સુખ આપે છે. ઈન્દ્રિયોને જીતનાર શીલવાન કહેવાય. બાહ્ય શત્રુઓ ને જીતવા સહેલા છે પણ ઈન્દ્રિય વિજેતા બનવું મુશ્કેલ છે. વાસુદેવ જેવા મહાન્ધાતાઓ ત્રણખંડના રાજ્યને જીતી શકે છે. પણ ઈન્દ્રિયોને જીતી શકતા નથી. જે ઈન્દ્રિયોને જીતે તે જ જગત વિજેતા બને. ઈન્દ્રિય વિજેતા વિશ્વવિજેતા છે. તે સુખી સંપન્ન છે. રાવણ મનવિજેતા ન બન્યો માટે આલોક અને પરલોક ઉભયલોક હાર્યો, રાવણનું સર્વનાશ થયું. શીલના પ્રભાવે કલાવતીના કપાયેલા કાંડા પુનઃ ઉત્પન્ન થયાં. સુભદ્રાએ કાચા સુતરના તાંતણાએ ચારણીથી કુવામાંથી પાણી કાઢ્યું.

માનવ જીવનમાં શીલનું સત્ત્વ છે, જીવનનું જોમ અને જીવનની જ્યોતિ શીલ છે. શીલથી જ સંસારમાં સત્કાર મળે છે. ॥४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

प्रस्तावना

સમસ્ત સૂત્રોને ચાર અનુયોગમાં વિભક્ત કરેલા છે. એમાં બાલજીવો માટે ધર્મકથાનુયોગ મહત્વનો છે. ધર્મકથાનુયોગ એટલે વિશ્વના વિરાટ પુરુષોના જીવંત જીવન ચરિત્રનો ખજાનો. ધર્મકથાનુયોગ એટલો સુંદર અને મીઠો છે કે જેમાંથી વૈરાગ્યના ઝરણા વહે છે. જે ઝરણા ભવી આત્માને સંયમપ્રેમી બનાવે છે. ધર્મકથાનુયોગ આપણા આત્મામાં રહેલ આધિ-વ્યાધિ અને ઉપાધિ દૂર કરી શારીરિક, માનસિક, આધ્યાત્મિક સુંદરભાવને આપે છે. તન-મન અને જીવનને હલકુ ફુલ બનાવીને જીવનમાં ધર્મનો યોગ સુયોગ કરાવે છે.

શ્રી ચિત્રસેન પદ્માવતી ચરિત્ર વ્યાખ્યાનમાં વાંચવા માટે સુંદર - સરસ પદ્યમયગ્રંથ છે. આ ચરિત્રમાં શીલગુણ કીર્તનની કથા છે. તેના કર્તા શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજી મ. ની પરંપરામાં પૂ. શ્રી પદ્મચંદ્ર સૂરીશ્વરજી મ.સા. થયા. તેમની પાટે પૂ.આ.શ્રી મહિમાચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પૂ.ઉપાધ્યાય શ્રી રાજવલ્લભ ગણિવર છે. પૂજ્ય શ્રીએ વિ.સં. ૧૫૪૪માં આ કથા રચી છે. વિ.સં. ૧૫૩૦માં ષડાવશ્યક વાર્તિક રચેલ છે. જેમાં શીલ ધર્મ અંગે આ કથા છે.

જ્યારે અમારું ૨૦૩૯માં શીહોર શહેરમાં ચાતુર્માસ થયું, ત્યારે આ ચરિત્ર બહેનોના વ્યાખ્યાનમાં વાંચ્યું હતુ. બહેનોને શ્રવણમાં ઘણો જ રસ આવ્યો. ત્યારથી મારી ભાવના હતી કે બધાય સંસ્કૃત વાંચન કરી શકતા નથી. માટે હું મારી અલ્પબુદ્ધિથી આ ગ્રંથનું ભાષાંતર કરીને પ્રત રૂપે પ્રકાશિત કરું. જેથી આ ચરિત્રના માધ્યમથી વાચક વર્ગમાં ચરિત્ર નવનિર્માણ થાય. આ હેતુથી દેવગુરુ અને ધર્મકૃપાએ આ કાર્યની શરૂઆત થઈ. આ ગ્રંથને પ્રકાશન કરવામાં વિ.સં ૨૦૪૬ના ભાયંદર ચાતુર્માસમાં પર્યુષણ પછી સામાન્ય વાત આ ચરિત્રના પ્રકાશન માટે શકરીબેનને કરી ત્યારે ઉદાર હૃદયે તેમને ૫,૦૦૦/- ની આર્થિક સહાય સર્વપ્રથમ કરી. પછી તો સુરેશભાઈ દેવચંદ સંઘવી, શશીકાંતભાઈ સિરોયા, ભાયંદર શ્રી સંઘની બેનો, ભાયંદરના પૂજાઓના મંડળો, સામયિક મંડળોના આર્થિક સહયોગથી આ કાર્ય અતિ અલ્પ સમયમાં

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

સાકારરૂપ લીધું છે. તે ઉપરાંત મલાડ જીતેન્દ્ર રોડ, ઠાકુરદ્વાર, ચાણસ્મા, મલાડ, ભાદરણનગર, આદિની બહેનો તથા મહિલા મંડળોએ આ ગ્રંથ પ્રકાશનમાં સારો લાભ લીધો છે.

આ ગ્રંથ લખવાનો પ્રયાસ ભાયંદરની પવિત્રભૂમિ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદાની શીતળ છાયામાં થયો. કુવાલા નિવાસી પંડિત શ્રી મહેશભાઈએ આ ગ્રંથ પ્રકાશનમાં સુંદર ફાળો આપ્યો છે. તે અનુમોદનીય છે.

જીગી પ્રિન્ટર્સ ના સંચાલક શ્રી જીતુભાઈ બી. શાહે પણ આ મુદ્રણ કાર્ય ખૂબ જ ઝડપી અને સુંદર કરી આપેલ છે. તથા પ્રૂફ જોવા માટે તેમની મહેનત પણ પ્રસંશનીય છે તે સદા યાદગાર રહેશે.

આ ચરિત્ર રસિક અને અનેક આશ્ચર્યકારી પ્રસંગોથી સભર છે. તેના વાંચન - મનન દ્વારા શીલધર્મનો આદર અને આચરણ વધે એ જ શુભાભિલાષા.

આ ગ્રંથ પ્રકાશનમાં કાંઈ પણ ક્ષતિ હોય તો ક્ષમા, મિચ્છામિ દુક્કડં.

આ ગ્રંથને પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ વ્યાખ્યાનમાં જરૂર વાંચે અને શ્રોતાઓને રસતરબોળ કરી શીલધર્મમાં સ્થિર બનાવે અને અમને આરાધનાના ભાગી બનાવે એજ અભ્યર્થના.

લી.
ચંદ્રશિશુ
કીર્તિપ્રભાશ્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વ.પ.પૂ.સા. વિમલશ્રીજી મ.સા. નું જીવન ઝરમર

આ સૃષ્ટિના સૌન્દર્ય બાગમાં પુષ્પો ખીલે છે અને કરમાય છે. પણ તે પુષ્પની કિંમત છે. તેની વિશેષતા એ છે કે જે પુષ્પ દૂર સુદૂર સુધી પોતાની સૌરભ પ્રસરાવી અનેક માનવીઓના મનને તાજગીથી ભરી દે છે અને હૃદયને પ્રફુલ્લિત બનાવે છે. તે પ્રમાણે આ વિશ્વમાં અનેક જીવો જન્મે છે, પણ તે જીવનની કિંમત છે કે જેમનું સોહામણું વ્યક્તિત્વ સદાયે અનેક જીવોને જીવનની નવી રાહ બતાવે છે.

સત્ય - અહિંસા - પ્રેમ - સદાચાર - ચરિત્ર જેવા ઉત્તમ સંસ્કારોનો ખજાનો જગત સમક્ષ ધરી, તેનો અમૂલ્ય વારસો મુમુક્ષ જીવોને આપવા એ પ્રચંડ પુરૂષાર્થ ખેડે છે. પ્રમાદની ઘેરી નિંદ્રામાંથી જાગૃત કરી કર્તવ્યના પંથે દોરી જવા માર્ગદર્શન આપે છે.

મેવાડની ઐતિહાસિક ભૂમિ ઉદયપુર નગરમાં ધનધાન્યથી સંપન્ન અને ધર્મપ્રેમી અને સદ્‌ગૃહસ્થ પરિવાર વચ્ચે ચપલોત વંશવિભૂષણ શ્રી ભૂરીલાલભાઈ અને તેમની પત્ની શીલ સંસ્કારોથી સુશોભિત શ્રીમતી હેતબેનની કુક્ષીએ કન્યારત્નનો જન્મ થયો. તેનું નામ માતાપિતાએ નજરબેન પાડ્યું. નાના નજરબેનના જીવનમાં એવાં સુંદર સંસ્કારોના બીજારોપણ થયાં કે જે આજે વિશાલ વટવૃક્ષ રૂપે ફુલ્યા-ફાલ્યા અને તેની મહેંક ચોમેર પ્રસરી. માતાપિતાના સંસ્કાર અને પૂર્વનાં ધર્મના સંસ્કારવાળી બાલિકાના હૃદય ઉદધિમાં આધ્યાત્મિકતાનો અખૂટ ખજાનો ભર્યો હતો. પરંતુ માતાપિતાના આગ્રહ અને પૂર્વકૃત ભોગાવલી કર્મોદયથી નજરબેનના લગ્ન શ્રી કન્હૈયાલાલજી સા.ના સુપુત્ર ચિ. અમૃતલાલ ચેલાવતની સાથે થયાં. વિનય વિવેક કુલ મર્યાદા આદિ ગુણોથી સાસરિયામાં ગૌરવમય સ્થાન પ્રાપ્ત કર્યું. નજરબેનને બે કન્યારત્ન સંસારફળ રૂપે મળ્યા. પરંતુ નાની બંને દિકરીના મૃત્યુએ તેમના ચૈતન્યમય આત્મામાં જીવનની ક્ષણિકતા અને સંસારની અસારતાએ વૈરાગ્યનું ઝરણું વહેવા લાગ્યું. ક્ષણિક જીવનમાં નશ્વરનો મોહ છોડી અવિનાશી આત્માની આરાધના કરવા માટે પ્રવજ્યા પંથે પ્રયાણ કરવું એ જ શ્રેયસ્કર છે. તેમનો વૈરાગ્ય વેગવંત બન્યો. તેથી પોતાના પતિને બીજીવાર અંબાલાલભાઈ ચૌધરીની સુપુત્રી દુધિબેન સાથે લગ્ન કરાવ્યાં. બે વર્ષ ગૃહસ્થાવાસમાં રહીને ૧૫ વર્ષ સંસારવાસમાં વ્યતીત કરીને જાગૃત આત્મા મોહ-મમતાના બંધનને તોડી ધૂમધામથી વિ.સં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૯૮૫, આષાઢ વદ ૧૦ ના શુભ દિવસે ૨૮ વર્ષની યુવાનીમાં ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને અપ્રતિમ પ્રતિભાશાલી પૂજ્ય આચાર્ય શ્રી વિજય સૂરેન્દ્રસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞાવર્તિની દીર્ઘ સંયમી સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજીની શિષ્યા, સાધ્વીશ્રી ઉત્તમશ્રીજી મ. ની શિષ્યા સાધ્વી શ્રી સુમતિશ્રીજી મ. સા. ને જીવન સુકાની નિર્ધારીત કર્યા. સાધ્વી શ્રી વિમલશ્રીજીના માર્ગથી આર્યરત્નાના આદર્શ જીવનમાં પદાર્પણ કર્યું. સંયમ જીવન પ્રાપ્ત કર્યા બાદ ગુર્વાજ્ઞા - વિનય વૈયાવચ્ચ - જ્ઞાન પિપાસા અને તપોમય જીવન દ્વારા આધ્યાત્મિક વિકાસ પથે પ્રયાણ આદર્યું અને સંયમને આત્મસાત કર્યો. વર્ષો સુધી અપ્રમત્ત ભાવથી વડિલ ગુરુણીજીઓની સેવામાં એક જ સ્થાને પોતાની જન્મભૂમિને સાધના ભૂમિ બનાવી. તન અને મનથી આત્મ સાધનામાં મશગૂલ બન્યા. મેવાડ મારવાડ, ગુજરાત, સૌરાષ્ટ્ર ના અનેક તીર્થોની યાત્રા અને પવિત્રભૂમિની સ્પર્શના કરતા જિનેશ્વર પ્રભુની દિવ્યવાણીનો પ્રચાર પ્રસાર કર્યો. પોતાના સંયમજીવનની સુવાસથી આકર્ષિત થઈને ઉદયપુરમાંથી ૧૭ આત્માને સંયમાત્મા બનાવ્યા. ૪૧ ચાતુર્માસ ઉદયપુરમાં કરીને આપની પ્રેરણાથી અનેક સ્થાનો પર જિર્ણોધ્ધાર, ઉપાશ્રય, પૌષધશાળા આદિના નિર્માણમાં હજારો રૂપિયાઓનું સદ્વ્યય કરાવ્યું.

ઉદયપુરમાં આપશ્રીની પ્રેરણાથી અનેક શાસન પ્રભાવના થઈ. સ્વાધ્યાય હોલ, ધર્મશાળા, જિર્ણોધ્ધાર આદિ કાર્યો સુંદર થયાં.

૫૨ વર્ષના સંયમપર્યાયમાં જ્ઞાનપંચમી, મૌન એકાદશી, પોષ દશમી, વિશસ્થાનક તપ, નવપદજીની ઓળી, ૧૭૦ જિનના એકાસણા સાથે કલ્યાણક તપ, વર્ધમાનતપ, ૪૯ ઓળી, ૬૦૦ એકાસણા, અઠ્ઠાઈ આદિ અનેક તપ દ્વારા આત્માને ચંદન સમ ઉર્જાવળ બનાવ્યો.

ન જાણ્યું જાનકી નાથે પ્રભાતે શું થવાનું છે. એ ઉક્તિવત અનુસાર આકસ્મિક પોષ વદ ૧૩ નાદિવસે પૂજ્યશ્રી પડી જવાથી માથાનું દર્દ પ્રારંભ થયું. સંઘે અને પરિવારે ખડે પગે સેવા કરી. પૂજ્યશ્રીએ વ્યાધિમાં પણ સમાધિ અને સાધનામય આરાધના અને સર્વજીવ રાશિને ખમાવ્યા અને વિ.સં. ૨૦૪૭ મહા સુદ ૪ ના રાત્રીમાં ૧-૧૫ વાગે નમો અરિહંતાણં - નમો અરિહંતાણં ના ઉચ્ચાર સાથે પૂજ્યશ્રીનો આત્મા સ્વર્ગવાસી બન્યો.

વિમલ-નિર્મલ સ્ફટીકસમ આત્માવાળા પૂજ્ય ગુરુદેવ વિમલશ્રીજીના ચરણ કમળમાં વંદના-અનંતવંદના.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust




प.पू.सा.श्री विमलाश्रीजी म.सा.

समर्पण

सदा संयम जीवनना बागमां
अप्रमत्त भावे आत्मानंदी
सुदीर्घ संयमी पूज्यात्मा
साध्वीवर्या श्री विमलश्रीजी म.सा. ना
करकमलमां
विदुषी साध्वी श्री चंद्रकलाश्रीजी म.सा.ना
शिष्या परम तपस्विनी साध्वीश्री
कीर्तिप्रभाश्रीजी म.सा. द्वारा अनुवादित
श्री चित्रसेन पद्मावती चरित्र
गुर्जरानुवाद सहित चरित्रग्रंथ
समर्पण करी कृतकृत्य बनुं हुं.

चरणरेणुडा
चन्द्रशिशु



P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

આર્થિક સહયોગ આપનાર સભ્યોની શુભ નામાવલી

વ્રત	નામ	ગામ
૧૧૧	ભાયંદર દેવચંદનગરની બહેનો તરફથી	-ભાયંદર
૫૧	દેવચંદ જેઠાલાલ સંઘવી	-મુંબઈ
૫૧	નિશાબેન શશીકાંતભાઈ સિરોયા	-ભાયંદર
૩૧	ઠાકુરદ્વાર શાન્તિનાથ મહિલા મંડળ	-મુંબઈ
૨૨	પાર્શ્વ સુરેન્દ્ર સમૂહ સામાયિક મંડલ	-ભાયંદર
૨૨	મંજુલાબેન રાજેન્દ્રકુમાર સપરિવાર	-ભાયંદર
૨૧	મોતીલાલ ડાહ્યાભાઈ ઝવેરી	-વાલકેશ્વર
૧૧	કંકુબેન સાગરમલજી	-મુંબઈ
૧૧	દહીંસર (વેસ્ટ)ની ઉપાશ્રયની બહેનો તરફથી	-દહીંસર
૧૧	શાન્તિનાથ સમુહ સામાયિક મંડળ (મણીભુવન)	-મલાડ
૧૧	જીતેન્દ્ર રોડ, શાન્તિનાથ જૈન દેરાસરની બહેનો તરફથી	-મલાડ
૧૧	ભાદરણનગર પાર્શ્વકીર્તિ સમુહ સામાયિક મંડળ	-મલાડ
૧૧	નારંગીબેન ચન્દ્રકાન્તભાઈ	-મલાડ
૧૧	કુસુમબેન સેવંતીલાલ	-મલાડ
૧૧	એક સદ્‌ગૃહસ્થ તરફથી	-ભાયંદર
૧૧	હસમુખલાલ સોમચંદ	-ચાણસ્મા
૧૧	ડાહીબેન જેઠાલાલ	-ચાણસ્મા
૧૧	છોટાલાલ મોહનલાલ	-ચાણસ્મા
૧૧	રેવાબેન સોમચંદ	-ચાણસ્મા
૧૧	સકરચંદ મગનલાલ	-ચાણસ્મા
૧૦	ફકીરચંદ વાડીલાલ પ્રેમલવાલા	-ભીવંડી
૫	પાર્શ્વ દીપક મહિલા મંડળ	-ભાયંદર
૫	પાર્શ્વ મહિલા મંડળ	-ભાયંદર
૫	ધર્મ પ્રતાપ સમૂહ સામાયિક મંડળ	-ભાયંદર
૫	હરસોલ સત્તાવીશ નવયુવક મંડળ	-ભાયંદર
૫	વીશા ઓસવાલ મહિલા મંડળ	-ભાયંદર
૫	હરસોલ સત્તાવીશ મહિલા મંડળ	-ભાયંદર
૫	ચાણસ્મા બચત મંડળ	-ભાયંદર
૫	ભટેવા પાર્શ્વ મહિલા મંડળ	-ભાયંદર
૫	ઉમરાવબેન હમીરમલજી	-ભાયંદર
૫	માધવભાઈ ભૂરાભાઈ	-ભાયંદર
૫	તારાબેન નરેન્દ્રભાઈ	-ભાયંદર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

५	सुधाबेन चीनुभाई	-भायंदर
५	निर्मलाबेन जयंतिलाल	-भायंदर
५	सुभद्राबेन रमेशभाई	-भायंदर
५	हीराबेन डाह्यालाल शाह (उपधान तप निमित्ते)	-भायंदर
५	शान्ताबेन रसिकलाल (१००८ आयंबिल तप निमित्ते)	-भायंदर
५	कोकिलाबेन हसमुखभाई	-भायंदर
५	सुरेखाबेन सुरेशभाई	-भायंदर
५	चाणस्मा बचत मंडळ	-मलाड
५	विमळाबेन सूर्यकान्तभाई	-मलाड
५	भारतीबेन सी. शाह	-मलाड
५	शारदाबेन शान्तिलाल शाह	-मलाड
५	प्रभाबेन कोदरलाल	-मलाड
५	अरुणाबेन अरविंदभाई	-मलाड
५	चुनीलाल कालीदासजी	-मलाड
५	शान्ताबेन पोपटलाल गांधी	-मलाड
५	लीलाबेन बाबुलाल संघवी	-मलाड
५	प्रभाबेन चंद्रकान्तभाई शाह	-मलाड
५	सुधाबेन महेन्द्रभाई	-मलाड
५	सोनीबेन शिवलाल	-मलाड
५	कंचनबेन सुरेन्द्रभाई	-मलाड
५	मोंघीबेन हरगोवनदास	-मलाड
५	दीपचंद कालीदास	-मलाड
५	दमयंतीबेन बाबुलाल	-मलाड
५	मधुबेन कान्तीलाल (वरसीतप निमित्ते)	-मलाड
५	भीखीबेन केतनभाई	-मलाड
५	ईन्दुबेन सेवंतीलाल	-मलाड
५	चंदनबेन शकरालाल	-मलाड
५	विजयधर्म महिला मंडळ	-मुंबई
५	कंकुबेन गणपतराजजी	-मुंबई
५	कंचनबेन नवीनचंद्र शाह	-मुंबई
५	पुष्पाबेन राजमलजी	-मुंबई
५	मोहनीबेन कुशलराजजी	-मुंबई
५	पिस्ताबेन बाबुलालजी	-मुंबई
५	गुणवंतीबेन घेवरचंदजी	-मुंबई
५	भमरीबेन पारसमलजी	-मुंबई
५	जयाबेन जे. शाह	-मुंबई

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

प पू कंचनबेन हुकमराजजी	-मुंबई
प पू प्रभाबेन पोपटलाल	-मुंबई
प पू कुलीबेन प्रतापसिंहजी	-मुंबई
प पू कंकुबेन सरेमलजी	-मुंबई
प पू ताराबेन सोहनलालजी	-भीवंडी
प पू शान्ताबेन वेणीचंदजी	-भीवंडी
प पू शान्तिजिन महिला मंडळ	-दहींसर
प पू पूरीबेन बाबुलाल	-मुढेरा
प पू रसिकलाल लहेरचंद	-चाणस्मा
प पू कांताबहेन चंदुलाल शाह	-चाणस्मा
प पू बदामबेन भगवतीलाल दलाल	-उदयपुर
प पू सेवंतीलाल माणेकलाल	-चाणस्मा
प पू अमृतलाल प्रेमचंद	-मुंबई
प पू मंजुलाबेन चिमनलाल	-मुंबई
प पू कंकुबेन गणपतराजजी	-मुंबई
प पू पदमाबेन जयंतिला	-मुंबई
प पू शकुन्तलाबेन धीसुलालजी	-मुंबई
प पू उमरावबेन गुलाबचंदजी	-मुंबई
प पू बगदीबेन मगराजजी	-मुंबई
प पू जडावबेन दरगीचंदजी	-मुंबई
प पू चंपकलाल शीवलाल	-चाणस्मा
प पू जयंतिलाल गगलचंद	-चाणस्मा
प पू प्रतापभाई लीलाचंद	-चाणस्मा
प पू कंचनबेन पदमाबेन (५०० आयंबिल तप निमित्ते)	-चाणस्मा
प पू हेमेन्द्रकुमार मफतलाल	-चाणस्मा
प पू जयलताबेन એમ. शाह	-चाणस्मा
प पू भगवतीबेन लालभाई	-चाणस्मा
प पू कंचनबेन चंद्रकान्तभाई	-चाणस्मा
प पू बबलचंद गभरुचंद	-चाणस्मा
प पू गजराबेन केणवलाल	-चाणस्मा
प पू रसीलाबेन व्रजलाल	-चाणस्मा
प पू पंकजकुमार मासुकलाल	-चाणस्मा
प पू सुरजमल चंदुलाल	-चाणस्मा
प पू काशीबेन थोभणदास	-चाणस्मा
प पू त्रिकमलाल वाडीलाल	-चाणस्मा
प पू वसुबेन सेवंतिलाल	-चाणस्मा
प पू शारदाबेन बाबुलाल	-मलाड
प पू पनालाल पोपटलाल शाह	-पींपलवाळा

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

॥अर्हम्॥

श्री धर्मसुरेन्द्रसूरीश्वरेभ्यो नमः

सौभाग्य-उत्तम-सुमति-विमल-सुदर्शन-चन्द्र सद्गुरुणीभ्यो नमः

॥पाठक प्रवर श्री राजवल्लभ मुनिवर विरचितं ॥

॥ श्री चित्रसेनपद्मावतीचरित्रम् ॥

शान्तिनाथं नमस्कृत्य भव्य पंकज भास्करं

चित्रसेन चरित्रस्य गुर्जरार्थो विलिख्यते

नत्वा जिनपतिमाद्यं, पुंडरीकं गणाधिपम् । शीलालङ्कारसंयुक्तां साश्चर्यां हि कथां ब्रुवे ॥१॥

શ્રી પ્રથમ તીર્થંકર આદિનાથપ્રભુ અને મુખ્યગણધર શ્રી પુંડરીક સ્વામીને નમસ્કાર કરીને શીલરૂપી અલંકારથી શોભતી અને આશ્ચર્યવાળી કથાને હું કહું છું. (૧)

इहैव भरतक्षेत्रे देशे नाम्ना कलिङ्गके । धनधान्यासमाकीर्ण वसन्तपुरपत्तनम् ॥२॥

આજ ભરત નામના ક્ષેત્રમાં કલિંગનામના દેશમાં ધનધાન્યથી ભરપૂર એવું વસંતપુર નામનું નગર છે. (૨)

प्रासादमन्दिराकीर्णे सरआरामशोभिते । श्रेष्ठिनो वहवस्तत्र वसन्ति धनदोपमाः ॥३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહેલો-મંદિરો-સરોવરો અને બગીચાઓથી શોભતા એવા તે નગરમાં કુબેરની ઉપમાવાળા ઘણા શ્રેષ્ઠિઓ રહે છે. (૩)

प्रजायाः पालने दक्षो दाता शूरो दयापरः । स्वगुणैः क्षितिविख्यातो वीरसेनो नराधिपः ॥४॥

તે નગરમાં પ્રજાનું પાલન કરવામાં હોંશિયાર-દાનવીર-શૂરવીર દયાળુ અને પોતાના જ ગુણો વડે પૃથ્વીમાં પ્રસિદ્ધિ પામેલો વીરસેન નામનો રાજા રાજ્ય કરે છે. (૪)

रूपयौवनसंपन्ना सौभाग्यादिगुणान्विता । तत्प्रिया रत्नमालाभूत् सतीजनमतल्लिका ॥५॥

તે રાજાને રૂપ અને યૌવનથી યુક્ત સૌભાગ્ય વગેરે ગુણોથી શોભતી સતીઓમાં અગ્રેસર રત્નમાલા નામની પત્ની હતી. (૫)

तत्पुत्रोऽस्ति गुणाधारः सदाचारिशिरोमणिः । दाता वीरस्तथा शूरः कुमारश्चित्रसेनकः ॥६॥

તે રાજાને ગુણના આધાર જેવો-સદાચારીઓમાં શિરોમણી દાતા-વીર અને શૂરવીર ચિત્રસેન નામનો કુમાર છે. (૬)

बुद्धिसाराभिधो मंत्री बुद्धिमान् विनयी नयी । चतुरश्चारुमूर्तिस्तु राजकार्ये धुरन्धरः ॥७॥

તે રાજાને બુદ્ધિશાળી-વિનયવાળો-ન્યાયી-ચતુર-સુંદર અને રાજ્યના કાર્યોમાં અગ્રેસર બુદ્ધિસાર નામનો મંત્રી છે. (૭)

रत्नसारः सुतस्तस्य रत्नकान्तिरिवाद्भुतः । निपुणः सर्वशास्त्रेषु सुशीलः सत्यसङ्गरः ॥८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते मंत्रीने रत्ननी कांति जेवो अद्‌भुत-सर्वशास्त्रोमां निपुण-सदाचारी अने सत्यवादी रत्नसार नामनो पुत्र छे. (८)

प्रीतिः परस्परं जाता मन्त्रिराजभुवोस्तयोः । छायापराह्णजेवाथ ववृधे साधिकाधिकम् ॥९॥

ते राजकुमार अने मंत्रीपुत्रने परस्पर प्रीति थई. अने ते प्रीति संध्या समयनी छायानी जेम अधिकाधिक वधवा लागी. (९)

अेकदा स्वसभासीनो वीरसेनो नरेश्वरः । समस्तनगरीलोकैः समागत्य नमस्कृतः ॥१०॥

अेक दिवस वीरसेन राजा सभामां बेठो हतो ते समये नगरना सर्वेलोकोअे आवीने राजाने नमस्कार कर्या. (१०)

तेषां कुशलमापृच्छ्य तदा सन्मानपूर्वकम् । पृच्छति स्म धराधीशः समागमनकारणम् ॥११॥

त्यारे राजाअे तेओनी कुशलता पूछीने सन्मान आपवापूर्वक आववानुं कारण पूछ्युं. (११)

तेषामेको बभाषेऽथ स्वामिन्नेषा त्वया प्रजा । पालिता पुत्रवन्नित्यं किञ्चित्सन्तापिताधुना ॥१२॥

त्यारे तेओमांथी अेक मनुष्य बोल्यो के हे स्वामी ! तमे हंमेशां प्रजानुं पुत्रनी जेम पालन कर्युं छे. परंतु ते प्रजा हमणां कंईक दुःखी थई छे. (१२)

तव एष सुतः स्वामिन् साक्षात्कन्दर्पसोदरः । भ्रमते हि दिवारात्रौ पुरमध्ये यथेच्छया ॥१३॥

हे स्वामी ! आपनो पुत्र साक्षात् कामदेव जेवो छे. अने ते पुत्र रात-दिवस इच्छा प्रमाणे नगरमां परिभ्रमण करे छे. (१३)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मोहितस्तस्य रूपेण सर्वः पौराङ्गनागणः । स्वकार्यविमुखीभूय तस्य पृष्ठे हि धावति ॥१४॥
નગરની સર્વે સ્ત્રીઓ તેના રૂપથી મોહ પામેલી પોતાનાં કાર્યોને છોડી દઈને તેની પાછળ જ દોડે છે. (૧૪)
रक्षणीयः कुमारोऽसौ सावधानतया ततः । प्रासादे च स्वकीये य-द्यत्नो रत्नेऽपि युज्यते ॥१५॥
તેથી આપે તે પુત્રને સાવધાનીપૂર્વક પોતાના રાજમહેલમાં રાખવો જોઈએ, કારણ કે રત્નને પ્રયત્નપૂર્વક સાચવવું જોઈએ. (૧૫)
यतः- यस्मिन् कुले यः पुरुषः प्रधानः, स एव यत्नात्परिरक्षणीयः ।
तस्मिन् विनष्टे हि कुलं विनष्टं, न नाभिभङ्गे ह्यारका वहन्ति ॥१६॥
નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે જે કુળમાં જે પુરૂષ મુખ્ય હોય તેનું યત્નથી રક્ષણ કરવું જોઈએ. નહિતર તે પુરૂષ નાશ પામતા કુળ પણ નાશ પામે છે. જેમ ગાડાના પૈડામાં ધરી ભાંગતા આરાઓ ચાલતા નથી તેમ. પ્રધાન પુરૂષ નાશ પામતા કુળ નાશ પામે છે. (૧૬)
इति श्रुत्वा महीनाथ-श्चिन्तयामास मानसे । धनस्य यौवनस्यापि धन्य एव मदं त्यजेत् ॥१७॥
આવું સાંભળીને રાજા મનમાં વિચારવા લાગ્યો કે ધન્ય પુરૂષ હોય તે જ ધનનો અને યૌવનનો મદ છોડી શકે છે. (૧૭)
प्रजोद्वेगकरो यो हि कार्यं किं तेन सूनुना । कर्णं त्रोटयते यत्तस्तत्स्वर्णं निष्प्रयोजनम् ॥१८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે પુત્ર પ્રજાને ઉદ્વેગ કરનારો હોય તે પુત્રનું મારે શું કામ છે ? જે કાનને તોડી નાંખે તેવા સોનાના કુંડળ શું કામના ? (૧૮)

विचिन्त्येति नृपेणाथा-देशो देशाटनाय हि । दत्तस्तस्मै कुमाराय चित्रसेनाय कोपतः ॥१९॥

આ પ્રમાણે વિચાર કરીને રાજાએ કોપ વડે તે ચિત્રસેન કુમારને દેશાટન કરવાનો હુકમ આપ્યો. (૧૯)

वज्रपातादिवाकस्मा-त्कुमारः खेदमाप सः । नरेन्द्रो विधिवत्पुंसां करोति हि शुभाशुभम् ॥२०॥

આ આદેશ સાંભળીને ઓચિંતા વજ પડે તેવી રીતે તે કુમાર ખેદ પામ્યો, વિધિ (ભાગ્ય)ની જેમ ખરેખર રાજા પુરૂષોને સારું અથવા ખરાબ કરી શકે છે ? (૨૦)

नमस्कृत्य पितुः पादौ स मातुर्मिलने गतः । पुत्रमोहाद्ददे तस्मै तया रत्नानि सप्त च ॥२१॥

કુમાર પિતાના ચરણકમળમાં નમસ્કાર કરીને માતાને મળવા માટે ગયો. ત્યારે માતાએ પુત્રના મોહથી તેને સાત રત્નો આપ્યાં. (૨૧)

करवालं समादाय नत्वा च जननीं निजाम् । रत्नसारस्य मित्रस्य गृहेऽसौ चपलं ययौ ॥२२॥

ત્યાર પછી પોતાની માતાને નમીને તલવાર હાથમાં લઈને ચપળ ચિત્તવાળો તે રત્નસાર નામના મિત્રને ઘેર ગયો. (૨૨)

उद्विग्नचित्तकं दृष्ट्वा मित्रं निजगृहागतम् । विस्मयाकुलचित्तेन तेन पृष्टं तदा द्रुतम् ॥२३॥

પોતાના ઘરે આવેલા ઉદ્વિગ્ન ચિત્તવાલા મિત્રને જોઈને આશ્ચર્ય સહિત તેને જલદીથી પૂછયું. (૨૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कथं ग्रामन्तरं यासि सत्यं कथय मित्र मे । संशये पतितं मे च निःशल्यं कुरु मानसम् ॥२४॥

હે મિત્ર ! તું શા માટે બીજે ગામ જાય છે ? તેની સત્ય હકીકત મને કહે. અને સંશયમાં પડેલા મારા મનને તું શંકા રહિત કર. (૨૪)

यतः-ददाति प्रतिगृह्णाति प्रतिगृह्यमाख्याति पृच्छति । भुङ्क्ते भोजयते नित्यं षड्विधं प्रीतिलक्षणम् ॥२५॥

કહ્યું છે કે : આપવું-લેવું એકબીજાની ગુપ્તવાત પૂછવી અને કહેવી. જમવું અને જમાડવું આ છ પ્રીતિનાં લક્ષણો છે. (૨૫)

मित्रस्य हितकर्ता च हितज्ञो हितचिन्तकः । परोक्षेऽपि च तत्प्रोक्तं सत्यमित्रस्य लक्षणम् ॥२६॥

મિત્રની પરોક્ષમાં (ગેરહાજરીમાં) પણ મિત્રનું હિત કરનાર તેના હિતને જાણનાર અને હિતને ચિંતવનાર હોય તેને સત્યમિત્રના લક્ષણો કહેવાય છે. (૨૬)

प्रत्यक्षे गुरुवत्सुहृत् परोक्षे बन्धुसन्निभः । कार्ये च दासवद्यो हि पुत्रतुल्यो मृतस्त्रियः ॥२७॥

પ્રત્યક્ષમાં ગુરૂ જેવો-પરોક્ષમાં ભાઈ જેવો-કાર્યમાં દાસ જેવો અને જેની સ્ત્રી મરણ પામી છે તેને પુત્ર જેવો મિત્ર છે. (૨૭)

श्रुत्वेति तेन वृत्तान्तो मित्राय कथितो निजः । प्रोक्तं च मित्र तेनैव विदेशे गम्यते मया ॥२८॥

આ સાંભળીને કુમારે પોતાનો બધો વૃત્તાંત મિત્રને કહ્યો. અને કહ્યું કે હે મિત્ર ! તે કારણથી હું પરદેશમાં જઉં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

छं. (२८)

अथावग् रत्नसारोऽपि मित्रदुःखेन दुःखित । मित्र त्वया विनाहं तु स्थातुं नैव क्षणं ह्यलम् ॥२९॥

હવે મિત્રના દુઃખથી દુઃખી થયેલો રત્નસાર પણ બોલ્યો, "હે મિત્ર ! તારા વિના હું એક ક્ષણ પણ રહેવા શક્તિમાન નથી. (૨૯)

एको जीवो द्विधा देहो ह्यावयोस्तन्मया ध्रुवम् । सुखं वा यदि वा दुःखं सोढव्यं हि त्वया सह ॥३०॥

આપણા બન્નેના શરીરો જુદા છે પણ આત્મા એક જ છે. તેથી મારે તારી સાથે સુખ અથવા દુઃખ સહન કરવું જોઈએ. (૩૦)

ज्ञेया वियोगतो नूनं स्नेहे दत्ता जलाञ्जलिः । इति निश्चित्य मनसि प्रच्छन्नं चलितौ च तौ ॥३१॥

વિયોગ થવાથી સ્નેહને જલાંજલી અપાઈ જાય છે. એમ મનમાં નિર્ણય કરીને તે બન્ને ગુપ્ત રીતે ચાલ્યા. (૩૧)

अविलम्बप्रयाणेन प्राप्तौ तावटवीं क्रमात् । गतो ह्यस्ताचले भानुः स्थितौ तौ च तरोस्तले ॥३२॥

રોકાયા વગરના પ્રયાણથી ચાલતા તેઓ જંગલમાં પહોંચ્યા. ત્યારે સૂર્યાસ્ત થવાથી તે બન્ને એક ઝાડ નીચે રાત રહ્યા. (૩૨)

मार्गप्रवासतः खिन्नः प्रसुप्तो राजनन्दनः । तदैव रत्नसारस्तु शुश्रुवे किन्नरध्वनिम् ॥३३॥

માર્ગના પ્રવાસથી થાકેલો રાજપુત્ર સૂઈ ગયો. ત્યારે જાગતા એવા રત્નસારે કિન્નરદેવતાનો અવાજ સાંભળ્યો. (૩૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

विस्मयाक्षिप्तचित्तोऽसौ प्रबोध्य सुहृदं निजम् । न्यवेदयच्च साश्चर्यं ध्वनिं तं हर्षदायकम् ॥३४॥
વિસ્મય પામેલા ચિત્તવાળા તેણે પોતાના મિત્રને જગાડીને હર્ષને આપનાર તે કિન્નર ધ્વનિને આશ્ચર્ય સાથે કહી. (૩૪)
चित्रसेनस्तदावादीत् स्वभावात्कौतुकप्रियः । अहं तत्र गमिष्यामि त्वया स्थातव्यमत्र भोः ॥३५॥
मन्त्रिपुत्रो जगादाथ मित्रात्र भीषणे वने । एकाकिना त्वया नूनं तत्र गन्तुं न युज्यते ॥३६॥
ત્યારે સ્વભાવથી જ કૌતૂકપ્રિય એવા ચિત્રસેન રાજપુત્રએ કહ્યું કે "હું ત્યા જઉં છું. તારે અહીં રહેવું ત્યારે રત્નસાર બોલ્યો. હે મિત્ર ! આ ભયંકર વનમાં તારે એકલાએ જવું યોગ્ય નથી." (૩૫-૩૬)
हसित्वासौ तदावादीत् क्षत्रिणां च भयं कुतः । तेनेत्युक्तेऽचलत् सार्धं रत्नसारोऽपि सत्त्ववान् ॥३७॥
ત્યારે આ રાજપુત્ર હસીને કહે છે કે હે મિત્ર, ક્ષત્રિયને ભય કયાંથી હોય ? આ પ્રમાણે કહેવા છતાં ધૈર્યવાળો રત્નસાર પણ તેની સાથે ચાલ્યો. (૩૭)
क्रमात्ताभ्यां तदा दृष्टं युगादिजिनमंदिरम् । अनेकदेवदेवेन्द्र-मण्डितं किन्नरैर्वृतम् ॥३८॥
અનુક્રમે તેઓએ ચાલતાં અનેક દેવો-દેવેન્દ્રો વડે શોભતું અને કિન્નરદેવો વડે પરિવરેલું યુગાદિદેવનું જિનમંદિર જોયું. (૩૮)
अष्टाह्निकोत्सवे तत्र नृत्यमानाः सुरांङ्गनाः । गायन्ति मधुरध्वानै-र्जिनेश्वरगुणावलिम् ॥३९॥
ત્યાં અઠ્ઠાઈ મહોત્સવમાં દેવાંગનાઓ નૃત્ય કરે છે અને મધુરશબ્દ વડે જિનેશ્વર પ્રભુના ગુણોને ગાય છે. (૩૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

नमस्कृत्य जिनाधीशं स्तुत्वा च विधिपूर्वकम् । सुहृदौ तौ सुभावेन मण्डपे संस्थितौ मुदा ॥४०॥
ત્યાં જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરીને અને વિધિપૂર્વક સ્તુતિ કરીને તે બન્ને મિત્રો આનંદથી સારા ભાવ વડે રંગમંડપમાં ઊભા રહ્યાં. (૪૦)
सुन्दराकाररूपात्र दृष्टैका शालभञ्जिका । तदा राजकुमारेण देवीवातिमनोहरा ॥४१॥
ત્યાં રાજકુમારે દેવીના જેવી અતિમનોહર - સુંદર આકાર અને રૂપવાળી એક પુતળી જોઈ. (૪૧)
मोहितो रूपतस्तस्या मूर्छितो राजनन्दनः । शीतोपचारैमित्रेण सावधानीकृतो द्रुतम् ॥४२॥
રાજપુત્ર તે પુતળીના રૂપથી મોહિત થયેલો મૂર્ચ્છા પામ્યો. ત્યારે તેના મિત્રે જલદી ઠંડકના ઉપચાર કરી તેને સ્વસ્થ કર્યો. (૪૨)
मूर्छाकारणमपृच्छ-त्कुमारोऽप्यवदत्तदा । एषा पुत्तलिका कस्या अनुसारेण निर्मिता ॥४३॥
જ્યારે તે રત્નસારે મિત્રે કુમારને મૂર્ચ્છાનું કારણ પૂછ્યું ત્યારે કુમાર બોલ્યો કે, હે મિત્ર આ પુતળી કોના રૂપના આધારે બનાવી હશે ? (૪૩)
यस्या रूपानुसारेण कृता पुत्तलिका ह्यसौ । सा कुमारी मयोद्वाह्या-न्यथा मे काष्ठभक्षणम् ॥४४॥
જે રાજપુત્રીના રૂપના અનુસારે આ પુતળી બનાવી છે. તે જ કુમારીને હું પરણીશ નહિતર હું અગ્નિમાં પ્રવેશ કરીશ. (૪૪)
रत्नसारो जगादाथ मित्रदुःखेन दुःखितः । आकाशपुष्पवद् ज्ञेय-मेतत्कार्यं तु दुष्करम् ॥४५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રત્નસાર મંત્રીપુત્ર મિત્રના દુઃખથી દુઃખી થયેલો બોલ્યો કે હે મિત્ર આ કાર્ય આકાશનાં ફુલની જેમ અશક્ય છે. (૪૫)

इतश्च पुण्ययोगेन चिन्तितार्थनिरूपकः । चतुर्ज्ञानधरः साधु-रेकस्तत्र समागतः ॥४६॥

આ બાજુ પુણ્યના યોગથી ચિંતવેલા અર્થને કહેનારા ચારજ્ઞાનને ધારણ કરનારા એક સાધુ ભગવંત ત્યાં પધાર્યા. (૪૬)

कुमारः सह मित्रेण नमस्कृत्य मुनीश्वरम् । विनयादग्रतश्चैन-मुपविष्टः कृताञ्जलिः ॥४७॥

રાજપુત્ર-મિત્રની સાથે તે મુનીશ્વરને પ્રણામ કરીને વિનયથી તેમની આગળ-હાથ જોડીને બેઠો. (૪૭)

देशनान्ते नमन्मौलि-रपृच्छन्मन्त्रिजो मुनिम् । एषा पुत्तलिका कस्या अनुसारेण निर्मिता ॥४८॥

રત્નસાર મંત્રીપુત્રએ મસ્તક નમાવીને મુનિરાજને પૂછયું. આ પુતળી કોના રૂપના આધારે બનાવી છે ? (૪૮)

एतद्वचनमाकर्ण्य जगाद मुनिपुङ्गवः । वत्स श्रृणु तदवृत्तान्त-मद्भुतं कर्णसौख्यदम् ॥४९॥

આ વચન સાંભળીને ઉત્તમ મુનિરાજ બોલ્યા કે હે વત્સ ! કાનને સુખ આપનાર તેનું અદ્‌ભુત વૃત્તાંત તું સાંભળ. (૪૯)

पुरं कञ्चनपुराख्य-मस्ति कांचनपूरितम् । यत्र वर्णाश्च चत्वारो वसन्ति धनसंयुताः ॥५०॥

સોનાથી ભરેલું કાંચનપુર નામનું નગર છે. જ્યાં ધનવાન એવા ચારે વર્ણો રહે છે. (૫૦)

विश्वकर्मावतारस्तु सूत्रधारो गुणाभिधः । तत्र गुणश्रियः स्वामी सुताः पंच तयोर्वराः ॥५१॥

તે નગરમાં સાક્ષાત્ વિશ્વકર્માના અવતાર જેવો ગુણશ્રી નામની પત્નીનો પતિ ગુણ નામનો સુથાર રહે છે. તે સુથારને ઉત્તમ પાંચ પુત્રો હતા. (૫૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

धनदेवो धनसारो गुणदेवो गुणाकरः । पञ्चमः सागरो नाम्ना कलानामेकसागरः ॥५२॥
ધનદેવ-ધનસાર-ગુણદેવ ગુણાકર અને પાંચમો કલાના એક સમુદ્ર જેવો સાગર નામનો પુત્ર હતો. (૫૨)
पञ्चानामपि पुत्राणां पाठयित्वा यथाविधि । परिणाय्य सुता सर्वे कृतास्तेन पृथक्पृथक् ॥५३॥
તે સુથારે તે પાંચે પુત્રોને યોગ્યતા પ્રમાણે ભણાવીને અને પરણાવીને સહુને જુદા જુદા કર્યા. (૫૩)
सागराख्यो लघुस्तेषां सुतो गुणगणान्वितः । कलावान् सत्यसंयुक्तो जैनधर्मरतस्तदा ॥५४॥
તે પાંચ પુત્રોમાં નાનો સાગર નામનો પુત્ર ગુણના સમૂહવાળો, કલાવાળો, સત્યવાદી અને જૈનધર્મમાં રક્ત હતો. (૫૪)
प्रिया तस्य प्रियालापा पतिचित्तानुगामिनी । सागरस्य प्रिया नित्यं नाम्ना सत्यवतीति सा ॥५५॥
તે સાગરને પ્રિય બોલનારી-પતિના ચિત્તને અનુસરનારી-વહાલી સત્યવતી નામની પત્ની હતી. (૫૫)
अथ पद्मपुरस्वामी राजा पद्मरथाभिधः । पद्मश्रीस्तस्य राज्ञी च सुता पद्मावती तथा ॥५६॥
હવે આ બાજુ પદ્મપુરના રાજા નામથી પદ્મરથ હતા. તેને પદ્મશ્રી નામની રાણી અને પદ્માવતી નામની પુત્રી હતી. (૫૬)
अनेकगुणसंपन्ना विद्ययेव सरस्वती । क्रमेण यौवनं प्राप्ता सुन्दरी सा मनोहरा ॥५७॥
અનેક ગુણોથી ભરેલી વિદ્યાવડે સાક્ષાત્ સરસ્વતી જેવી તે મનોહર પુત્રી અનુક્રમે યુવાવસ્થા પામી. (૫૭)
राज्ञान्यदा सभायाता दृष्टा पद्मावती सुता । यौवनाद्वरयोग्या सा साक्षाद्देवाङ्गनोपमा ॥५८॥
એક દિવસ યુવાવસ્થાથી વરવા યોગ્ય થયેલી. સાક્ષાત્ દેવાંગના જેવી પદ્માવતી પુત્રીને રાજાએ સભામાં આવેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઈ. (૫૮)

राज्ञाश्चिन्ता समुत्पन्ना कस्य यच्छामि मे सुताम् । कुलशीलवयोदेहं दृष्टव्यं वरलक्षणम् ॥५९॥

ત્યારે રાજાને ચિંતા ઉત્પન્ન થઈ કે હું મારી પુત્રીને કોને વરાવું ? કારણ કે વરના લક્ષણોમાં કુળ-શીલ-વય અને દેહ આ ચારે જોવાના હોય છે. (૫૯)

अथ पद्मरथो राजा स्वसुतागुणरञ्जितः । कुमारचित्ररूपाणि तस्याः सोऽदर्शयन्मुदा ॥६०॥

હવે પદ્મરથ રાજા પોતાની પુત્રીના ગુણોથી આનંદિત થયેલો તે રાજપુત્રીને જુદા જુદા કુમારોના રૂપના ચિત્રપટ બતાવ્યા. (૬૦)

परं कस्यापि लावण्यं पद्मावत्या न रोचते । यथा स्निग्धतरः कुंभो न भिद्यते जलादिह ॥६१॥

પરંતુ પદ્માવતીને કોઈનું પણ રૂપ ગમતું નથી. જેમ ચીકણો થયેલો પાણીનો ઘડો પાણીથી ભીંજાતો નથી તેમ પદ્માવતી કોઈને પસંદ કરતી નથી. (૬૧)

एवं शतसहस्राणां चित्राणि भूपजन्मिनाम् । दर्शितानि परं तस्या रज्यते न मनः क्वचित् ॥६२॥

એ પ્રમાણે સેંકડો અને હજારો કુમારોના ચિત્રો તેને બતાવ્યા તો પણ તેણીનું મન કોઈમાં ખુશ થયું નહીં. (૬૨)

इति विज्ञाय भूनाथः सुतादुःखेन दुःखितः । राज्यादिपरिवारोऽपि चिन्ताक्रान्तोऽभवत्क्षणात् ॥६३॥

આ પ્રમાણે જાણીને પુત્રીના દુઃખથી રાજા દુઃખી થયો અને રાણી વગેરે સર્વે પરિવાર એક ક્ષણ અત્યંત દુઃખી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

थया. (६३)

शान्तिनाथस्य यात्रार्थं सूत्रधारः ससागरः । सकलत्रः समित्रोऽथ गतो रत्नपुरेऽन्यदा ॥६४॥

એક દિવસ તે સાગર નામનો સુથાર પોતાની પત્ની અને મિત્ર સહિત શાંતિનાથ પ્રભુની યાત્રા કરવા માટે રત્નપુરમાં આવ્યો. (६४)

पूजयित्वा जिनं तत्र यावत्स्तोत्रैः स्तवत्यसौ । तावत्पद्मावतीकन्या सखीयुक्ता समागता ॥६५॥

ત્યાં જિનેશ્વર પ્રભુની પૂજા કરીને જેટલામાં સ્તોત્રો વડે તે સ્તુતિ કરે છે તેટલામાં તે પદ્માવતી કન્યા પોતાની સખી સહિત ત્યાં આવી. (६५)

पुरुषद्वेषतः साथ पुरुषान् जिनमन्दिरात् । बहिर्निष्कासयामास स्वसखीभिस्तदा द्रुतम् ॥६६॥

તે પદ્માવતી પુરૂષોનો દ્વેષ કરનારી હોવાથી પોતાની સખીઓ વડે જિનમંદિરમાંથી પુરૂષોને જલ્દી બહાર કઢાવે છે. (६६)

भयाच्च पुरुषाः सर्वे नष्टा यावद्दिशोदिशम् । सागरस्तु रहः स्थित्वा पश्यत्येव कुतूहलम् ॥६७॥

ભયથી સર્વે પુરૂષો ચારે દિશાઓમાં નાશી ગયા પરંતુ સાગર તો એકાંતમાં સંતાઈને જ કુતૂહલ જુએ છે. (६७)

तद्रुपमोहितश्चित्ते सूत्रधारो व्यचिन्तयत् । किन्नरी नागकन्या किं विद्याधर्यथवा न्वियम् ॥६८॥

તેના રૂપથી મોહિત થયેલા ચિત્તવાળો સુથાર વિચારવા લાગ્યો કે શું આ કન્યા કિન્નરી હશે ? નાગકન્યા હશે ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યાધરી હશે ? અથવા અન્ય કોઈ હશે ? (૬૮)

एवंविधापि कन्येयं कथं दोषेण दूषिता । पुरुषद्वेषिणी जाता गुणा दोषे निरर्थकाः ॥६९॥

આવા પ્રકારના સુંદર રૂપવાળી હોવા છતાં આ કન્યા કયા દોષ વડે દૂષિત થઈ હશે ? જે કારણથી પુરૂષ વિષે દ્વેષ કરનારી થઈ. ગુણને વિષે દોષનું સ્થાપન કરવું નકામું છે. (૬૯)

यथा दिनं विना सूर्यं विना दीपेन मन्दिरम् । यथा कुलं विना पुत्रं तथा नाथं विना स्त्रियः ॥७०॥

જેવી રીતે સૂર્ય વિના દિવસ, દીપક વિનાનું મંદિર, પુત્ર વિનાનું કુળ શોભતું નથી તેમ સ્ત્રીઓ પતિ વિના શોભતી નથી. (૭૦)

एवं विचिन्त्यमानोऽसौ सागरस्तत्र संस्थितः । नमस्कृत्य जिनं शान्तिं तावत्सा तु गृहं गता ॥७१॥

આ પ્રમાણે વિચાર કરતો સાગર સુથાર ત્યાં ઊભો રહ્યો. તેટલામાં તે કન્યા શ્રી શાંતિનાથ પ્રભુને નમસ્કાર કરીને પોતાના ઘેર ગઈ. (૭૧)

पूजां कृत्वा जिनेन्द्रस्य संघपूजां विधाय च । सागरः कृतकृत्योऽसौ गतो निजगृहं ततः ॥७२॥

ત્યાર પછી સાગર જિનેશ્વર પ્રભુની પૂજા અને સંઘની પૂજા કરીને કૃતાર્થ થયેલો પોતાના ઘેર ગયો. (૭૨)

तस्या रूपानुसारेण विदधे शालभञ्जिका । सागरेणात्र वत्सेयं तेन कौतुकतः खलु ॥७३॥

હે વત્સ ! તે સાગર સુથારે કૌતુકથી તે કન્યાના રૂપના અનુસારે આ પુતળી બનાવી છે. (૭૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पुत्तल्याश्चेति वृत्तांतं श्रुत्वा राजसुतोऽथ सः । विह्वलीभूतचित्तो द्राक् मेदिन्यां मूर्छितोऽपतत् ॥७४॥
હવે રાજપુત્ર તે પુતળીનું વૃત્તાંત સાંભળીને વિહવળ ચિત્તવાળો થયેલો મૂર્ચ્છા પામીને પૃથ્વી પર પડયો. (૭૪)
शीतोपचारतः प्राप्त-चैतन्ये राजनन्दने । रत्नसारः पुनर्दुःखी पप्रच्छ मुनिपुङ्गवम् ॥७५॥
ઠંડકના ઉપચાર કરવાથી રાજપુત્રને ચૈતન્ય પ્રાપ્ત થયું. અને દુઃખી થયેલા રત્નસારે ફરીથી તે મુનિરાજને પૂછયું. (૭૫)
स्वामिन् कथं सुहृन्मेऽसौ दृष्ट्वेमां पुत्तलीं खलु । मूर्छया पतितो भूमौ कथयाशु कृपानिधे ॥७६॥
હે સ્વામી ! હે કૃપાનિધી ? મારો આ મિત્ર આ પુતળીને જોઈને મૂર્ચ્છા વડે જલ્દી ભૂમિ પર કેમ પડ્યો ? (૭૬)
एतदाश्चर्यमस्माकं कथयाशु महामुने सन्देहं मम चित्तस्या-पाकुरु त्वं प्रसद्य भोः ॥७७॥
હે મહામુનિ ! આ આશ્ચર્ય જેવી વાત જલ્દી અમોને કહો અને મારા મનમાં રહેલી શંકાને તમે કૃપા કરીને દૂર કરો. (૭૭)
तदोवाच मुनीन्द्रस्तु सुधामधुरया गिरा । श्रृणु वत्स यथातथ्यं वृत्तान्तं सुहृदस्तव ॥७८॥
ત્યારે તે ઉત્તમ મુનિવરે અમૃત જેવી મધુરી વાણી વડે બોલ્યા, "હે વત્સ ! તારા મિત્રનો જેવો બન્યો છે તેવો વૃત્તાંત તું સાંભળ. (૭૮)
यथास्मिन् भरतक्षेत्रे देशे द्रविडनामनि । नगर्याः खलु चंपायाः समीपे चम्पकं वनम् ॥७९॥
ભરત નામના ક્ષેત્રમાં દ્રવિડ નામના દેશમાં ચંપા નામની નગરીની નજીકમાં એક ચંપક નામનું વન છે. (૭૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चम्पकाशोकपुन्नाग-लवङ्गागुरुचन्दनैः । नारिङ्गसहकारादि-वृक्षैस्तच्च ह्यलंङ्कृतम् ॥८०॥
તે વન ચંપક, અશોક, પુન્નાગ, લવિંગ, અગુરુ, ચંદન, નારંગી અને આંબા વગેરેના વૃક્ષોથી સુશોભિત છે. (૮૦)

तस्मिन् वने सरः शुभ्र-निर्मलजलपूरितम् । अस्ति रचितसोपानं पद्मिनीखण्डमण्डितम् ॥८१॥
તે વનમાં એકદમ સ્ફટિક જેવા સ્વચ્છ પાણીથી ભરેલું પગથીયાવાળું-પદ્મિની (કમલીની)ના છોડથી શોભતું સરોવર છે. (૮૧)

हंसाश्च कलहंसाश्च चक्रवाकबकास्तथा । सारसप्रमुखाश्चान्ये तत्र क्रीडन्ति पक्षिणः ॥८२॥
તે સરોવરમાં મોટા હંસો-નાના હંસો-ચક્રવાક પક્ષીઓ બગલાઓ અને સારસ તથા બીજા પક્ષીઓ ત્યાં ક્રીડા કરે છે. (૮૨)

एकस्मिन् दिवसे तत्र सार्थपः कोऽपि चागतः । सरस्तटे सदा तेन कृतं सार्थनिवेशनम् ॥८३॥
એક દિવસ ત્યાં કોઈક સાર્થવાહ આવ્યો અને તેણે સરોવરના કિનારે સાર્થનો પડાવ નાંખ્યો. (૮૩)

स्नात्वा तेन तदा तत्र जिनबिम्बार्चनं कृतम् । भोजनावसरे प्राप्ते चातिथिं स व्यलोकयत् ॥८४॥
ત્યારે તેણે સ્નાન કરીને જિનેશ્વર પ્રભુની મૂર્તિની પૂજા કરી. અને ભોજનનો સમય થયો ત્યારે અતિથિની રાહ જુએ છે. (૮૪)

सरःपालिं स मारुह्य स स्थितः शुभभावतः । मुनिर्मासोपवास्येकः पुण्यात्तत्रागतस्तदा ॥८५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते सरोवरना किनारा पर चढीने शुभभावथी ऊभो रह्यो. ते वखते એક मुनि मासक्षमणना पारणावाळा तेना पुण्यथी त्यां पधार्या. (८५)

प्रमोदमेदुरीभूय सार्थेशो भावनान्वितः । प्रासुकान्नं ददौ तस्मै वाचंयमवराय सः ॥८६॥

हर्ष-आनंदथी भराई गयेला सार्थपतिએ भावपूर्वक निर्दोष भोजन ते श्रेष्ठमुनिने आप्युं. (८६)

वृक्षस्थहंसहंसीभ्यां तदा दानानुमोदनम् । कृतं च शुभकर्मापि ताभ्यां भावादुपार्जितम् ॥८७॥

वृक्ष ઉपर रहेला हंस अने हंसी ते दाननी अनुमोदना કरता ते वखते शुभभावथी शुभ કर्म ઉपार्जन કर्युं. (८७)

तस्मिन् वने विटप्येको गरिष्ठोऽस्ति फलान्वितः । आसन्नाप्रसवा हंसी तत्र नीडं चकार सा ॥८८॥

ते वनमां એક मोटुं ઝाड स्वादिष्ट ફलयुક्त हतुं. तेमां जेने प्रसव नજીકमां ज छे तेवी हंसीએ तेमां माळो કर्यो. (८८)

क्रमात्तस्याश्च सञ्जातौ युग्मरूपौ च बालकौ । परमस्नेहसंयुक्तौ पोष्यमाणावहर्निशम् ॥८९॥

अनुક્રमे तेनी કुક्षीमां जोડलाરूपे बाળको थया (बे हंसो) अत्यंत स्नेहवाळा तेओ ते बन्नेनुं हरहंमेश पोषण કरे छे. (८९)

एकदाथ वने तस्मिन् वंशघर्षणतः क्षणात् । दावानलः समुत्पन्नः करालः सर्वदाहकः ॥९०॥

हवे એક वખत ते वनमां वांस घसावववाथी ते ज क्षણे બधी ज वस्तुओने બाळी नाખनार भयंકर दावानळ (अग्नि) ઉत्पन्न थयो. (९०)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वह्नितापाकुलो हंसो हंसिनीं प्रत्यजल्पत । रक्षेऽहं बालकावेतौ व्रज त्वं जलहेतवे ॥९१॥
અગ્નિના તાપથી આકુળવ્યાકુળ થયેલો હંસ હંસીને કહે છે કે "હું આ બાળકોનું રક્ષણ કરું છું તું પાણી લાવવા માટે જા." (૯૧)

जल्पते हंसिनी ताव-दहं रक्षामि बालकौ । अपत्यपालने माता समर्थैव पिता न हि ॥९२॥
ત્યારે હંસી કહે છે કે "હું બાળકોને સાચવું છું. બાળકોને પાલન કરવામાં માતા શક્તિશાળી હોય છે. પિતા નહીં. (૯૨)

हंस्येत्युक्तो गतो हंसः स्नेहाकुलितमानसः । सरसश्च जलं चञ्च्वा भृत्वायाति स यावता ॥९३॥
दावानलाकुला हंसी तावदेवं व्यचिन्तयत् । निःस्नेही कातरोहंसो मुक्त्वा मां स गतः क्वचित् ॥९४॥
હંસીએ આ પ્રમાણે કહેવાથી સ્નેહચિત્તવાળો હંસ ઊડ્યો. અને સરોવરમાંથી પોતાની ચાંચમાં પાણી ભરીને જેટલામાં આવે છે તેટલામાં દાવાનળથી આકુળવ્યાકુળ થયેલી હંસીએ આ પ્રમાણે વિચાર્યું. આ હંસ નિઃસ્નેહી નેં બીકણ છે તે મને મૂકીને ક્યાંક જતો રહ્યો. (૯૩-૯૪)

तन्नूनं पुरुषाः सर्वे निर्दया निर्घृणा अपि । पापिष्ठानामतस्तेषां विलोक्य नापि सन्मुखम् ॥९५॥
તેથી ખરેખર સર્વે પુરૂષો નિર્દય, નિઘૃણ હોય છે. આવા પાપીઓની સામે જોવું તે પણ યોગ્ય નથી. (૯૫)

अपत्यस्नेहबद्धा सा दग्ध्वा दावानले तदा । धर्मानुमोदनेनाशु सम्प्राप्ता मानुषं भवम् ॥९६॥
પુત્રના સ્નેહથી બંધાયેલી હંસી તે વખતે દાવાનળમાં બળીને ધર્મની અનુમોદનાથી જલદી મનુષ્યભવને પામી. (૯૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पुरे रत्नपुरे मृत्वा पद्मरथनृपस्य सा । पद्मश्रीकुक्षिसंभूता जाता पद्मावती सुता ॥९७॥
તે મરીને રત્નપુર નામના નગરમાં પદ્મરથ રાજાની પદ્મશ્રી નામની પત્નીની કુક્ષીમાં પદ્માવતી નામની પુત્રી થઈ. (૯૭)
जल मादाय हंसोऽथ यावदागाच्च पादपे । तावद्धंसी मृता तेन दृष्टाबालकसंयुता ॥९८॥
પાણીને લઈને હંસ જેટલામાં વૃક્ષ ઉપર આવે છે તેટલામાં બાળકની સાથે હંસીને મરેલી જોઈ. (૯૮)
दुस्सहं हि प्रियामृत्युः किं पुनः सुतसंयुतम् । स्नेहात्तदा स हंसोऽपि हृदयस्फोटतो मृतः ॥९९॥
પત્નીનું મૃત્યુ દુઃસહ છે તેમાં વળી પુત્રની સાથે પત્નીના મૃત્યુનું શું કહેવું ? તે વખતે સ્નેહથી હંસનું હૃદય ફાટી ગયું અને હંસ મૃત્યુ પામ્યો. (૯૯)
दानानुमोदनात्पुण्यं सञ्चितं तेन यत्तदा । तेन पुण्यप्रभावेणा-भवस्त्वं चित्रसेनकः ॥१००॥
તે વખતે દાનની અનુમોદનાથી એકઠાં કરેલા પુણ્ય વડે તું ચિત્રસેન થયો. (૧૦૦)
दृष्टे सम्बन्धिनि जीवो मोहकर्मानुभावतः । पूर्वाभ्यासानुसारेण मनश्चेष्टां प्रकुर्वते ॥१०१॥
મોહકર્મના પ્રભાવથી સંબંધી જીવોને જોતાં પૂર્વના અભ્યાસથી મનની આવી ચેષ્ટાઓ થાય છે. (૧૦૧)
श्रुत्वा पुर्वभवस्येतिवृत्तान्तं नृपजन्मिनः । जाता जातिस्मृतिस्तस्य मुनेर्वचनमात्रतः ॥१०२॥
પૂર્વભવના આવા વૃત્તાંતને સાંભળીને રાજપુત્રને મુનિના વચન માત્રથી જાતિસ્મરણ જ્ઞાન થયું. (૧૦૨)
करामलकवत्सर्वं पश्यन् पूर्वभवं निजम् । प्रमोदाच्चित्रसेनस्तं ववन्दे मुनिपुङ्गवम् ॥१०३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते वखते हाथमां रहेला आंबळांनी जेम पोताना आखा पूर्वभवने जोतो राजपुत्र चित्रसेन आनंदथी ते उत्तम मुनिने वंदन करे छे. (१०३)

सोऽवक् मुने हि सत्योऽयं वृत्तान्तो भवतोदितः । परं वद कथं साथ मिलिष्यति मम प्रिया ॥१०४॥

अने ते बोल्यो के हे मुनि ! तमारो कहेलो वृत्तांत खरेखर साचो ज छे. परंतु हवे तमे कहो के ते मारी प्रिया मने केवी रीते मळशे ? (१०४)

मुनिरूचेऽधुना सा तु नरद्वेषिणी वर्तते । स्त्रीणां स्तुतिपरा नित्यं पुंसां निन्दापरायणा ॥१०५॥

मुनिए कह्युं के हमणां तो ते पुरुष उपर द्वेष करनारी छे. स्त्रीओनी स्तुति करनारा पुरुषोनी हंमेशा ते निंदामां तत्पर छे. (१०५)

कुमारोऽवक् मुने पुंसां निन्दायाः कारणं किमु । मुनिरूचे च पूर्वोक्त-वृत्तान्तो ह्यत्र कारणम् ॥१०६॥

ते वखते कुमार बोल्यो के हे मुनि ! पुरुषोनी निंदानुं कारण शुं छे ? त्यारे मुनि बोल्या के पूर्वभवमां बनेलो वृत्तांत ज अहीं कारणरूप छे. (१०६)

दवाग्नितापिता हंसी तदैवं सा व्यचिन्तयत् । त्यक्त्वा निःस्नेहतोऽपत्ये नूनं हंसः पलायितः ॥१०७॥

दावानळना अग्निथी बळेली हंसीए ते वखते विचार्युं के पोताना बाळकोमां पण स्नेह वगरनो हंस खरेखर मने छोडीने गयो. (१०७)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तेन वैरेण सा कन्या नरद्वेषिणी वर्तते । मातापितरौ तस्याश्च सन्तापं वहतो हृदि ॥१०८॥
તે વેરને કારણે તે કન્યા હમણાં પુરૂષોનો દ્વેષ કરનારી છે. અને તેના માતાપિતા પણ હૃદયમાં સંતાપને ધારણ કરે છે. (૧૦૮)
पूर्वजन्मस्ववृत्तान्तं परमालिख्य पट्टके । दर्शय त्वं द्रुतं तस्या यथा त्वां परिणेष्यति ॥१०९॥
પૂર્વજન્મના પોતાના વૃત્તાંતને પટ્ટમાં ચિતરીને તું તેને જલદી બતાવ તો તે તને પરણશે. (૧૦૯)
एवंविधं च वृत्तान्तं श्रुत्वा कर्णामृतोपमम् । हृष्टचित्तः कुमारोऽपि मुनिं नत्वाग्रतोऽचलत् ॥११०॥
અને આ રીતનું કાનમાં અમૃતની ઉપમાવાળું વચન સાંભળીને હર્ષિત ચિત્તવાળો કુમાર પણ મુનિને નમસ્કાર કરીને આગળ ચાલ્યો. (૧૧૦)
कुमारो मन्त्रिपुत्रं तं जगाद सुहृदोत्तमम् । तत्प्राप्त्यर्थमथो भ्रात-स्त्वमुपायं द्रुतं कुरु ॥१११॥
રાજપુત્રએ મિત્રોમાં ઉત્તમ એવા તે મંત્રીપુત્રને કહ્યું કે તેની પ્રાપ્તિ માટે હે ભાઈ ! તું જલદી ઉપાય કર. (૧૧૧)
रत्नसारस्तदा प्रोचे कुमार ? श्रृणु मद्वचः । यावो रत्नपुरे पूर्वं विधास्येऽहं शुभं ततः ॥११२॥
ત્યારે મંત્રીપુત્ર રત્નસાર બોલ્યો કે, હે મિત્ર મારું વચન સાંભળ. પહેલાં આપણે બન્ને રત્નપુરમાં જઈએ પછી હું બધું સારું કરીશ. (૧૧૨)
निश्चित्येति हृदो मध्ये प्रस्थितौ तत्पुरम्प्रति । अनेकाश्चर्यसम्पूर्णां पश्यन्तावववनीं पथि ॥११३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે હૃદયમાં નક્કી કરીને તે બન્ને જણા રસ્તામાં અનેક આશ્ચર્યોથી ભરેલી પૃથ્વીને જોતાં જોતાં શહેર તરફ ચાલ્યા. (૧૧૩)

कियद्भिर्दिवसैस्तौ च प्राप्तौ रत्नपुरं क्रमात् । पश्यन्तौ परितो वापी-कूपारामादिकौतुकम् ॥११४॥
કેટલાક દિવસોએ તે બન્ને જણા ચારે બાજુથી વાવડી, કૂવા, બગીચા વગેરેના કૌતૂકોને જોતાં અનુક્રમે રત્નપુર પહોંચ્યા. (૧૧૪)

एवं नानाविधाश्चर्य-व्रजालिं क्रमतोऽथ तौ । पश्यन्तौ च तदा प्राप्तौ गोपुरद्वारसन्निधौ ॥११५॥
એ પ્રમાણે જુદા જુદા આશ્ચર્યની પરંપરાને જોતાં અનુક્રમે ગોપુરનગરના દરવાજા પાસે પહોંચ્યા. (૧૧૫)

धनञ्जयाख्ययक्षस्य मन्दिरे तौ समागतौ । सन्ध्यायाः समये सुप्तौ तत्रैवैकत्र कोणके ॥११६॥
ધનંજય નામના યક્ષના મંદિરમાં તે બન્ને આવ્યા. અને સંધ્યાના સમયે તે બન્ને જણા ત્યાં મંદિરના એક ખૂણામાં સૂતાં. (૧૧૬)

तस्यां कृष्णचतुर्दश्यां निशीथे तत्र मन्दिरे । मिलिता भूतवेताला राक्षसाः किन्नरा अपि ॥११७॥
ત્યાં તે મંદિરમાં કાળી ચૌદશના દિવસે રાત્રિમાં ભૂત-વૈતાલ, રાક્ષસો અને કિન્નરો પણ ભેગાં થયા હતાં. (૧૧૭)

मासे मासे च सर्वे मिलित्वा तत्र मन्दिरे । गीतवाद्ययुतं नृत्यं हृष्टाः कुर्वंति सर्वदा ॥११८॥
દરેક દરેક મહિને તે સર્વે તે મંદિરમાં ભેગા થઈને ગીત-વાજિંત્ર સાથે હર્ષિત થયેલા હંમેશા નૃત્ય વગેરે કરે છે. (૧૧૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कुमारश्चित्रसेनोऽथ मृदङ्गध्वनिजागृतः । दृष्टा कुतूहलं तच्च विस्मितो निजचेतसि ॥११९॥
હવે (રાત્રિમાં) મૃદંગની ધ્વનિથી જાગેલો ચિત્રસેન કુમાર તે કુતૂહલ જોઈને પોતાના મનમાં આશ્ચર્ય પામ્યો. (૧૧૯)
केऽपि वीणाः समादाय वादयन्ति मनोहरम् । नृत्यं तथैव तत्राथ केऽपि कुर्वंति सुन्दरम् ॥१२०॥
કેટલાક વીણા લઈને મનોહર ગીત વગાડે છે. ત્યારે ત્યાં કેટલાક સુંદર નૃત્ય કરે છે. (૧૨૦)
कौतुकाक्षिप्तचित्तोऽथ कुमारोऽप्यतिसाहसात् । करवालं समादाय ययौ तेषां स संसदि ॥१२१॥
કૌતૂકથી વ્યાપ્ત ચિત્તવાળો તે કુમાર અત્યંત સાહસથી તલવાર લઈને તેઓની પર્ષદામાં ગયો. (૧૨૨)
तदा सर्वे च ते देवाः पश्यन्ति विस्मिताश्च तम् । कोऽयं मनोहराकारः पृच्छन्तीति परस्परम् ॥१२२॥
ત્યારે વિસ્મય પામેલા તે બન્નેને જુએ છે. અને સુંદર-આકારવાળા આ બે કોણ છે ? એમ પરસ્પર એકબીજાને પૂછે છે. (૧૨૧)
धनञ्जयस्तदाचख्यौ मन्दिरे मेऽतिथिरयम् । अस्यातिथेयं कर्तव्य-मेतदाचरणं सताम् ॥१२३॥
તે વખતે ધનંજય નામનો યક્ષ બોલ્યો કે મારા મંદિરમાં આ બન્ને અતિથિ છે, આનું આતિથ્ય (સ્વાગત) કરવું એ સજ્જનોનું આચરણ છે. (૧૨૩)
यक्षस्येति वचः श्रुत्वा समयज्ञः कुमारराट् । योजितांञ्जलिरुत्थाय वचनं चेति सोऽब्रवीत् ॥१२४॥
યક્ષનું આ વચન સાંભળીને સમયને જાણનાર રાજકુમારે બે હાથની અંજલિ જોડીને ઊભા થઈને તે આ પ્રમાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वचन बोल्यो. (१२४)

अद्य मे सफलं जन्म अद्य मे सफला क्रिया । अद्य मे सफला वाचो यज्ञातं तव दर्शनम् ॥१२५॥

आजे मारो जन्म सफळ थयो. आजे मारी क्रिया सफळ थई. आजे मारी वाणी सफळ थई. जे कारणथी तमारा दर्शन थया. (१२५)

विनयात्तस्य सन्तुष्टो हृष्टो यक्षस्तमब्रवीत् । मद्वचसः प्रभावेण त्वं युद्धे विजयी भव ॥१२६॥

तेना विनयथी खुश थयेला अने हर्षित थयेला यक्षे तेने कह्युं मारा वचनना प्रभावथी तुं युद्धमां विजयी था. (१२६)

एवं तस्य वरं लब्ध्वा कुमारो हृष्टमानसः । कृतार्थं मन्यमानः स्व-मागतो मित्रसन्निधौ ॥१२७॥

એ प्रमाणे ते देवता पासेथी वरदान मेळवीने हर्षित मनवाळो कुमार पोताने कृतार्थ मानतो मित्रनी पासे आव्यो. (१२७)

रत्नसाराय तेनायं वृत्तान्तोऽरं निवेदितः । न हि मित्रवरस्याग्रे गोप्यं भवति किञ्चन ॥१२८॥

तेने आ वृत्तांत रत्नसार मित्रने जलदी कह्यो कारण के उत्तम मित्रनी आगळ कंई पण संताडवा जेवुं होतुं नथी.(१२८)

प्रभाते चाथ सञ्जाते चित्रसेनकुमारराट् । प्राप्तोऽथ सह मित्रेण पुरमध्ये चतुष्पथे ॥१२९॥

જ્યારે सवार थयुं त्यारे चित्रसेन राजपुत्र मित्रनी साथे नगरीना चार रस्ता पर आव्यो. (१२९)

तस्मिन्नवसरे तत्र राजा पद्मरथः पुरे । सुताविवाहकार्यार्थी पटहोद्घोषणां व्यधात् ॥१३०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते अवसरे त्यां नगरमां पद्मरथराजाએ पुत्रीना विवाहना કાર્ય માટે પડહો વગડાવ્યો હતો. (૧૩૦)

यः कोऽपि पुरुषद्वेषं सुताया मम स्फेटयेत् । अर्धराज्ययुतां पुत्रीं तस्मै दास्यामि निश्चितम् ॥१३१॥

જે કોઈ પુરૂષને વિષે થયેલો મારી પુત્રીનો દ્વેષ દૂર કરશે. તેને અર્ધરાજ્યની સાથે તે પુત્રીને નિશ્ચે પરણાવીશ. (૧૩૧)

इति ज्ञात्वा कुमारेण स्मृत्वा तद् ज्ञानिनो वचः । गत्वा चित्रकरस्याग्रे पट्टश्चित्रापितो वर ॥१३२॥

આ પ્રમાણે જાણીને કુમારે તે જ્ઞાનીનું વચન સ્મરણ કરીને ચિત્રકારની પાસે જઈને શ્રેષ્ઠ પટ્ટ ચિતરાવ્યો. (૧૩૨)

वाञ्छितार्था हि सिद्धयन्ति नृणां पुण्योदये सति । विचिन्त्येति कुमारोऽसौ मानसे हर्षमाप्तवान् ॥१३३॥

ખરેખર મનુષ્યોને ઈચ્છિત અર્થની સિદ્ધિ પુણ્યોદય હોય તો પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે વિચારીને કુમાર મનમાં હર્ષ પામ્યો. (૧૩૩)

रत्नसारोऽथ तं पट्टं गृहीत्वानगरे ततः । भ्रमन् गीतविनोदेन रञ्जयामास नागरान् ॥१३४॥

હવે રત્નસાર તે પટ્ટને ગ્રહણ કરીને નગરમાં ભ્રમણ કરતો ગીત અને વિનોદ વડે નગરના લોકોને ખુશ કરતો હતો. (૧૩૪)

तद्गीतचित्रचारुत्व-वार्ताथो विस्तृता पुरे । दर्शनोत्कण्ठिता जाता तस्य पद्मावती तदा ॥१३५॥

તે ગીત અને ચિત્રના સુંદરપણાની વાર્તા આખાયે નગરમાં ફેલાઈ ગઈ. ત્યારે પદ્માવતી તે ચિત્રને જોવા માટે અત્યંત ઉત્કંઠાવાળી થઈ. (૧૩૫)

चित्रपट्टं तदा स्नेहा-त्सानाय्याथ व्यलोकयत् । दर्शनेन कुमारस्य साथ जातानुरागिणी ॥१३६॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust
श्री ... ज्ञानमन्दिर
कोबा (गांधीनगर) पिन ३८२००७

त्यारे तेणीએ તે ચિત્રપટ્ટને સ્નેહથી મંગાવીને જોયો અને રાજપુત્રને જોવાથી તેના ઉપર અનુરાગવાળી થઈ. (૧૩૬)

दृष्टं तत्र तया सर्वं काननादिकमुत्तमम् । अनेकपङ्कजाकीर्णं सरश्चापि मनोहरम् ॥१३७॥

અને ત્યાં તેણીએ અનેક કમળોથી વ્યાપ્ત એવું સરોવર અને ઉત્તમ એવું વન જોયું. (૧૩૭)

दृष्टोऽथ वटवृक्षोऽपि स्वीयनीडेन संयुतः । दृष्टं च मिथुनं तत्र सापत्यं हंसदंपत्योः ॥१३८॥

પોતાના માળાથી યુક્ત એવું વડનું ઝાડ પણ જોયું અને ત્યાં હંસ અને હંસીનું જોડલું બાળકો સાથે જોયું. (૧૩૮)

तत्र दावानले तप्तां सबालां तां मरालिकां । ददर्श मुक्त्वा गच्छन्तं हंसं पानीयहेतवे ॥१३९॥

અને ત્યાં દાવાનળમાં તપેલી બાળક સાયેની તે હંસીને મૂકીને પાણી લાવવા માટે જતા હંસને જોયો. (૧૩૯)

चञ्चुगृहीतपानीय-मागच्छन्तं मरालकम् । तत्र चित्रपटे साथ ददर्श मुदिताशया ॥१४०॥

ચાંચમાં પાણી ગ્રહણ કરીને આવતાં હંસને જોઈને હર્ષિત થયેલી તેણીએ ચિત્રપટમાં જોયો. (૧૪૦)

मृतां बालकसंयुक्तां मरालीं च तथैव सा । दग्धां दवाग्निना तत्र सम्पतितां व्यलोकयत् ॥१४१॥

બાળકની સાથે તે જ રીતે મરેલી હંસીને દાવાનળના અગ્નિથી બળેલી અને ત્યાં પડેલી જોઈ. (૧૪૧)

प्रियापत्यवियोगार्त्तं पतन्तं कंपयानले । मरालमपि सा दृष्ट्वा ह्याश्चर्यं भृशमाप च ॥१४२॥

પત્ની અને બાળકોના વિયોગથી દુઃખી તે અગ્નિમાં પડતા તે હંસને જોઈને તે ખરેખર અત્યંત આશ્ચર્ય પામી. (૧૪૨)

एवं चित्रपटं दृष्ट्वा जातजातिस्मृतिस्तदा । मूर्छया चपलं साथ पतिता पृथिवीतले ॥१४३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Tru

આ પ્રમાણે ચિત્રપટ્ટને જોઈને તે જાતિસ્મરણ જ્ઞાન પામી અને મૂર્ચ્છા વડે ચપળ થયેલી તે ભૂમિ પર પડી. (૧૪૩)

शीतोपचारतस्तूर्णं सखीभिः प्रगुणीकृता । साचिन्तयन्मृतो हंसो नूनं मम वियोगतः ॥१४४॥

ઠંડકના ઉપચારો વડે સખીઓએ તેને સ્વસ્થ કરી હવે તે વિચાર કરે છે કે ખરેખર મારા વિયોગથી હંસ મરી ગયો. (૧૪૪)

पुरुषेषु मुधा द्वेषो मूढयाथ कृतो मया । एष चित्रधरो नूनं जीवो हंसस्य नान्यथा ॥१४५॥

મૂઢ એવી મેં પુરૂષોને વિષે ખોટો દ્વેષ કર્યો. ખરેખર ચિત્રને ધારણ કરનાર હંસનો જીવ હશે. એ સિવાય બીજો કોણ હોય ? (૧૪૫)

सखीभिः सह वार्तां च-यावदेवं करोति सा । तावत्कुमारः कुत्रापि गतो मित्रसमन्वितः ॥१४६॥

સખીઓની સાથે આ વાર્તા જેટલામાં કરે છે તેટલામાં તે કુમાર મિત્રની સાથે ક્યાંક જતો રહ્યો. (૧૪૬)

क्षणान्तरेऽथ सा याव-त्पश्यतीयं गवाक्षतः । तावच्चित्रधरं तं सा पश्यति नो पथि ध्रुवम् ॥१४७॥

થોડીકવાર પછી જેટલામાં તે ગોખમાંથી જુએ છે તેટલામાં તે ચિત્રને ધારણ કરનારને રસ્તામાં જોતી નથી. (૧૪૭)

तदा जगाद सा कन्या गृहीत्वा मम मानसम् । गतं प्रियतमं मे तं सख्यश्चानयत द्रु तम् ॥१४८॥

ત્યારે તે કન્યા બોલી મારું મન લઈને મારો પ્રિયતમ ગયો. હે સખી ! તેને જલદી લાવ. (૧૪૮)

एवं विलप्यमाना सा भर्तुर्दुःखेन दुःखिता । सखीभिर्मधुरैर्वाक्यैः प्रबोध्याश्वासिता भृशम् ॥१४९॥

એ પ્રમાણે પતિના દુઃખથી દુખિત થયેલી ને વિલાપ કરતી તેને સખીઓએ મધુર વાક્યો વડે સમજાવીને ખૂબ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आश्वासन आप्युं. (१४९)

अथ पद्मरथो भूपः स स्वयंवरमंडपम् । विधायाकारयामास कुमारांश्च महीभुजाम् ॥१५०॥

हवे ते पद्मरथ राजा स्वयंवरमंडप करावीने राजाओ अने राजपुत्रोने बोलावे छे. (१५०)

अथो भूपकुमारास्ते सशृङ्गारा मनोहराः । त्वरमाणा इवानङ्ग-त्पद्मावत्याः स्वयंवरे ॥१५१॥

चतुरंगचमूयुक्ताः-प्राप्ता रत्नपुरे वरे । कुतूहलानि पश्यन्तः स्थिताश्चोद्यानभूमिषु ॥१५२॥

हवे पद्मावतीना स्वयंवरमां मंडपमां शृंगारथी मनोहर लागता कामदेव जेवा चतुरंग सेनाथी युक्त-कुतूहलोने जोतां उद्यानની भूमिमां रहेला राजपुत्रो श्रेष्ठ એवा रत्नपुरमां पहोंच्या. (१५१-१५२)

मण्डपे स्फटिकस्तम्भाः शालभञ्जीमनोहराः । चित्रिताः पञ्चवर्णैश्च शोभन्ते तत्र भूरयः ॥१५३॥

ते मंडपमां पुतળीओ वडे मनोहर स्फटिकना घणां थांभलाओ पांचे रंग वडे चित्रित कर्या न होय तेम शोभता हता. (१५३)

मंडपस्याद्भुतां शोभां दृष्ट्वा भूपकुमारकाः । अतीवानन्दसन्दोहं सम्प्रापुः क्षणतस्तदा ॥१५४॥

मंडपनी अद्भुत शोभा जोईने राजपुत्रो એक क्षणमां ज अत्यंत आनंदने पाम्या. (१५४)

अथ पद्मरथो राजा सामग्रीं प्रविधाय सः । चारुसिंहासनश्रेणिं मण्डयामास मण्डपे ॥१५५॥

हवे पद्मरथ राजा विवाहने योग्य सामग्री तैयार करावीने मंडपमां सुंदर सिंहासनोनी श्रेणीने गोठवावे छे. (१५५)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कर्पूरागुरुकस्तूरी-धूपवासैश्च वासितः । नानाविधैः सुपुष्पैश्च मण्डपो मण्डितस्तदा ॥१५६॥
ત્યારે કપૂર-અગુરુ-કસ્તૂરી અને ધૂપની સુગંધથી સુગંધિત અને વિવિધ સારા પુષ્પો વડે મંડપ શોભાયમાન કર્યો. (૧૫૬)
कुमाराः सकलास्तत्रो-पाविशन्मण्डपे तदा । सश्रृङ्गाराः सुशोभाढ्या आसनेषु यथोचितम् ॥१५७॥
ત્યારે તે મંડપમાં કલાવાળા કુમારો પેઠા. અને ત્યારે શૃંગાર અને શોભાવાળા તે આસનોમાં યોગ્યતા પ્રમાણે બેઠા. (૧૫૭)
नानाविधानि नृत्यानि गीतवाद्ययुतानि च । मनांस्यत्र कुमाराणां मण्डपे रञ्जयन्त्यलम् ॥१५८॥
તે મંડપમાં જુદા જુદા પ્રકારના નૃત્ય, ગીત અને વાજિંત્રોથી યુક્ત મનુષ્યો રાજપુત્રોના મનને આનંદ પમાડે છે. (૧૫૮)
अथोत्थाय नृपस्तत्र कुमारानित्यवक् तदा । वज्रसारमिमं चापं मामकीनं क्रमागतम् ॥१५९॥
उत्पाट्य यो हि वो मध्याद् बाणमारोपयिष्यति । तत्रेयं खलु मे पुत्री तं नूनं परिणेष्यति ॥१६०॥
હવે તે સમયે રાજા ઊભા થઈને કુમારોને આ પ્રમાણે કહે છે. વજસાર નામનું આ ધનુષ્ય કુળ પરંપરાથી આવેલું છે. તે ધનુષ્યને ઉપાડીને તેના મધ્યભાગમાં જે પુરૂષ બાણ ચઢાવશે તેને ખરેખર મારી આ પુત્રી પરણશે. (૧૫૯-૧૬૦)
इति श्रुत्वा कुमारास्ते सगर्वा जगदुर्मिथः । धनुर्वेदविदां नो हि कार्यमेतन्न दुष्करम् ॥१६१॥
આ પ્રમાણે સાંભળીને અભિમાનવાળા તે સર્વે રાજપુત્રો અંદરોઅંદર બોલ્યા. આપણે ધનુર્વેદવિદ્યાને જાણનારાઓને આ કાર્ય કાંઈ અઘરું નથી. (૧૬૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अथ पद्मावती कन्या सर्वशृङ्गारभूषिता । सखीगणसमायुक्ता समागान्मण्डपे तदा ॥१६२॥
હવે ત્યારે સર્વશૃંગારથી શોભતી સખીઓ સાથે પદ્માવતી નામની કન્યાએ મંડપમાં પ્રવેશ કર્યો. (૧૬૨)
स्वर्णकम्बुं समादाय वेत्रिणी चलिताग्रतः । सद्यस्कवरपुष्पाणां वरमालायुता करे ॥१६३॥
તેની આગળ એક હાથમાં સોનાનો શંખ લઈને અને બીજા હાથમાં તાજા ફુલોની વરમાલા લઈને પ્રતિહારી ચાલે છે. (૧૬૩)
ताम्बूलं यच्छति कापि दासी तस्यै मनोहरम् । कापि वीजयते वातं सुगन्धितालवृन्ततः ॥१६४॥
કોઈક દાસી તેને સુંદર તાંબૂલ આપે છે. કોઈક દાસી સુગંધી પંખા વડે પવન નાંખે છે. (૧૬૪)
करोति कौमुदी द्योतं यथा हि महिमण्डले । तथा सा द्योतयामास स्वकान्त्याखिलमण्डपम् ॥१६५॥
જેવી રીતે કૌમુદી પૃથ્વીના મંડપમાં ઉદ્યોત કરે છે તેવી રીતે આ કન્યાએ પોતાની કાંતિથી આખા મંડપને પ્રકાશિત કર્યો. (૧૬૫)
मण्डपस्थं धनुर्दृष्ट्वा सा हृदि चेत्यचिन्तयत् । बाणमत्र प्रियो मे स कथमारोपयिष्यति ॥१६६॥
મંડપમાં રહેલાં ધનુષ્યને જોઈને પદ્માવતી હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગી. ખરેખર મારો પ્રિય અહીં બાણ કેવી રીતે ચઢાવશે ? (૧૬૬)
एवं चिन्ताकुला यावत् सा स्थिता मण्डपे भृशम् । तावत्सख्या मुखे धृत्वा कम्बुर्नादेन पूरितः ॥१६७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પ્રમાણે ચિંતાથી આકુળવ્યાકુળ થયેલી તે મંડપમાં ઊભી. તે વખતે સખીએ મોઢા વડે શંખનાદ કર્યો. (૧૬૭)

स्वासनेषु कुमारास्ते सावधानास्तदा स्थिताः । वेत्रिणी वदति तेषां कुमाराणामथो मुदा ॥१६८॥

ત્યારે તે રાજપુત્રો પોતાના આસનો પર સાવધાન થયા. અને તે પ્રતિહારી તે કુમારોનો વૃત્તાંત હર્ષ વડે કહે છે. (૧૬૮)

सर्वे शूराश्च गम्भीरा यूयं स्थाथ कुमारकाः । कन्यावरणवांञ्छा चे-द्बाणमारोपयन्त्वरम् ॥१६९॥

હે કુમારો ! તમે બધા શૂરવીર અને ગંભીર છો. જો તમને કન્યાને વરવાની ઈચ્છા હોય તો આ ધનુષ્ય પર જલદી બાણને ચઢાવો. (૧૬૯)

लाटाधिपः समुत्तस्थौ कन्यावरणवांञ्छया । तदोत्तरीयं संवृत्य बाहुसंवाहनापरः ॥१७०॥

લાટ દેશનો રાજા કન્યાને વરવાની ઇચ્છાથી ઊભો થયો. ત્યારે ઉત્તરીયને દૂર કરી પોતાના બન્ને બાહુને તૈયાર કરવા લાગ્યો. (૧૭૦)

यावज्च धनुषोऽग्रेऽसौ समायाति मुदाकुलः । तावद्ददर्श नो चापं जन्मान्ध इव भूपतिः ॥१७१॥

હર્ષિત થયેલો તે જેટલામાં ધનુષ્યની પાસે આવે છે ત્યારે તે જન્મથી અંધ થયેલા મનુષ્યની જેમ ધનુષ્યને જોતો નથી. (૧૭૧)

हसिताथ सभा सर्वा दत्तताला परस्परम् । लज्जानम्रीमुखः सोऽपि सिंहासनमुपाययौ ॥१७२॥

સભામાં રહેલા બધા પરસ્પર એકબીજાને તાલી આપે છે અને હસે છે. ત્યારે તે લજ્જાથી નમી ગયેલા મુખવાળો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના સિંહાસન પાસે આવે છે. (૧૭૨)

कर्णाटेशः समुत्थाय ततो भुजबलान्वितः । यावद्गृह्णाति कोदण्डं कन्यावरणलम्पटः ॥१७३॥
तावत्कृतफणाटोपं सर्पं वृष्ट्वा भयार्दितः । हसितश्च सभालोकै-र्दुतं स्वस्थानमासदत् ॥१७४॥युग्मम्॥

કર્ણાટક દેશનો રાજા હાથના બળ સાથે ઊભો થઈને કન્યાને વરવાની ઇચ્છાથી જેટલામાં ધનુષ્ય બાણને ગ્રહણ કરે છે. તેટલામાં કરેલી ફણાવાળા સર્પને જોઈને ભયથી પીડાયેલો પોતાના સ્થાનમાં આવ્યો. અને ત્યારે સભાના મનુષ્યો વડે હાસ્ય કરાયો. (૧૭૩-૧૭૪)

काश्मीराधिपतिस्ताव-दुत्थितः सपराक्रमः । वहन गर्वं हृदो मध्ये स्पृशन् श्मश्रूणि पाणिना ॥१७५॥

કાશ્મીર દેશનો રાજા પરાક્રમ સાથે ઊભો થયો. અને હૃદયમાં ગર્વને ધારણ કરતો હાથ વડે મૂંછને સ્પર્શ કરે છે. (૧૭૫)

अहङ्कारयुतो ह्यं यावद्व्रजति सोऽग्रतः । देवताधिष्ठितं तेन वृष्टं ज्वालाकुलं धनुः ॥१७६॥

અભિમાન સાથે તે જેટલામાં આગળ જાય છે તેટલામાં દેવતાથી અધિષ્ઠિત થયેલું તે ધનુષ્ય બાણ અગ્નિથી સળગતું દેખાયું. (૧૭૬)

भीतोऽसौ वलितः पश्चा-द्धस्यामानः सभास्थितैः । जनैर्लज्जाविनम्रास्यो निविष्टो निजमासनम् ॥१७७॥

ભય પામેલો આ રાજા પાછો વળ્યો. સભામાં રહેલાં મનુષ્યો વડે હાસ્ય કરાયો અને લજ્જાથી શરમિંદો બનેલો પોતાના આસન પર બેસી ગયો. (૧૭૭)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तदा पद्मरथो राजा सञ्जातश्चिन्तयातुरः । व्यचिन्तयच्च को हह्येनां प्रतिज्ञां पूरयिष्यति ॥१७८॥
તે વખતે પદ્મરથ રાજા ચિંતા વડે આકુળ વ્યાકુળ થયો. અને વિચાર્યું કે આની પ્રતિજ્ઞા કોણ પૂરી કરશે ? (૧૭૮)
कुमारी चिन्तयामास न दृष्टोऽत्र प्रियो मया । व्यर्थतां च गतो नूनं मण्डपाडम्बरोऽप्ययम् ॥१७९॥
રાજપુત્રી વિચાર કરે છે કે અહીં મારા વડે મારો પતિ ન જોવાયો. અને મંડપ બનાવવાનો પ્રયત્ન નકામો થયો. (૧૭૯)
गुप्तवेषधरस्तावद् दृष्टो मित्रयुतः पतिः । रोमाञ्चिता च सञ्जाता तदा सातीव हर्षतः ॥१८०॥
તેટલામાં ગુપ્તવેશને ધારણ કરનાર પતિને મિત્રની સાથે જોયો. અને તે વખતે તે અત્યંત હર્ષથી રોમાંચિત અંગવાળી બની. (૧૮૦)
कुमारश्चित्रसेनोऽपि पश्यन् सर्वं कुतूहलम् । तदा जगाद मित्रं स्वं चित्ते सम्मुदितो भृशम् ॥१८१॥
ચિત્રસેનકુમાર બધા કુતૂહલોને જોતો પોતાના ચિત્તમાં ઘણો જ આનંદ પામ્યો. અને પોતાના મિત્રને ત્યારે કહ્યું. (૧૮૧)
मित्राथ ते सहायेन बाणमारोपयाम्यहम् । धनुष्यमुष्मिन् हर्षेण कार्यसिद्धिर्यथा भवेत् ॥१८२॥
હે મિત્ર ! હવે તારી સહાય વડે હું આ ધનુષ્ય પર હર્ષથી બાણને ચઢાવીશ. જેથી મારા આ કાર્યની સિદ્ધિ થાય. (૧૮૨)
इत्युक्त्वा चित्रसेनोऽथ गतः कोदण्डसन्निधौ । नमस्कृत्य जिनेन्द्रं स-स्मृत्वा चित्ते धनञ्जयं ॥१८३॥
એ પ્રમાણે કહીને ચિત્રસેન રાજપુત્ર ધનુષ્ય-બાણની પાસે ગયો. જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરીને ધનંજયને ચિત્તમાં યાદ કરે છે. (૧૮૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चपलं धनुषि तस्मिन् बाणमारोपयत्तदा । पश्यत्सु च कुमारेषु चित्रितेषु समेष्वपि ॥१८४॥
આશ્ચર્ય પામેલા બધા કુમારોના દેખતાં તત્પર એવો તે, તે ધનુષ્યમાં બાણનું આરોપણ કરે છે. (૧૮૪)
पूरितं च तदा दृष्ट्वा कुमारी स्वं मनोरथम् । अतीवहर्षसम्पन्ना जाता स्मेराननना तदा ॥१८५॥
તે વખતે કુમારી પોતાના મનોરથને પૂર્ણ થયેલો જોઈને અત્યંત હર્ષને પામેલી વિકસ્વર મુખવાળી બની. (૧૮૫)
अथ कुमारिका शीघ्रं मालामारोपयत्तदा । चित्रसेनकुमारस्य कण्ठे स्मेराननना मुदा ॥१८६॥
હવે હર્ષથી આનંદિત મુખવાળી કુમારિકા જલદી ચિત્રસેનકુમારના કંઠમાં વરમાળાનું આરોપણ કરે છે. (૧૮૬)
अज्ञातनरकण्ठे तां दृष्ट्वा मालां प्रलम्बिताम् । रुष्टाः सर्वे कुमारास्ते सायुधाश्च समुत्थिताः ॥१८७॥
નહિ ઓળખાયેલા મનુષ્યના કંઠમાં લટકતી વરમાળા જોઈને બધા રાજકુમારો ક્રોધ પામ્યા અને તે હથીયારો સાથે યુદ્ધ કરવા માટે ઊભા થયા. (૧૮૭)
कथयामासुरज्ञात-कुलमेनं वराककम् । हत्वा नूनं दुरात्मानं लास्यामः कन्यकां वयम् ॥१८८॥
અને બોલ્યા કે જેનું કુળ જાણ્યું નથી તેવા આ ગરીબ દુષ્ટાત્માને હણીને ખરેખર અમે આ કન્યા લઈશું. (૧૮૮)
एवं विमृश्य सर्वेऽपि तद्वधाय समुत्थिताः । यत्तदसहायतस्तावत् कुमारः सन्मुखोऽभ्यगात् ॥१८९॥
એ પ્રમાણે વિચારીને બધા કુમારો તેના વધ માટે ઊભા થયા. ત્યારે યક્ષની સહાયથી કુમાર તે બધાની સામે આવ્યો. (૧૮૯)

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सङ्ग्रामो दारुणो जातः कुमारेण समं ततः । एकोऽप्यजयत्तानेष मृगारिर्मृगयूथवत् ॥१९०॥
તેથી કુમારની સાથે ભયંકર યુદ્ધ થયું. તે એકલો હોવા છતાં તેને કોઈ જીતી શક્યું નહીં. મૃગલાનું ટોળું સિંહને ન જીતે તેમ ચિત્રસેનકુમારને કોઈ જીતી ન શક્યું. (૧૯૦)
राजा पद्मरथो याव-न्निवारयति तानथ । तावत्कश्चिज्जौगौ भट्टः कुमारबिरुदावलिम् ॥१९१॥
પદ્મરથ રાજા જેટલામાં તે બધાને રોકે છે તેટલામાં કોઈક ભટ્ટકુમારની બિરૂદાવલીને બોલે છે. (૧૯૧)
वीरसेनाङ्गजो जीया द्वसन्तपुरनायकः । चित्रसेनकुमारोऽसौ कलाविद्यादिपारगः ॥१९२॥
इति कर्णामृतं वाकयं श्रुत्वा पद्मरथोऽब्रवीत् । स्थीयतां स्थीयतां भूपाः श्रूयतां भट्ट वाचिकम् ॥१९३॥
વસંતપુરના રાજા વીરસેનનો પુત્ર કલા અને વિદ્યાનો પારગામી આ ચિત્રસેનકુમાર જયપામો, જયપામો આ પ્રમાણે કાનને અમૃત સરખું વાકય સાંભળીને પદ્મરથ રાજા બોલ્યો "હે રાજાઓ ઊભા રહો ઊભા રહો. આ ભટ્ટનું વાકય સાંભળો". (૧૯૨-૧૯૩)
श्रुत्वा तस्य कुलोत्पत्तिं विस्मितास्ते नृपं जगौ । एतच्छौर्यं च गाम्भीर्यं न हि क्षत्रिकुलं विना ॥१९४॥
તેના કુળની ઉત્પત્તિ સાંભળીને વિસ્મય પામેલા રાજાઓ બોલ્યા કે, ખરેખર આવું શૌર્ય અને ગાંભીર્ય ક્ષત્રિયકુળ વિના હોતું નથી. (૧૯૪)
ततः सर्वेऽपि सञ्जाता-स्तम्प्रति प्रीतमानसाः । तथा तं क्षामयामासुः सर्वेऽपि नतमौलयः ॥१९५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

त्यार पछी ते सर्वे राजपुत्रो तेना तरफ प्रीतियुक्त मनवाळा थया. अने तेथी तेनी माफी मागी अने नमेला मस्तकवाळा बन्या. (१९५)

ततः पद्मरथो राजा हर्षपूरितमानसः । विवाहं कारयामास कुमार्याः सह तेन सः ॥१९६॥

त्यार पछी हर्षथी पूराई गयेला मनवाळा पद्मरथ राजाओ राजपुत्री साथे तेनो विवाह (लग्न) कर्यो. (१९६)

करमोचनके तेन कुमाराय समर्पितम् । गजवाजिरथग्राम-वस्त्रालंकरणादिकम् ॥१९७॥

हस्तमेळापना समये राजाओ कुमारने हाथी, घोडा ने रथनो समूह तथा वस्त्रअलंकार वगेरे आप्यां. (१९७)

योग्यपाणिग्रहे जाते मुदितौ तौ वधूवरौ । जन्मा पूर्वभवानुबंधेन जातिस्मरणतोऽपि च ॥१९८॥

योग्य रीते लग्नोत्सव थयो त्यारे वर अने कन्या अने पूर्वभवना अनुबंध वडे जातिस्मरणथी जोडाया. (१९८)

राजा पद्मरथो भूपान् सत्कृत्याथ व्यसर्जयत् । याचकान् पोषयामास यथेच्छं दानमानतः ॥१९९॥

हवे पद्मरथ राजा बधा राजाओने खुश करीने विदाय कर्या अने याचकोने इच्छा प्रमाणे दान अने मान आपवाथी खुश कर्या. (१९९)

कियत्यपि गते काले चित्रसेनस्य तत्र च । रजन्यां राज्यमन्येद्युः स्मृतिमागात्रिजं हृदि ॥२००॥

त्यां रहेलां चित्रसेनने केटलोक समय गया पछी कोईक वार रात्रिमां पोताना हृदयमां पोतानुं घर वगेरे याद आव्युं. (२००)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

रत्नसारं समाहूय कथितं तेन तम्प्रति । श्वशुरगेहवासोऽयं लज्जायै गदितः सताम् ॥२०१॥ यतः-

રત્નસાર નામના મિત્રને બોલાવીને તેણે તેના તરફ કહ્યું કે સજ્જન પુરૂષોએ સસરાને ઘેર રહેવું એ શરમને પાત્ર છે. (૨૦૧)

उत्तमाः स्वगुणैः ख्याता मध्यमाश्च पितुर्गुणैः । अधमा मातुलैः ख्याताः श्वशुरैश्चधमाधमाः ॥२०२॥

જેથી શ્લોકમાં કહ્યું છે કે ઉત્તમ માણસો પોતાના ગુણો વડે પ્રસિદ્ધ થાય છે. અધમ માણસો મામાના ગુણો વડે પ્રસિદ્ધ થાય છે. મધ્યમ કક્ષાના માણસો પિતાના ગુણો વડે પ્રસિદ્ધ થાય છે. અને જે અધમમાં અધમ હોય તે સસરાના ગુણો વડે પ્રસિદ્ધ થાય છે. (૨૦૨)

रत्नसारस्ततो गत्वा कथयामास भूपतिम् । यद्याज्ञा भवतां गच्छेत् कुमारः स्वं पुरम्प्रति ॥२०३॥

તે કારણથી રત્નસાર મિત્રએ રાજા પાસે જઈને કહ્યું કે જો તમારી આજ્ઞા હોય તો કુમાર પોતાના નગર તરફ જાય. (૨૦૩)

मातृपितृवियुक्तस्य बहुकालो गतोऽस्य वै । प्रसादं कुरु तत्स्वामिन् स कुटुम्बं मिलेद्यथा ॥२०४॥

એને માતાપિતાને મળે ઘણો જ સમય થઈ ગયો છે તેથી હે સ્વામી ! તમે (રજા આપવા માટે) કૃપા કરો એટલે તે કુટુંબને મળે. (૨૦૪)

श्रुत्वा पद्मरथो राजा मित्रस्येति वचस्तदा । तत्प्रयाणस्य सामग्रीं चकार प्रगुणां ततः ॥२०५॥

પદ્મરથ રાજાએ આ પ્રમાણે તે મિત્રના વચન સાંભળીને ત્યારે તેના પ્રયાણ માટેની સામગ્રી તૈયાર કરાવી. (૨૦૫)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सुखासने समारोप्य सुतां पद्मावतीं च ताम् । माता स्नेहपरा तस्यै ददौ शिक्षां हितैषिणी ॥२०६॥
સ્નેહવાલી માતા પોતાની પુત્રી પદ્માવતીને પાલખીમાં બેસાડીને તેને હિત કરનારી શિખામણ આપે છે. (૨૦૬)
श्वश्रूश्वशुरशुश्रूषा करणीया निरन्तरम् । भर्ता देव इवाराध्यः स्त्रीणां भर्ता हि देवता ॥२०७॥
સાસુ અને સસરાની હંમેશા સેવા કરવી અને પતિને દેવની જેમ આરાધવો જોઈએ. સ્ત્રીઓને પતિ એ ખરેખર દેવ છે. (૨૦૭)
शिक्षामिति गृहीत्वा सा मातृदत्तां हितावहाम् । सैन्ययुक्ता चचालाथ कुमारेण युता क्रमात् ॥२०८॥
આ પ્રમાણે માતાએ આપેલી હિતને કરનારી એવી શિખામણને ગ્રહણ કરી તે પુત્રી પદ્માવતી સૈન્ય સાથે કુમાર (પતિ) સહિત ચાલી. (૨૦૮)
अनेकनगरग्रामान् समुल्लन्ध्य प्रयाणकैः । कुमारः परिवाराढ्यः सम्प्राप्तो गहनं वनम् ॥२०९॥
અને નગરો અને ગામોને પ્રયાણો વડે ઓળંગતો પરિવારથી પરિવરેલો કુમાર એક ગાઢ જંગલમાં આવ્યો. (૨૦૯)
वृष्टस्तेनाथ न्यग्रोध-पादपोऽत्र मनोहरः । शाखापत्रादिविस्तार-च्छत्राकारनिभो महान् ॥२१०॥
તેણે ત્યાં શાખા અને પાંદડાંના વિસ્તારથી છત્રી જેવા મોટા મનોહર વડલાના ઝાડને જોયું. (૨૧૦)
तलेऽथ तस्य वृक्षस्य सैन्यं तेन निवेशितम् । तस्य शीतलछायायां सुखं तस्थुश्च सैनिकाः ॥२११॥
હવે તે ઝાડની નીચે પોતાનું સૈન્ય સ્થાપન કર્યું અને તેની ઠંડકવાળી શીતલ છાયામાં સુખપૂર્વક સૈનિકો સૂઈ ગયા. (૨૧૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

रजन्यां तत्र सौख्येन सुप्ताः सर्वेऽपि सैनिकाः । कुमारः सकलत्रोऽपि सुप्तो मार्गश्रमाकुलः ॥२१२॥
ત્યાં રાત્રિમાં સુખ પૂર્વક સર્વે સૈનિકો સૂઈ ગયા. અને કુમાર પણ ચાલવાના થાકથી થાકી ગયેલો પત્ની સાથે સુઈ ગયો. (૨૧૨)

मन्त्रिपुत्रः स्थितस्तत्र खड्गव्यग्रकराम्बुजः । स्वामिनं सुप्तमालोक्य तदा प्राहारिकोपमः ॥२१३॥
ત્યાં ચંચલ હાથમાં રહેલી તલવારવાળો મંત્રિપુત્ર-પોતાના સ્વામિને સૂતેલા જોઈને ચોકીદાર જેવો બન્યો. (૨૧૩)

अधिष्ठाताथ द्रोस्तस्य गोमुखाभिधयक्षकः । चक्रेश्वरीयुतस्तत्र वसति पादपे सदा ॥२१४॥
તે વૃક્ષનો અધિષ્ઠાયક ગોમુખ નામનો યક્ષ ચક્રેશ્વરની સાથે હંમેશા તે વૃક્ષમાં નિવાસ કરે છે. (૨૧૪)

कुमारं यक्षिणीयक्षौ वीक्ष्य तावथ जल्पतः । मिथोऽस्य हि निजं राज्यं पिता दास्यति वा न वा ॥२१५॥
યક્ષિણી અને યક્ષ તે કુમારને જોઈને અંદરોઅંદર વાતચીત કરે છે કે આ રાજપુત્રને પિતા પોતાનું રાજય આપશે કે નહિં ? (૨૧૫)

ज्ञात्वा ज्ञानोपयोगेन यक्षोऽवग् यक्षिणीं प्रति । साधर्मिकोऽस्ति नोऽयं त-दुपकारिवचः श्रृणु ॥२१६॥
જ્ઞાનના ઉપયોગ વડે જાણીને યક્ષે યક્ષિણીને કહ્યું કે આ આપણો સાધર્મિક છે, તેથી તેને ઉપકાર કરનારું વચન તું સાંભળ (૨૧૬)

देशान्तरगतस्यास्य जननी तु मृतास्ति हा । ततःप्रभृति जातोऽस्ति पितान्यमहिषीवशः ॥२१७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખરેખર ખેદની વાત છે કે દેશાંતર ગયેલા આ રાજપુત્રની માતા તો મરી ગઈ છે. અને તેનો પિતા બીજી સ્ત્રીને આધીન થયો છે. (૨૧૭)

राज्ञस्तस्य महिष्यस्ति द्वितीया विमलाभिधा । गुणसेनः सुतस्तस्याः समस्ति गुणमन्दिरम् ॥२१८॥

તે રાજાને વિમલા નામની બીજી પટ્ટરાણી છે. અને તેને ગુણના મંદિર જેવો ગુણસેન નામનો પુત્ર છે. (૨૧૮)

निजपुत्रस्य राज्यार्थं तया कश्मलचित्तया । उपायान् बहुशः कृत्वा भूपतिर्विप्रतारितः ॥२१९॥

મલીન ચિત્તવાલી તેણીએ પોતાના પુત્રને રાજય મળે એ માટે ઘણાં ઉપાયો કરીને રાજાને છેતર્યો છે આધીન કર્યો છે. (૨૧૯)

यदा यास्यति पुत्रोऽयं पितृस्नेहेन मोहितः ! तत्र तुरङ्गमोपाया-न्नृपस्तं मारयिष्यति ॥२२०॥

જયારે આ પુત્ર પિતાના મોહથી નગરમાં જશે ત્યારે રાજા તેને ઘોડાના ઉપાયથી મારી નાંખશે. (૨૨૦)

कदाचित्पुण्ययोगेन पुराद्यास्यत्ययं द्रुतम् । प्रतोली यन्त्रयोगाद् द्रा-गस्योपरि पतिष्यति ॥२२१॥

ઘોડાના ઉપાયથી કદાચ પુણ્યના યોગથી તે નગરની પાસે જતો રહેશે તો યન્ત્રના યોગથી દરવાજો જલ્દી તેના ઉપર પડશે. (૨૨૧)

कदाचिद्दैवतस्तस्य सङ्कटं तत्प्रयास्यति । तदा सा विमला तस्मै विषं नूनं प्रदास्यति ॥२२२॥

કદાચ પુણ્યયોગથી તેનું સંકટ ચાલ્યું જાય તો તે વિમલા નામની સ્ત્રી તેને ચોક્કસ ઝેર આપશે. (૨૨૨)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

स्वपुत्रस्यैव राज्यार्थं मारणोपायकत्रयम् । तयास्य नररत्नस्य कृतमस्ति प्रियेऽधुना ॥२२३॥
હે પ્રિયા ! હમણાં તેના વડે પોતાના જ પુત્રને રાજ્ય મળે માટે આ ઉત્તમ નરરત્નને મારવા માટે ત્રણ ઉપાયો કર્યા છે. (૨૨૩)
पुनरस्य कुमारस्य चतुर्थी विपदं शृणु । अस्य पर्यङ्कसुप्तस्य दारुणात्पन्नगाद्भयम् ॥२२४॥
વળી આ કુમારની ચોથી વિપત્તિ તું સાંભળ, પલંગમાં સૂતેલાંને લાકડામાં રહેલા સર્પથી ભય છે. (૨૨૪)
एतच्चतुर्भयेभ्योऽयं चेत्प्रमुक्तो भविष्यति । तदासौ सार्वभौमोऽत्र नूनं राजा भविष्यति ॥२२५॥
श्रोतैतस्य वृत्तांतस्य सुहृदस्य यदा पुनः । कथयिष्यति कस्यापि तदाश्मासौ भविष्यति ॥२२६॥
આ ચાર ભયથી જો તે બચી જાય તો આ ચોક્કસ સાર્વભૌમ રાજા થશે. (૨૨૫) .
આ વૃત્તાંતને સાંભળનાર મિત્ર કોઈને પણ આ વાત કહેશે ત્યારે તે (કહેનાર) પત્થરરુપ બની જશે. (૨૨૬)
यक्षस्येति निशम्याथ वार्ता विस्मयकारिणीम् । रत्नसारोऽपि मौनेन संस्थितौ मित्रवत्सलः ॥२२७॥
આશ્ચર્યને કરનારી આ વાર્તાને યક્ષની પાસેથી સાંભળીને મિત્ર ઉપર પ્રેમવાળો રત્નસાર મંત્રીપુત્ર મૌનપણે રહ્યો. (૨૨૭)
प्रभातसमये जाते जजागार नृपात्मजः । परिवारयुतोऽरं च स चचाल पथि क्रमात् ॥२२८॥
જ્યારે સવાર થયું ત્યારે રાજપુત્ર જાગ્યો અને પરિવાર સહિત માર્ગમાં આગળ ચાલ્યો. (૨૨૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सोऽविलम्बप्रयाणेन प्राप्तः स्वपुरसन्निधौ । वीरसेननृपस्ताव-त्तस्य सन्मुखमाययौ ॥२२९॥
તે રોકાણ વગરના પ્રયાણ વડે પોતાના નગરની નજીક પહોંચ્યો તેટલામાં વીરસેન રાજા તેની સન્મુખ આવ્યો. (૨૨૯)
जनकं स्वं तदायान्तं चित्रसेनो विलोक्य च । तुरङ्गमात्समुत्तीर्य पितुः पादौ ननाम सः ॥२३०॥
ચિત્રસેન પોતાના પિતાને આવતા જોઈને ઘોડા ઉપરથી ઊતરી પોતાના પિતાના બન્ને ચરણોમાં તે નમ્યો. (૨૩૦)
पितुर्मेलापके जाते कुमारः स्नेहवत्सलः । हर्षाश्रूणि मुमोचाथ नयनाभ्यामनारतम् ॥२३१॥
સ્નેહવત્સલ એવા કુમારને પિતાનો મેળાપ થયો ત્યારે બન્નેની આંખોમાંથી સતત હર્ષના આંસુઓ વહેવા લાગ્યા. (૨૩૧)
पिता तु कृत्रिमस्नेहात् पृष्ट्वास्य कुशलादिकम् । यस्याधिरोहणार्थं च ददौ दुष्टं तुरङ्गमम् ॥२३२॥
તે વખતે પિતા બનાવટી સ્નેહથી કુશલ વગેરે પૂછીને તેને (બેસવા માટે દુષ્ટ) (વક્રગતિ વાળો) ઘોડો આપ્યો. (૨૩૨)
चातुर्यान्मन्त्रिपुत्रेण तत्समोऽन्यतुरङ्गमः । तदार्पितः कुमाराय यथा जानाति कोऽपि नो ॥२३३॥
તે વખતે મંત્રીપુત્રએ ચતુરતા વડે તેના જેવો જ બીજો ઘોડો કુમારને બેસવા માટે આપ્યો જેથી કોઈ જાણે નહિં. (૨૩૩)
नानावादित्रनिःस्वान-वर्धापनपुरस्सरम् । गीयमानगुणो भट्टैः परितो जयजयारवैः ॥२३४॥
संयुतः परिवारेण प्रतोलीं यावदागतः । तावदागत्य मित्रेण स तुरङ्गो मुखे हतः ॥२३५॥
पश्चात्पादप्रचारोऽश्वो यावत्पश्चान्निवर्तित । प्रतोली सहसा तावत् पतिता सा जनोपरि ॥२३६॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જુદા જુદા પ્રકારના વાજિંત્રોના શબ્દવાળાં વધામણાંઓ સાથે અને ભટટો વડે જય જય શબ્દથી જેના ગુણ ગવાઈ રહયા છે એવો કુમાર પરિવાર સહિત જે સમયે નગરના દરવાજા પાસે આવે છે. તે વખતે મિત્રએ આવીને તે ઘોડાને મોંઢા ઉપર માર્યું.

પછી પગના પ્રહાર વડે ઘોડો જયારે પાછો વળે છે ત્યારે એકાએક તે દરવાજો લોકો પર તૂટી પડે છે. (૨૩૪-૨૩૫-૨૩૬)

लोके हाहारवो जातो विलक्षोऽभून्महीपतिः । रक्षितः सुहृदा चैवं कुमारो मृत्युसङ्कटात् ॥२३७॥

લોકોમાં હાહાકાર થઈ ગયો. અને રાજા વિલખો થયો (ભોંઠો પડયો) મિત્ર વડે રાજપુત્રનું મૃત્યુના સંકટથી રક્ષણ કરાયું. (૨૩૭)

पित्रा विस्मितचित्तेन सुतो नीतो निजगृहे । तेनापि विनयात्तात-स्त्यक्तकोपः कृतः क्षणात् ॥२३८॥

આશ્ચર્ય પામેલા પિતા વડે પુત્ર પોતાના ઘેર લઈ જવાયો અને તેણે વિનયથી એક ક્ષણમાં પિતાને ક્રોધ વગરના કર્યા. (૨૩૮)

कुमारो विमलादेव्या मिलनाय गतस्ततः । उपमातुः पदद्वन्द्वं ननाम विनयेन सः ॥२३९॥

તે પછી કુમાર અપર માતા વિમલાદેવીને મળવા માટે ગયો. અને વિનય વડે માતાના ચરણ કમળમાં નમ્યો. (૨૩૯)

तस्याश्च कुशलं पृष्ट्वा तथा पुत्रादिकस्य च । विनयान्नत्वा च तत्पादौ सोऽथागान्निजमन्दिरम् ॥२४०॥

તેણીનું અને તેના પરિવારના પુત્ર વગેરેનું પણ કુશલ પૂછીને અને તેના ચરણકમળમાં નમીને પોતાના મહેલમાં ॥૪૩॥

આવ્યો. (૨૪૦)

तथापि दुष्टचित्ता सा दुर्बुद्धिश्चेत्यचिन्तयत् । विषमोदकदानेन मारयाम्यधुनापि तम् ॥२४१॥

તો પણ તે દુષ્ટ બુદ્ધિવાળી અપરમાતા આમ ચિંતવે છે કે હજુ પણ તેને ઝેરવાળા લાડવા આપીને મારી નાંખું. (૨૪૧)

विचिन्त्येति तया चित्ते मोदका विषमिश्रिताः । कृताः निमन्त्रितश्चापि कुमारो मित्रसंयुतः ॥२४२॥

આ પ્રમાણે તેણે ચિત્તમાં વિચારીને ઝેરવાળા લાડવા બનાવ્યા. અને મિત્રની સાથે કુમારને જમવા માટે નિમંત્રણ કર્યું. (૨૪૨)

कृताश्च मोदकास्त्वन्ये रत्नसारेण धीमता । सङ्गोप्य स्थापिताः स्वीयो-त्तरीयान्तस्तदा खलु ॥२४३॥

બુદ્ધિશાળી એવા રત્નસારે બીજા લાડવા બનાવ્યા અને તેને સંતાડીને પોતાના ખેસના છેડામાં રાખ્યા. (૨૪૩)

ततः सकलसामग्रीं तया कृत्वा निवेशितौ । मन्त्रिपुत्रकुमारौ द्राक दुष्टया भोजनाय तौ ॥२४४॥

ત્યાર પછી તે દુષ્ટ માતાએ જમવાની બધી સામગ્રી તૈયાર કરીને મંત્રીપુત્ર અને કુમારને જલ્દી જમવા માટે બેસાડયા. (૨૪૪)

भोजनावसरे तत्र वीरसेनोऽपि चागतः । परिवारयुतः सोऽपि भोजनार्थमुपाविशत् ॥२४५॥

ભોજન કરવાના અવસરે પરિવાર સહિત વીરસેન રાજા પણ ત્યાં આવ્યો અને ભોજન માટે બેઠો. (૨૪૫)

राज्ञ्या दुश्चेष्टितं राजा तदा जानाति नो मनाग् । चित्रसेनोपरि स्नेहं धारयन् मानसे भृशम् ॥२४६॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણીએ કરેલું દુષ્ટ કાર્ય રાજા જરા પણ મનથી જાણતો નથી અને ચિત્રસેન રાજપુત્ર પર મનથી અત્યંત સ્નેહને ધારણ કરે છે.(૨૪૬)

विशालस्थालकच्चोल-पङ्क्तिषु विविधा तया । सुरसा रसवती मुक्ता स्वादिष्ठा च मनोहरा ॥२४७॥

મોટા થાળમાં વાડકાઓની લાઈનમાં તે અપરમાતાએ જુદા જુદા પ્રકારની મનોહર સ્વાદિષ્ટ રસોઈ મૂકી. (૨૪૭)

वीरसेननृपस्यार्थं सुन्दरा मोदकास्तया । विविधव्यञ्जनोपेता मुदाथ परिवेषिताः ॥२४८॥

વીરસેન રાજા માટે સારા લાડવાઓ જુદી જુદી સામગ્રીઓથી યુક્ત તેણે આનંદથી પીરસ્યા. (૨૪૮)

कुमारः सह मित्रेणो-पविष्टो भोजनाय सः । तया विषयुता मुक्ता मोदका अग्रतस्तयोः ॥२४९॥

મિત્ર સાથે કુમાર જ્યારે જમવા બેઠો ત્યારે તેણીએ ઝેરવાળા લાડવા તે બન્નેની આગળ મૂક્યાં. (૨૪૯)

रत्नसारस्त्वपाकृत्य हस्तलाघवविद्यया । मोदकांस्तान् स्वपार्श्वस्थां-स्तत्स्थाने चामुचत्क्षणात् ॥२५०॥

તે વખતે રત્નસાર મિત્રએ હસ્તલાઘવ વિદ્યા વડે (હાથની ચાલાકીથી તે ઝેરવાળા લાડવાઓને દૂર કરીને પોતાની પાસે જે લાડવાઓ હતાં તેને તે સ્થાને મૂકી દીધા. (૨૫૦)

कुमारोऽज्ञातवृत्तान्तो भुक्तवान् मित्रसंयुतः । विमातुरपि सस्नेहं मन्यमानोऽधिकाधिकम् ॥२५१॥

જેને આ વૃત્તાંત જાણ્યો નથી તેવો મિત્ર સહિત રાજપુત્ર જમતા-જમતા માતાને વિષે અધિકાધિક સ્નેહને માને છે. (૨૫૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

भोजनानन्तरं भुक्तं ताम्बूलं च तयार्पितम् । कुमारेणातिहर्षेण लवङ्गैलासमन्वितम् ॥२५२॥
ભોજન ખવાઈ ગયા પછી તે માતાએ લવીંગ વગેરેથી યુક્ત તાંબૂલ-મુખવાસ આપ્યું. ત્યારે કુમારે હર્ષ સહિત લીધું. (૨૫૨)

सत्कृतोऽसौ ततो वस्त्रा-भूषणादिभिरेतया । कुमारश्च समागच्छ-न्मित्रयुक्तः स्वमन्दिरम् ॥२५३॥
પછી આ માતાએ વસ્ત્રો અને આભૂષણો વડે કુમારનો સત્કાર કર્યો અને મિત્ર સહિત રાજપુત્ર પોતાના મહેલમાં આવ્યો. (૨૫૩)

स्नुषा पद्मावती सापि सत्कृता भोजनादितः । तयाथ मुदिता बाढं समायाता निजं गृहम् ॥२५४॥
પોતાની પુત્રવધુ પદ્માવતી પણ ભોજન વગેરેથી સત્કાર કરાઈ અને ખુશ થયેલી તે પોતાના મહેલમાં આવી. (૨૫૪)

दैवानुकुल्यतः पुंसां तथा पुण्यानुभावतः । भवेद्विषं हि पीयूषं भवेन्माल्यं भुजङ्गमः ॥२५५॥
પુણ્યના પ્રભાવથી તથા દૈવની અનુકૂળતાથી પુરુષોને ઝેર અમૃત બને છે અને સાપ ફુલની માળા બને છે. (૨૫૫)

वीरसेनो नृपस्ताव-द्रजन्यामित्याचिन्तयत् । हा मया तु सुपुत्रस्य मारणायैव चिन्तितम् ॥२५६॥
આ બાજુ વીરસેન રાજાએ રાત્રિમાં આ પ્રમાણે વિચાર્યું. ખરેખર ખેદની વાત છે કે મારા વડે સુપુત્રને મારવાનું વિચારાયું. (૨૫૬)

धिग्मे हि पौरुषं लोके धिग्मे बुद्धिं च गर्हिताम् । पुत्ररत्नविनाशाय मयोपाया कृता हहा ॥२५७॥

P. P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

ખરેખર આ લોકમાં મારી નિંદનીય બુદ્ધિને અને પુરુષાતનને ધિક્કાર હો.કે પુત્રરત્નના વિનાશને માટે મારા વડે ઉપાયો કરાયા. (૨૫૭)

इति वैराग्यरङ्गाढ्यो यावत्तिष्ठति भूपतिः । तावच्चरमतीर्थेश-स्तत्रागाद्विहरंस्तदा ॥२५८॥

આ પ્રમાણે વૈરાગ્યના રંગથી તૈયાર થયેલો રાજા જેટલામાં રહયો છે તેટલામાં ચરમ તીર્થકર પ્રભુ શ્રી મહાવીર ત્યાં વિહાર કરતા પધાર્યા. (૨૫૮)

समवसरणं तत्र कृतं देवैर्मनोहरम् । सुवर्णरूप्यमाणिक्यशालत्रयविराजितम् ॥२५९॥

તે વખતે ત્યાં દેવોએ સુવર્ણ-રૂપું અને માણિક્યમય (રત્ન) ત્રણ ગઢથી શોભતું મનોહર સમવસરણ બનાવ્યું. (૨૫૯)

तत्राशोकदुमस्याथो-ऽधस्तात्प्रभुरुपाविशत् । दिव्यसिंहासने रम्ये चतुराननशोभितः ॥२६०॥

ત્યાં અશોક વૃક્ષની નીચે દિવ્ય સિંહાસન ઉપર રમ્ય એવા ચારે મુખે શોભતા પ્રભુ બિરાજમાન થયા (૨૬૦)

मुक्त्वा स्वकीयवैराणि हिंस्रका: श्वापदा अपि । समवसरणे तत्र संस्थिता हर्षसंयुताः ॥२६१॥ यतः-

પોતાના જાતિ વૈરોને પણ છોડીને હિંસક જંગલી પ્રાણીઓ પણ ત્યાં સમવસરણમાં હર્ષપૂર્વક (સાથે) રહે છે. (૨૬૧)

सारंगी सिंहशावं स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतं, मार्जारी हंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजङ्गम् ॥
वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवः सन्त्यजन्ति, दृष्ट्वा शान्तैकचित्तं प्रशमितकलुषं तं जिनं क्षीणमोहम् ॥२६२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते शांत चित्तवाळा जेमना क्लेशो नाश पाम्या छे. अने जे ओ क्षीण मोह थया छे तेवा जिनने जोईने हरणी बाळकनी बुद्धिथी सिंहना बच्चांने अडके छे. गाय पोते वाघना बच्चांने स्पर्श करे छे. बिलाडी हंसना बाळकने अडके छे. अने प्रेमथी परवश बनेली मयूरी सापने स्पर्श करे छे. जन्मजात वैरो पण जे जीवो गळी जय छे. चाल्या जय छे. (२६२)

ज्ञात्वार्हदागमं तत्र राजागात् सपरिच्छदः । महीतले नमन्मौलि-स्तं ननाम जगत्प्रभुम् ॥२६३॥

जिनेश्वर प्रभुनु आगमन जाणीने परिवार सहित राजा त्यां आव्यो अने भूमि पर प्रणाम करतां मस्तक नमाव्युं अने जगत प्रभुने नम्यो. (२६३)

भवपाथोधिनिस्तारां कारुण्यैकरसान्विताम् । देशनां श्रीजिनेन्द्रोऽदा-द्भव्यानन्दविधायिनीम् ॥२६४॥ यथा-

त्यारे भव्यजीवोने आनंद करनारी-संसार समुद्रने तारनारी करुण्यरसथी भरपूर एवी देशना जिनेश्वर प्रभुए आपी. (२६४)

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः । नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसङ्ग्रहः ॥२६५॥

आ शरीरो अनित्य छे. वैभवो शाश्वत नथी. ज अने मृत्यु नजीकमां ज छे. एम मानीने धर्मनो संग्रह करवो जोईए. (२६५)

जैनधर्मं समाराध्य भूत्वा विभवभाजनम् । प्राप्ताः सिद्धिसुखं ये ते श्राद्धा मङ्गलकुम्भवत् ॥२६६॥ तद्यथा-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જૈન ધર્મનું આરાધન કરીને વૈભવના સ્થાનરૂપ બનીને જે જીવો સિદ્ધિના સુખને પામ્યા છે તે જીવો મંગલકુંભની જેમ વખાણવા યોગ્ય છે. (૨૬૬)

उज्जयिन्यां महापुर्यां वैरिसिंहो महीपतिः । सोमचन्दा च तद्भार्या धनदत्तश्च श्रेष्ठ्यभूत् ॥२६७॥

ઉજ્જયિની નામની મોટી નગરીમાં વૈરિસિંહ નામનો રાજા છે. તેને સોમચંદા નામની રાણી છે. અને ત્યાં ધનદત્ત શેઠ રહે છે. (૨૬૭)

धर्मार्थी सुविनीतात्मा सत्यशीलदयान्वितः । गुरुवार्चने प्रीतः स श्रेष्ठी धनदत्तकः ॥२६८॥

તે ધનદત્ત ધર્માત્મા-વિનયવાળો સત્ય-શીલને દયાવાળો દેવ ગુરુની પૂજા-સેવામાં પ્રેમવાળો હતો. (૨૬૮)

सत्यभामेति तद्भार्या शीलालङ्कृतिशालिनी । पत्यौ प्रेमपरा किन्त्व-पत्यभाण्डविवर्जिता ॥२६९॥

તેને શીલરૂપી અલંકારથી શોભતી-પતિને વિષે પ્રેમવાળી પરંતુ પુત્ર-સંતાનથી રહિત એવી સત્યભામા નામની પત્ની હતી. (૨૬૯)

सान्यदा श्रेष्ठिनं पुत्र-चिन्ताम्लानमुखाम्बुजम् । दृष्ट्वा पप्रच्छ हे नाथ किं ते दुःखस्य कारणम् ॥२७०॥

તે પત્નીએ એકવાર પુત્રની ચિંતાથી મ્લાન મુખવાલા શેઠને જોઈને પૂછ્યું કે હે નાથ ! તમારા દુઃખનું શું કારણ છે ? (૨૭૦)

श्रेष्ठिना च समाख्याते तस्यै तस्मिन् यथास्थिते । श्रेष्ठिनी पुनरप्यूचे पर्याप्तं चिन्तयानया ॥२७१॥

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

શેઠ વડે તે વાત જે રીતે હતી તે રીતે કહેતા શેઠાણીએ ફરીથી પણ કહ્યું કે આ ચિંતા વડે હવે સર્યું. (૨૭૧)

धर्म एव भवेत्त्राणा-मिहामुत्र सुखप्रदः । स एव सेवनीयो हि विशेषेण सुखैषिणा ॥२७२॥

ધર્મ એજ મનુષ્યોને આલોક અને પરલોકમાં સુખ આપનાર છે સુખની ઈચ્છાવાળાએ વિશેષ પ્રકારે તે ધર્મ સેવવા યોગ્ય છે. (૨૭૨)

हृष्टः श्रेष्ठ्यप्युवाचैवं प्रिये साधूदितं त्वया । सम्यगाराधितो धर्मो भवेच्चिन्तामणिप्रभः ॥२७३॥

હર્ષિત થયેલા શેઠે પણ કહ્યું કે હે પ્રિયા તે સારું કહ્યું કારણ કે સારી રીતે આરાધન કરાવેલો ધર્મ ચિંતામણિ રત્ન સમાન છે. (૨૭૩)

तत्त्वं देवगुरौ चापि कुरु भक्तिं यथोचिताम् । देहि दानं सुपात्रेभ्यः । पुस्तकानि च लेखय ॥२७४॥

તેથી તું દેવ અને ગુરુને વિષે ભક્તિ કર સુપાત્રને વિષે યોગ્યદાન આપ અને પુસ્તકોને લખાવ. (૨૭૪)

कुर्वन्त्या इति ते पुत्रो यदा भावी तदा वरम् । भविता निर्मलश्चापि परलोकोऽन्यथावयोः ॥२७५॥

આ પ્રમાણે કરતાં જો તને પુત્ર થાય તો સારું નહિંતર આપણને પરલોકમાં સુખની પ્રાપ્તિ થશે. (૨૭૫)

ततश्च देवपूजार्थं पुष्पग्रहणहेतवे । आकार्यारामिकं तस्मै ददौ श्रेष्ठी धनं बहु ॥२७६॥

તેથી દેવપૂજા માટે પુષ્પો ગ્રહણ કરવા માટે બગીચાવાળાને બોલાવીને શેઠે તેને ઘણું ધન આપ્યું. (૨૭૬)

स्वयं गत्वा तदारामे पुष्पाण्यानीय स प्रगे । गृहार्चामर्चयित्वा च गच्छति स्म जिनालये ॥२७७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠ સવારે જાતે બગીચામાં જઈને ફુલોને લાવીને ઘર દેરાસરમાં પૂજા કરીને શિખરબંધી દેરાસરમાં પૂજા કરવા માટે જાય છે. (૨૭૭)

तत्र नैषेधिकीमुख्यान् यथास्थानं दशत्रिकान्। स्थापयन् परया भक्त्या विदधे चैत्यवन्दनम् ॥२७८॥

ત્યાં નિસીહિ જેમાં મુખ્ય છે એવા યથાસ્થાને કરવાના દશત્રિકોને કરતો પરમ ભક્તિ વડે ચૈત્યવંદન કરે છે. (૨૭૮)

ततः साधून्नमस्कृत्य प्रत्याख्यानं विधाय च। अतिथीनां संविभागं स चकार महामतिः ॥२७९॥

ત્યાર પછી સાધુને નમસ્કાર કરીને અને પચ્ચક્ખાણ કરીને સારી બુદ્ધિવાળો તે અતિથિસંવિભાગ કરે છે એટલે સાધુ ભગવંતને દાન આપે છે. (૨૭૯)

अन्यदा त्वखिलं धर्म-कर्म शर्मनिबन्धनम्। आह्निकं रात्रिकं चैव धनदत्तो व्यधात्सुधीः ॥२८०॥

એક વખત બુદ્ધિશાળી ધનદત્તે સંપૂર્ણ ધર્મકાર્યના સુખના કારણભૂત એવું રાત્રિ સંબંધી કાર્ય-આરતિ-મંગલદીવો કર્યો. (૨૮૦)

अथ धर्मप्रभावेण तुष्टा शासनदेवता। ददौ तस्मै पुत्रवरं प्रत्यक्षीभूय सान्यदा ॥२८१॥

ત્યારે ધર્મના પ્રભાવથી તુષ્ટ થયેલા શાસન દેવતાએ કોઈકવાર પ્રત્યક્ષ થઈને તેને પુત્રનું વરદાન આપ્યું. (૨૮૧)

पुत्रे गर्भागते रात्रि-शेषे श्रेष्ठिन्युदैक्षत। स्वप्ने हेममयं पूर्णं कलशं मङ्गलावृतम् ॥२८२॥

પુત્ર જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે રાત્રિના છેડે શેઠાણીએ સ્વપ્નમાં સુવર્ણથી બનાવેલી માળા જેના કંઠમાં પહેરેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે તેવો પૂર્ણ કળશને જોયો. (૨૮૨)

जातश्च समये पुत्र-स्ततः कृत्वोत्सवं गुरुम् । तस्मै मंगलकलश इत्याख्यं तत्पिता ददौ ॥२८३॥

યોગ્ય સમયે પુત્ર થયો ત્યારે મોટો ઉત્સવ કર્યો અને તેના પિતાએ "મંગલ કળશ" એવું નામ પાડયું. (૨૮૩)

कलाभ्यासपरः सोऽथा-ष्टवर्षप्रमितोऽन्यदा । तात त्वं कुत्र यासीति पप्रच्छ पितरं निजम् ॥२८४॥

કલાના અભ્યાસમાં તત્પર એવો તે પુત્ર જયારે આઠ વર્ષનો થયો ત્યારે પોતાના પિતાને પૂછયું કે, હે પિતા ! તમે કયાં જાવ છો ? (૨૮૪)

सोऽवदद्वत्स गत्वाह-मारामे प्रतिवासरम् । ततः पुष्पाणि चानीय करोमि जिनपूजनम् ॥२८५॥

ત્યારે તે બોલ્યા કે હું રોજ બગીચામાં જઈને પુષ્પોને લાવીને જિનેશ્વર પ્રભુની પૂજા કરું છું. (૨૮૫)

ययौ पित्रा सहान्येद्यु-स्तत्र सोऽपि कुतूहली । आरामिकोऽवदत् कोऽयं बालो नेत्रविलासकः ॥२८६॥

કોઈક વખત કુતૂહલી તે બાળક પિતાની સાથે ગયો. ત્યારે માળી બોલ્યો કે વિકસ્વર નેત્રવાળો આ બાળક કોણ છે ? (૨૮૬)

ज्ञात्वा च श्रेष्ठिपुत्रं तं तस्मै सोऽपि ददौ मुदा । नारङ्गदाडिमादीनि सुस्वादूनि फलान्यलम् ॥२८७॥

તેને શેઠનો પુત્ર જાણીને હર્ષથી સુંદર સ્વાદવાળા નારંગી-દાડમ વગેરે ફળો ખાવા માટે આપ્યા. (૨૮૭)

स्वगेहे पुनरागत्य कुर्वतो जिनपूजनम् । श्रेष्ठिनोऽढौकयत्पुत्रः पूजोकरणं स्वयम् ॥२८८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠે પોતાના ઘરે આવીને જિનપૂજન કરતાં શેઠને પુત્રે પોતે જ પૂજાના ઉપકરણો આપ્યા. (૨૮૮)

द्वितीये च दिने तेन सादरं भणितः पिता । गच्छाम्यतः परं चाहं पुष्पानयनहेतवे ॥२८९॥

બીજા દિવસે તે પુત્રએ પિતાને વિનયપૂર્વક કહ્યું કે હે પિતા! આજથી ફુલો લેવા માટે હું જઈશ. (૨૮૯)

निश्चिन्तेनैव स्थातव्यं त्वया तात निजे गृहे । अत्याग्रहेण तद्वाक्य-मनुमेने पितापि तत् ॥२९०॥

હે પિતા ! તમારે ચિંતા કર્યા વગર ઘરે રહેવું અત્યંત આગ્રહથી પિતાએ તેનું વચન સ્વીકાર્યું. (૨૯૦)

एवं च कुर्वतस्तस्य धर्माभ्यासं तथान्तरा । कियत्यपि गते काले यज्जातं तन्निशम्यताम् ॥२९१॥

આ પ્રમાણે આ કાર્ય અને ધર્મનો અભ્યાસ કરતા કેટલોક સમય ગયા પછી વચમાં જે બની ગયું તે તમે સાંભળો. (૨૯૧)

अस्त्यत्र भरतक्षेत्रे चंपानाम महापुरी । अभूत्तत्र महाबाहुः पार्थिवः सुरसुंदरः ॥२९२॥

આ ભરતનામના ક્ષેત્રમાં ચંપા નામની મોટી નગરી છે. ત્યાં બાહુબળના પરાક્રમવાળો સુરસુંદર રાજા હતો. (૨૯૨)

राज्ञी गुणावली तस्य सा निजोत्सङ्गवर्तिनीं । वृक्षा कल्पलतां स्वप्ने पार्थिवाय न्यवेदयत् ॥२९३॥

તે રાજાની ગુણાવલી રાણીએ સ્વપ્નમાં પોતાના ખોળામાં રહેલી કલ્પવેલડીને જોઈને રાજાની આગળ નિવેદન કર્યું. (૨૯૩)

राजा प्रोवाच हे देवि तव पुत्री भविष्यति । सर्वलक्षणसम्पूर्णा सर्वनारीशिरोमणिः ॥२९४॥

ત્યારે રાજાએ કહ્યું કે સર્વ સ્ત્રીઓમાં શિરોમણી-સર્વલક્ષણોથી સંપૂર્ણ એવા પ્રકારની પુત્રી હે દેવિ! તમોને થશે. (૨૯૪)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पूर्णे कालेऽथ चार्वङ्गीं सा देवी सुषुवे सुताम् । त्रैलोक्यसुन्दरी नाम तस्याश्चक्रे महीपतिः ॥२९५॥
પૂરો સમય થયો ત્યારે તે રાણીએ સુંદર અંગવાળી પુત્રીને જન્મ આપ્યો. અને રાજાએ તેનું નામ ત્રૈલોક્ય સુંદરી પાડયું. (૨૯૫)

लावण्यरसमञ्जूषा सौभाग्यरसनिमग्ना । बभूव यौवनं प्राप्ता सा मूर्त्तेव सुराङ्गना ॥२९६॥
લાવણય રસની પેટી જેવી-સૌભાગ્ય રસની નીક જેવી તે યૌવનને પામી ત્યારે તે સાક્ષાત દેવાંગનાની મુર્તિ જેવી બની. (૨૯૬)

तां विलोक्यानवद्याङ्गीं दध्याविति धरापतिः । रमणः कोऽनुरूपोऽस्याः सुताया मे भविष्यति ॥२९७॥
તે દોષરહિત અંગવાળી પુત્રીને જોઈને રાજાએ વિચાર કર્યો તે આ મારી પુત્રીને અનુરૂપ વર કોણ થશે ? (૨૯૭)

ऊचे च प्रेयसीं राजा वरार्हेयं सुताभवत् । दातव्या ब्रूत तत्कस्मै मातुरत्र प्रधानता ॥२९८॥
અને રાજાએ પત્નીને કહ્યું કે આ પુત્રી વરવા યોગ્ય થઈ છે માટે તું કહે કોને આપવી છે? આ વિષયમાં માતાના વિચારોની મુખ્યતા છે. (૨૯૮)

राज्यवगियमस्माकं जीवितादपि वल्लभा । नालं धर्तुं वयं प्राणान् क्षणमप्यनया विना ॥२९९॥
રાણીએ કહ્યું કે આ પુત્રી મને જીવથી પણ વધારે વહાલી છે. આના વિના હું એક ક્ષણ પણ પ્રાણોને ધારણ કરી શકીશ નહીં. (૨૯૯)

P. P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

दातव्या तदसौ मंत्रि-पुत्रायात्रैव हे प्रिय । प्रत्यहं नयनानंद-कारिणी दृश्यते यथा ॥३००॥
માટે હે પ્રિય! આ પુત્રી મંત્રીપુત્રને જ આપવી જેથી નયનને આનંદ કરનારી તેને રોજ જોઈ શકાય. (૩૦૦)
ततो राज्ञा समाहूय सुबुद्धिः सचिवो निजः । अभाणि यन्मया दत्ता त्वत्सुतायात्मनन्दिनी ॥३०१॥
તેથી રાજાએ સુબુધ્ધિ નામના પોતાના મંત્રીને બોલાવીને કહ્યું કે મેં મારી પુત્રી તારા પુત્રને આપી. (૩૦૧)
अमात्योऽप्यब्रवीद्देव किमयुक्तं ब्रवीष्यदः । कस्मैचिद्राजपुत्राय दातुं कन्या तवोचिता ॥३०२॥
ત્યારે મંત્રી બોલ્યો કે હે દેવ! તમે આવું અયુક્ત કેમ બોલો છો? તમારી કન્યા કોઈક રાજપુત્રને દેવા યોગ્ય છે. (૩૦૨)
राजोचे तुं त्वया वाच्य-मित्यर्थे किञ्चनापि न । दत्ता त्वत्सूनवे चेयं पुत्री त्रैलोक्यसुन्दरी ॥३०३॥
ત્યારે રાજાએ તેને કહ્યું કે આ વાતમાં તારે કાંઈ પણ બોલવું નહીં મારી પુત્રી ત્રૈલોક્ય સુંદરી તારા પુત્રને આપી. (૩૦૩)
अथ चिन्तातुरो मन्त्री गृहे गत्वा व्यचिन्तयत् । हा व्याघ्रदुस्तटीन्याये पतितोऽस्मि करोमि किम् ॥३०४॥
હવે ચિંતાથી ઘેરાયેલો મંત્રી ઘરે જઈને વિચારવા લાગ્યો ખરેખર હું એક બાજુ નદી અને બીજી બાજુ વાઘ આ ન્યાયવાળી વાતમાં પડયો છું. હવે હું શું કરું ? (૩૦૪)
रतिरम्भोपमाकारा राज्ञः पुत्री सुतस्तु मे । कुष्ठी तदेतयोर्योगं कथं जानन् करोम्यहम् ॥३०५॥
કામદેવની સ્ત્રી રતિ જેવી આકારવાળી રાજાની આ પુત્રી છે અને મારો પુત્ર તો કોઢીયો છે તો આ વાત જાણતો હું બંન્નેનો યોગ કેવી રીતે કરી શકું ? (૩૦૫)

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

अथवायं मयोपायो लब्धो यत्कुलदेवताम् । आराध्य साधयिष्यामि सर्वमात्मसमीहितम् ॥३०६॥
અથવા તો મને ઉપાય જડ્યો. જે મારા કુલ દેવતા છે તેનું આરાધન કરીને મારા આત્માને જે ઈચ્છિત છે તે સાધીશ. (૩૦૬)

सोऽथ ह्याराधयामास विधिना कुलदेवताम् । उवाच सापि प्रत्यक्षी-भूय मन्त्रिन् स्मृतास्मि किम् ॥३०७॥
હવે તે મંત્રીએ વિધિપૂર્વક કુલદેવતાની આરાધના કરી તે પ્રત્યક્ષ થઈને બોલી, " હે મંત્રી! તેં મને શા માટે યાદ કરી ?" (૩૦૭)

मन्त्र्यूचे त्वं स्वयं वेत्सि सर्वं मे दुःखकारणम् । तथा कुरु यथा पुत्रो नीरोगाङ्गो भवेन्मम ॥३०८॥
ત્યારે મંત્રી બોલ્યો કે હે દેવિ! તું જાતે જ મારા દુઃખનું કારણ જાણે છે તેથી તું તેવી રીતે કર કે જેથી મારો પુત્ર નિરોગી શરીરવાળો થાય. "(૩૦૮)

देव्यूचे नान्यथाकर्तुं नृणां कर्म पुराकृतम् । दैवतैरपि शक्येत वृथेयं प्रार्थना तव ॥३०९॥
દેવીએ કહ્યું કે મનુષ્યોના પહેલાં કરેલાં કર્મોને દેવતાઓ પણ ફેરફાર કરવા માટે શક્તિશાળી નથી માટે તારી આ પ્રાર્થના નકામી છે. (૩૦૯)

मन्त्री प्रोवाच यद्येवं तदन्यमपि पूरुषम् । तदाकारं सुरूपं च कुतोऽप्यानीय मेऽर्पय ॥३१०॥
ત્યારે મંત્રીએ કહ્યું કે જો એમ જ છે તો તેના જેવા આકારવાળા અને સારા રૂપવાળા બીજા પુરુષને ક્યાંકથી લાવીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને આપ. (૩૧૦)

तेनोद्वाह्य महाराज-पुत्रीं कमललोचनाम् । अर्पयिष्यामि पुत्रस्य करिष्येऽस्य यथोचितम् ॥३११॥

તેના વડે લગ્ન કરાયેલી કમલ સમાન નેત્રવાળી રાજાની પુત્રીને મારા પુત્રને આપીશ. માટે તું યોગ્ય કર. (૩૧૧)

देवतोचे पुरीद्वारे वाजिरक्षकसन्निधौ । शीतव्यथानिरासार्थ-मग्निसेवापरो हि यः ॥३१२॥

कुतोऽप्यानीय मयका मुक्तो भवति बालकः । स मन्त्रिन् भवता ग्राह्यः पश्चात्कुर्या यथोचितम् ॥३१३॥ युग्मम् ॥

દેવતાએ કહ્યું કે નગરના દરવાજામાં ઘોડાનું રક્ષણ કરનારા માણસો પાસે ઠંડીની પીડાને દૂર કરવા માટે અગ્નિથી તાપતો જે મનુષ્ય હશે ? તેવો.

બાળક ક્યાંયથી પણ મારા વડે લાવીને મૂકાશે, હે મંત્રિ! તે બાળકને તમારે ગ્રહણ કરવો. પછી યોગ્ય હોય તે કરવું. (૩૧૨-૩૧૩)

इत्युक्त्वान्तर्दधे देवी हृष्टोऽथ सचिवेश्वरः । सर्वां विवाहसामग्रीं प्रगुणीकुरुते स्म सः ॥३१४॥

આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઈ ગઈ અને હર્ષિત થયેલો મંત્રીશ્વર વિવાહની બધી સામગ્રી તૈયાર કરવા લાગ્યો. (૩૧૪)

अश्वपालनरं छन्न-माकार्य निजकं ततः । तस्मै निवेदयित्वा च सर्वं वृत्तान्तमादितः ॥३१५॥

ઘોડાનું પાલન કરનાર મનુષ્યને ગુપ્ત રીતે બોલાવીને તેને આદિથી અંત સુધીનું પોતાનું વૃત્તાંત નિવેદન કર્યું. (૩૧૫)

इदमूचे च यः कश्चि-दभ्येति भवदन्तिके । कुतोऽपि बालकोऽसौ हि समर्प्यो मेऽविलम्बतः ॥३१६॥

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

અને કહ્યું કે જે કોઈ બાળક ક્યાંથી પણ તમારી પાસે આવે તે બાળક મને તૂરત જ સોંપવો. (૩૧૬)

तं श्रेष्ठिनन्दनं तस्या वरं विज्ञाय भाविनम् । उज्जयिन्यां ययौ पुर्यां मन्त्रिणः कुलदेवता ॥३१७॥

તે શેઠના છોકરાને તે રાજપુત્રીનો ભાવિનો વર જાણીને મંત્રિની કુલદેવી ઉજ્જયિની નગરીમાં ગઈ. (૩૧૭)

अन्तरिक्षस्थितोवाच सा चैवं तस्य शृण्वतः । पुष्पाण्यानीय चारामा-द्गच्छतो निजवेश्मनि ॥३१८॥

બગીચામાંથી પુષ્પોને લઈને ઘરે જતાં તેને સાંભળતાં આકાશમાં રહીને તે દેવી આ પ્રમાણે બોલી. (૩૧૮)

स एष बालको याति पुष्पभाजनपाणिकः । परिणेष्यति यो राज-कन्यकां भाटकेन हि ॥३१९॥

જેના હાથમાં પુષ્પની છાબડી છે તે આ બાળક જાય છે. તે બાળક રાજકન્યાને ભાડાથી પરણશે. (કોઈનાવતી પરણશે) (૩૧૯)

तत् श्रुत्वा विस्मितः सोऽथ किमेतदिति सम्भ्रमात् । तातस्य कथयिष्यामी-ति ध्यायन् सदनं ययौ ॥३२०॥

તે સાંભળીને આ શું એમ સાંભળીને આશ્ચર્ય પામ્યો હું મારા પિતાને આ વાત કહીશ એમ વિચારતો ઘરે ગયો. (૩૨૦)

गृहं गतस्य सा वाणी विस्मृता तस्य दैवती । द्वितीयदिवसेऽप्येवं श्रुत्वा सोऽथ व्यचिन्तयत् ॥३२१॥

ઘરે ગયેલો તે દેવતાની વાણી ભૂલી ગયો. બીજા દિવસે પણ આ પ્રમાણે સાંભળીને તે વિચારવા લાગ્યો: (૩૨૧)

अहो अद्यापि सा वाणी श्रुता या ह्यो मयाम्बरे । तदद्य सदनं प्राप्तः कथयिष्याम्यहं पितुः ॥३२२॥

અરે! આજે પણ તે વાણી સંભળાઈ જે મેં કાલે સાંભળી હતી તેથી આજે ઘરે જઈને હું પિતાને કહીશ. (૩૨૨)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चिन्तयतीत्यसौ याव-त्तावदुत्पाट्य वात्यया । नीतो दूरतरारण्ये चम्पापुर्याः समीपगे ॥३२३॥
આ પ્રમાણે વિચાર કરે છે તેટલામાં વંટોળીયા વડે ઉપાડાઈને ચંપાપુરીના નજીકના જંગલમાં લઈ જવાયો. (૩૨૩)

भयभ्रान्ततृषाक्रान्तः श्रान्तस्तत्र स बालकः । मानसाख्यसरस्तुल्यं ददर्शैकं सरोवरम् ॥३२४॥
ભયથી ભ્રાંત થયેલાં-તૃષાતુર થયેલાં અને થાકેલો તે બાળકે માનસ સરોવર જેવા એક સરોવરને જોયું. (૩૨૪)

तत्र वस्त्राञ्चलात्पूतं पयः पीत्वातिशीतलम् । तत्सेतुस्कन्धमारूढं स शिश्राय वटद्रुमम् ॥३२५॥
ત્યાં વસ્ત્રના છેડાથી ગાળેલા ઠંડા પાણીને પીને તેની લટકતી શાખાઓ દ્વારા ઉપર ચઢીને વડના ઝાડ ઉપર રહયો. (૩૨૫)

तदा चास्तमितो भानु-र्विपदि पतितस्य हि । श्रेष्ठिपुत्रस्य तस्योप-कारं कर्तुमिवाक्षमः ॥३२६॥
તે વખતે વિપત્તિમાં પડેલા શ્રેષ્ઠિપુત્રને ઉપકાર કરવા માટે અક્ષમ-શક્તિશાળીન બનનાર સૂર્યનો અસ્ત થયો. (૩૨૬)

कृत्वा दर्भतृणै रज्जूं तया रज्ज्वा च तं द्रुमम् । समारुढो ददर्शासौ ज्वलंतमनलं क्वचित् ॥३२७॥
લીલી ઘાસનું દોરડું બનાવીને તે દોરડા વડે ઝાડ ઉપર વધુ ઊંચે ચઢયો અને દૂર સળગતાં અગ્નિને જોયો. (૩૨૭)

ततो वटात्समुत्तीर्य स भीतः शीतविद्रुत । हुताशनानुसारेण चम्पापुर्या ययौ बहिः ॥३२८॥
ભય પામેલો અને ઠંડીથી ધ્રૂજતો તે વડના ઝાડ ઉપરથી નીચે ઉતરીને સળગતા અગ્નિના આધારે તે ચંપાનગરીની બહાર (સુધી) ગયો. (૩૨૮)

ततः पार्श्वेऽश्वपालानां कुर्वाणो वह्निसेवनम् । यावदासीदसौ हस्य-मानस्तैर्दुष्टचेष्टितैः ॥३२९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેથી અગ્નિની પાસે અગ્નિનું સેવન કરતા ઘોડાના રક્ષક માણસો પાસે જેટલામાં તે જાય છે તેટલામાં તેઓએ મનમાં ચિંતવેલા ખરાબ વિચારો વડે મંગલકુંભની હાંસી (મશ્કરી) કરી. (૩૨૯)

तावत्तेन नरेणैत्य पूर्वादिष्टेन मंत्रिणा । आत्मनः पार्श्वमानीतः कृतश्च निरुपद्रवः ॥३३०॥

તેટલામાં પહેલા જેને આદેશ કર્યો છે કે એવા મંત્રીના માણસે આવીને પોતાની પાસે લીધો અને તેને ઉપદ્રવ વગરનો કર્યો. (૩૩૦)

गोपयित्वातियत्नेन प्रभातसमयेऽमुना । अर्पितोऽमात्यवर्यस्य गृहे नीत्वा सगौरवम् ॥३३१॥

સવારના પહોરમાં આ મનુષ્યે અત્યંત પ્રયત્ન વડે રક્ષણ કરીને મુખ્યમંત્રીના ઘરે ગૌરવપૂર્વક આને સોંપ્યો. (૩૩૧)

भोजनाच्छादनप्रायै-रमात्योऽप्यस्य गौरवम् । चकार सदनस्यान्त-र्गोपनं च दिवानिशम् ॥३३२॥

ભોજન અને વસ્ત્ર વગેરે વડે અમાત્યએ આ કુમારનું ગૌરવ કર્યું અને રાત દિવસ તેને મકાનમાં સંતાડી રાખ્યો. (૩૩૨)

ततोऽसौ चिन्तयामास किमयं मम सत्क्रियाम् । कुरुते च तथैवं मां यत्नाद्रक्षति मन्दिरे ॥३३३॥

તેથી આ કુમાર વિચાર કરે છે કે મારો આટલો સત્કાર કેમ થાય છે ? અને મને મંદીરમાં પ્રયત્ન પૂર્વક કેમ સાચવી રાખે છે? (૩૩૩)

पप्रच्छ सोऽन्यदामात्यं तात वैदेशिकस्य मे । सन्मानं किमिदं हन्त भवता क्रियतेऽधिकम् ॥३३४॥

ત્યાર પછી તે એક દિવસ મંત્રીને પૂછે છે કે હે પિતા! પરદેશી એવા મારું અધિક સન્માન તમારા વડે કેમ થાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

छे? (३३४)

कि नामैषा पुरी को वा देशः को वात्र भूपतिः । तन्मे सत्यं समाख्याहि विस्मयोऽत्र प्रवर्तते ॥३३५॥

આ કયા નામની નગરી છે? અને અહીં કયો રાજા છે? તેની સાચી વાત જે હોય તે મને કહો આ વાત જાણવા માટે મને આશ્ચર્ય છે. (૩૩૫)

अमात्योऽप्यब्रवीच्चम्पा-नाम्नीयं नगरी वरा । अङ्गाभिधानो देशोऽयं राजात्र सुरसुन्दरः ॥३३६॥

ત્યારે મંત્રી બોલ્યો કે ચંપા નામની આ શ્રેષ્ઠ નગરી છે. અંગ નામનો દેશ છે. અને અહીં સુરસુંદર નામનો રાજા છે. (૩૩૬)

मन्त्री सद्बुद्धिनामाहं माननीयो महत्तमः । मयानीतोऽसि वत्स त्वं कारणेन गरीयसा ॥३३७॥

માનનીયને મોટો (સદ્બુદ્ધિ) સુબુદ્ધિ નામનો હું મંત્રી છું. હે પુત્ર! તને મોટા કારણસર લાવવામાં આવ્યો છે. (૩૩૭)

त्रैलोक्यसुन्दरीं नाम्ना राज्ञः पुत्रीं विवाहय । सा दत्ता मम पुत्राय राज्ञा कुष्ठी परं हि सः ॥३३८॥

ત્રૈ લોક્ય સુંદરી નામની રાજાની પુત્રીનું વિવાહ કર કારણ કે તે પુત્રી રાજા વડે મારા પુત્રને અપાઈ છે પરંતુ તે મારો પુત્ર કોઢીયો છે. (૩૩૮)

परिणीय त्वया भद्र विधिना सा नृपाङ्गजा । दातव्या मम पुत्राय तदर्थं त्वामिहानयम् ॥३३९॥

હે ભાગ્યશાળી! તારે તે રાજાની પુત્રીને પરણીને મારા પુત્રને આપવી આ કામ માટે હું તને અહીં લાવ્યો છું. (૩૩૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तत् श्रुत्वा मङ्गलोऽवोच-दकृत्यं किं करोष्यदः । क्व सा रूपवती बाला निन्द्यरोगी क्व ते सुतः ॥३४०॥
તે સાંભળીને મંગલકુંભ બોલ્યો કે હું શા માટે આ અકૃત્ય કરું, ક્યાં અત્યંત રૂપવાન રાજાની પુત્રી અને ક્યાં નિંધરોગવાળો તારો પુત્ર ? (૩૪૦)

नेदं कार्यं करिष्यामि कथञ्चिदपि निष्ठुरम् । कूपे क्षिप्त्वा जनं मुग्धं वस्त्राकर्तनोपमम् ॥३४१॥
મનુષ્યને કૂવામાં ઉતારીને દોરડું કાપી નાખવા જેવું આ નિર્દય કાર્ય હું કોઈપણ રીતે કરીશ નહીં. (૩૪૧)

मन्त्र्यूचे चेन्न कर्मेदं त्वं करिष्यसि दुर्मते । तदा त्वां निजहस्तेन मारयिष्यामि निश्चितम् ॥३४२॥
ત્યારે મંત્રીએ કહ્યું કે હે દુષ્ટ બુદ્ધિવાળા તું જો આ કાર્ય નહીં કરે તો તને ચોક્કસ મારા હાથે જ મારી નાંખીશ. (૩૪૨)

एवं निस्त्रिंशमाकृष्य भणितोऽपि सुबुद्धिना । अकृत्यं नानुमेने तत् स कुलीनशिरोमणिः ॥३४३॥
એ પ્રમાણે તલવાર ખેંચીને સુબુદ્ધિ નામના મંત્રીએ કહ્યું તો પણ તે ઉત્તમકુળવાળાઓમાં શિરોમણી જેવા તેને તે કાર્યને સ્વીકાર્યું નહીં. (૩૪૩)

प्रधानपुरुषैर्मंत्री निषिद्धस्तस्य मारणात् । अभाणि सोऽपि मन्यस्व भद्र त्वं मंत्रिणो वचः ॥३४४॥
પ્રધાનના પુરૂષોએ તેને મારવાથી રોક્યો. અને કહ્યું કે "હે ભાગ્યશાળી ! તું મંત્રીનું વચન માન." (૩૪૪)

ततोऽसौ चिन्तयामास भवितव्यमिदं खलु । अन्यथोज्जयिनी क्वासौ ममेहागमनं क्व च ॥३४५॥
તેથી આ મંગલકુંભે વિચાર કર્યો કે ખરેખર આ કાર્ય થવાનું જ હશે ? નહિતર ઉજ્જયિની નગરી ક્યાં ? અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मारुं अहींनुं आगमन क्यां ? (३४५)

इदमाकाशवाचापि दैवत्या कथितं तदा । तत्करोम्यहमप्येवं तद्भवत्वहो ॥३४६॥

आ वातने ते वखते देवताओ आकाशवाणी वडे कही हती. तेथी हुं आ कार्य करुं. जे थवानुं होय ते थाय. (३४६)

विचिन्त्यैवं पुनः स्माह मङ्गलो मन्त्रिणंप्रति । यद्यवश्यमिदं कार्यं मया कर्तव्यमेव तत् ॥३४७॥

तदाहमपि वः पार्श्वे नाथ नाथामि सर्वथा । महां ददाति यद्राजा वस्तुजातं ममैव तत् ॥३४८॥ युग्मम् ॥

आ प्रमाणे फरीथी विचार करीने मंगलकुंभे मंत्री तरफ कह्युं. जो आ कार्य मारे अवश्य करवानुं ज होय तो- हे नाथ ! तो हुं तमारी पासे मागुं छुं के राजा जे वस्तु मने आपे ते वस्तु मारी बने. (३४७-३४८)

स्थापनीयं च तत्सर्व-मुज्जयिन्याः पुरोऽध्वनि । एवमस्त्विति तद्वाक्यं मेने मन्त्र्यपि बुद्धिमान् ॥३४९॥

अने ते वस्तु तमारे मारा गया पहेलां उज्जयिनीना रस्तामां स्थापन करवी. बुद्धिवाळा एवा मंत्रीए "एम हो" एवुं कहीने तेनुं वाक्य स्वीकार्युं. (३४९)

समासन्ने ततो लग्ने हस्तिस्कन्धाधिरोपितः । स निन्ये भूपतेः पार्श्वे वस्त्राभरणभूषितः ॥३५०॥

त्यार पछी लग्ननो दिवस नजीक आव्यो त्यारे तेने वस्त्र अने अलंकारोथी शणगारीने अने हाथी पर बेसाडीने राजा पासे लई गया. (३५०)

त्रैलोक्यसुन्दरी साथ दृष्ट्वा तं मन्मथोपमम् । अमंस्त तद्वरप्राप्त्या कृतार्थं स्वं मनस्विनी ॥३५१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે ત્રૈલોક્ય સુંદરી રાજપુત્રી કામદેવની જેવા તે કુમારને જોઈને તેવા પ્રકારની વરની પ્રાપ્તિથી પોતાને કૃતાર્થ માની. (૩૫૧)

ततश्च विप्रे पुण्याहं-पुण्याहमिति जल्पति । चत्वारि परितो वह्ने-र्भ्रे माते मंगलानि तौ ॥३५२॥

ત્યાર પછી બ્રાહ્મણે પુણ્યાહં પુણ્યાહં બોલતે છતે અગ્નિની આગળ ચાર ફેરા ફરતાં તે બન્નેએ ચાર મંગલ કર્યા. (૩૫૨)

प्रथमे मंगले राजा चारुवस्त्राण्यनेकशः । सुवर्णाभरणादीनि वराय द्वितीये ददौ ॥३५३॥

तृतिये मणिरत्नादि चतुर्थे च रथादिकम् । जायापत्योस्तयोरित्थं जज्ञे पाणिग्रहोत्सवः ॥३५४॥

રાજાએ પહેલાં મંગલમાં અનેક સુંદર વસ્ત્રો આપ્યા. અને બીજા ફેરામાં આભૂષણો આપ્યા.
ત્રીજા ફેરામાં મણિ અને રત્ન વગેરે આપ્યા અને ચોથા ફેરામાં સોનાના રથ-ઘોડા વગેરે આપ્યા એ પ્રમાણે પતિપત્નીનો લગ્નમહોત્સવ થયો. (૩૫૩-૩૫૪)

वरः समाप्तेऽप्युद्वाहे वधूहस्तं न मुञ्चति । उवाच नृपतिस्तं च वत्स यच्छामि किं नु ते ॥३५५॥

વરરાજા લગ્નની વિધિ પત્યા પછી કન્યાનો હાથ છોડતો નથી. ત્યારે રાજા તેને પૂછે છે કે હે વત્સ ! હું તને શું આપું ? (૩૫૫)

ततश्च याचितं तेन जात्यघोटकपञ्चकम् । तत्तस्मै शीघ्रमेवासौ प्रददौ प्रीतमानसः ॥३५६॥

ત્યારે તેણે ઉત્તમજાતિના પાંચ ઘોડાઓ માંગ્યા. ત્યારે ખુશ થયેલા રાજાએ તેને તુરત જ આપ્યા. (૩૫૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वाद्यमाने ततस्तूर्ये स्फुरद्धवलमङ्गले । मन्त्रिणा स्वगृहं निन्ये समं वद्ध्वा स मङ्गलः ॥३५७॥

વાજિંત્ર વાગતે છતે ધવલમંગલ ગવાયે છતે મંત્રિ પુત્રવધૂની સાથે તે મંગલકુંભને ઘરે લઈ ગયો. (૩૫૭)

तत्रामात्यगृहजन-श्छन्नं छन्नमभाषत । कथं निर्वास्यतेऽद्यापि नायं वैदेशिको नरः ॥३५८॥

ત્યારે મંત્રીના ઘરના માણસો ધીમે ધીમે બોલે છેકે આ વિદેશથી આવેલા મનુષ્યને હજુ પણ કેમ કાઢયો નથી ? (૩૫૮)

त्रैलोक्यसुन्दरी साथ चलचित्तं निजं पतिम् । ज्ञात्वेङ्गितैस्ततस्तस्यो-पान्तं नैवामुचत्क्षणम् ॥३५९॥

ત્રૈલોક્ય સુંદરી ચંચલ ચિત્તવાળા પતિને ઈંગિત આકારથી જાણીને તેનું પડખું એક ક્ષણ પણ છોડતી નથી. (૩૫૯)

ततः क्षणान्तरेणासौ देहचिंन्तार्थमुत्थितः । जलपात्रं गृहीत्वाशु तदनु प्राचलच्च सा ॥३६०॥

તેથી એક ક્ષણમાં આ મંગલકુંભ દેહની ચિંતા માટે ઊભો થયો ત્યારે તે પાણીનું પાત્ર લઈને જલદી તેની પાછળ ચાલી. (૩૬૦)

कृतायामपि तस्यां च शून्यचित्तं रहःस्थितम् । उवाच प्रेयसी कान्तं बाधते त्वां क्षुधा नु किम् ।३६१॥

દેહચિંતાને કર્યા પછી પણ શૂન્યચિત્તવાળા એકાંતમાં રહેલા તેને પત્ની કહે છે કે હે પતિ ! શું તમને ભૂખ લાગી છે ? (૩૬૧)

ओमिति भणितं तेन दासीहस्तेन मोदकान् । आनाय्य स्वगृहात्तस्मै ददौ त्रेलोक्यसुन्दरी ॥३६२॥

તે મંગલકુંભે હા કહી. ત્યારે ત્રૈલોક્ય સુંદરીએ દાસી પાસે સ્વગૃહેથી લાડવા મંગાવીને તેને આપ્યા. (૩૬૨)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

भुक्तेषु तेषु पानीयं पिबता तेन भाषितम् । अहो रम्यतरा एते मोदकाः सिंहकेशराः ॥३६३॥
તે લાડવાઓ ખાધા પછી પાણી પીતા તેણે કહ્યું કે ખરેખર આ સિંહકેસરીઆ લાડવા ખૂબ જ સુંદર છે. (૩૬૩)
उज्जयिन्या नगर्याश्चेन्नीरमास्वाद्यतेऽमलम् । तदा तृप्तिर्भवेन्नूनं मोदकेष्वशितेष्वपि ॥३६४॥
ઉજ્જયિની નગરીનું નિર્મલ પાણી જો પીવા મળે તો ખરેખર બાકી રહેલી તૃપ્તિ થાય. (૩૬૪)
तत् श्रुत्वा राजपुत्री सा दध्यावाकुलचेतसा । अहो अघटमानं किं वाक्यमेष प्रजल्पति ॥३६५॥
તે સાંભળીને આકુળવ્યાકુળ ચિત્તવાળી રાજપુત્રી વિચારવા લાગી કે ખરેખર આવું ન બની શકે તેવું વાક્ય કેમ બોલે છે ? (૩૬૫)
मातुलस्य गृहं नून-मथावन्त्यां भविष्यति । अस्य मे स्वामिनस्तेन स्मृतिमागादिदं खलु ॥३६६॥
અથવા તો મારા સ્વામીના મામાનું ઘર અવન્તિમાં હશે તેથી તેને અવન્તિમાં હશે તેથી યાદ આવ્યું હશે ? (૩૬૬)
ततश्च निजहस्तेन मुखपाटवकारणम् । पञ्चसौगन्धिकं तस्मै ताम्बूलं दत्तवत्यसौ ॥३६७॥
તેથી તે રાજપુત્રીએ કુમારને મુખની શુદ્ધિ કરવા માટે પાંચ જાતની સુગંધિવાળું તાંબૂલ આપ્યું. (૩૬૭)
सन्ध्याकाले पुनर्मंत्रि-मानुषैः प्रेरितोऽथ सः । त्रैलोक्यसुन्दरीमेव-मूचे मतिमतां वरः ॥३६८॥
ફરીથી સંધ્યાના સમયે મંત્રીના મનુષ્યો વડે પ્રેરણા કરાયેલો બુદ્ધિશાળીઓમાં અગ્રેસર એવા મંગલકુંભે ત્રૈલોક્ય સુંદરીને આ પ્રમાણે કહ્યું. (૩૬૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

गमिष्यामि पुनर्देह-चिन्तायामुदरार्त्तिभाक् । त्वया क्षणान्तरेणाग-न्तव्यमादाय पुष्करम् ॥३६९॥
પેટમાં પીડા કરનારી એવી દેહ ચિંતાએ હું ફરીથી જઈશ. તારે થોડીવાર પછી પાણી લઈને આવવું. (૩૬૯)
निरगात्स ततो मन्त्रि-मन्दिरात्पुरुषांश्च तान् । पप्रच्छ राजदत्तं भोः क्वास्ति तद्वस्तु मामकम् ॥३७०॥
ત્યારે તે મંત્રીના મંદિરમાંથી નીકળ્યો અને તે પુરૂષોને પૂછ્યું કે રાજાએ આપેલી મારી વસ્તુઓ ક્યાં છે ? ૩૭૦)
तैश्च तद्दर्शितं सर्व-मुज्जयिन्याः पथि स्थितम् । ततः सारतरं वस्तु निक्षिप्याथ रथे वरे ॥३७१॥
तस्मिंश्च योजयित्वाश्वां-श्चतुरः पृष्ठतस्तथा । बद्ध्वैकं वस्तु मुक्त्वा च तत्रैव सोऽचलत्पुरः ॥३७२॥ युग्मम् ॥
ત્યારે તે પુરૂષોએ તે વસ્તુઓને ઉજ્જયિનીના માર્ગમાં રહેલી બતાવી. તેથી તે મંગલકુંભ અત્યંત કિંમતી વસ્તુઓને રથમાં મૂકીને તે રથને ચાર ઘોડાઓ જોડીને તેની પાછળ એક વસ્તુ બાંધીને અને એક વસ્તુ ત્યાં મૂકી દઈને પોતાના નગર તરફ ચાલ્યો. (૩૭૧-૩૭૨)
पृष्टाश्चानेन ते ग्रामा उज्जयिन्यध्वगाश्च ये । मनुष्याणां ततस्तेऽपि जगुस्तं नामपूर्वकम् ॥३७३॥
ઉજ્જયિનીના રસ્તામાં આવતાં ગામો મનુષ્યોને પૂછ્યા હતા. અને તેઓએ તે ગામોના નામો કહ્યા હતાં. (૩૭૩)
ततो रथाधिरूढोऽसौ तेन मार्गेण बुद्धिमान् । स्तोकैरेव दिनैः प्राप्त-स्तामेव नगरीं निजाम् ॥३७४॥
ત્યાર પછી બુદ્ધિવાળો તે રથમાં બેસીને તે માર્ગ વડે થોડા જ દિવસોમાં પોતાની નગરીમાં પહોંચ્યો. (૩૭૪)
इतश्च पितरौ तस्य तमन्वेष्य विलप्य च । बहुधा बहुमिर्घस्रै - र्गतशोकौ बभूवतुः ॥३७५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ બાજુ તેના માતા અને પિતા તેને શોધીને ઘણા દિવસે ઘણી જાતના વિલાપ કરીને ઘણા દિવસે શોક વગરના થયા. (૩૭૫)

गृहाभिमुखमायान्तं रथारूढं विलोक्य तम् । जगादाथाऽपरिज्ञाय जनन्यस्य ससम्भ्रमम् ॥३७६॥

રથમાં બેઠેલા અને ઘરની તરફ આવતા તેને જોઈને પુત્રને નહીં જાણતા સંભ્રમકપૂર્વક કહ્યું. (૩૭૬)

प्रेर्यते गृहमध्येन राजपुत्र कथं रथः । कर्तास्याभिनवं मार्गं किं त्वं त्यक्त्वा पुरातनम् ॥३७७॥

હે રાજપુત્ર ! રથને તું ઘરમાં કેમ લઈ જાય છે ? શું તારે જૂનો માર્ગ છોડીને નવો રસ્તો બનાવવો છે ? (૩૭૭)

इत्थं निषिद्ध्यमानेऽपि न यावद्विरराम सः । आचख्यौ श्रेष्ठिनस्तावत् श्रेष्ठिन्याकुलिताशया ॥३७८॥

આ પ્રમાણે રોકવા છતાં પણ જ્યારે તે અંદર આવતો ન અટક્યો. ત્યારે વ્યાકુળ ચિત્તવાળા શેઠ અને શેઠાણીએ તેને કહ્યું. (૩૭૮)

श्रेष्ठ्यप्यस्य निषेधार्थं गृहाद्यावन्निरीयिवान् । तावद्रथात्समुत्तीर्य पितुः पादौ ननाम सः ॥३७९॥

શેઠ જ્યારે તેને આવતો રોકવા માટે ઘરની બહાર નીકળ્યા ત્યારે રથમાંથી ઉતરીને તે પિતાના ચરણકમલમાં નમ્યો. (૩૭૯)

उपलक्ष्य ततस्ताभ्या-माश्लिष्टस्तनयो निजः । सद्यः प्रादुर्भवद्धर्षा-श्रुपूरप्लावितेक्षणम् ॥३८०॥

તેથી તે બન્ને માતાપિતાએ ઓળખીને તે પોતાના પુત્રને છાતીએ લગાડયો. અને તેને જોવાથી ઉત્પન્ન થયેલા

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હર્ષના આંસુથી જલદી ભીંજવી નાંખ્યો. (૩૮૦)

पप्रच्छ चोपविष्टोऽसौ वत्सर्द्धिः कुत ईदृशी । क्व च कालमियन्तं त्वं स्थितोऽसि वद नन्दन ॥३८१॥

તે પુત્ર બેઠો ત્યારે પૂછ્યું કે "હે વત્સ ! તને આ રિદ્ધી ક્યાંથી મળી ? અને હે પુત્ર ! તું આટલા સમય સુધી ક્યાં હતો ? તે તું બોલ." (૩૮૧)

ततश्चात्मकथा तेन पितुरग्रे निवेदिता । वाक्श्रुत्यपहारादि-स्वस्थानागमनावधि ॥३८२॥

ત્યાર પછી તેણે પિતાની આગળ-દેવવાણી થવી, પોતાનું અપહરણ અને પોતાના સ્થાને પાછા આવવું ત્યાં સુધીની પોતાની આત્મકથા કહી. (૩૮૨)

अहो पुत्रस्य सौभाग्य-महो पुत्रस्य दक्षता । अहो धैर्यमहो भाग्य-मिति प्राशंसतामिमौ ॥३८३॥

ખરેખર પુત્રનું સૌભાગ્ય-ખરેખર પુત્રની ચતુરાઈ-ખરેખર પુત્રનું ધૈર્ય અને ભાગ્ય.એ પ્રમાણે તે બન્નેએ પ્રશંસા કરી. (૩૮૩)

ततः प्राकारसंयुक्तं स स्वं गेहमकारयत् । अश्वानां रक्षणार्थं च मन्दुरादिनियन्त्रणम् ॥३८४॥

ત્યાર પછી તેણે કિલ્લાવાળું પોતાનું ઘર બનાવ્યું. અને ઘોડાઓના રક્ષણ માટે મકાન બનાવી રક્ષણ કર્યું. (૩૮૪)

सोऽन्येद्युर्जनकं स्माह मम तात कलागमः । न्यूनोऽस्तत्यद्यापि सम्पूर्णं करिष्यामि त्वदाज्ञया ॥३८५॥

એક વખત તેણે પિતાને કહ્યું કે "હે પિતા ! મારે કલાનો અભ્યાસ હજુ પણ અધૂરો છે. તે તમારી આજ્ઞાથી

Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

સંપૂર્ણ કરીશ. (૩૮૫)

ततश्चानुमतः पित्रा कलाचार्यस्य सन्निधौ । कलाभ्यासं चकारासौ स्वकीयसदनान्तिके ॥३८६॥

ત્યારે તેને પિતાએ રજા આપી. અને તેણે પોતાના મકાનની પાસે રહેલા કલાચાર્યની પાસે કલાભ્યાસ કર્યો. (૩૮૬)

इतश्च मन्त्रिणा तेन रात्रौ मङ्गलवेशभृत् । प्रेषितो वासभुवने वधूपान्ते सुतो निजः ॥३८७॥

આ બાજુ તે મંત્રીએ રાત્રિમાં મંગલકુંભના વેશને ધારણ કરનાર પોતાના પુત્રને વહુ પાસે શયનમંદિરમાં મોકલ્યો. (૩૮૭)

शय्यारूढं च तं दृष्ट्वा दध्यौ त्रैलोक्यसुन्दरी । कोऽयं कुष्ठाभिभूताङ्गः समायातो ममान्तिके ॥३८८॥

શય્યામાં બેઠેલા તેને જોઈને ત્રૈલોક્ય સુંદરી વિચારવા લાગી કે જેના શરીર પર સંપૂર્ણ કોઢ છે તેવો કયો મનુષ્ય મારી પાસે આવ્યો છે ? (૩૮૮)

करस्पर्शमथो कर्तु-मुद्यतेऽस्मिन् झटित्यपि । सा शय्यायाः समुत्थाय निर्ययौ भवनाद्बहिः ॥३८९॥

હાથનો સ્પર્શ કરવા માટે જેટલામાં તે તૈયાર થયો તેટલામાં તે જલદીથી ઊભી થઈને મકાનની બહાર ગઈ. (૩૮૯)

दासीभिर्भणिता किं नु स्वामिन्यसि ससंभ्रमा । सावदद्देवतारूपो गतः क्वापि स मे पतिः ॥३९०॥

દાસીઓએ કહ્યું કે હે સ્વામિની ? આમાં આશ્ચર્ય શું છે ? ત્યારે તે બોલી કે "દેવતાના જેવા રૂપવાળો મારો પતિ ક્યાં ગયો ?" (૩૯૦)

प्रत्यूचुस्ता इदानीं स प्रविष्ठोऽत्र पतिस्तव । साब्रवीन्नास्त्यसावत्र कुष्ठी कोऽपि स विद्यते ॥३९१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

ત્યારે દાસીઓએ કહ્યું કે તે તારો પતિ હમણાં જ અહીં આવ્યો છે. ત્યારે ત્રૈલોક્ય સુંદરી બોલી કે તે મારો પતિ નથી. અહીં તો કોઈ કોઢીયો દેખાય છે. (૩૯૧)

दासीमध्ये ततः सुप्ता तामतीत्य विभावरीम् । त्रैलोक्यसुन्दरी प्रात-र्ययौ पितृगृहं निजम् ॥३९२॥

તેથી ત્રૈલોક્ય સુંદરી દાસીની વચમાં સૂઈ ગઈ. અને રાત્રિ પસાર કરી અને ત્રૈલોક્યસુંદરી સવારમાં પોતાના પિતાના ઘરે ગઈ. (૩૯૨)

सुबुद्धिरपि दुर्बुद्धिः सोऽथ मन्त्री महीपतेः । ययौ समीपमन्येद्यु-श्चिन्ताश्याममुखः किल ॥३९३॥

સુબુદ્ધિ નામનો પણ દુષ્ટ બુદ્ધિવાળો તે મંત્રી ચિંતાથી શ્યામમુખવાળો કોઈક દિવસ રાજા પાસે ગયો. (૩૯૩)

कृतप्रणतिमासीन-मथैनं पृथिवीपतिः । हर्षस्थाने विषादः किं तवेत्यूचे कृताग्रहः ॥३९४॥

રાજાને પ્રણામ કરીને બેઠેલા મંત્રીને રાજાએ આગ્રહ કરીને કહ્યું કે હે મંત્રી ! હર્ષની જગ્યાએ તને ખેદ કેમ છે ? (૩૯૪)

स जगाद महाराज विचित्रा कर्मणां गतिः । अस्माकं मन्दभाग्याना-मागता विपदोऽधुना ॥३९५॥

ત્યારે તે મંત્રી બોલ્યો કે હે મહારાજા ! કર્મની ગતિ વિચિત્ર છે. મંદભાગ્યવાળા એવા અમને હમણાં વિપત્તિ આવી ગઈ છે. (૩૯૫)

चिन्तयत्यन्यथा जीवो हर्षपूरितमानसः । विधिस्त्वेष महावैरी कुरुते कार्यमन्यथा ॥३९६॥

હર્ષથી ભરાયેલા મનવાળો કંઈક જુદુ વિચારે છે. મહાવૈરી એવો વિધિ કંઈક જુદું જ કરે છે. (૩૯૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

राजा प्रोवाच हे मन्त्रि-न्नुक्त्वा स्वंदुःखकारणम् । मामप्यमुष्य दुःखस्य संविभागयुतं कुरु ॥३९७॥
ત્યારે રાજાએ કહ્યું કે હે મંત્રી ! પોતાના દુઃખનું કારણ મને કહીને દુઃખનો ભાગ પાડ. (૩૯૭)
निःश्वस्य सचिवोऽप्यूचे देव दैवं करोति यत् । तद्वक्तुमपि नो शक्य-मश्रद्धेयं च श्रृण्वताम् ॥३९८॥
નિસાસો નાંખીને મંત્રીએ કહ્યું કે દેવ ! દૈવ (નસીબ) જે કરે છે તે કહેવા માટે પણ શક્ય નથી. અને સાંભળનારને શ્રદ્ધા કરવા જેવું નથી. (૩૯૮)
स्वामिपादैः सप्रसादै-र्दत्तापुत्री ममात्मजे । तस्यां तु परिणीतायां यज्जातं तन्निशम्यताम् ॥३९९॥
સ્વામીના ચરણકમલની મહેરબાનીથી મારા પુત્રને પુત્રી અપાઈ તેણીને પરણતા જે બન્યું તે તમે સાંભળો. (૩૯૯)
यादृग् राज्ञा स्वयं दृष्ट-स्तादृगेव सुतो मम । अधुना कुष्टरोगार्त्तो दृश्यते क्रियते नु किम् ॥४००॥
જેવો રાજાએ જોયો હતો તેવો મારો પુત્ર હતો પણ હમણાં તે કોઢ રોગવાળો બની ગયો છે તેમાં શું કરી શકાય ? (૪૦૦)
तत् श्रुत्वा भूपतिर्दध्यौ सा नूनं मम नन्दिनी । कुलक्षणा यया स्पृष्टः कुष्ठी जातोऽस्य पुत्रकः ॥४०१॥
તે સાંભળીને રાજાએ ચોક્કસ વિચાર્યું કે તે મારી ખરાબ લક્ષણવાળી પુત્રી વડે સ્પર્શાયેલો મંત્રીનો પુત્ર કોઢીયો થયો. (૪૦૧)
स्वकर्मफलभोक्तारः सर्वे जगति जन्तवः । अयं हि निश्चयनयो यद्यप्यस्ति जिनोदितः ॥४०२॥
तथापि व्यवहारोऽयं यो हेतुः सुखदुःखयोः । स एवं क्रियते लोकै-र्भाजनं गुणदोषयोः ॥४०३॥ युग्मम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જગતના સર્વે જીવો પોતાના કર્મના ફળને ભોગવનારા હોય છે. આ નિશ્ચયનયને પ્રભુએ કહેલો છે તો પણ આ લોક વડે કરાયેલો. સુખ દુઃખનો વ્યવહાર (ઉપચાર) ગુણ દોષનું સ્થાન બને છે. (૪૦૨-૪૦૩)

स्वकर्मपरिणामेन जज्ञे पुत्रोऽस्य कुष्ठिकः । जाता च तन्निमित्तत्वात् पुत्री मे दुःखभाजनम् ॥४०४॥

પોતાના કર્મના પરિણામથી આ મંત્રીનો પુત્ર કોઢીયો થયો. તેના નિમિત્તથી મારી પુત્રી દુઃખનું સ્થાન બની. (૪૦૪)

ऊचे च सचिवानार्य-मकार्षमहमीदृशम् । नादास्यं चेदहं पुत्री कुष्ठी न स्यात्सुतोऽपि ते ॥४०५॥

અને મંત્રીઓને કહ્યું કે આ કાર્ય મેં કર્યું છે. જો મારી પુત્રી ગ્રહણ ન કરી હોત તો તારો પુત્ર કોઢીયો ન થાત. (૪૦૫)

अमात्योऽप्यब्रवीत्स्वामिन् हितं कार्यं प्रकुर्वताम् । को दोषो भवतामत्र दोषो मत्कर्मणां पुनः ॥४०६॥

અમાત્યએ કહ્યું કે હિતનું કાર્ય કરતા એવા તમારો શું દોષ છે ? ખરેખર આમાં તો મારા કર્મનો જ દોષ છે. (૪૦૬)

अथोत्थाय गतो मन्त्री सा तु त्रैलोक्यसुन्दरी । इष्टाप्यनिष्टा सञ्जाता राज्ञः परिजनस्य च ॥४०७॥

હવે મંત્રી ઊભો થઈને ગયો. તે ત્રૈલોક્ય સુંદરી પુત્રી વહાલી હોવા છતાં રાજા અને પરિવારને અપ્રિય થઈ. (૪૦૭)

आललाप न कोऽप्येना-मीक्षते तां दृशापि न । एकत्र गुप्तगेहेऽस्थात् सा मातृगृहपृष्ठतः ॥४०८॥

તે પુત્રી સાથે કોઈ બોલતું નથી. અને નજરથી તેને કોઈ જોતું નથી માતાના ઘરની પાછળ એક ઠેકાણે તેને ગુપ્તગૃહમાં રાખી. (૪૦૮)

अचिन्तयच्च दुःकर्म पुरा यद्विहितं मया । तेन क्वापि ययौ नष्ट्वा परिणीतः स मे पतिः ॥४०९॥

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

અને વિચાર્યું કે પહેલાં મેં જે દુષ્કર્મ કર્યું હશે તે કર્મ વડે મારો પતિ પરણીને નાશી ગયો. (૪૦૯)

अन्यच्च लोकमध्ये मे कलङ्कः समुपस्थितः । किं करोमि क्व गच्छामि व्यसने पतितास्मि हा ॥४१०॥

વળી લોકોમાં મને કલંક મળ્યું. હું શું કરું ? કયાં જઉં ? ખરેખર હું સંકટમાં પડી છું. (૪૧૦)

एवं चिंतां प्रकुर्वन्त्या-स्तस्याश्चित्ते स्मृतं तदा । भवितोज्जायिनीपुर्यां: प्राप्तो नूनं स मे पतिः ॥४११॥

એ પ્રમાણે ચિંતા કરતા તેના ચિત્તમાં તે વાત યાદ આવી. ખરેખર તે મારો પતિ ઉજ્જયિની નગરીમાં ગયો હશે ? (૪૧૧)

तदा मोदकांस्तेन भुक्त्वा सज्जल्पितं किल । एते हि मोदका रम्या किन्त्ववन्त्या जलोचिताः ॥४१२॥

તેથી જ તેણે લાડવા ખાઈને ખરેખર કહ્યું હતું કે આ લાડવાઓ સારા છે પણ અવન્તિનું પાણી હોય તો સારું. (૪૧૨)

ततः केनाप्युपायेन तत्र गच्छाम्यहं यदि । तदा तं हि मिलित्वाहं भवामि सुखभागिनी ॥४१३॥

તેથી કોઈ પણ ઉપાય વડે જો હું ત્યાં જઉં તો તેને મળીને સુખને ભોગવનારી થાઉં. (૪૧૩)

अथान्येद्युरवक् साम्बां हे मातर्जनको मम । एकवारं यथा वाक्यं श्रृणोति त्वं तथा कुरु ॥४१४॥

હવે એકવાર તે માતાને બોલી કે માતા ! મારા પિતા એકવાર મારું વાક્ય સાંભળે તેમ કરો. (૪૧૪)

तां वृष्ट्वानादरपरा-मन्येद्युः सिंहनामकम् । सामन्तं ज्ञापयामास सा तमर्थं कृताञ्जलिः ॥४१५॥

તેને જોઈને માતા-પિતા આદર વગરના જ રહ્યા. ત્યારે કોઈક દિવસ તે રાજપુત્રીએ સિંહ નામના સામંતને અંજલિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરીને તે વાત જણાવી. (૪૧૫)

सोऽथ राजकुले गत्वा नृपं नत्वोपविश्य च । इति विज्ञपयामास प्रस्तावे ददतां वरः ॥४१६॥

તે સામંતે રાજકુળમાં જઈને રાજાને નમીને અને બેસીને આ પ્રમાણે વિનંતિ કરી કે મને બોલવા માટે રજા આપો. (૪૧૬)

नृपाथ भवतां मान्या कन्या सम्प्रत्यसम्मता । वराकी वर्तते कष्टे-नैषा त्रैलोक्यसुन्दरी ॥४१७॥

હે રાજન્ ! તમારી માન્ય કન્યા હમણાં અપ્રિય થયેલી ગરીબડી ત્રૈલોક્ય સુંદરી કષ્ટપૂર્વક પોતાનું જીવન જીવે છે. (૪૧૭)

अस्याः सन्मानदानादि दूरेऽस्त्वालापनं तदा । वाक्यश्रवणमात्रेण प्रसादोऽद्य विधीयताम् ॥४१८॥

આને સન્માન આપવું, દાન આપવું અને એની સાથે વાતચીત કરવી તે તો દૂર જ હતું. પણ એના વાક્યને સાંભળવા માટે તમારે મહેરબાની કરવી જોઈએ. (૪૧૮)

पार्थिवोऽथाश्रुपूर्णाक्षः प्रोचे सिंह पुराभवे । अनया विहितं किञ्चि-दभ्याख्यानादिदुष्कृतम् ॥४१९॥

ત્યારે જેની આંખો આંસુથી ભરાઈ ગઈ છે તેવો રાજા બોલ્યો હે સિંહ ! આ મારી પુત્રીએ આગલા ભવમાં કંઈક અભ્યાખ્યાન આપવું વગેરે દુષ્કૃત કર્યું હશે ?(૪૧૯)

सा तत्कर्मप्रभावेण कलङ्कितततनूरभूत् । इष्टाप्यनिष्टतां प्राप्ता गाढमस्माकमप्यहो ॥४२०॥

તે ત્રૈલોક્યસુંદરી તે કર્મના પ્રભાવથી કલંકિત શરીરવાળી બની. ઈષ્ટ હોવા છતાં પણ અમને પણ અત્યંત અપ્રિય થઈ. (૪૨૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वाक्यं तदद्य यत्किञ्चि-द्वक्तुं सा मे समीहते । वदतु तत्सुखेनेय-मत्रागत्य विचक्षण ॥४२१॥
તે આજે મારી પાસે જે વાક્ય બોલવા ઈચ્છે છે તે વાક્ય સુખપૂર્વક આવીને હે વિચક્ષણ તે ભલે બોલે. (૪૨૧)
ततस्तदनुमत्यैत्य तत्र त्रैलोक्यसुन्दरी । उवाच तात मे वेषं कुमारोचितमर्पय ॥४२२॥
તેથી પિતાની અનુમતિ લઈને ત્યાં ત્રૈલોક્ય સુંદરી આવીને બોલી કે હે પિતા ! કુમારને યોગ્ય એવો વેશ મને આપો. (૪૨૨)
भूयो राजाब्रवीत्सिंह किमिदं वक्त्यसौ वचः । सोऽवददेव युक्तं हि क्रमोऽस्ति यदयं किल ॥४२३॥
ત્યારે રાજા બોલ્યો કે હે સામંતસિંહ ! આ પુત્રી શું બોલે છે ? ત્યારે તે બોલ્યો કે હે દેવ ! આ યોગ્ય બોલે છે. અને ખરેખર આવો ક્રમ પણ છે. (૪૨૩)
राज्ञां गृहेषु चेत्पुत्री गुरुकार्येण केनचित् । याचते यदि पुंवेषं दातव्योऽस्यै तदा हि सः ॥४२४॥
રાજાઓના ઘરે કોઈક મોટા કાર્ય વડે જો પુત્રી પુરૂષનો વેશ માગે છે તો તે વેશ તેને આપવો જોઈયે. (૪૨૪)
ततस्तदनुमत्यास्यै पुंवेषं पार्थिवो ददौ । आदिदेश च तं सिंहं तद्रक्षार्थं बलान्वितम् ॥४२५॥
ત્યાર પછી તે સામંતસિંહની અનુમતિથી રાજાએ તે પુત્રીને પુરૂષનો વેશ આપ્યો અને લશ્કર સહિત તે સિંહને તેનું રક્ષણ કરવા માટે આદેશ કર્યો. (૪૨૫)
जगादाथ कुमारी सा तातात्ज्ञा चेद्भवेत्तव । उज्जायिन्यां तदा यामि कारणेन गरीयसा ॥४२६॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

हवे તે કુમારી બોલી હે પિતા ! જો તમારી આજ્ઞા હોય તો મોટા કારણથી હું ઉજ્જયિની નગરીમાં જઉં. (૪૨૬)

कारणं कथयिष्यामि जाते मेऽथ समीहिते । अधुना कथिते तस्मिन् परिणामो न शोभनः ॥४२७॥

મારું ઈચ્છિત કારણ હમણાં કહેવાથી તેનું પરિણામ સારું નહિ આવે. મારા હિતમાં કાર્ય થયા પછી કારણને કહીશ. (૪૨૭)

पुत्रिके मम वंशस्य यथा नाभ्येति दूषणम् । तथा कार्यं त्वयेत्युक्त्वा विसृष्टा सा महीभुजा ॥४२८॥

હે પુત્રિકા ! જે રીતે મારા વંશમાં દૂષણ ન આવે તે રીતે તારે કરવું એ પ્રમાણે કહીને રાજાએ તેને વિદાય કરી. (૪૨૮)

ततश्च सिंहसामन्त-भूरिसैन्यसमन्विता । अखण्डितप्रयाणैःसा ययावुज्जयिनीं पुरीम् ॥४२९॥

ત્યાર પછી તે પુત્રી સામંતસિંહ અને ઘણાં સૈન્યથી પરિવરેલી અખંડ પ્રયાણો વડે ઉજ્જયિની નગરીમાં ગઈ. (૪૨૯)

वैरिसिंहो नृपोऽप्येवं शुश्राव जनतामुखात् । यच्चम्पायाः समागच्छ-त्रस्त्यत्र नृपनन्दनः ॥४३०॥

વૈરિસિંહ રાજાએ પણ મનુષ્યોના મોઢેથી આ પ્રમાણે સાંભળ્યું કે ચંપાનગરીના રાજાનો પુત્ર અહીં આવી રહ્યો છે. (૪૩૦)

अभियानादिसन्मान-स्वागतप्रश्नपूर्वकम् । पुरीं प्रावेश्य तेनासा-वानीता निजमन्दिरे ॥४३१॥

સામે જવું-સન્માનને સ્વાગત કરવું ખબર પૂછવી વગેરે કરતા નગરીમાં પ્રવેશ કરાવી. પોતાના મહેલમાં તે પુત્રી લવાઈ. (૪૩૧)

पृष्टा चागमनार्थं सा प्रोवाच नगरीमिमाम् । द्रष्टुमाश्चर्यसम्पूर्णा-मागतोस्मि कुतूहलात् ॥४३२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आगमननुं कारण पूछायेली ते पुत्री बोली आश्चर्यथी भरेली आ नगरीने जोवा माटे कुतुहलथी हुं आव्यो छुं. (४३२)

ततः सोक्ता नरेन्द्रेण त्वया स्थेयं ममौकसि । सुरसुन्दरराजस्य मम गेहस्य नान्तरम् ॥४३३॥

त्यारे ते पुत्री राजा वडे कहेवाई के तारे मारा महेलमां ज रहेवुं सुरसुंदर राजा अने मारा घरमां कंई पण फेरफार नथी (एक ज छे.) (४३३)

राजढौकितगेहे सा तस्थौ सबलवाहना । पत्तेश्चिन्त्यादिशत्स्वादु-नीरस्थानं निरीक्ष्यताम् ॥४३४॥

राजाए भेट आपेला घरमां ते लश्कर अने वाहनो साथे रही. अने सैनिकोने आदेश कर्यो के मीठा पाणीनुं स्थान शोधी काढो. (४३४)

पूर्वस्यां दिशि ते तत्तु ज्ञात्वा तस्यै न्यवेदयन् । तन्मार्गे कारितावासे सावसच्च नृपाज्ञया ॥४३५॥

पूर्वदिशामां ते स्थान छे ते जाणीने तेने निवेदन कर्युं. अने तेथी ते मार्गमां राजानी आज्ञा वडे मकान बनावीने रही. (४३५)

गच्छतो नीरपानार्थ-मन्यदाश्वान्निरीक्ष्य तान् । सा दध्यौ मम तातस्य सत्का एते तुरङ्गमाः ॥४३६॥

कोईक वखत पीवा माटे जतां ते घोडाओने जोईने तेणीए विचार कर्यो के मारा पिता संबंधी (आपेला) आ घोडाओ छे. (४३६)

तेषामनुपदं प्रेष्य पुनर्भृत्यान् विवेद सा । भर्तृ गृहाभिधानादि-सर्वशुद्धिं मनस्विनी ॥४३७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી તેની પાછળ પોતાના ચાકરોને મોકલીને પતિનું ઘર-નામ વગેરે બધી જ માહિતી તે સ્ત્રીએ મેળવી. (૪૩૭)

ज्ञानाभ्यासपरं तं च ज्ञात्वा त्रैलोक्यसुन्दरी । उवाच सिंहं भर्ता मे दृष्टव्योऽथ कथं वद ॥४३८॥

જ્ઞાનના અભ્યાસમાં તત્પર પોતાના પતિને જાણીને ત્રૈલોક્યસુંદરીએ સિંહ સામંતને કહ્યું. મારા પતિને જોવો છે તે કેવી રીતે જોવો તે તું કહે. (૪૩૮)

सिंहस्यानुमतेनाथ कुमारी सा विचक्षणा । सछात्रं तं कलाचार्यं भोजनाय न्यमन्त्रयत् ॥४३९॥

વિચક્ષણ એવી તે કુમારીએ સિંહની અનુમતિથી વિદ્યાર્થીઓ સાથે તે કલાચાર્યને ભોજન માટે નિમંત્રણ કર્યું. (૪૩૯)

भोजनार्थमुपाध्याये तत्रायाते ददर्श सा । छात्रमध्ये स्वभर्तारं हृदयानन्ददायिनम् ॥४४०॥

ભોજન માટે ઉપાધ્યાય ત્યાં આવ્યા ત્યારે તેણીએ વિદ્યાર્થીઓની વચમાં હૃદયના આનંદને આપનારા પોતાના પતિને જોયો. (૪૪૦)

तस्य चासनमात्मीयं स्थालं सादापयत्तथा । अकारयद्विशेषेण गौरवं भोजनादिषु ॥४४१॥

અને તેનું આસન (બેઠક) પોતાના સ્થાનની નજીક આપ્યું. તેથી ભોજન વગેરેમાં તેનું વિશેષ પ્રકારે ગૌરવ કર્યું. (૪૪૧)

ततो वस्त्राणि सर्वेभ्यो यथायुक्तमदत्त सा । तस्मै निजाङ्गलग्नं च वासीयुग्मं मनोहरम् ॥४४२॥

ત્યાર પછી તેણીએ સર્વેને યોગ્ય વસ્ત્રો આપ્યા. અને તે મંગલકુંભને પોતાના શરીર પર રહેલાં મનોહર બે વસ્ત્રો આપ્યા. (૪૪૨)

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

सोवाचाथ कलाचार्य-मेतन्मध्यात्त्वदाज्ञया । यो जानाति स आख्यातु छात्रो मम कथानकम् ॥४४३॥
ત્યારે તે કલાચાર્યને બોલી કે આ વિદ્યાર્થીઓમાંથી તમારી આજ્ઞા વડે જે વિદ્યાર્થી કથા જાણતો હોય તે મને કહે. (૪૪૩)
सर्वैरपीर्ष्यया छात्रै-र्निर्दिष्टोऽथ स मंगलः । उपाध्यायाज्ञया धीमान् वक्तुमेवं प्रचक्रमे ॥४४४॥
ત્યારે બધા વિદ્યાર્થીઓએ ઈર્ષ્યા વડે તે મંગલને બતાવ્યો, ઉપાધ્યાયની આજ્ઞાથી બુદ્ધિશાળી એવા તેને કહેવાની શરૂઆત કરી. (૪૪૪)
मंगलश्चिंतयामास सैषा त्रैलोक्यसुंदरी । चंपापुर्यां भाटकेन परिणीता हि या मया ॥४४६॥
અનુભવેલી કથાને કહું કે બનેલી કથાને કહું ? ત્યારે તે બોલી કે બનેલી.
તે વખતે મંગલકુંભ વિચારે છે કે આ ત્રૈલોક્યસુંદરી છે. ચંપાપુરીમાં ભાડા વડે જેને પરણ્યો હતો તે. (૪૪૬)
केनापि हेतुनेहागा-दभूत्वा पुंवेषधारिणी । कथयामि ततो नूनं स्वानुभूतां कथामहम् ॥४४७॥
પુરૂષના વેશને ધારણ કરનારી બનીને કોઈપણ કારણથી અહીં આવી છે. તેથી હું અનુભવેલી કથાને કહું. (૪૪૭)
सोऽवदद्या कथा लोके प्रिया चित्रकरी भवेत् । स्वकीयामहमेतां तां कथयामि निशम्यताम् ॥४४८॥
ત્યારે તે બોલ્યો જે કથાલોકમાં પ્રિય અને આશ્ચર્યકારી થાય એવી મારી કથાને કહું છું. તમે સાંભળો. (૪૪૮)
ततश्चात्मकथा तेना-दिस्तत्र प्रकाशिता । तावद्यावदमात्येन गृहान्निर्वासितो ह्यसौ ॥४४९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી તેણે ત્યાં પોતાની આત્મકથા શરૂઆતથી કહી. જ્યાં સુધીમાં મંત્રીએ તેને ઘરની બહાર કાઢયો. (૪૪૯)

अत्रान्तरे कृतालीक-कोपा राजसुतावदत् । अमुं गृह्णीत गृह्णीत रेरे मिथ्याप्रवादिनम् ॥४५०॥

એટલામાં બનાવટી કોપથી રાજપુત્રી બોલી અરે ! અરે ! આ ખોટું બોલનારને પકડી લો પકડી લો. (૪૫૦)

इत्युक्ते पत्तयस्तस्या-स्तद्गृहार्थं समुद्यताः । तथैव वारिताः शीघ्रं स चानीतो गृहान्तरे ॥४५१॥

એ પ્રમાણે કહેતાની સાથે સૈનિકો તેને પકડવા માટે તૈયાર થયા ત્યારે તેઓને રોક્યા અને જલદી તે મંગલકુંભને ઘરમાં લઈ ગઈ. (૪૫૧)

अथैनमासनेऽध्यास्य सिंहमूचे नृपाङ्गजा । भद्र येनाहमूढास्मि स एवायं प्रियो मम ॥४५२॥

હવે આ મંગલકુંભને આસન પર બેસાડીને રાજપુત્રીએ સિંહને કહ્યું કે ભાગ્યશાળી ! જેના વડે હું લગ્ન કરાઈ હતી તે મારો પતિ છે. (૪૫૨)

किमत्र युज्यते कर्तु-मित्युक्तः सोऽपि चाब्रवीत् । अयं हि तव चेद्भर्ता तदा सेव्यो ह्यशङ्कितम् ॥४५३॥

હવે અહીં શું કરવા યોગ્ય છે ? એ પ્રમાણે તે બોલ્યો. જો આ નક્કી તારો પતિ જ છે તો શંકા રાખ્યા વગર તેનું સેવન કરવું. (૪૫૩)

सोचे सिंह तवाद्यापि चित्ते यद्यपि संशयः । तदास्य मन्दिरे गत्वा स्थालादीनि बिलोकय ॥४५४॥

ત્યારે તે રાજપુત્રી બોલી કે હે સિંહ ! જો હજુ પણ તારા મનમાં સંશય હોય તો આના ઘરે જઈને થાળ વગેરે

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જો. (૪૫૪)

तथा कर्तुं मथ्ने सिंहो धनदत्तगृहं ययौ । स तु छात्रमुखात्पुत्रापदं श्रुत्वाकुलोऽभवत् ॥४५५॥

હવે ઘર જોવા માટે સિંહ તે ધનદત્તના ઘરે ગયો. આ બાજુ તે ધનદત્ત-વિદ્યાર્થીઓ પાસેથી પુત્રને આવેલી આપત્તિ સાંભળીને આકુળ વ્યાકુળ થયો. (૪૫૫)

पुत्रस्य गौरवं दत्त-माख्यायैतेन बोधितः दर्शयामास स स्थालादीनि तस्य विवेकतः ॥४५६॥

તે મંત્રીએ તમારા પુત્રને ગૌરવ અપાવ્યું એમ કહ્યું ને સમજાવ્યો ત્યારે તે મંત્રીના વિવેકથી થાળ વગેરે બધુ બતાવે છે. (૪૫૬)

वद्ध्वाः स्वरूपकथने-नाह्लाद्य श्रेष्ठिनं ततः । सिंहः पुना राजपुत्र्याः समीपं समुपाययौ ॥४५७॥

આ બીજુ કોઈ નથી પણ તમારી પુત્રવધૂ જ છે એમ કહેવાથી શેઠને ખુશ કરીને સિંહ સામંત રાજપુત્રી પાસે આવ્યો. (૪૫૭)

सिंहेनानुमता साथ कृत्वा स्त्रीवेषमद्भुतम् । बभूव वल्लभा तस्य मङ्गलस्य महात्मनः ॥४५८॥

સિંહ વડે અનુમતિ અપાયેલી તે સ્ત્રીનો અદ્‌ભુત વેશ પહેરીને મહાન આત્માવાળા મંગલકુંભની પત્ની બની. (૪૫૮)

ययौ च श्रेष्ठिनो वेश्म तद्युग्मं पार्थिवोऽपि तत् । आकार्य सर्ववृत्तान्तं पृष्ट्वा श्रुत्वा विसिस्मये ॥४५९॥

તે બન્ને જણા શેઠના ઘરે ગયા. રાજા પણ તેને બોલાવીને બધો વૃત્તાંત પૂછીને અને સાંભળીને આશ્ચર્ય પામ્યો. (૪૫૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ततस्तत्रैव सोधे स गत्वा राजाज्ञया पुनः । समं त्रैलोक्यसुन्दर्या विललासाथ मंगलः ॥४६०॥
ત્યાર પછી રાજાની આજ્ઞા વડે તેના મકાનમાં જઈને ત્રૈલોક્ય સુંદરીની સાથે મંગલકુંભ વિલાસ કરવા લાગ્યો. (૪૬૦)
सुंदर्या प्रेषितः सोऽथ सिंहः सबलवाहनः । लात्वा पुरुषवेषं तं ययौ चम्पापुरीं पुनः ॥४६१॥
હવે તે રાજપુત્રી વડે લશ્કર અને વાહનો સાથે સિંહ પુરૂષવેશ લઈને ચંપાપુરીમાં ગયો. (૪૬૧)
तेनाथ सर्ववृत्तान्ते कथिते जगतीपतिः । हृष्टो भाषिष्ट वत्साया अहो मे मतिकौशलम् ॥४६२॥
હવે તેણે રાજાને આખું વૃત્તાંત કહ્યું અને હર્ષિત થયેલા રાજાએ કહ્યું કે ખરેખર મારી પુત્રીની બુદ્ધિની કુશલતા આશ્ચર્યકારી છે. (૪૬૨)
अहो कुधीरमात्यस्य पापकर्मविधायिनः । येनादोषापि मत्पुत्री सदोषा विहिता हहा ॥४६३॥
ખરેખર પાપકર્મને કરનાર મંત્રીની ખરાબ બુદ્ધિને ધિક્કાર હો. ખેદની વાત છે કે જે મંત્રીએ દોષ વગરની મારી પુત્રીને દોષવાળી કરી. (૪૬૩)
सिंहं पुनरपि प्रेष्यो-ज्जयिन्यां निजनन्दिनीम् । समानाय्यावनीपालः सञ्जातोऽतीवहर्षभाक् ॥४६४॥
ફરીથી સિંહ સામંતને ઉજ્જયિની નગરીમાં મોકલીને પોતાની પુત્રીને સન્માન સાથે લાવીને રાજા અત્યંત ખુશ થયો. (૪૬૪)
अमात्यं धारयित्वा च मार्यमाणं महीभुजा । मंगलो मोचयामास गाढाभ्यर्थनया नृपात् ॥४६५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા વડે પકડીને મરાતા મંત્રીને મંગલકુંભે અત્યંત પ્રાર્થના વડે રાજા પાસેથી છોડાવ્યો. (૪૬૫)

जामातुरुपरोधेन मया मुक्तोऽसि पाप रे । इति चोक्तवता राज्ञा सोऽथ निष्कासितः पुरात् ॥४६६॥

હે પાપી ! જમાઈના આગ્રહથી તને મૂક્યો છે એ પ્રમાણે બોલતા રાજાએ તેને નગરીની બહાર કાઢી મૂક્યો. (૪૬૬)

अपुत्रः सोऽथ भूपालो मत्त्वा जामातरं सुतम् । तत्रैवानाययामास तन्मातापितरावपि ॥४६७॥

હવે પુત્ર વગરનો તે રાજા જમાઈને પુત્ર તરીકે માનીને તેને પોતાને ત્યાં લાવ્યો અને તેના માતા પિતાને પણ ત્યાં લાવ્યા. (૪૬૭)

अन्येद्युर्मंत्रिसामन्त-सम्मत्योत्सवपूर्वकम् । मंगलकलशं राज्ये सुधीः स्थापयतिस्म सः ॥४६८॥

કોઈક વખત મંત્રી-સામંતો વગેરેની સંમતિથી મહોત્સવપૂર્વક તે બુદ્ધિશાળી રાજા મંગલકુંભને રાજ્યમાં સ્થાપન કરે છે. (૪૬૮)

यशोभद्राभिधानां सूरीणां चरणान्तिके । सुरसुन्दरभूपालः परिव्रज्यामुपाददे ॥४६९॥

યશોભદ્રસૂરિ નામના આચાર્ય ભગવંતના ચરણકમલમાં સુરસુંદર રાજાએ દીક્ષા અંગીકાર કરી. (૪૬૯)

राज्ये संस्थापितः कोऽपि वणिग्जातिरितीर्ष्यया । सीमास्थपार्थिवा राज्यं हर्तुं तस्योपतस्थिरे ॥४७०॥

રાજ્ય પર કોઈક વણિકજાતિનો પુત્ર સ્થાપન કરાયો છે તેથી ઈર્ષ્યા વડે સીમાડા પર રહેલાં રાજાઓ રાજ્યહરણ કરવા માટે તેની પાસે ચઢી આવ્યા. (૪૭૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सेनया चतुरङ्गिण्या सहितेन महौजसा। दृढपुण्यप्रभावेण जिताः सर्वेऽपि तेन ते ॥४७१॥
મહાપ્રતાપવાળા તેણે ચતુરંગી સેના સહિત દઢપુણ્યના પ્રભાવ વડે તે બધાને જીતી લીધા. (૪૭૧)
शान्तिमित्रस्य तस्याथ राज्यं पालयतः सतः। पत्न्या त्रैलोक्यसुन्दर्यां सुतोऽभूज्जयशेखरः ॥४७२॥
શાંતિ છે મિત્ર જેનો (અથવા રાજા બન્યા પછી શાંતિમિત્ર નામ પડ્યું હોય) એવો મંગલકલશ રાજ્યનું પાલન કરતા ત્રૈલોક્યસુંદરીને વિષે જયશેખર નામનો પુત્ર થયો. (૪૭૨)
स च राजा निजे देशे जिनचैत्यान्यनेकशः। जिनार्चारथयात्रादि-धर्मकृत्यान्यकारयत् ॥४७३॥
તે રાજાએ પોતાના દેશમાં અનેક જિન ચૈત્યો સાથે જિનેશ્વર પ્રભુની પૂજા - રથયાત્રા વગેરે અનેક ધર્મકાર્યો કર્યા. (૪૭૩)
अन्यदोद्यानमायातं जयसिंहाभिधं गुरुम्। गत्वा ववन्दे भावेन सकलत्रः स भूपतिः ॥४७४॥
કોઈક વખત ઉદ્યાનમાં પધારેલા જયસિંહ નામના ગુરૂભગવંતની પાસે જઈને પત્નિ સહિત રાજાએ ભાવથી વંદન કર્યું. (૪૭૪)
पप्रच्छ च यथा केन कर्मणा भगवन्मया। प्राप्त विडम्बनोद्वाहे देव्या प्राप्तं च दूषणम् ॥४७५॥
અને પૂછ્યું કે હે ભગવન્ ! કયા કર્મ વડે દેવી લગ્નમાં વિડંબના પામી ? અને કલંક પામી ? (૪૭૫)
सूरिरूचेऽथ भरते क्षेत्रेऽत्रैवास्ति पत्तनम्। क्षितिप्रतिष्ठितं नाम धनधान्यसमृद्धिभाक् ॥४७६॥
ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે આજ ભારતમાં ધનધાન્યની સમૃદ્ધિવાળું ક્ષિતિ પ્રતિષ્ઠિત નામનું નગર છે. (૪૭૬)

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

आसीत्तत्र सोमचंद्रा-भिधानः कुलपुत्रकः श्रीदेवीति च तद्भार्या तौ मिथः प्रीतिशालिनौ ॥४७७॥
त्यां ते नगरमां सोमचंद्र नामनो कुलपुत्र हतो. तेने श्री देवी नामनी भार्या हती. ते बन्ने परस्पर प्रीतिने भजनारा हता. (४७७)

सोमचन्द्र प्रशान्तोऽसा-वार्जवादिगुणान्वितः । मान्यः समस्तलोकानां तस्य भार्या च तादृशी ॥४७८॥
ते सोमचंद्र - प्रशांत - आर्जव वगेरे गुणोवाळो - अने समस्त लोकोने मान्य हतो. तेनी भार्या पण तेवा ज प्रकारनी हती. (४७८)

इतस्तत्रैव नगरे जिनदेवाभिधः सुधीः । श्रावकोऽभूत्समं तेन तस्य मैत्री निरन्तरम् ॥४७९॥
आ बाजु तेज नगरमां बुद्धिशाळी जिनदेव नामनो श्रावक हतो. तेनी साथे हंमेशा तेने मित्रता हती. (४७९)

जिनदेवो धनाङ्काक्षी धने सत्यपि सोऽन्यदा । देशान्तरं गन्तुकामो निजमित्रमभाषत ॥४८०॥
जिनदेव श्रावक धन होवा छतां पण धननी ईच्छावाळो हतो ते देशांतर जवानी ईच्छावाळा तेणे एकवार मित्रने कह्युं. (४८०)

धनायाहं गमिष्यामि मयि तत्र गते त्वया । मामकीनं धनं सप्त-क्षेत्र्यांवाप्यं यथाविधि ॥४८१॥
हुं धन माटे बहार जईश मारा गयापछी तारे मारुं धन सातें क्षेत्रमां विधिपूर्वक वापरवुं. (वाववुं) (४८१)

तवापि तस्य पुण्यस्य षष्ठांशो भवतादिति । दिनाराणां सहस्राणि दश तस्यार्पयत्करे ॥४८२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते प्रमाणे करतां तने पुण्यनो छठ्ठो भाग मळशे. એ પ્રમાણે કહીને તેના હાથમાં દશ હજાર સોનામહોર આપી. (૪૮૨)

गते देशान्तरे तस्मिन् सोमचंद्रोऽथ तत्सुहृद् । व्ययति स्म यथास्थानं तद्द्रव्यं शुद्धचेतसा ॥४८३॥

હવે તે સોમચંદ્ર દેશાંતરમાં ગયો ત્યારે તેનો મિત્ર શુદ્ધચિત્ત વડે તેનું દ્રવ્ય યોગ્ય સ્થાને વાપરે છે. (૪૮૩)

आत्मीयमपि शक्त्यानु-सारेणायं व्यधाद्व्ययम् । तद् ज्ञात्वा तस्य भार्यापि धर्मं भेजेऽनुमोदनात् ॥४८४॥

પોતાની શક્તિને અનુસારે પોતાનું પણ ધન વાપર્યું. તે જાણીને અનુમોદનાથી તેની પત્નીએ પણ ધર્મ કર્યો. (૪૮૪)

तस्मिन्नेव पुरे तस्याः सखी भद्राभिधानतः । नन्दस्य श्रेष्ठिनः पुत्री देवदत्तस्य गेहिनी ॥४८५॥

તે જ નગરમાં ભદ્રા નામની તેની બહેનપણી-નંદ શેઠની પુત્રી અને દેવદત્તની પત્ની હતી. (૪૮૫)

देवदत्तः स कालेन कर्मदोषेण केनचित् । कुष्ठी जज्ञे ततो भद्रा तत्प्रिया विषसाद सा ॥४८६॥

તે દેવદત્ત કાલે કરીને કોઈક કર્મના દોષથી કોઢીયો થયો. તેથી તેની પ્રિયા ખેદ કરવા લાગી. (૪૮૬)

पुरः सख्यास्तयान्येद्यु-स्तत्स्वरूपं निवेदितम् । तया च हासपरया भणिता सा ससंभ्रमम् ॥४८७॥

બહેનપણીની આગળ તેણે કોઈકવાર તેનું સ્વરૂપ કહ્યું. હાસ્યમાં તત્પર એવી તેણીએ આશ્ચર્યપૂર્વક કહ્યું. (૪૮૭)

हले त्वत्सङ्गदोषेण कुष्ठी जज्ञे पतिस्तव । ममापि दृष्टिमार्गत्त्व-मतोऽपसरः दूरतः ॥४८८॥

હે સખિ ! તારા સંગના દોષથી તારો પતિ કોઢીયો થયો. તું મારા દૃષ્ટિમાર્ગમાંથી દૂર જા. (૪૮૮)

सा तेन वचसा दूना त्रपयाधोमुखी स्थिता । हास्यमेतदिति प्रोच्य तयैवाह्लादिता ततः ॥४८९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે તેના વચન વડે દુઃખી થયેલી લજ્જા વડે નીચા મુખવાળી થઈ. ત્યાર પછી તેણીએ મેં તો મશ્કરીમાં કહ્યું હતું એમ કહીને ખુશ કરી. (૪૮૯)

स सोमचन्द्रः श्रीदेव्या तया सार्धं स्वभार्यया । साधुसंसर्गतः प्राप्तं श्राद्धधर्मं च पालयन् ॥४९०॥
अन्ते समाधिना मृत्वा सौधर्मे त्रिदशाविमौ । दम्पती समजायेतां पञ्चपल्योपमस्थिती ॥४९१॥

તે સોમચંદ્ર શ્રીદેવી નામની પોતાની ભાર્યા સાથે સાધુ ભગવંતના સમાગમથી પ્રાપ્ત થયેલા શ્રાવકધર્મને પાલન કરતો અંતે સમાધિપૂર્વક મરીને આ બન્ને દંપતી સૌધર્મ દેવલોકમાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવ દેવી થયા. (૪૯૦-૪૯૧)

सौधर्मात्सोमचन्द्रात्मा च्युत्वाभूद्भूपते भवान् । जीवश्च्युत्वा च श्रीदेव्या जज्ञे त्रैलोक्यसुन्दरी ॥४९२॥

સૌધર્મ નામના દેવલોકમાંથી સોમચંદ્રનો આત્મા ચ્યવીને રાજા થયો. અને શ્રીદેવીનો જીવ ચ્યવીને ત્રૈલોક્ય સુંદરી થઈ. (૪૯૨)

परद्रव्येण यत्पुण्यं भवतोपार्जितं तदा । तदेषा भाटकेनैव परिणीता नृपात्मजा ॥४९३॥

તમે તે વખતે પારકાના દ્રવ્ય વડે જે પુણ્ય ઉપાર્જન કર્યું હતું. તેના વડે કરીને આ રાજાની પુત્રી ભાડેથી પરણ્યા. (૪૯૩)

हास्येनापि वयस्यायै यद्दत्तस्त्वनया पुरा । कलंकः कर्मणा तेन कलंकोऽस्या अपीह तु ॥४९४॥

હાસ્ય વડે બહેનપણીને તેના વડે જે પહેલાં કલંક અપાયું હતું તે કર્મ વડે કરીને આને કલંક થયું. (૪૯૪)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तदाकर्ण्य विरक्तौ तौ दत्वा राज्यं स्वसूनवे । राजा राज्ञी च प्रव्रज्यां पार्श्वे जगृहतुर्गुरोः ॥४९५॥
ते सांभળીને સંસારથી વિરક્ત થયેલા તે બન્ને જણા રાજ્ય પોતાના પુત્રને આપીને ગુરુ પાસે રાજા અને રાણીએ દીક્ષા લીધી. (४९५)

क्रमेण सोऽथ राजर्षिः सर्वसिद्धान्तपारगः । स्थापितो गुरुणा सूरि-पदे परिकरावृतः ॥४९६॥
અનુક્રમે તે રાજર્ષિ સંપૂર્ણ સિદ્ધાંત (શાસ્ત્ર)ના પારગામી થયા. શિષ્યોથી પરિવરેલા તેને ગુરુએ આચાર્યપદમાં સ્થાપન કર્યો. (४९६)

त्रैलोक्यसुन्दरी साध्वी स्थापिता च प्रवर्तिनी । विपद्य तौ ततः प्रान्ते ब्रह्मलोकमुपेयतुः ॥४९७॥
ત્રૈલોક્યસુંદરી સાધ્વીને પ્રવર્તિની સ્થાપન કરી. ત્યાર પછી તે બન્ને જણાં કાલધર્મ પામીને બ્રહ્મદેવલોકમાં ગયા. (४९७)

ततश्च्युतौ मनुष्यत्वं प्राप्यानिमिषतां पुनः । एवं भवे तृतीये तौ प्राप्स्यतः पदमव्ययम् ॥४९८॥
ત્યાર પછી તે દેવલોકમાંથી ચ્યવીને મનુષ્યપણું મેળવીને એ પ્રમાણે ભવમાં તે બન્ને જણાં અવ્યયપદને મેળવશે. (४९८)

देशनामिति श्रुत्वाथ प्रभोर्वैराग्यतत्परः । त्यक्तरागस्तु तत्कालं जलात्कौसुंभवस्त्रवत् ॥४९९॥
એ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને પાણીમાંથી કસુંબી વસ્ત્રની જેમ વૈરાગ્યમાં તત્પરરાગ વગરના તે જ સમયે થયા. (४९९)

वीरसेनो गृहं गत्वा-पृच्छय मंत्रिपुरस्सरान् । चित्रसेनकुमारस्य राज्यभारं ददौ मुदा ॥५००॥

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

વીરસેન રાજાએ ઘરે જઈને મંત્રીઓને પૂછીને આનંદથી ચિત્રસેનકુમારને રાજ્યનો ભાર સોંપ્યો. (૫૦૦)

ततोऽवग् नृपतिः सर्वान् मंत्रिणः श्रृणुताथ भोः । स्थापितोऽयं सुतो राज्ये माननीयो ममेव हि ॥५०१॥

ત્યારે રાજા સર્વમંત્રીઓને બોલ્યો કે તમે સાંભળો આ પુત્રને રાજ્ય પર સ્થાપન કર્યો છે. તેને મારી જેમ જ માનજો. (૫૦૧)

स्वप्रियां कथयामास त्यक्तमोहस्ततो नृपः । भव्यरीत्या गृहं रक्ष्यं दीक्षां गृह्णाम्यहं पुनः ॥५०२॥

જેણે મોહને છોડી દીધો છે એવા રાજાએ પોતાની પત્નીને કહ્યું કે તારે સારી રીતે ઘરને સાચવવું કારણ કે હું દીક્ષા લઈશ. (૫૦૨)

महीपतेर्वचः श्रुत्वा प्रियाप्येवं व्यजिज्ञपत् । विना त्वयाप्यहं स्वामिन् धर्तुं प्राणान्न हि क्षमा ॥५०३॥ यतः-

રાજાનું વચન સાંભળીને પત્નીએ આ પ્રમાણે વિનંતિ કરી કે હે સ્વામી ! તમારા વિના હું પ્રાણોને ધારણ કરવા શક્તિમાન નથી. (૫૦૩)

तावद्राज्यसुखं देव तावत् श्रृगारभूषणम् । स्त्रीणां भोगसुखं तावद्यावन्नाथो हि सन्निधौ ॥५०४॥

હે દેવ ! સ્ત્રીઓને રાજ્યસુખ ત્યાં સુધી જ હોય છે. ત્યાં સુધી જ શૃંગાર અને આભૂષણો હોય છે. અને ત્યાં સુધી જ સ્ત્રીઓને ભોગ સુખ હોય છે કે જ્યાં સુધી તેનો પતિ નજીક હોય છે. (૫૦૪)

वीरसेनस्ततोऽवादी-त्तावकीनः सुतो ह्यसौ । लाल्यमानस्तु शक्राभ तव सौख्यप्रदः खलु ॥५०५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે વીરસેન રાજાએ કહ્યું કે પાલન કરાતો તારો આ પુત્ર તને ઈન્દ્રની જેમ સુખ આપનારો થશે. (૫૦૫)

सावक्रस्य सुता ह्यो ते कस्य श्रीः कस्य सम्पदः । स्त्रीणां भर्त्रा विना लोके सर्वं तद्धि विषायते ॥५०६॥

ત્યારે તે બોલી કે આ પુત્ર કોનો છે ? આ લક્ષ્મી કોની છે ? આ સંપદાઓ કોની છે ? આ લોકમાં સ્ત્રીઓને પતિ વિના આ બધુ ઝેર જેવું જ છે. (૫૦૬)

वैराग्यरञ्जितो राजा प्रिययाथ समन्वितः । दीक्षार्थं वीरनाथस्य समवसरणं ययौ ॥५०७॥

વૈરાગ્યથી જેનો આત્મા રંગાઈ ગયો છે તેવો રાજા પત્નીની સાથે દીક્ષા માટે વીરપ્રભુના સમવસરણમાં ગયો. (૫૦૭)

नत्वा चरमतीर्थेशं स्तुत्वा चैव जगद्गुरुम् । राजा प्रियायुतो दीक्षां जग्राह विनयान्वितः ॥५०८॥

અંતિમ તીર્થંકરને નમીને અને જગદ્ગુરુની સ્તુતિ કરીને વિનયથી યુક્ત એવા રાજાએ પોતાની પત્ની સહિત દીક્ષા લીધી. (૫૦૮)

दीक्षया पालयन् सोऽथ खड्गधारोपमं व्रतम् । विजहार महीपीठे भव्यजीवान् विबोधयन् ॥५०९॥

તલવારની ધારની ઉપમા જેવા વ્રતને દીક્ષા વડે પાલન કરતા પૃથ્વીપીઠમાં ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા વિહાર કરે છે. (૫૦૯)

चित्रसेननराधीशः पालयन् सकलं प्रजाम् । रत्नसारं निजं मित्रं स्थापयामास मंत्रिणम् ॥५१०॥

ચિત્રસેન રાજાએ બધી પ્રજાનું પાલન કરતા રત્નસાર નામના પોતાના મિત્રને મંત્રી તરીકે સ્થાપ્યો. (૫૧૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मंत्रिपञ्चशतेष्वेष मुख्यमंत्रीश्वरोऽभवत् । पालयन् सकलं राज्यं प्रतापाक्रान्तभूतलः ॥५११॥
અને તે રત્નસારમંત્રી જેના પ્રતાપથી પૃથ્વીતલ આક્રાંત થયું છે તેવા રાજ્યને પાલન કરતો પાંચસો મંત્રીઓમાં મુખ્ય થયો. (૫૧૧)

रत्नासारोऽन्यदा चिन्तां करोतीति दिनात्यये । विघ्नत्रयमथो नष्टं नृपतेः पुण्ययोगतः ॥५१२॥
એક વખત રત્નસાર મંત્રી દિવસના છેડે આ પ્રમાણે વિચાર કરે છે કે હવે ખરેખર રાજાના પુણ્યના યોગથી પેલા ત્રણ વિઘ્નો નાશ પામ્યા. (૫૧૨)

जनानां जगति तेन पुण्यमेव वरं स्मृतम् । विमृश्यैवं हृदि रत्न-सारस्त्वेवं जगौ नृपम् ॥५१३॥
તેથી કરીને મનુષ્યોએ જગતમાં પુણ્યને શ્રેષ્ઠ કહ્યું છે. એ પ્રમાણે હૃદયમાં વિચાર કરીને રત્નસારે રાજાને આ પ્રમાણે કહ્યું. (૫૧૩)

राज्यसौख्यप्रदं लोके दुष्टारिष्टप्रणाशनम् मनोऽभीष्टार्थदं राजन् पुण्यमेव प्रकीर्तितम् ॥५१४॥
હે રાજન્ ! લોકમાંદુષ્ટ ઉપદ્રવને નાશ કરનાર-રાજ્યના સુખને આપનાર મનના ઇચ્છિતને આપનાર પુણ્યને કહ્યું છે. (૫૧૪)

अधुनापि ततः पुण्यं कुरु तीर्थेशभाषितम् । दुरितानि विलीयन्ते येन राजंस्तवाधुना ॥५१५॥
તેથી હમણાં પણ તીર્થંકર પ્રભુએ કહેલ પુણ્ય કરો કારણ કે પુણ્ય વડે હે રાજન્ હમણાં પણ તમારા વિઘ્નો નાશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામે. (૫૧૫)

उपदेशो हि विज्ञानां हृदये वसति ध्रुवम् । कुरु जिनालयोद्धार-दीनोद्धरणकादि तत् ॥५१६॥

તત્ત્વના જાણકાર મનુષ્યોના હૃદયમાં હંમેશા ઉપદેશ અસર કરે છે. તેથી તમે જિનમંદિરનો ઉદ્ધાર અને દીન દુઃખીના ઉદ્ધારનું કાર્ય કરો. (૫૧૬)

श्रुत्वेत्यसौ चकाराथ जीवादिप्रतिपालनम् । जिनार्चातत्परो जातः पद्मावत्या युतो मुदा ॥५१७॥

આ વાત સાંભળીને ચિત્રસેન રાજાએ જીવોનું રક્ષણ કર્યું. અને પોતાની પત્ની પદ્માવતી સાથે જિનેશ્વર પ્રભુની પૂજામાં તત્પર થયો. (૫૧૭)

एवं भूपः प्रियायुक्तः पुण्यपूरितमानसः । रत्नसारस्तृतीयोऽपि वर्तते पुण्यवत्सलः ॥५१८॥

એ પ્રમાણે પુણ્યયુક્ત ચિત્તવાળો રાજા પ્રિયાની સાથે અને ત્રીજો પુણ્ય વત્સલ રત્નસાર મિત્ર સાથે રહે છે. (૫૧૮)

तिष्ठन्त्येकत्र देशस्था भुञ्जानाश्चैकभाजने । शयनेऽपि समासन्नास्तिष्ठन्ति च त्रयोऽपि ते ॥५१९॥

તે ત્રણે જણા એક જ સાથે રહે છે. એક જ વાસણમાં ખાય છે. અને સાથે સાથે સૂઈ જાય છે. (૫૧૯)

स्वामिभक्तिपरो नित्यं रत्नसारो महामतिः । मुदा प्राहरिको भूत्वा तस्य तिष्ठति सर्वदा ॥५२०॥

મોટી બુદ્ધિવાળો સ્વામીભક્તિમાં તત્પર એવો તે રત્નસાર આનંદથી તેનો ચોકીદાર બનીને હંમેશા રહે છે. (૫૨૦)

एवं च तिष्ठतां तेषां सदानुभवतां सुखम् । कुर्वतां धर्मकर्माणि गतः कालः कियानथ ॥५२१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પ્રમાણે હંમેશા તેઓને સુખ અનુભવતા રહેતા અને ધર્મના કાર્યો કરતાં કેટલોક સમય પસાર થયો. (૫૨૧)

अथान्येद्युर्निशामध्ये तौ सुप्तौ सुखनिद्रया । दृष्टोऽही रत्नसारेण तदा पर्यङ्कसन्निधौ ॥५२२॥

હવે એક વખત તે બન્ને પતિપત્ની રાત્રિમાં સુખપૂર્વકની નિદ્રાથી સૂતા ત્યારે રત્નસારે પલંગની પાસે સર્પ જોયો. (૫૨૨)

यक्षोक्तवचनं स्मृत्वा खड्गमादाय धावता । पातितस्तेन घातेन स भूमौ दारुणोरगः ॥५२३॥

યક્ષે કહેલા વચનને યાદ કરીને તલવાર લઈને દોડતા તેના ઘાત વડે ભયંકર સર્પભૂમિ પર પાડી નંખાયો-મરાયો. (૫૨૩)

तच्छोणितेऽपतद्वासो राज्ञी जंघाप्रदेशगम् । वस्त्राञ्चलं तदा मन्त्री भीतस्तस्मादपाकरोत् ॥५२४॥

તેના લોહીમાં રાણીના જંઘા પ્રદેશના વસ્ત્રનો છેડો પડયો ત્યારે ભય પામેલો મંત્રી તે વસ્ત્રના છેડાને દૂર કરે છે. (૫૨૪)

जागृतः सहसा राजा तदैव दैवयोगतः । किमेतदिति पृष्टोऽथ तेन मन्त्रीश्वरस्तदा ॥५२५॥

ત્યારે કુદરતી રીતે એકાએક જાગેલા રાજાએ મંત્રીને પૂછયું કે આ શું છે ? (૫૨૫)

रत्नसारस्तदा मंत्री कम्पमानो व्यचिन्तयत् । इतस्तटी इतो व्याघ्रः पतितः सङ्कटे भृशम् ॥५२६॥

ત્યારે કંપતો રત્નસાર મંત્રી વિચારવા લાગ્યો કે આ બાજુ વાઘ અને આ બાજુ નદી એવા ગાઢ સંકટમાં હું પડયો. (૫૨૬)

वदामि चेदहं सत्यं भवाम्यश्ममयस्तदा । अलीकवचनै राजा चिन्तयिष्यति चान्यथा ॥५२७॥

જો હું સાચું બોલીશ તો પત્થરમય બનીશ. અને જો ખોટા વચન બોલીશ તો રાજા કંઈક બીજું જ વિચારશે. (૫૨૭)

उपकारा न गृह्यन्ते न च सेवा न पौरुषम् । नृपैस्ते दुर्जनप्राया नात्मीया हि कथञ्चन ॥५२८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાઓ કરેલા ઉપકારોને જેતા નથી. કરેલી સેવાની કદર કરતા નથી તેમજ વાપરેલુ બળને યાદ રાખતા નથી. દુર્જન જેવા રાજાઓ કદી પણ પોતાના થતા નથી. (૫૨૮)

एवं विचिन्त्य हृदये जगाद सचिवोत्तमः । स्वामिने तु हितं वाक्यं बुधा सत्यं वदन्ति च ॥५२९॥

એ પ્રમાણે હૃદયમાં વિચાર કરીને મંત્રીઓમાં અગ્રેસર એવો તે બોલ્યો કે ડાહ્યા પુરુષો સ્વામીને સત્ય અને હિતકારી વાક્ય કહે છે. (૫૨૯)

यतः-सत्यं मित्रे प्रियं स्त्रीभि-रलीकमधुरं द्विषाम् । अनुकूलं च सत्यं च वक्तव्यं स्वामिना सह ॥५३०॥

નીતિમાં કહ્યું છે :- મિત્રની સાથે સત્યવાક્ય બોલવું. સ્ત્રીની સાથે પ્રિય વાક્ય બોલવું જોઈએ. શત્રુની સાથે અસત્યને પ્રિયવાક્ય બોલવું જોઈએ ત્યારે સ્વામીની સાથે અનુકૂળ અને પ્રિયવાક્ય બોલવું જોઈએ. (૫૩૦)

एतां वार्तामथ स्वामिन् कथयामि यदा तव । तदा पाषाणरूपोऽहं भविष्यामीति निश्चितम् ॥५३१॥

હવે હે સ્વામી જો આ વાર્તા હું તમોને કહીશ તો ચોક્કસ હું પત્થરરૂપ થઈ જઈશ. (૫૩૧)

तदा जगाद भूपालो वार्तां त्वं कथय द्रुतम् । न हि वचनमात्रेण पाषाणत्वं प्रजायते ॥५३२॥

ત્યારે રાજા બોલ્યો કે તું મને તરત વાત કહે. વચન કહેવા માત્રથી કોઈ પત્થરરૂપ થતું નથી. (૫૩૨)

एतद्वचनमाकर्ण्य रत्नसारः कलानिधिः । साहसं च समालंब्य प्रोक्तवान् यक्षभाषितम् ॥५३३॥

રાજાનું આ વચન સાંભળીને કલાનો ભંડાર એવો રત્નસાર સાહસને ધારણ કરીને યક્ષે જે વચન કહેલું હતું તે કહેવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યો. (૫૩૩)

परिणीय त्विमां कन्यां यूयमत्र समागताः । स्थित्वा वटतरोर्देशे जानीथ स्वामिनः स्वयम् ॥५३४॥

હે સ્વામી ! તમે આ કન્યાને પરણીને વડના ઝાડની નીચે રહીને અહીં પધાર્યા છો તે તમે જાણો છો. (૫૩૪)

पूर्वं तुरङ्गमाद्दुःखं भवतोऽपाकृतं मया । न लक्षितोऽहं केनापि यच्छंस्तव पराश्वकम् ॥५३५॥

પહેલાં મેં ઘોડાથી આવનાર દુઃખને દૂર કર્યું અને તમને બીજો ઘોડો આપતા મને કોઈએ જોયો નહીં. (૫૩૫)

इत्युक्तं वचनं याव-द्भूपाग्रे तेन मंत्रिणा । बभूवाश्ममयस्ताव-दाजानु सोऽपि तत्क्षणम् ॥५३६॥

આટલું વચન મંત્રીએ જેટલામાં રાજાને કહ્યું તેટલામાં તે મંત્રી તુરત જ જાનુ સુધી પત્થર થયો. (૫૩૬)

चित्रसेनस्ततो राजा तं जगाद वदाग्रतः । मंत्रीशोऽपि समाचष्ट तस्य विघ्नं द्वितीयकम् ॥५३७॥

ત્યાર પછી ચિત્રસેન રાજાએ તેને કહ્યું કે આગળ કહે. મંત્રીએ પણ તેનું બીજું સંકટ કહ્યું. (૫૩૭)

प्रतोल्या निकटस्थस्य तवास्येऽश्वो हतो मया । तेन पश्चान्निवृत्तोऽश्वः प्रतोली च तदापतत् ॥५३८॥

તું જ્યારે દરવાજા નજીક આવ્યો ત્યારે મારા વડે તારા ઘોડાના મોંઢા પર મરાયું તેથી તે ઘોડો પાછો ફર્યો. અને દરવાજો પડી ગયો. (૫૩૮)

इत्युक्त्वा स तदा जातः कटींयावद् दृषन्मयः । भूपेन पुनराभाणि जातं किं च ततो वद ॥५३९॥

આટલું કહીને તે કમ્મર સુધી પત્થરમય બન્યો. તે પછી રાજાએ કહ્યું કે પછી શું થયું ? તે તું કહે. (૫૩૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

राज्ञ्या विमलया स्वामिन् मोदकाः परिवेषिताः । विषयुक्ता मया युक्त्या परं तेऽपि ह्यपाकृताः ॥५४०॥
હે સ્વામી ! વિમલા નામની રાણીએ ઝેરવાળા લાડવા પીરસ્યા. પરંતુ મેં યુક્તિ વડે તેને દૂર કર્યા. (૫૪૦)
इति यावद्वचस्तेन गदितं हितकांक्षिणा । तावदश्ममयो जातः कण्ठं यावत्स मन्त्रिराट् ॥५४१॥
એ પ્રમાણે હિતની ઇચ્છાવાળા જેટલામાં તે વચન કહ્યું તેટલામાં તે મંત્રી કંઠ સુધી પત્થરમય થયો. (૫૪૧)
भूपेनाथ ततः पृष्टो मंत्रिराजोऽवदद्वचः । श्रृणु स्वामिन् यथा जातं वृत्तान्तमधुनापि हि ॥५४२॥
ત્યારે રાજાએ પૂછ્યું કે પછી શું થયું ? ત્યારે મંત્રી બોલ્યો કે હે સ્વામી ! હમણાં પણ વૃતાંત જે રીતે બન્યો તે રીતે સાંભળો. (૫૪૨)
पर्यंकेऽत्र युवां स्वामिन् सुप्तावास्तं सुनिद्रया । श्रृङ्खलोत्तीर्यमाणस्तु मया दृष्टो भुजङ्गमः ॥५४३॥
હે સ્વામી અહિં પલંગમાં તમે બન્ને સુખનિદ્રા વડે સૂતા હતા ત્યારે સાંકળ પરથી ઉતરતા સર્પને મેં જોયો. (૫૪૩)
हतो मया भुजङ्गोऽयं पतिता रक्तबिन्दवः । राज्ञीजङ्घोपरि भीत्या मया वस्त्रेण मार्जिताः ॥५४४॥
આ સર્પને મેં માર્યો. તેથી રાણીના જંઘના ઉપર લોહીના ટીપાં પડયાં. મેં ભય વડે વસ્ત્રથી દૂર કર્યા. (૫૪૪)
कथितोऽयं हि वृत्तान्तो मया स्वामिंस्त्वदग्रतः । यक्षोक्ता विपदो ह्यो ते ते गताः खलु पुण्यतः ॥५४५॥
હે સ્વામી ! આ વૃત્તાંત મેં તમારી આગળ કહ્યો. યક્ષે કહેલી તે વિપત્તિ ખરેખર પુણ્યથી ચાલી ગઈ. (૫૪૫)
इत्युक्ते सहसा मन्त्री जातः पाषाणसन्निभः पतितश्च महीपीठे देववाचो हि नान्यथा ॥५४६॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પ્રમાણે કહેતા એકાએક મંત્રી પત્થર જેવો થઈ ગયો. અને પૃથ્વીની પીઠ પર પડયો. કારણ કે દેવતાની વાણી ફેરફાર થતી નથી. (૫૪૬)

मित्रस्यापदमालोक्य राजा दुःखाकुलो भृशम् । स्मारं स्मारं गुणांस्तस्य मूर्च्छया पतितो भुवि ॥५४७॥

મિત્રની આપત્તિ જોઈને રાજા અત્યંત દુઃખી થયો. તેના ગુણોને વારંવાર સ્મરણ કરતો મૂર્ચ્છા આવવાથી ભૂમિ પર પડયો. (૫૪૭)

राजा शीतोपचारेण चैतन्यं प्रापितस्तदा । क्व गतो मित्र मुक्त्वा मा-मित्यादि विललाप च ॥५४८॥

રાજા ઠંડકના ઉપચારથી ચૈતન્ય પામ્યો ત્યારે મારો મિત્ર મને મૂકીને ક્યાં ગયો એમ વિલાપ કરે છે. (૫૪૮)

विपदां मे ह्यपाकर्ता यः कृतज्ञशिरोमणिः । दुष्प्राप मित्ररत्नं हा मया मूढेन हारितम् ॥५४९॥

જે કૃતજ્ઞ શિરોમણી હતો. જે મારી વિપત્તિઓને દૂર કરનાર હતો. દુઃખે કરીને મેળવી શકાય તેવા મિત્રરત્નને મેં મૂઢપણા વડે ગુમાવ્યું. (૫૪૯)

भवितव्यानुसारेण पुसां बुद्धिः प्रजायते । संकटे पातितो मित्र-वरोऽयं दुर्धिया मया ॥५५०॥

ભવિતવ્યતાના આધારે પુરૂષોની બુદ્ધિ થાય છે. મારી ખરાબ બુદ્ધિ વડે શ્રેષ્ઠમિત્રને સંકટમાં નંખાવ્યો. (૫૫૦)

मित्रं विना वृथा राज्यं वृथा देशो वृथा सुखम् । वृथा कोशश्च सैन्यं च जीवितं चापि मे वृथा ॥५५१॥

મિત્ર વિના રાજ્ય ફોગટ છે. દેશ ફોગટ છે. સુખ નકામું છે. રાજ્યનો ભંડાર-સૈન્ય અને મારું જીવન પણ નકામું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. (૫૫૧)

तद्वियोगातुरो नूनं प्राणत्यागं करोम्यहम् । इष्टबन्धुवियुक्ताना-मेतदेव हितावहम् ॥५५२॥

તેના વિયોગથી દુઃખી થયેલો હું ખરેખર પ્રાણ ત્યાગ કરું. ઈચ્છિત એવા બંધુના વિયોગમાં પ્રાણ ત્યાગ કરવો એ જ રસ્તો હિતાવહ છે. (૫૫૨)

विमृश्येति निजे चित्ते चित्रसेनो नरेश्वरः । यावत्समुद्यतो जातो मृत्यवे कृतनिश्चयः ॥५५३॥

એ પ્રમાણે પોતાના ચિત્તમાં વિચારીને મૃત્યુ માટે કરેલા નિશ્ચયવાળો જેટલામાં ચિત્રસેન રાજા તૈયાર થયો. (૫૫૩)

तावत्पद्मावती राज्ञी ज्ञात्वा तस्याशयं हृदि । व्यचिन्तयदहो जात-मसमञ्जसकं भृशम् ॥५५४॥

તેટલામાં પદ્માવતી રાણીએ તેના હૃદયમાં રહેલાં આશયને જાણીને વિચાર કર્યો કે ખરેખર આ અત્યંત અયોગ્ય થયું. (૫૫૪)

भविष्यत्यपवादो हि राज्ञश्चात्मविघाततः । ततः केनाप्युपायेन कर्तव्यं काललङ्घनम् ॥५५५॥

રાજાના આત્મઘાતથી ભવિષ્યમાં કલંક થશે. તેથી કોઈપણ ઉપાય વડે સમય પસાર કરવો જોઈએ. (૫૫૫)

ध्यात्वेति सावदत्स्वामिन् कातरत्वं परित्यज । साहसं च समालम्ब्य कार्यं कुरु यथोचितम् ॥५५६॥

એ પ્રમાણે વિચાર કરીને તે બોલી, હે સ્વામી ! કાયરપણું છોડી દો. સાહસને ધારણ કરો. અને સમયને યોગ્ય કાર્ય કરો. (૫૫૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आत्मघातविचारः का-पुरुषेष्वेव दृश्यते । भवादृशानां भूपानां-मयोग्यं तत्तु सर्वथा ॥५५७॥
આત્મઘાતનો વિચાર કાયરપુરૂષોમાં જ દેખાય છે. તમારા જેવા રાજાઓને તે વિચાર સર્વથા અયોગ્ય છે. (૫૫૭)
मित्रस्य जीवनोपाये तूद्यमं कुरु साहसात् । त्वयाथ दानशालायां दातव्यं दानमुत्तमम् ॥५५८॥
સાહસથી મિત્રના જીવનના ઉપાયમાં ઉદ્યમ કરવો. તમારે હવે દાનશાળામાં ઉત્તમ દાનો દેવા જોઈએ. (૫૫૮)
तेन लुब्धाः समेष्यन्ति दूरदेशान्तरे स्थिताः । रक्ताम्बरजटाधारि-सन्यासियोगिनस्त्विह ॥५५९॥
તેનાથી લોભાયેલા દૂર દેશમાં રહેલાં લાલ વસ્ત્રને ધારણ કરનારા સન્યાસીઓ, જટાધારિઓ, યોગીઓ અહીં આવશે. (૫૫૯)
कार्पटिकास्तथानेके मन्त्रतन्त्रविशारदाः । मारणोच्चाटनप्रज्ञा आगमिष्यन्त्यनेकशः ॥५६०॥
કાપાલીકો તથા અનેક મંત્ર તંત્રને જાણનારા, મારણ-ઉચ્ચાટન વગેરે પ્રયોગોના જાણકારો અનેક સાધુઓ આવશે. (૫૬૦)
तन्मध्यात्कोऽपि ते मित्रं नूनं जीवापयिष्यति । मनोरथस्तथा स्वामि-न्नस्माकं सिद्धिमेष्यति ॥५६१॥
તેઓની મધ્યમાંથી કોઈક ખરેખર તમારા મિત્રને જીવાડશે. તેથી હે સ્વામી ! આપણા મનોરથો સિદ્ધ થશે. (૫૬૧)
उपायः स तया प्रोक्तः कृतो भूपेन तत्क्षणात् । वैदेशिकाः समायाता बहवस्तत्र योगिनः ॥५६२॥
તેણીએ તે ઉપાય કહ્યો. તે જ ક્ષણે રાજા વડે કરાયો. ત્યારે બહારના ઘણા યોગીઓ ત્યાં આવ્યા. (૫૬૨)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पृच्छति स प्रतीकारं तेषां मित्रापदो हरम् । कथितं च यथा येन कृतं भूपेन तत्तथा ॥५६३॥
તેઓને પોતાના મિત્રની આપત્તિને હરણ કરનાર ઉપાયને પૂછે છે. જેણે જે રીતે કહ્યું તે રીતે રાજાએ કર્યું. (૫૬૩)
कष्टं न याति मित्रस्य प्रतीकारे कृतेऽपि हि । निराशौ दम्पती जातौ ततश्चिन्तापरायणौ ॥५६४॥
પ્રતીકાર કરવા છતાં પણ જ્યારે મિત્રનું દુઃખ જતું નથી ત્યારે તેની ચિંતામાં તત્પર એવા દંપતી આશા વગરના થયા. (૫૬૪)
दुःखितश्चिन्तयामास मित्रशोकाकुलो नृपः । राज्यचिन्तासभागीत-नृत्यादिषु पराङ्मुखः ॥५६५॥
મિત્રના શોકથી આકુળવ્યાકુળ અને દુઃખી થયેલો રાજા રાજ્યની ચિંતા - સભામાં જવું - ગીત નૃત્ય વગેરે કરાવવા વગેરેમાં ઇચ્છા વગરનો થયો. (૫૬૫)
कियत्यपि गते काले ततो राज्ञा विचिन्तितम् । विघ्ना हि कथिता येन यक्षेणाथ महात्मना ॥५६६॥
स एवास्य प्रतीकारं कथयिष्यति निश्चितम् । इति चिन्तयता तेन सा निशोल्लङ्घिता तदा ॥५६७॥
હવે આ રીતે કેટલોક સમય ગયા પછી રાજાએ વિચાર્યું કે જે મોટા મનવાળા યક્ષે વિઘ્નો કહ્યા હતા. તે જ આના પ્રતીકાર (ઉપાય)ને ચોક્કસ કહેશે. એ પ્રમાણે વિચાર કરતા તેણે તે રાત્રી પસાર કરી. (૫૬૬-૫૬૭)
जाते सूर्योदये राजा जीर्णमंत्रीश्वरस्य च । राज्यभारं समारोप्य प्रयाणायोद्यतोऽभवत् ॥५६८॥
જ્યારે સૂર્યોદય થયો ત્યારે રાજા જૂના મંત્રીને રાજ્યનો કારભાર સોંપીને પ્રયાણની તૈયારીમાં ઉદ્યમવાળો થયો. (૫૬૮)

P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Tr

आपृच्छय स्वप्रियां भूप-श्चलितः शुभवासरे । खड्गमादाय निर्भीको वटं तं प्रति चोत्सुकः ॥५६९॥

પોતાની પ્રિયાને પૂછીને સારા દિવસે તલવાર લઈને ભય વગરનો રાજા તે વડ તરફ જવાને ઉત્સુક એવો ચાલ્યો. (૫૬૯)

कियद्भिर्दिवसैस्तत्र प्राप्तो राजा वटद्रुमम् । श्रान्तश्चिन्तातुरो दुःखी सुप्तो वटतरोस्तले ॥५७०॥

કેટલાક દિવસોએ તે રાજા વડના ઝાડ પાસે પહોંચ્યો. થાકી ગયેલો ચિંતાતુર અને દુઃખી એવો તે વડના ઝાડ નીચે સૂતો. (૫૭૦)

वियोगार्तस्य तस्याथ निद्रा नागान्मनागपि । नीरनिर्गतमीनाभं यक्षिणी तं ददर्श सा ॥५७१॥

મિત્રના વિયોગથી પીડાયેલો એવો તેને જરા પણ ઉંઘ ન આવી. પાણીમાંથી નીકળેલા માછલી જેવા તેને યક્ષીણીએ જોયો. (૫૭૧)

यक्षिण्यूचे तदा यक्षं कृपापूरितमानसा । स्वामिन्नेष पुमान् को हि केन दुःखेन दुखितः ॥५७२॥

દયાથી જેનું મન ભરાઈ ગયું છે એવી યક્ષિણી એ ત્યારે યક્ષને કહ્યું, " હે સ્વામી ! આ પુરૂષ કોણ છે ? અને કયા દુઃખ વડે દુઃખી થયો છે ? (૫૭૨)

यक्षोऽवक् च स एवायं प्रिये योऽत्र पुरागतः । सकलत्रः ससैन्यश्च समित्रोऽस्य तरोस्तले ॥५७३॥

યક્ષે કહ્યું કે હે પ્રિયા ! આ તે જ પુરૂષ છે કે જે પહેલા તે અહીં પત્ની સાથે સૈન્ય અને મિત્ર સાથે વૃક્ષ નીચે આવ્યો હતો. (૫૭૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

एतद्वचनमाकर्ण्य परदुःखेन दुःखिता । यक्षिणी पृच्छते यक्षं दुःस्थितोऽसौ कथं विभो ॥५७४॥

આ વચન સાંભળીને પારકાના દુઃખથી દુઃખી એવી યક્ષિણી યક્ષને પૂછે છે કે હે સ્વામી ! આ કેમ દુઃખી છે ? (૫૭૪)

यक्षोऽवादीत्कुमारोऽसौ गुणानामेकमन्दिरम् । इष्टमित्रवियोगार्तो भ्रमत्येवमितस्ततः ॥५७५॥

યક્ષે કહ્યું કે આ કુમાર ગુણોના એક મંદિર જેવો છે. તે પોતાના પ્રિયમિત્રના વિયોગથી પીડા પામેલો અહીંથી તહીં ભમે છે. (૫૭૫)

जगाद यक्षिणी स्वामिन् वियुक्तः सुहृदा स किम् । बभाषे यक्षराजोऽपि प्रिये तत्कारणं शृणु ॥५७६॥

ત્યારે યક્ષિણીએ કહ્યું કે હે સ્વામી ! તે મિત્રથી છૂટો કેમ પડી ગયો ? ત્યારે યક્ષરાજ કહે છે કે હે પ્રિયા ! તેનું કારણ તું સાંભળ. (૫૭૬)

त्वदग्रे यन्मया पूर्वं प्रोक्तं विघ्नचतुष्टयम् । अस्य विश्वेऽपि ते विघ्ना गता मित्रस्य बुद्धितः ॥५७७॥

તારી આગળ મારા વડે પહેલાં ચાર વિઘ્નો કહેવાયા હતા તે સર્વે વિઘ્નો મિત્રની બુદ્ધિથી દૂર થયા. (૫૭૭)

परं तेन कथा सास्य कुमारस्य दुराग्रहात् । कथिता मित्रवर्येण तत्स हृषन्मयः ॥५७८॥

પરંતુ તે કુમારના દુરાગ્રહથી ઉત્તમ મિત્ર વડે કહેવાયા. તેથી તે મિત્ર પથ્થરમય બન્યો. (૫૭૮)

तद्वियोगातुरो भूपो भ्रमतेऽसौ भृशं भुवि । स्नेहो दुःखतरोर्मूलं स्नेहोऽनर्थकरः स्मृतः ॥५७९॥

તેના વિયોગથી દુઃખી થયેલો આ રાજા પૃથ્વી ઉપર અત્યંત ભમે છે. દુઃખરૂપી ઝાડનું મૂળ સ્નેહ છે. અને સ્નેહને

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

અનર્થ કરનાર કહ્યો છે. (૫૭૯)

कृपालुहृदया ब्रूते यक्षस्याग्रेऽथ यक्षिणी । स्वामिन्नस्य प्रतीकारो विद्यते वा न वा वद ॥५८०॥

દયાળું હૃદયવાળી તે યક્ષિણી યક્ષ આગળ બોલી હે સ્વામી ! આ દુઃખનો કંઈ પ્રતીકાર છે કે નહીં ? તે તમે કહો. (૫૮૦)

विमृश्य हृदये यक्षो यक्षिणीं प्रति भाषते । अस्य रोगप्रतीकारं कथयामि शृणु प्रिये ॥५८१॥

યક્ષે હૃદયમાં વિચાર કરીને યક્ષિણીને કહે છે કે આના રોગનો પ્રતીકાર કહું છું. હે પ્રિયા ! તું સાંભળ. (૫૮૧)

कापि स्त्री शीलसंपन्ना स्वाङ्गजेन समन्विता । पाणिना चेत्स्पृशेदेनं नीरोगोऽसौ तदा भवेत् ॥५८२॥

કોઈક શીયળવાળી સ્ત્રી પોતાના પુત્રની સાથે હાથ વડે જો આનો (મિત્રનો) સ્પર્શ કરે તો તે નિરોગી થાય. (૫૮૨)

चित्रसेनो नृपो वार्तां श्रुत्वा तां मुदितस्तदा । गतचिन्तश्च तत्रैव सुप्तो निर्भरनिद्रया ॥५८३॥

ચિત્રસેન રાજા તે વાર્તા સાંભળીને ત્યારે ખુશ થયો. અને ચિંતા વગરનો થયેલો ત્યાં જ ગાઢ નિદ્રા વડે સૂઈ ગયો. (૫૮૩)

यक्षोक्तवचनात्प्रीतः स्वकीयहृदये ततः । कुमारः प्रातरुच्छाय चलितः स्वपुरंप्रति ॥५८४॥

યક્ષે કહેલા વચનથી પોતાના હૃદયમાં ખુશ થયેલો સવારે ઊઠીને પોતાના નગર તરફ ચાલ્યો. (૫૮૪)

अविलम्बप्रयाणेन प्रमोदं हृदि संवहन् । कियद्भिः स दिनैः प्राप्तो वसन्तपुरपत्तनम् ॥५८५॥

હૃદયમાં આનંદને ધારણ કરતો સતત પ્રયાણ વડે કેટલાક દિવસોમાં તે વસંતપુર નગરમાં પહોંચ્યો. (૫૮૫)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तमागतं तदा दृष्ट्वा प्रजा सर्वापि हर्षिता । पद्मावती प्रियं दृष्ट्वा जाता प्रेमपरायणा ॥५८६॥
તે વખતે તે ચિત્રસેન રાજાને આવેલા જોઈને બધી જ પ્રજા ખુશ થઈ, પદ્માવતી રાણી પણ પોતાના પ્રિયને જોઈને પ્રેમમાં તત્પર બની. (૫૮૬)
आसन्नप्रसवां राज्ञीं तस्मिन्नावसरे नृपः । समालोक्याथ सञ्जातो हर्षपूरितमानसः ॥५८७॥
તે સમયે રાજા જેને પ્રસવ નજીક છે એવી રાણીને જોઈને હર્ષથી ભરેલા મનવાળો બન્યો. (૫૮૭)
वाञ्छितार्थस्य सिद्धिर्मे जाता पुण्यप्रभावतः । इति ध्यात्वा स्थितो भूपो हर्षाद्वैतमनास्तदा ॥५८८॥
પુણ્યના પ્રભાવથી મારા ઇચ્છિત અર્થની સિદ્ધિ થશે. એ પ્રમાણે વિચારીને હર્ષથી ભરેલા મનવાળો રાજા થયો. (૫૮૮)
चित्रसेननृपश्चैवं सदाचारपरायणः । धर्मध्यानपरो नित्यं गमयामास वासरान् ॥५८९॥
સદાચારના આચારમાં પરાયણ એવો ચિત્રસેન રાજા ધર્મધ્યાનમાં તત્પર બનેલો દિવસોને વીતાવે છે. (૫૮૯)
शुभे दिने शुभे लग्ने सुमुहूर्ते नृपप्रिया । सुपुत्रं जनयामास प्राचीवाथ नभोमणिम् ॥५९०॥
પૂર્વ દિશા જેમ સૂર્યને પ્રગટ કરે તેમ સારા દિવસે, સારા લગ્ને અને સારા મુહૂર્તે રાજાની રાણીએ સુંદર પુત્રને જન્મ આપ્યો.. (૫૯૦)
महान्तमुत्सवं राजा चकार सुतजन्मनः । जिनचैत्ये महापूजां चन्दनागुरुसंयुताम् ॥५९१॥
स दीनोद्धरणं कुर्वन् याचकादीनि पोषयन् । स्वजनांस्तोषयामास वाञ्छितार्थप्रदानतः ॥५९२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ પુત્ર જન્મનો મોટો ઉત્સવ કર્યો. ચંદન અને અગરુ ધૂપવાળી મોટી પૂજા જિન ચૈત્યમાં કરાવી. અને દુઃખી માણસોનો ઉદ્ધાર કરતા-યાચક વગેરેનું પોષણ કરે છે અને ઇચ્છિત વસ્તુઓ આપવાથી સ્વજનોને પણ સંતોષ પમાડે છે. (૫૯૧-૫૯૨)

षष्ठिजागरणं कृत्वा राजा धर्मपरो मुदा । याचकेभ्यो ददौ दानं मनोवाञ्छातिगं तदा ॥५९३॥

ષષ્ઠિનું જાગરણ કરીને ધર્મમાં તત્પર એવા રાજાએ આનંદથી યાચકોને મનની ઇચ્છાથી પણ વધારે દાન આપ્યું. (૫૯૩)

द्वादशे दिवसे राजा सर्वज्ञातीनभोजयत् । ततः पुत्रस्य सन्तुष्टो नामस्थापनमातनोत् ॥५९४॥

બારમા દિવસે રાજાએ સર્વ જ્ઞાતિવાળાઓને જમાડયા. તેથી ખુશ થયેલા તેણે પુત્રના નામની સ્થાપના કરી. (૫૯૪)

राज्ञोचे मत्कुले पुत्रो जातः पुण्यप्रभावतः । तेन धर्मानुसारेण धर्मसेनोऽभ्यधीयताम् ॥५९५॥

રાજાએ કહ્યું કે પુણ્યના પ્રભાવથી મારા કુળમાં પુત્ર થયો છે તેથી તે ધર્મના અનુસારે આ પુત્રનું નામ ધર્મસેન કહેવું. (બોલવું). (૫૯૫)

ततः स्वजनसंयुक्तः पद्मावत्या समन्वितः । वाद्येषु वाद्यमानेषु दानशालां गतो नृपः ॥५९६॥

ત્યાર પછી સ્વજનોથી પરિવરેલો પદ્માવતિની સાથે વાજિંત્રો વાગતા હતા ત્યારે રાજા દાનશાળામાં ગયો. (૫૯૬)

रत्नसारं शिलारूपं यक्षवाचं हृदि स्मरन् । यथोक्तविधिनासौ तं स्नपयामासः हर्षतः ॥५९७॥

પથ્થરમય બનેલા મિત્ર રત્નસારને અને યક્ષની વાણીને હૃદયમાં સ્મરણ કરતો આ રાજા હર્ષથી કહેલી વિધિ પ્રમાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેને સ્નાન કરાવે છે. (૫૯૭)

ततः पद्मावती राज्ञी कृत्वोत्संगे निजं सुतम् । स्मृत्वा हृदि नमस्कार-मिदं वचनमब्रवीत् ॥५९८॥

ત્યાર પછી પદ્માવતિ રાણી પોતાના પુત્રને ખોળામાં લઈને હૃદયમાં નવકાર મંત્રનું સ્મરણ કરીને આ પ્રમાણે વચન બોલી. (૫૯૮)

श्रूयतां लोकपाला भोः ग्रहाः सूर्यादयाऽपि च । क्षेत्रपालास्तथा सर्वे सर्वे वैमानिकादयः ॥५९९॥

मनसा कर्मणा वाचा शीलं चेन्मम निर्मलम् । तदा स्पर्शेन मत्पाणेः सज्जीभवतु मंत्रिराट् ॥६००॥

હે લોકપાલો ! હે સૂર્ય વગેરે ગ્રહો ! સર્વે ક્ષેત્રપાલ દેવો ! સર્વે વૈમાનિક દેવો ! તમે સાંભળો. જો મન-વચન અને કાયાથી મારું શીયળ નિર્મળ હોય તો મારા હાથના સ્પર્શ વડે મંત્રીરાજ તૈયાર થાય. (જેવા હતા તેવા બને) (૫૯૯-૬૦૦)

इत्युक्त्वाथ तया स्पृष्टः करेणोत्पन्नचेतनः । रत्नसारः समुत्तस्थौ सुप्तोत्थित इव द्रुतम् ॥६०१॥

એ પ્રમાણે કહીને તે પદ્માવતિએ હાથ વડે તેનો સ્પર્શ કર્યો. ત્યારે ઉત્પન્ન થયું છે ચેતન જેને એવો રત્નસાર સૂતેલો માણસ જેમ ઊભો થાય તેમ ઊભો થયો. (૬૦૧)

प्रमोदमेदुरो राजा समालिङ्ग्याथ मंत्रिणम् । हर्षाश्रुश्रेणिसन्दोहैः स्नपयामास तं तदा ॥६०२॥

હવે હર્ષથી ભરાઈ ગયેલા રાજાએ મંત્રીને ભેટીને હર્ષના આંસુના સમૂહથી ત્યારે તેને નવડાવી દીધો. (૬૦૨)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पुरासीन्नृपतेर्हर्षः पुत्रजन्मसमुद्भवः । पतिता मंत्रिसङ्गे तु धृतपूरे च शर्करा ॥६०३॥
પહેલાં પુત્રના જન્મથી ઉત્પન્ન થયેલો રાજાનો હર્ષ અને મંત્રીના સમાગમથી ઘેબરમાં સાકરની જેમ ભળ્યો-મળ્યો. (૬૦૩)

चित्रसेनस्ततो राजा रत्नसारसमन्वितः । राज्यं पालयते सम्यग् धर्मकर्मपरायणः ॥६०४॥
ત્યાર પછી ધર્મ કાર્યમાં તત્પર એવો ચિત્રસેન રાજા-રત્નસાર મંત્રીની સાથે સારી રીતે રાજ્યનું પાલન કરે છે. (૬૦૪)

शिष्टानां पालने दक्षो दुष्टानां निग्रहक्षमः । दानपुण्यक्रियायोगा-त्कीर्तिं स्वां व्यतनोन्नृपः ॥६०५॥
શિષ્ટપુરૂષોનું પાલન કરવામાં દક્ષ, દુષ્ટોનો નિગ્રહ કરવામાં સમર્થ, દાન-પુણ્યની ક્રિયાના યોગથી રાજા પોતાની કિર્તિને વિસ્તારે છે. (૬૦૫)

ततो राजा च मंत्री च जातौ धर्मधरायणौ । राज्ञी पद्मावती सापि विशेषाद्धर्ममातनोत् ॥६०६॥
તેથી રાજા અને મંત્રી એમ બન્ને જણા ધર્મમાં તત્પર બન્યા અને પદ્માવતી રાણી પણ વિશેષથી ધર્મને કરવા લાગી. (૬૦૬)

अन्येद्युस्तं सभासीनं नृपं मंत्रिसमन्वितम् । नरः कोऽपि समागत्य कथयामासिवानिति ॥६०७॥
કોઈક વખત મંત્રીની સાથે સભામાં બેઠેલા રાજાને કોઈક મનુષ્યો આવીને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૬૦૭)

देव सिंहपुरस्वामी नृपतिः सिंहशेखरः । गर्वितो निजसैन्येन नोऽस्ति सीमाविनाशकः ॥६०८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

हे देव ! सिंहपुरनो स्वामी सिंहशेखर पोताना सैन्यथी गर्वित बनेलो आपणी सीमानो (हद्दनो) नाश करनार छे. (६०८)

स ददाति न नो दण्डं सेवां नैव करोति च । लुण्टति पान्थवित्तादि गर्वप्रोद्धतकन्धरः ॥६०९॥

ते राजा आपणो दंड नथी आपतो अने सेवा पण करतो नथी. अने अभिमानथी ऊंची डोकवाळो मुसाफरोना धनने लूंटे छे. (६०९)

श्रुत्वा तस्य मुखादेवं चित्रसेनोऽवनीपतिः । कोपाटोपकरालाक्षो-ऽवादयद्युद्धडिण्डिमम् ॥६१०॥

तेना मोढेथी आ वात सांभळीने क्रोधथी लाल थई गई छे आंख जेनी एवा चित्रसेन राजाए युद्धना नगारां वगडाव्यां. (६१०)

श्रुत्वा भेरीरवं वीरा युद्धायायुधसंयुताः । समुद्यता बभूवुस्ते यमभृत्या इवाभितः ॥६११॥

भेरीना शब्दने सांभळीने आयुधवाळा वीरपुरुषो युद्ध माटे यमराजाना सेवकोनी जेम चारे बाजुथी तैयार थया. (६११)

चतुरङ्गचमूयुक्त-श्चित्रसेनो नरेश्वरः । वादित्रनादसंयुक्त-श्चचाल स्वपुरात्ततः ॥६१२॥

त्यार पछी चारे अंगवाळी सेनाथी युक्त-वाजिंत्रोना शब्दोनी साथे चित्रसेन राजा पोताना नगरथी चाल्यो. (६१२)

महापराक्रमी भूपः स प्रयाणैः क्रमात्ततः । सम्प्राप्तो दण्डकारण्ये जनानां भयदेऽभितः ॥६१३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अनुक्रमे प्रयाणो वडे मनुष्योने चारे बाजुथी भयंकर एवा दंडकअरण्यमां महापराक्रमी ते राजा पहोंच्यो. (६१३)

निशीथसमये प्राप्ते सुप्ते सैन्यगणे समे । अकस्मात्क्रन्दनारावं श्रुत्वा भूपो व्यचिन्तयत् ॥६१४॥

જ્યારે રાત્રિનો સમય થયો અને આખું સૈન્ય જ્યારે સૂઈ ગયું ત્યારે ઓચિંતા રડવાના શબ્દ સાંભળીને રાજા વિચારવા લાગ્યો. (६१४)

अत्र निर्मानुषाटव्यां श्रूयते किमिदं खलु । एवं विमृश्य खड्गं स समादाय समुत्थितः ॥६१५॥

અહીં મનુષ્ય વગરના જંગલમાં આ શું સંભળાય છે ? એ પ્રમાણે વિચાર કરીને તલવાર લઈને ઊભો થયો. (६१५)

गतः शब्दानुसारेण पृथिवीं कियतीमसौ । तावत्तरोरधोभागे ददर्शैकं नरं नृपः ॥६१६॥

શબ્દના અનુસારે આ રાજા કેટલીક પૃથ્વી સુધી ગયો. તેટલામાં વૃક્ષની નીચે એક મનુષ્યને જોયો. (६१६)

बद्धं निगडबन्धेन कीलितं लोहकीलकैः । दृष्ट्वा तं चिन्तयामास नृपोऽयं को वराककः ॥६१७॥

ગાઢ બંધનથી બંધાયેલા અને લોઢાના ખીલાથી ઠોકાયેલા તેને જોઈને રાજા વિચારવા લાગ્યો. આ બિચારો કોણ છે ? (६१७)

चित्रसेनधराधीशो-ऽपृच्छत्तं पुरुषं प्रति । कोऽसि त्वं कथमापन्नो ह्यवस्थामीदृशीं ननु ॥६१८॥

ચિત્રસેન રાજાએ તે પુરૂષને પૂછ્યું તું કોણ છે ? અને આવી અવસ્થા કેવી રીતે પામ્યો ? (६१८)

अथोचेऽसौ पुमानेवं पीडया पीडितोऽपि सन् । ममाश्चर्यमयीं वार्तां श्रृणु त्वं पुरुषोत्तम ! ॥६१९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે પીડાથી દુઃખી થયેલો એવો પુરૂષ કહે છે કે પુરુષોત્તમ ! તું આશ્ચર્ય કરનારી એવી મારી કથા સાંભળ. (૬૧૯)

बन्धान्मोचय पूर्वं मां पीडां मेऽपनय द्रुतम् । यथा वच्मि स्ववृत्तान्त-मुपकारिशिरोमणे ॥६२०॥

તું મને પહેલાં આ બંધનથી છોડાવ. મારી પીડાને જલદી દૂર કર. જેથી હે ઉપકાર કરવામાં અગ્રેસર ! હું તને મારું વૃત્તાંત કહું. (૬૨૦)

राज्ञा कृते तथा सोऽवक् वैताढयाभिधभूभृति । श्रृङ्गारमुत्तरश्रेणे-रस्ति हेमपुरं पुरम् ॥६२१॥

રાજાએ તે પ્રમાણે કર્યું ત્યારે તે બોલ્યો. વૈતાઢ્ય નામના પર્વતમાં શોભાવેલી એવી ઉત્તર શ્રેણીમાં હેમપુર નામનું નગર છે. (૬૨૧)

तत्र राजास्ति विख्यातो विद्याधरशिरोमणिः । दानादिगुणसंयुक्तः ख्यातो हेमरथाभिधः ॥६२२॥

ત્યાં વિદ્યાધરોનો અગ્રેસર દાન વગેરે ગુણોવાળો પ્રખ્યાત એવો હેમરથ નામનો રાજા છે. (૬૨૨)

तत्प्रिया हेममालास्ति हेममालेव शोभिता । तत्कुक्षितः समुद्भूतो हेममाली सुतोऽस्म्यहम् ॥ ६२३॥

તે રાજાને સુવર્ણની માળાની જેમ શોભતી હેમમાલા નામની પત્ની છે. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલો હેમમાલી નામનો હું પુત્ર છું. (૬૨૩)

हेमचूला प्रियायुक्तो-ऽतिष्ठं वै निजसद्मनि । संसारोचितसौख्यानि भुञ्जानोऽहं यथाविधि ॥६२४॥

હેમચૂલા નામની પ્રિયાની સાથે સંસારને યોગ્ય સુખોને વિધિ પ્રમાણે ભોગવતો પોતાના મકાનમાં રહ્યો હતો. (૬૨૪)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कियत्यथो गते काले समुत्पन्नावयोर्वरा । उत्कण्ठा तीर्थयात्राया भवनिस्तारिणी भृशम् ॥६२५॥
કેટલોક સમય ગયા પછી અમને બન્નેને સંસારથી તારનારી એવી તીર્થયાત્રા કરવાની અત્યંત ઇચ્છા થઈ. (૬૨૫)
प्रियया सहितो याव-द्विमानमधिरुह्य च । गच्छंस्तीर्थंप्रति मार्गे यावदत्राहमागतः ॥६२६॥
प्रियया सहितो याव-द्विमानमधिरुह्य च । गच्छंस्तीर्थंप्रति मार्गे यावदत्राहमागतः ॥६२७॥
दुष्टात्मा खेचरोऽसौ मा-मत्र वद्ध्वा गतो द्रुतम् । वल्लभां मे समादाय स्वकीयनगरे पुनः ।६२८॥ युग्मम् ॥
પ્રિયાની સાથે જેટલામાં વિમાનમાં બેસીને તીર્થ તરફ જતાં માર્ગમાં જ્યારે હું અહીં આવ્યો. ત્યારે મારી પ્રિયામાં જેનું મન લોભાયું છે તેવો રત્નચૂડ નામનો ખેચર વિદ્યાધર ભય વડે પરિવરેલો મારી પાછળ આવ્યો અને દુષ્ટ છે આત્મા જેનો એવો આ ખેચર મને અહીં બાંધીને મારી પત્નીને લઈને પોતાના નગરમાં જલ્દી ગયો.
(૬૨૬ થી ૬૨૮)

निशम्येति वचस्तस्य चित्रसेनो महीपतिः । व्रणसंरोहिणीलेपाद् द्रुतं सज्जीचकार तम् ॥६२९॥
આ પ્રમાણે તેનું વચન સાંભળીને ચિત્રસેન રાજા ઘાને રુઝવનારી ઔષધિના લેપથી તેને જલ્દી સાજો કર્યો. (૬૨૯)
भूपतेः पादयोर्नत्वा हेममाली व्यजिज्ञपत् । मोचितोऽहं यथा देव तथाचानय मत्प्रियाम् ॥६३०॥
હેમમાલી ખેચરે રાજાના ચરણોમાં નમસ્કાર કરીને વિનંતી કરી કે હે દેવ ! તમે જે રીતે મને છોડાવ્યો તે રીતે મારી પ્રિયાને પણ લાવી આપો. (૬૩૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वृक्षो यथा फलं पुष्पं परोपकृतिहेतवे । तथा सत्पुरुषः प्राणान् धत्ते हि परहेतवे ॥६३१॥

વૃક્ષ જેમ પારકાના ઉપકારને માટે ફળ અને ફુલને ધારણ કરે છે તે જ રીતે સત્પુરુષો પણ પારકાના ઉપકારને માટે જ પ્રાણોને ધારણ કરે છે. (૬૩૧)

भूपस्तद्वचनं श्रुत्वा परोपकृतितत्परः । तदारूढो विमानं त-त्तेनैव सहितो द्रुतम् ॥६३२॥

कियद्भूमिं गतो याव-न्नृपस्तेनाथ संयुतः । तावत्तं रत्नचूडं स ददर्शैकतरुस्थितम् ॥६३३॥

પરોપકાર કરવામાં તત્પર એવો રાજા તેનું વચન સાંભળીને તે વખતે તેની સાથે જલદી વિમાનમાં બેસીને રાજા કેટલીક ભૂમિમાં ગયો તેટલામાં તે રત્નચૂડને એક વૃક્ષની પાસે રહેલો જોયો. (૬૩૨-૬૩૩)

हक्कितश्चित्रसेनेन दुष्ट रे पारदारिक । क्व गमिष्यसि मूढ त्वां मारयिष्यामि सम्प्रति ॥६३४॥

ચિત્રસેન રાજાએ તેનો તિરસ્કાર કર્યો. હે દુષ્ટ ! પરસ્ત્રીમાં ગમન કરનારા મૂઢ તું ક્યાં જાય છે ? હું તને હમણાં મારી નાંખીશ. (૬૩૪)

इति भूपवचः श्रुत्वा खेटा अन्ये पलायिताः । रत्नचूडः स्थितश्चैकः सङ्ग्रामाय तयान्वितः ॥६३५॥

આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને બીજા વિદ્યાધર સેવકો નાશી ગયા. તે સ્ત્રીની સાથે એકલો રત્નચૂડ યુદ્ધ કરવા માટે ઊભો રહ્યો. (૬૩૫)

सञ्जातं दारुणं युद्धं भूपतिखेटयोस्ततः । जितो भूपेन तत्काल-मसौ विद्याधराधमः ॥६३६॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

स मृत्युभयभीतोऽथ मुखे कृत्वा तृणं तदा । नत्वा भूपतिपादाब्जं पुनरेवं व्यजिज्ञपत् ॥६३७॥
રાજા અને ખેચરનું ભયંકર યુદ્ધ થયું ને રાજા જીત્યો. તે જ સમયે આ અધમ વિદ્યાધર મૃત્યુથી ભય પામેલો મોઢામાં ઘાસનું તણખલું લઈને રાજાના ચરણ કમલમાં નમીને એ પ્રમાણે વિનંતિ કરી. (૬૩૬-૬૩૭)

स्वामिन् कान्तिपुराधीश-सुतोऽहं रत्नचूडकः । विद्यायाः साधनार्थं च गतोऽद्रौ गन्धमादने ॥६३८॥
હે સ્વામી ! કાંતિપુર નગરીના રાજાનો રત્નચૂડ નામનો વિદ્યાધર છું. વિદ્યાને સાધવા માટે ગંધમાદન નામના પર્વત પર ગયો હતો. (૬૩૮)

कृत्वा तत्साधनं तत्र मित्रैश्च परिवारितः । साश्चर्यामवनीं पश्यन् गच्छंश्च गगनाध्वना ॥६३९॥
मार्गे चैनं प्रियायुक्तं दृष्टवान् हेममालिनम् । तस्या रूपं वरं दृष्ट्वा मित्राग्रे च मयोदितम् ॥६४०॥
ત્યાં તે વિદ્યાને સાધીને મિત્રોથી પરિવરેલો આકાશના માર્ગથી આશ્ચર્યોવાળી પૃથ્વીને જોતાં અને જતાં માર્ગમાં પ્રિયાની સહિત આ હેમમાલીને જોઈ. તે સ્ત્રીનું અદ્‌ભુત રૂપ જોઈને મિત્રની પાસે મેં કહ્યું. (૬૩૯-૬૪૦)

परीक्षेऽहमथो विद्यां यूयं पश्यत कौतुकम् । इत्युक्त्वाथ मया मुक्त-विद्यया विह्वला ह्यसौ ॥६४१॥
હું વિદ્યાની પરિક્ષા કરું છું. તમે કૌતૂક જુઓ. એ પ્રમાણે કહીને મારા વડે મૂકાયેલી વિદ્યા વડે તે વિહ્વળ થઈ. (૬૪૧)

जाता स्मेरमुखाम्भोजा लग्ना सा हसितुं भृशम् । सुहृदो मे तथा दृष्ट्वा तां तदा विस्मिता द्रुतम् ॥६४२॥
તે વિકસ્વર મુખ કમળવાળી બની. અને અત્યંત હસવા લાગી. મારો મિત્ર તેને તેવા પ્રકારની જોઈને વિસ્મય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Tru

પામ્યો. (૬૪૨)

हसन्तीं स्वां प्रियां दृष्ट्वा कुपितो हेममाल्यसौ । विरूपवचनैर्गालिं दातुं लग्नो मम ध्रुवम् ॥६४३॥

પોતાની પત્નીને હસતી જોઈને કોપાયમાન થયેલા હેમમાલી ખેચર ખરાબ વચનો વડે મને નક્કી ગાળ દેવા લાગ્યો. (૬૪૩)

तदाकोपान्मयैषोऽरं बद्धो निगडितस्तथा । तत्प्रियामपि लात्वाहं स्थितो देव वनान्तरे ॥६४४॥

તેથી કોપ વડે મેં આ શત્રુને બાંધી દીધો અને તેની પ્રિયાને લઈને હે દેવ ! હું વનમાં રહ્યો. (૬૪૪)

एषा पृष्टा मया देव कासि त्वं कस्य वा सुता । ततस्तदुक्तवृत्तान्ताद् ज्ञाता सा गोत्रकन्यका ॥६४५॥

હે દેવ ! આ સ્ત્રી મારા વડે પૂછાઈ તું કોણ છે ? અને કોની પુત્રી છે ? તેથી તેણે કહેલા વૃત્તાન્તથી તેને ઉત્તમ ગોત્રની સ્ત્રી જાણી. (૬૪૫)

श्रुत्वा त्वदीयहक्कां ते नष्टा मे सुहृदो भयात् । यतः सिंहनिनादेन त्रासयन्तीह कुञ्जराः ॥६४६॥

તે વખતે તેની હાંક સાંભળીને મારા મિત્રો ભયથી નાશી ગયા. જે રીતે સિંહનાદથી હાથીઓ ત્રાસ પામે છે તેમ. (૬૪૬)

मया शीलव्रतं पूर्वं गृहीतं गुरुसन्निधौ । तदेषा भगिनीतुल्या ममास्ति सर्वथा सखे ॥६४७॥

મેં પહેલાં ગુરુ પાસે શીલવ્રત ગ્રહણ કર્યું હતું. માટે હે મિત્ર ! આ બધી રીતે મારી બેનની જેમ જ છે. (૬૪૭)

रत्नचूडगिरं श्रुत्वा चित्रसेनो नरेश्वरः । मुदा प्रशंसयामास धर्मिणं तं विशुद्धधीः ॥६४८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રત્નચૂડનું વચન સાંભળીને શુદ્ધબુદ્ધિવાળા ચિત્રસેન રાજા ધર્મી એવા તેની પ્રશંસા કરી. (૬૪૮)

उपकारपरा धन्या धन्या दानपरा नराः । परकार्यकरा धन्या धन्याः शीलधरास्तथा ॥६४९॥

ઉપકારમાં તત્પર માણસોને ધન્ય છે. દાનમાં તત્પર માણસોને ધન્ય છે. પારકાનું કાર્ય કરનારા ધન્ય છે. અને શીલને ધારણ કરનારાઓને પણ ધન્ય છે. (૬૪૯)

हेममाली नमस्कृत्य भूपपादाम्बुजं ततः । कथयामास राजेन्द्रं विनयाद्वामनीभवन् ॥६५०॥

ત્યાર પછી હેમમાલી રાજાના ચરણકમલને નમીને વિનયથી નાનો બનીને રાજાને કહેવા લાગ્યો. (૬૫૦)

जीवदानं त्वया स्वामिन् दत्तमस्माकमद्य भोः । कुलं हेमरथस्यापि सम्ब्रुडदुद्धृतं त्वया ॥६५१॥

હે સ્વામી ! ખરેખર તમે આજે મને જીવિતદાન આપ્યું છે. અને હેમરથના કુળને બુડતું-ડૂબતું બચાવ્યું. (૬૫૧)

अथ प्रसद्य मे स्वामिन् विद्ये मत्तो गृहाण भोः । येनाहमनृणीभावं गच्छामि चपलं तव ॥६५२॥

આ કારણથી હે સ્વામી ! તમે મારી પાસેથી બે વિદ્યાને ગ્રહણ કરો જેથી હું જલ્દી દેવા વગરનો બનું. (૬૫૨)

प्रतिपन्नं कुमारेण तत्तस्याग्रहतस्ततः । परेषां प्रार्थनाभङ्गं कुर्वन्ति न हि सज्जनाः ॥६५३॥

તેથી તેના આગ્રહથી ચિત્રસેન રાજાએ તે વાતને સ્વીકારી. કારણ કે સજ્જનપુરૂષો પારકાની પ્રાર્થનાનો ભંગ કરતાં નથી. (૬૫૩)

ततो विद्याधरेशोऽसौ हेममाली ददौ तदा । द्वे विद्ये दुर्लभे तस्मै हर्षपूरितमानसः ॥६५४॥

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तेथी विद्याधरना स्वामी हर्षथी भरेलो हेमभालीએ તે બે દુર્લભ વિદ્યાઓ તે રાજાને આપી (૬૫૪)

इच्छासञ्चारपर्यङ्कं दण्डं शत्रुञ्जयाभिधम् । भूपाय प्रददौ हेम-माली विद्याधरेश्वरः ॥६५५॥

ઇચ્છા પ્રમાણે લઈ જનારો પલંગ અને શત્રુંજય નામના દંડને વિદ્યાધરના સ્વામી હેમભાલીએ રાજાને આપ્યા. (૬૫૫)

पर्यङ्कं दण्डरत्नं च नृप आदाय हर्षितः । प्रशंसां तस्य खेटस्य कुरुतेस्म पुनः पुनः ॥६५६॥

હર્ષિત થયેલો રાજા પલંગ અને દંડરત્નને ગ્રહણ કરીને તે ખેચરની વારંવાર પ્રશંસા કરે છે. (૬૫૬)

रत्नचूडो नमन्मौलि-र्जगादाथ नृपं प्रति । स्वामिन् रूपपरावर्त-गुटिकां मे गृहाण भोः ॥६५७॥

હવે રત્નચૂડ-મસ્તકને નમાવતો રાજાને કહેવા લાગ્યો હે સ્વામી ! રૂપનું પરાવર્તન કરનારી મારી આ ગુટિકાને ગ્રહણ કરો. (૬૫૭)

गुटिकां तां समादाय भूपो विद्याधरेशयोः । परस्परं तयोः प्रीतिं कारयामास कोविदः ॥६५८॥

ત્યાર પછી તે બન્ને વિદ્યાધર પાસેથી ગુટિકા અને વિદ્યાઓને ગ્રહણ કરીને પંડિત એવા તેણે તે બન્નેની પરસ્પર પ્રીતિ કરાવી. (૬૫૮)

प्रभातसमये जाते तौ द्वौ विधाधरावथ । भूमिपालं नमस्कृत्य गतौ स्वं पुरम्प्रति ॥६५९॥

પછી સવાર થયું ત્યારે તે બન્ને વિદ્યાધરો રાજાને નમસ્કાર કરીને પોતપોતાના નગર તરફ ગયા. (૬૫૯)

नृपः सैन्ये समायातः पल्यङ्कादिसमन्वितः । चतुरङ्गचमूयुक्तो यावद् गच्छति चाग्रतः ॥६६०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तावत्सिंहपुराधीश-प्रेषितो दूत आगतः । चित्रसेननृपं नत्वो-वाच स्वस्वामिनोदितम् ॥६६१॥ युग्मम् ॥
રાજા પલંગ વગેરેની સાથે સૈન્યમાં આવ્યો. અને ચતુરંગી સેના સાથે જેટલામાં આગળ જાય છે તેટલામાં સિંહપુરી નગરીના રાજાએ મોકલેલ દૂત આવ્યો અને ચિત્રસેન રાજાને નમીને પોતાના સ્વામીએ કહેલું કહ્યું. (૬૬૦-૬૬૧)

वदति मन्मुखात्त्वां च स्वामी मे रत्नशेखरः । मत्सीमनि त्वया नैवा-गन्तव्यं सुखमिच्छता ॥६६२॥
મારો સ્વામી રત્નશેખર મારા મોઢે તમને કહે છે કે સુખને ઇચ્છતા એવા તમારે મારી સીમામાં ન જ આવવું. (૬૬૨)

दूतस्येति वचः श्रुत्वा कुपितो भूपतिरवक् । रे रे अवध्यदूतस्त्वं गच्छ गच्छ ममाग्रतः ॥६६३॥
દૂતનું આ વચન સાંભળીને ક્રોધિત થયેલો રાજા બોલ્યો. રે રે અવધ દૂત ! તું મારી આગળથી જતો રહે. (૬૬૩)

कथनीयं स्वभूपाग्रे सन्नह्य स्वं स्थिरीभव । चित्रसेनः समायाति युद्धायाथ समुत्सुकः ॥६६४॥
તારે તારા સ્વામીની આગળ કહેવું કે તે બખ્તર પહેરીને તૈયાર થાય. ઉત્કંઠાવાળો ચિત્રસેન યુદ્ધ માટે આવે છે. (૬૬૪)

गत्वा दूतेन विज्ञप्तो रत्नशेखरभूपतिः । चित्रसेनः समायाति भूरिसैन्यसमन्वितः ॥६६५॥
દૂતે જઈને રત્નશેખર રાજાને વિનંતિ કરી કે ઘણાં સૈન્ય સાથે ચિત્રસેન રાજા આવે છે. (૬૬૫)

एतद्वचनमाकर्ण्य कोपात्प्रस्फुरिताधरः । चचाल सन्मुखं सोऽपि क्रुद्धः पञ्चाननो यथा ॥६६६॥
આ વચન સાંભળીને ક્રોધથી જેના હોઠો ફફળી રહ્યાં છે તેવો રાજા ક્રોધ પામેલા સિંહની જેમ સામે ચાલ્યો. (૬૬૬)

उभयोः सैन्ययोर्जातः सङ्घट्टोऽथ परस्परम् । योद्धा युद्धाय सन्नद्धा लग्ना योद्धुं मिथोऽभितः ॥६६७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બન્નેનું સૈન્ય પરસ્પર સામે સામે થયું. બખ્તર પહેરીને તૈયાર થયેલા યોદ્ધાઓ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૬૬૭)

रथिका रथिभिः सार्धं सादिनः सादिभिः सह । पत्तयः पत्तिभिः सार्धं युध्यन्ते क्रोधदुर्धरा ॥६६८॥

ક્રોધથી દુર્ધર એવા રથવાળા સાથે રથવાળા - ઘોડેસ્વારો સાથે ઘોડેસ્વાર ને પાયદળ સાથે પાયદળ યુદ્ધ કરે છે. (૬૬૮)

भटमुक्तशरव्रातै-श्छादितं गगनाङ्गणम् । अकालेऽपि ततो जातं दुर्दिनं परितोद्भुतम् ॥६६९॥

સૈનિકો વડે છોડાયેલા બાણો વડે આકાશતલ ઢંકાઈ ગયું. તેથી કાળ વગર પણ ઓચિંતા ચારે બાજુ દુર્દિન થયો. (૬૬૯)

यथा विन्ध्यावनीप्राप्ता गजा युध्यन्ति दुर्धरा । तथा सैन्यद्वयोर्जातं तद्युद्ध जनभीतिदम् ॥६७०॥

જેવી રીતે વિંધ્ય અટવીને પામીને દુર્ધરા એવા હાથીઓ જેમ યુદ્ધ કરે છે. તે રીતે મનુષ્યોને ભય કરનારું પરસ્પર બન્ને સૈન્યનું યુદ્ધ થયું. (૬૭૦)

दृष्ट्वा सङ्ग्रामकौशल्यं चित्रसेनो नराधिपः । मुदा प्रशंसयामास रत्नशेखरसैनिकान् ॥६७१॥

ચિત્રસેન રાજા યુદ્ધની કુશળતા જોઈને રત્નશેખર રાજાના સૈનિકોની પ્રશંસા કરી. (૬૭૧)

यदा सिंहपुरीनाथः सङ्ग्रामान्न निवर्तते । चित्रसेनस्तदा कोपा-द्दण्डं जग्राह तं करे ॥६७२॥

જ્યારે સિંહપુરી નગરીનો રાજા યુદ્ધથી પાછો ફરતો નથી ત્યારે ચિત્રસેન રાજાએ ક્રોધથી હાથમાં દંડને ગ્રહણ કર્યો. (૬૭૨)

परमेष्ठीन् हृदि स्मृत्वा तथा विद्याधरं गुरुम् । दण्डं मुमोच तं शत्रु-सैनिकोपरि स क्रुधा ॥६७३॥

પંચ પરમેષ્ઠિને તથા વિદ્યાધર ગુરુને હૃદયમાં સ્મરણ કરીને તેણે ક્રોધ વડે શત્રુના સૈનિકો ઉપર દંડને મૂક્યો. (૬૭૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वैरिसेना ततः सर्वा पतिता भूमिमण्डले । एक एव स्थितस्तत्र रत्नशेखरभूपतिः ॥६७४॥
તેથી વૈરિ રાજાની સંપૂર્ણ સેના ભૂમિ મંડલ ઉપર પડી ગઈ. અને ત્યાં એકલો રત્નશેખર રાજા ઊભો રહ્યો. (૬૭૪)
अश्वात्सोऽथ समुत्तीर्य विनयान्नतमस्तकः । चित्रसेनं ननामारं न स्यात्प्रीतिर्भयं विना ॥६७५॥
અને ઘોડા પરથી નીચે ઉતરીને વિનયથી નત મસ્તકવાળા તેણે શત્રુ એવા ચિત્રસેન રાજાને નમસ્કાર કર્યા. કારણ કે ભય વગર પ્રીતિ થતી નથી. (૬૭૫)
करौ द्वौ मुकुलीकृत्य चित्रसेनं जगाद सः । अपराधिषु यो दण्ड-स्तं दण्डं कुरु मे प्रभो ॥६७६॥
બે હાથની અંજલિ કરીને તેણે ચિત્રસેન રાજાને કહ્યું હે સ્વામી ! અપરાધીને જે દંડ થાય તે દંડ મને કરો. (૬૭૬)
एवं श्रुत्वा स भूपालः कृपापूरितमानसः । पश्चाज्जग्राह तं दण्डं भटाः सर्वे समुत्थिताः ॥६७७॥
એ પ્રમાણે સાંભળીને દયાળુ મનવાળા રાજાએ તે દંડને પાછો લઈ લીધો. તેથી સર્વે સૈનિકો ઊભા થયા. (૬૭૭)
रत्नशेखरमादाय चित्रसेनो नरेश्वरः । गत्वा सिंहपुरे तत्र स्थापयामास मानतः ॥६७८॥
ચિત્રસેન રાજા રત્નશેખર રાજાને લઈને સિંહપુરનગરમાં જઈને ત્યાં તેને માનથી રાજ્ય પર સ્થાપન કર્યો. (૬૭૮)
विधाय सेवकं तं च मित्रतुल्यं नरेश्वरः । चलितश्चित्रसेनोऽथ ससैन्यः स्वपुरं प्रति ॥६७९॥
ચિત્રસેન રાજા તેને મિત્રતુલ્ય સેવક કરીને સૈન્યની સાથે પોતાના નગર તરફ ચાલ્યો. (૬૭૯)
वाद्यमानेषु वाद्येषु चतुर्धा सैन्यसंयुतः । नानादेशनराधीशै-र्नम्यमानांघ्रिपङ्कजः ॥६८०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अविलम्बप्रयाणैः स समागात्स्वपुरान्तिकम् । मंत्रिणा रत्नसारेण श्रुतं स्वामिसमागमम् ॥६८१॥ युग्मम् ॥

વાજિંત્રો વાગતા હતા ત્યારે ચારે પ્રકારના સૈન્યથી યુક્ત જુદા જુદા દેશોના રાજાઓ વડે જેના ચરણ કમલ વંદન કરાયા છે તેવો રાજા અખંડ પ્રયાણો વડે પોતાના નગરની નજીક આવ્યો. રત્નસાર મંત્રીએ સ્વામીનું આગમન સાંભળ્યું. (૬૮૦-૬૮૧)

सोऽथ शृङ्गारयामास वसंतपुरत्तनम् पद्मावत्यपि सन्तुष्टा श्रुत्वा भर्तुः समागमम् ॥६८२॥

હવે તે રત્નસાર મંત્રી વસંતપુર નગરને શણગારે છે. અને પદ્માવતી રાણી પણ પતિનું આગમન સાંભળીને સંતોષ પામી. (૬૮૨)

सन्मुखश्चलितो मन्त्री परिवारसमन्वितः । पुरीलोकः समस्तोऽपि हर्षपूरितमानसः ॥६८३॥

પરિવાર સહિત મંત્રી સામે ગયો અને હર્ષથી ભરેલા મનવાળા નગરીના લોકો પણ સામે ગયા. (૬૮૩)

उपायनं समादाय मिलितो मंत्रिपुङ्गवः । भूरिस्नेहयुतस्तत्र पपात नृपपादयोः ॥६८४॥

મંત્રીઓમાં અંગ્રેસર એવો તે ભેટણું લઈને રાજાને મળ્યો. અને અત્યંત સ્નેહથી યુક્ત એવો તે રાજાના ચરણ કમળમાં પડયો. (૬૮૪)

भूपेनापि मुदा सोऽथा-लिङ्गितः स्नेहनिर्भरम् । कुशलप्रश्नपूर्वं च निजार्धासनमासितः ॥६८५॥

રાજાએ પણ આનંદથી સ્નેહથી ભરેલા એવો તેને ભેટીને કુશળતા પૂછવા પૂર્વક પોતાના અર્ધા આસન ઉપર

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

બેસાડ્યો. (૬૮૫)

स्नेहयुक्तगिरा राजा तमानन्द्य मुहुर्मुहुः । उपकारं हृदिध्यायन् तत्कृतं तं शसंस सः ॥६८६॥

સ્નેહવાળી વાણી વડે કરીને રાજાએ તેને વારંવાર આનંદ પમાડ્યો. અને તેણે કરેલા ઉપકારને હૃદયમાં ધારણ કરતો પ્રશંસા કરે છે. (૬૮૬)

मन्त्रिराजसमायुक्तः ससैन्यश्चलितो नृपः । पश्यन्नारामगां शोभा प्राप्तो गौपुरसन्निधौ ॥६८७॥

મંત્રીરાજ સહિત સૈન્યની સાથે રાજા ચાલ્યો. અને બગીચાની શોભાને જોતો નગરના દરવાજા પાસે આવ્યો. (૬૮૭)

धर्मसेनकुमारस्तु तदागात्सन्मुखं मुदा । पितुः पादै ननामासौ भूतलन्यस्तमस्तकः ॥६८८॥

ત્યારે ધર્મસેનકુમાર આનંદથી સન્મુખ આવ્યો. અને ભૂમિ પર મસ્તક લગાડીને પિતાને ચરણકમળમાં પ્રણામ કર્યા. (૬૮૮)

भूपेनापि स चालिङ्गि गाढं प्रणयपूर्वकम् । प्रमोदाश्रुभिरेतस्य शोषितो विरहानलः ॥६८९॥

રાજાએ પણ પ્રેમપૂર્વક ગાઢ આલિંગન કર્યું અને આનંદના આંસુથી આ પુત્રનો વિરહરુપી અગ્નિ શાંત કર્યો. (૬૮૯)

सुतरत्नं समादाय निजोत्सङ्गे महीपतिः । गजारूढ क्रमेणाथ प्रवेशं चाकरोत्पुरे ॥६९०॥

રાજા પુત્રરૂપી રત્નને ખોળામાં લઈને હાથી પર બેસીને અનુક્રમે નગરમાં પ્રવેશ કર્યો. (૬૯૦)

वादित्रैर्वाद्यमानैश्च भटानां जयजयारवैः । शब्दाद्वैतमयं कुर्वन् भूपो मन्दिरमागतः ॥६९१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Tru

વાજિંત્રો વાગતે છતે અને સેવકોના જય જય શબ્દથી નગરને અદ્વૈત કરતો રાજા મંદિરમાં આવ્યો. (૬૯૧)

सिंहासने समासीनः कृतमङ्गलकौतुकः । विसृज्य सैनिकान् सर्वान् गतः स्वान्तः पुरेऽथ सः ॥६९२॥

કરેલા છે મંગલોરૂપી કૌતુકો જાણે એવો રાજા સિંહાસન પર બેસીને બધા સૈનિકોને વિદાય કરીને તે પોતાના અંતપુરમાં આવ્યો. (૬૯૨)

दृष्टे प्राणप्रिये राज्ञी सहसाथ समुत्थिता । पादपद्मं नमस्कृत्य तस्य सा समुपाविशत् ॥६९३॥

પતિને જોતા રાણી એકદમ ઊભી થઈ. અને તે પતિના ચરણકમળને નમીને તે બેઠી. (૬૯૩)

त्रयोऽपि मिलितास्तत्र राजा राज्ञी च मंत्रिराट् । भावयामासुरानन्दा-द्दानशीलादिभावनाः ॥६९४॥

તે વખતે ત્યાં રાજા રાણી અને મુખ્યમંત્રી ભેગાં થયા અને આનંદથી દાન-શીયલ-આદિની ભાવના ભાવવા લાગ્યા. (૬૯૪)

गृहीतं तैश्च सम्यक्त्वं परिग्रहप्रमाणकम् । भद्रकत्वात् त्रयो जाता गुरुसेवापरायणाः ॥६९५॥

તે ત્રણે જણાએ સમ્યકત્વ સહિત પરિગ્રહનું પ્રમાણ ગ્રહણ કર્યું. અને સરળ હોવાથી ત્રણે જણા ગુરૂની સેવામાં તત્પર બન્યા. (૬૯૫)

पुण्यवन्तस्त्रयस्तेऽथ पुण्यं कुर्वन्त्यहर्निशम् । पालयन्ति निजं राज्यं नीत्या निर्मलमानसाः ॥६९६॥

હવે તે ત્રણેય પુણ્યશાળી જીવો રોજ પુણ્ય કાર્ય કરે છે. અને નિર્મળ મનવાળા તેઓ નીતિથી પોતાના રાજ્યનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાલન કરે છે. (૬૯૬)

अन्यदा भूपतीशेन तयोरग्रे निवेदिता । वार्ता वाञ्छितचारस्य पर्यङ्कस्य मनोहरा ॥६९७॥

કોઈક વખત રાજાએ રાણી અને મંત્રીની આગળ ઇચ્છા પ્રમાણે ગતિ કરનાર પલંગની મનોહર વાર્તા કહી. (૬૯૭)

तत् श्रुत्वा विस्मिता पद्मा-वती प्रोवाच हर्षिता । श्रृणु मे वचनं स्वामिन् यदि सत्यं तवोदितम् ॥६९८॥

તે સાંભળીને વિસ્મય પામેલી અને હર્ષિત થયેલી પદ્માવતી બોલી, હે સ્વામી ! તમારું કહેલું સાચું હોય તો મારું વચન સાંભળો. (૬૯૮)

नानाविधानि तीर्थानि विद्यन्ते शाश्वतानि हि । मण्डितानि जिनेन्द्राणां बिम्बैर्विश्वातिशायिभिः ॥६९९॥

तानि सर्वाणि लोकेऽस्मिन् वन्दनीयानि भावतः । अस्माभिः खलु लब्धायां सामग्र्यां कः प्रमाद्यति ॥७००॥ युग्मं ॥

વિશ્વમાં અતિશયવાળા જિનેશ્વરોની મૂર્તિઓથી શોભતા જુદા જુદા શાશ્વત તીર્થો ખરેખર વર્તે છે. આ લોકમાં તે સર્વે જિનબિંબોને ભાવથી વંદન કરવા જોઈએ. અમારા વડે સામગ્રી મેળવાયા પછી કોણ પ્રમાદ કરે ? (૬૯૯-૭૦૦)

राजा जगाद हे देवि मे वचो नान्यथा भवेत् । दण्डः परीक्षितः पूर्व-मधुनायं परीक्ष्यते ॥७०१॥

રાજાએ કહ્યું કે હે દેવી ! મારું વચન ફેરફાર નહીં થાય. પહેલાં મેં દંડની પરીક્ષા કરી. હમણાં પલંગની પરીક્ષા કરીએ. (૭૦૧)

अथ पूजोपकरणादि गृहीत्वा च त्रयोऽपि ते । द्रुतं पर्यङ्कमारूढा नानातीर्थनिनंसया ॥७०२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તે ત્રણે જણા પૂજના ઉપકરણો વગેરે લઈને જુદા જુદા તીર્થોમાં નમસ્કાર કરવાની ઇચ્છાથી જલ્દી પલંગ પર ચઢયા. (૭૦૨)

पर्यङ्कश्च ततोऽचाली-द्वायुवेगान्नभोऽध्वनि । गच्छन्तस्ते क्रमेणाथ प्राप्ता अष्टापदे गिरौ ॥७०३॥

ત્યાર પછી તે પલંગ વાયુના વેગથી આકાશના માર્ગમાં ચાલ્યો. અનુક્રમે જતાં તે ત્રણે અષ્ટાપદગિરિ ઉપર પહોંચ્યા. (૭૦૩)

तत्रास्ति कानकं चैत्यं पूर्वाभिमुखसंस्थितम् । गव्यूतित्रितयोत्तुङ्गं भरतेश्वरकारितम् ॥७०४॥

ત્યાં ત્રણ ગાઉ ઊંચું-ભરત રાજાએ કરાવેલું પૂર્વાભિમુખ રહેલું સોનાનું જિન ચૈત્ય છે. (૭૦૪)

द्वे बिम्बे पूर्वभागेऽत्र याम्यां चत्वारि सन्ति च । पश्चिमे दश बिम्बानि कीर्तितान्युत्तरेऽष्ट च ॥७०५॥

આ જિનમંદિરમાં પૂર્વદિશામાં બે જિનબિંબો, દક્ષિણ દિશામાં ચાર જિનબિંબો, પશ્ચિમ દિશામાં દશ જિનબિંબો અને ઉત્તર દિશામાં આઠ જિનબિંબો કહેલાં છે. (૭૦૫)

चतुर्विंशतितीर्थेश-बिम्बानीति मनोहरे । यथावर्णप्रमाणानि राजन्ते तत्र मन्दिरे ॥७०६॥

તે જિનમંદિરમાં પોતાના વર્ણ અને પ્રમાણથી શોભતા મનોહર એવા ચોવીસ તીર્થંકર ભગવંતોના બિંબો શોભે છે. (૭૦૬)

चित्रसेनो नृपो दृष्ट्वा प्रियामित्रसमन्वितः । जिनचैत्यं तदुत्तुङ्गं प्राप्तो हर्षं वचोऽतिगम् ॥७०७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चित्रसेन राजा पत्नी अने मित्रसहित ते ऊंचा जिनमंदिरने जोईने वचनथी कही न शकाय तेवा हर्षने पाम्यो. (७०७)

प्रतिमाः पूजयामासु-स्ततस्ताश्च त्रयोऽपि ते । कुङ्कुमैर्घनसारैश्च नानामाल्यैः सुगन्धिभिः ॥७०८॥

त्यार पछी ते त्रणे जणा कुंकुम-घनसार अने जुदा जुदा प्रकारनी माळाओ वडे ते प्रतिमाओनी पूजा करी. (७०८)

शक्रस्तवेन संस्तुत्य भावनातस्त्रयोऽपि ते । जिनानां पुरतश्चक्रु-र्नृत्यं वाद्यसमन्वितम् ॥७०९॥

नमुत्थुणं वडे भगवंतनी स्तुति करीने भावनाथी ते त्रणे जणा जिनेश्वर प्रभुनी आगळ वाजिंत्र सहित नृत्य करे छे. (७०९)

हर्षप्रकर्षसंयुक्ताः कुर्वाणा जिनपूजनम् । विशुद्धभावनोपेता-स्तत्र कालं कियत्स्थिताः ॥७१०॥

हर्षना समूहथी युक्त थयेला विशुद्ध भावनावाळा तेओ जिनपूजन करता त्यां केटलोक समय रह्या . (७१०)

ततस्तेऽथ विनिर्गत्य गता नन्दीश्वरं प्रति । तत्रापि तैर्जिनेन्द्राणां कृता पूजाप्रभावना ॥७११॥

त्यार पछी तेओ जिनमंदिरमांथी निकळीने नंदीश्वरद्वीप तरफ गया त्यां पण तेओओ जिनेश्वरोनी पूजा ने प्रभावना करी. (७११)

कर्पूरागुरुकस्तूरी-धनसारविमिश्रितैः । कुङ्कुमैरर्चयामासु-स्तत्रार्हत्प्रतिमाश्च ते ॥७१२॥

त्यां कपूर- अगरु- कस्तुरी- घनसारना मिश्रित वडे अने कुंकुमवडे अरिहंत प्रतिमाओनी अंगरचना करी. (७१२)

आरात्रिकं तथा चैते कृत्वा मङ्गलदीपकम् । जिनानां पुरतश्चक्रु-र्ध्वजारोपणकं मुदा ॥७१३॥

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

त्यां आरति अने मंगलदीवो करीने जिनेश्वर प्रभुओनी आगळ आनंदथी धजानुं आरोपण कर्युं. (७१३)

एवं विविधतीर्थानां कृत्वा यात्रां प्रहर्षिताः । क्रमेण ते समायाता वसन्तपुरपत्तने ॥७१४॥

એ प्रमाणे जुदा जुदा तीर्थोनी यात्रा करीने अत्यंत हर्ष पामेला तेओ अनुक्रमे वसंतपुर नगरमां आव्या. (७१४)

एवं परीक्ष्य पर्यङ्कं सम्प्राप्ता निजमन्दिरे । सुखान्यनुभवन्ति ते जिनबिम्बार्चने रताः ॥७१५॥

એ प्रमाणे पलंगनी परीक्षा करीने पोताना महेलमां आव्या, ते त्रणेय आत्माओ जिनेश्वर प्रभुनी पूजामां तत्पर बनेला जुदा जुदा सुखोने अनुभवे छे. (७१५)

पुण्यप्रभावतो राज्यं वृद्धिं प्रापद्दिने दिने । चित्रसेननरेन्द्रस्य वैरिवारविवर्जितम् ॥७१६॥

चित्रसेन राजाने पुण्यना प्रभावथी वैरिओना समूहथी रहित એवुं राज्य दिवसे दिवसे वृद्धि पामे छे.(७१६)

कियत्यपि गते काले-ऽन्यदा संसदि तस्थुषः । नृपस्याग्रे समागत्या-रामिकचेत्यवग् मुदा ॥७१७॥

केटलोक समय वीत्या पछी कोईकवार सभामां बेठेला राजा पासे आवीने बगीचाना माळीए आवीने आनंदथी आ प्रमाणे कह्युं. (७१७)

स्वामिन् मनोरमोद्याने दमसारो मुनीश्वरः । पंचज्ञानसमायुक्तः प्राप्तोऽस्ति मुनिभिर्वृतः ॥७१८॥

हे स्वामि ! मनोरम नामना उद्यानमां पांच ज्ञानथी युक्त मुनिओथी परिवरेला दमसार नामना श्रेष्ठ मुनिराज पधार्या छे. (७१८)

P.P. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

तत् श्रुत्वाथ महीनाथो वस्त्रालंकारणादिकम् । सन्तुष्टः प्रददौ तस्मै मुन्यागमनशंसिने ॥७१९॥
તે સાંભળીને ખુશ થયેલા રાજાએ મુનિના આગમનને કહેનારા માળીને વસ્ત્ર અલંકાર વગેરે આપ્યા. (૭૧૯)
कृत्वा सकलसामग्रीं राज्ञीमंत्रिसमन्वितः । चलितो भूपतिस्तत्र मुनिवन्दनहेतवे ॥७२०॥
બધી સામગ્રી તૈયાર કરીને રાણી અને મંત્રી સહિત રાજા મુનિને વંદન કરવા માટે ત્યાં ચાલ્યા. (૭૨૦)
मुनेः पादौ नमस्कृत्य परिच्छदसमन्वितः । स्थितोऽसावुचिते स्थाने विनयेन कृताञ्जलिः ॥७२१॥
પરિવાર સહિત મુનિના ચરણકમલમાં નમસ્કાર કરીને આ રાજા પોતાના યોગ્ય સ્થાને અંજલિ કરીને રહ્યો. (૭૨૧)
मुनिना मधुरध्वानैः प्रारब्धा धर्मदेशना । भवपाथोनिधेर्मध्या-त्तारणाय तरीनिभा ॥७२२॥
મુનિએ મધુર શબ્દ વડે સંસારરૂપી સમુદ્રથી તરવા માટે નૌકા જેવી ધર્મ દેશના શરૂ કરી. (૭૨૨)
कषायाः कटवो वृक्षा दुर्ध्यानं तत्प्रसूनकम् । तत्फलं पापकर्मेह परलोके च दुर्गतिः ॥७२३॥
કષાયો કડવા વૃક્ષો છે. દુર્ધ્યાન એ તેના ફુલો છે. આ લોકમાં પાપકર્મ તેનું ફલ છે અને પરલોકમાં દુર્ગતિ છે. (૭૨૩)
संसारोद्विग्नचित्तेन निर्वाणसुखमिच्छुना । कषायाः परिहर्तव्या-स्तदेतेऽनर्थकारणम् ॥७२४॥
સંસારથી ઉદ્વિગ્ન ચિત્તવાળા અને નિર્વાણ સુખની ઈચ્છાવાળાએ અનર્થને કરનારા એવા વિષયોને છોડવા જોઈએ. (૭૨૪)
अथोचे पार्थिवः सत्यं महात्मन्नेवमेव तत् । परं पुनर्ममाख्याहि कतिभेदा भवन्ति ते ॥७२५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે રાજાએ કહ્યું કે તમારૂ કહેલું સાચું છે. પરંતુ તમે મને ફરીથી કહો કે તેના કેટલા ભેદો છે ? (૭૨૫)

मुनिर्जगौ क्रोधमान-मायालोभाभिधा इमे । तथामीषां च चत्वार-श्चत्वारः खलु भेदकाः ॥७२६॥

મુનિએ કહ્યું કે ક્રોધ - માન - માયા અને લોભ આ તેના નામો અને તે ચારેના ચાર-ચાર ભેદો છે. (૭૨૬)

आद्योऽनन्तानुबन्धाख्यो-ऽप्रत्याख्यानो द्वितीयकः । प्रत्याख्यानस्तृतीयस्तु तुर्यः सञ्ज्वलनाभिधः ॥७२७॥

તેમાં પહેલો અનંતાનુબંધી નામનો છે. બીજો અપ્રત્યાખ્યાની નામનો છે. ત્રીજો પ્રત્યાખ્યાની નામનો છે. અને ચોથો સંજ્વલન નામનો છે. (૭૨૭)

निश्चलोऽचलरेखेव दारुणो दुःखदायकः । भवेत्स आदिमो राजन् कोपोऽनन्तानुबन्धकः ॥२७८॥

હે રાજન ! નિશ્ચલ પત્થરની રેખા જેવો, ભયંકર દુઃખને આપવાવાળો અનન્તાનુબંધી નામનો ક્રોધ નામનો પહેલો છે. (૭૨૮)

पृथ्वीरेखासमोऽप्रत्या-ख्यानो नाम्ना द्वितीयकः । प्रत्याख्यानस्तृतीयस्तु रेणुरेखासमो मतः ॥७२९॥

પૃથ્વીની રેખા જેવો અપ્રત્યાખ્યાન નામનો બીજો ક્રોધ, છે અને રેતીની રેખા જેવો પ્રત્યાખ્યાન નામનો ક્રોધ ત્રીજો માનેલો (કહેલો) છે. (૭૨૯)

तुर्यः सञ्ज्वलनो नीर-रेखातुल्यः प्रकीर्तितः । एवं मानोऽप्यस्थिकाष्ठ-वेत्राश्मस्तम्भसन्निभः ॥७३०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चोथो संज्वलन नामनो पाणीनी रेखा जेवो, क्रोध कहेलो छे, ए प्रमाणे मान पण पत्थरनो थांभलो हाडकानो थांभलो- लाकडानो थांभलो अने नेतरना थांभला जेवो कह्यो छे. (७३०)

माया वंशमेषश्रृंग-गवां मूत्रावलेहिवत् । लोभः कृमिरागपङ्क-ञ्जनहारिद्रारागवत् ॥७३१॥

ते ज प्रमाणे माया पण वांसना मूळिया घेटाना शिंगडा जेवी-लाकडाना छोतरां अने गायना मूत्र सरखी छे. अने लोभ किरमजीनो रंग-कादवनो रंग-अंजननो रंग अने हळदरना रंग जेवो छे. (७३१)

जन्मवर्षचतुर्मास-स्थितयस्ते क्रमात् त्रयः । तुर्यपक्षस्थितिस्ते च श्वभ्रादिगतिहेतवः ॥७३२॥

ते चारे कषायो अनुक्रमे जन्मपर्यंत-वर्ष पर्यंत-चातुर्मास पर्यंत अेक पक्षपर्यंत रहेवावाळा-नरक गति वगेरेनो हेतु छे. (७३२)

एवं कषायास्ते राजन् षोडशापि प्रकीर्त्तिताः । गाढगाढतरारम्भ-कारिणां ते क्रमात्स्मृताः ॥७३३॥

अे प्रमाणे हे राजन् ! ते कषायो सोळ प्रकारे (भेदवाळा) कह्यां छे. अने ते अनुक्रमे गाढ अने अत्यंत गाढ आरंभ समारंभ करनाराओने कहेलां छे. (७३३)

स्तोका अपि कषायास्ते भवन्ति दुःखदायकाः । ततश्चाल्पोऽपि नो कार्यः कषायो नृपते त्वया ॥७३४॥

थोडा पण कषायो दुःखने आपवावाळा बने छे माटे हे राजन् तमारे थोडो पण कषाय न करवो. (७३४)

राजन्नल्पीयसोऽपि स्याद् दुष्कृतस्य फलं महत् । मित्रानन्दादिसत्त्वानां यथा दृष्टं मनीषिभिः ॥७३५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હે રાજન્ કરેલા થોડા પણ દુષ્કૃતનું ફળ મોટું થાય છે. મિત્રાનંદ વગેરે જીવોનું દ્રષ્ટાંત વિદ્વાન પુરૂષોએ જે રીતે જાણ્યું છે. (૭૩૫)

मित्रानन्दादयः केऽमी इत्युक्ते भूभुजा पुनः । दमसारो मुनिः स्माह तत्कथां श्रृणुताखिलाम् ॥७३६॥

મિત્રાનંદ વગેરે કોણ છે ? એ પ્રમાણે રાજાએ પૂછ્યું ત્યારે દમસાર મુનિ બોલ્યા કે તેની સંપૂર્ણ કથા સાંભળો. (૭૩૬)

सुरलोकसमानर्द्धि-नानाजनमनोहरम् । अस्तीहामरतिलकं नगरं भुवि विश्रुतम् ॥७३७॥

દેવલોક સમાન રિધ્ધિવાળું-જુદા જુદા પ્રકારના લોકોથી મનોહર પૃથ્વીમાં પ્રસિદ્ધ એવું અમરતિલક નામનું નગર છે. (૭૩૭)

तत्र लोका वसन्तिस्म मूकाः परविकत्थने । परस्त्रीवीक्षणे चान्धाः पङ्गवोऽन्यधनग्रहे ॥७३८॥

ત્યાં તે નગરમાં પારકાની વિકથામાં મૂંગા, પરસ્ત્રી જોવામાં અંધ અને પારકાનું ધનગ્રહણ કરવામાં પાંગળાં લોકો રહે છે. (૭૩૮)

रूपलक्ष्म्यातिशायिन्या-ऽभिभूतमकरध्वजः । मकरध्वजनामाभूद् भूपतिस्तत्र विक्रमी ॥७३९॥

રૂપરૂપી લક્ષ્મીની અતિશયતાથી પરાભવ કર્યો છે કામદેવનો જેણે એવો મકરધ્વજ નામનો પરાક્રમી રાજા ત્યાં છે. (૭૩૯)

इन्द्रस्य प्रभुता प्रतापनिचयः सूर्यस्य बुद्धिर्गुरो-र्वाणी चन्दनशीतला गतिरथो दन्तावलेन्द्रस्य हि।
धैर्यं मेरुगिरेर्बलं मृगपतेः कीनाशकोपोऽरिषु, रूपं मन्मथसन्निभं सहजतस्त्वेते गुणा भूभुजः ॥७४०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઈન્દ્રની પ્રભુતા-સૂર્યના પ્રતાપનો સમૂહ-બૃહસ્પતિની બુદ્ધિચંદન જેવી શીતલવાણી, ઐરાવણ હાથીની જેવી ચાલ, મેરુ પર્વત જેવું ધૈર્ય-સિંહના જેવું બળ-શત્રુઓના માટે યમ જેવો કામદેવના જેવું રૂપ. રાજાના આ સ્વાભાવિક ગુણો હોય છે. (૭૪૦)

राज्यां मदनसेनायां पद्मकेसरनामकः । तस्य पद्मसरः स्वप्न-सूचितस्तनयोऽभवत् ॥७४१॥

રાણી મદનસેનાને વિષે પદ્મસરોવરના સ્વપ્નથી સૂચિત પદ્મકેશર નામનો પુત્ર થયો. (૭૪૧)

राज्ञो राज्ञा तयान्येद्यु-र्विवृण्वत्या शिरोरुहान् । विलोक्य पलितं दूत आगादेवेति जल्पितम् ॥७४२॥

રાણીએ રાજાના વાળને ઓળતાં માથામાં સફેદવાળને જોઈને દૂત આવ્યો એ પ્રમાણે કહ્યું. (૭૪૨)

श्रुत्वेति भ्रान्तचित्तस्य कुर्वतश्च दिगीक्षणम् । तस्य राज्ञस्तया शीर्षे श्वैतकेशः प्रदर्शितः ॥७४३॥

આ પ્રમાણે સાંભળીને ભ્રાંત ચિત્તવાળા દિશાઓને જોતા રાજાને રાણીએ તેના માથામાં સફેદ વાળ બતાવ્યો. (૭૪૩)

यतः-अङ्गं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डं । वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुञ्चत्याशापिण्डम् ॥७४४॥

જેથી કહ્યું છે કે-અંગો ગળી જાય, માથા પર સફેદવાળ થઈ જાય. મોઢું દાંત વગરનું બની જાય. પછી ઘરડો થયેલો માણસ લાકડી ગ્રહણ કરીને ચાલે તો પણ આશાઓના સમૂહને છોડતો નથી. (૭૪૪)

पटु रटति पलितदूतो मस्तकमागत्य सर्वलोकस्य । परिभवतो जरामरणे कुरु धर्मं विरम पापेभ्यः ॥७४५॥

સર્વ લોકોના મસ્તક પર રહેલો સફેદ વાળ બોલે છે કે ઘડપણ અને મરણમાં પરાભવ પામતાં ધર્મને કરો અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાપોથી અટકો. (૭૪૫)

दूतोऽयं धर्मराजेन प्रेषितः पलितच्छलात् । आगच्छति जराकृत्यं कुरुष्वेति वदन्निव ॥७४६॥

ધર્મરાજાએ ધોળા વાળના બહાનાથી આ દૂતને મોકલ્યો છે. તે દૂત ઘડપણનું કાર્ય કરો એ પ્રમાણે બોલતો આવે છે. (૭૪૬)

ततश्च पार्थिवो दध्यौ पूर्वजैर्मे महात्मभिः । अदृष्टपलितैरेव धर्मसेवा व्यधीयत ॥७४७॥

તેથી રાજાએ વિચાર કર્યો કે પૂર્વે થઈ ગયેલા મારા પૂર્વજોએ ધોળો વાળ આવ્યા પહેલાં જ ધર્મસેવા કરી હતી. (૭૪૭)

धिग्मां स्वपूर्वजानां च स्थितिविच्छेदकारिणम् । लुब्धो मूढोऽहमद्यापि विषयेषु हहास्मि हा ॥७४८॥

અને પોતાના પૂર્વજોની સ્થિતિનો વિચ્છેદ કરનાર એવા મને ધિક્કાર હો. ખરેખર ખેદની વાત છે કે મૂર્ખ એવો હું હજુ પણ વિષયોમાં લોભાયો છું. (૭૪૮)

इति चिन्ताविवर्णास्यं पतिं दृष्ट्वा सनर्मवाक् । उवाचैवं पुना राज्ञी अजानाना तदाशयम् ॥७४९॥

એ પ્રમાણે ચિંતાથી ઉદાસીન મુખવાળા પતિને જોઈને તેના આશયને નહિ જાણતી કટાક્ષયુક્ત વાણી વડે ફરીથી આ પ્રમાણે કહ્યું. (૭૪૯)

नाथ त्वं वृद्धभावेन लज्जसे यदि सर्वथा । तदाहं कारयिष्यामि पटहोद्घोषणामिमाम् ॥७५०॥

હે નાથ ! તમે જો સર્વ પ્રકારે વૃદ્ધાવસ્થા વડે લજ્જા પામતા હો તો હું આવા પ્રકારની ઘોષણા કરાવીશ. (૭૫૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यः कश्चिदवनीनाथं जराग्रस्तं वदिष्यति । भविष्यति सकोऽवश्य-मकालेऽपि यमातिथिः ॥७५१॥
જે કોઈ મનુષ્ય-રાજાને ઘરડા કહેશે તો તે મારા વડે અકાળે પણ યમરાજાનો અતિથિ થશે. (૭૫૧)

राजा प्रोवाच हे देवि किं ब्रवीष्यविवेकिवत् । जरैव मण्डनं यस्मा-द्भवेदस्माद्दृशां किल ॥७५२॥
ત્યારે રાજા બોલ્યો કે હે દેવી ! અવિવેકી મનુષ્યની જેમ શું બોલે છે ? અમારા જેવાઓને તો ઘડપણ ખરેખર શોભા કરનારું છે. (૭૫૨)

तदा श्याममुखा यूयं किमित्युक्ते तया पुनः । स तस्यै कथयामास स्वस्य वैराग्यकारणम् ॥७५३॥
ત્યારે શ્યામમુખવાળી બનેલી રાણીએ કહ્યું કે તમે શું કહો છો ? ત્યારે તે રાજાએ રાણીને પોતાના વૈરાગ્યનું કારણ કહ્યું. (૭૫૩)

ततश्च तनयं राज्ये संस्थाप्य प्रियया सह । तापसीभूय राजासौ वनवासमशिश्रयत् ॥७५४॥
ત્યાર પછી પુત્રને રાજ્ય પર સ્થાપન કરીને પત્નીની સાથે તાપસ થઈને આ રાજાએ વનવાસનો આશ્રય કર્યો. (૭૫૪)

गूढगर्भा तु सा राज्ञी सम्प्राप्ता तापसव्रतम् । वर्द्धमानेऽथ गर्भेऽस्या अवर्द्धिष्टोदरं क्रमात् ॥७५५॥
ગુપ્તગર્ભવાળી તે રાણીએ તાપસ વ્રતને લીધું અને ગર્ભવૃદ્ધિ પામતાં આ રાણીનું પેટ વધવા માંડયું. (૭૫૫)

किमेतदिति पृष्टा च साचख्यौ तद्यथातथम् । पत्युः कुलपतेः सोऽपि व्रतदूषणभीरुकः ॥७५६॥
વ્રત ભંગના ભયથી આ શું છે ? એમ તાપસે પૂછતાં રાણીએ પતિ-રાજાને સાચી હકીકત જણાવી. (૭૫૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तापसीभिः पाल्यमाना समये सुषुवेऽथ सा । सुतं देवकुमाराभं शुभलक्षणशोभितम् ॥७५७॥
તાપસીઓ વડે પાલન કરાતી તે રાણીએ યોગ્ય સમયે શુભ લક્ષણોથી શોભતાં દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. (૭૫૭)

तस्याश्चानुचिताहारा-द्रोगोऽभूद्दारुणस्तनौ । अचिन्तयंश्च दुःखार्ता-स्ते तपोधनतापसाः ॥७५८॥
તે રાણીને પ્રતિકુળ આહાર ખાતાં તેના શરીરમાં ભયંકર રોગ થયો. અને દુઃખથી પીડા પામેલા તપોધન-તાપસો વિચારવા લાગ્યા. (૭૫૮)

गृहिणामपि दुष्पाल्यो बालः स्याज्जननीं विना । तन्मातरि विपन्नायां कथं पाल्योऽयमर्भकः ॥७५९॥
માતા વગર ગૃહસ્થોને પણ બાળક દુઃખે કરીને પાલન કરી શકાય છે. તેથી તેની માતા મરી ગયા પછી આ બાળકને કેવી રીતે પાલન કરવો ? (૭૫૯)

वणिगुज्जयिनीवासी वाणिज्येन परिभ्रमन् । तदा तत्राययौ देव-धराख्यो दैवयोगतः ॥७६०॥
ઉજ્જયિની નગરીનો રહેવાસી વાણિજ્યના ધંધા વડે પરિભ્રમન્ કરતો દૈવના યોગથી દેવધર નામનો વણિક ત્યાં આવ્યો. (૭૬૦)

सोऽथ तापसभक्तत्वा-त्तान् प्रणम्य तपस्विनः । दृष्ट्वा चिन्तातुरानेष पप्रच्छोद्वेगकारणम् ॥७६१॥
હવે તે વણિક તાપસની ભક્તિથી તે તપસ્વીઓને પ્રણામ કરીને તેઓને ચિંતાથી વ્યાપ્ત જોઈને ઉદ્વેગનું કારણ

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Tr

પૂછ્યું. (૭૬૧)

ऊचे कुलपतिश्चेत्त्व-मस्मदद्दुःखेन दूयसे । तदामुं बालकं श्रेष्ठि-न्नस्मद्दत्तं गृहाणभोः ॥७६२॥

ત્યારે કુલપતિએ કહ્યું કે જો તું અમારા દુઃખથી દુઃખી થયો હોય તો હે શ્રેષ્ઠી ! અમારો આપેલો આ બાળક તું ગ્રહણ કર. (૭૬૨)

ततस्तेन गृहीत्वा स स्वभार्यायै समर्पितः । देवसेनाभिधानायै प्रसूतायै सुतां पुरा ॥७६३॥

ત્યારે તેણે તે બાળકને લઈને જેણે પહેલાં દેવસેના નામની પુત્રીને જન્મ આપ્યો છે તેવી પોતાની પત્નીને તે બાળક સોંપ્યો. (૭૬૩)

देवी मदनसेना सा स्थानप्राप्तं विलोक्य तं । रोगार्त्ता मृत्युमापन्ना गतचिन्ता समाधिना ॥७६४॥

રાણી મદનસેના સરસ સ્થાન પામેલા તે બાળકને જોઈને ચાલી ગઈ છે ચિંતા જેને એવી તે શાંતિથી મૃત્યુ પામી. (૭૬૪)

गृहं गतेन तेनाथ श्रेष्ठिनोत्सवपूर्वकम् । एतस्यामरदत्तश्चे-त्यभिधानं विनिर्मितम् ॥७६५॥

ઘરે ગયેલા એવા શ્રેષ્ઠિએ ઉત્સવપૂર્વક આ બાળકનું અમરદત્ત એવું નામ પાડ્યું. (૭૬૫)

तथैव निर्मितं नाम सुताया: सुरसुंदरी । अपत्ययुगलं सूतं तयेति प्रथितं पुरे ॥७६६॥

તે જ પ્રમાણે પોતાની પુત્રીનું સુરસુંદરી એવું નામ પાડ્યું. તેની પત્નીએ જોડલાને જન્મ આપ્યો એ પ્રમાણે નગરમાં જાહેર થયું. (૭૬૬)

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सागरश्रेष्ठिनः पुत्रो मित्रश्रीकुक्षिसम्भवः । सञ्ज्ञेऽमरदत्तस्य मित्रानन्दाभिधः सुहृद् ॥७६७॥
મિત્રશ્રીની કુક્ષિથી થયેલો-સાગરશ્રેષ્ઠિનો મિત્રાનંદ નામનો પુત્ર અમરદત્તનો મિત્ર થયો. (૭૬૭)
समहर्षशुचोर्नित्यं समजागरनिद्रयोः । तयोः प्रववृते मैत्री नेत्रयोरिव धन्ययोः ॥७६८॥
સાથે જ હર્ષ અને શોક કરનાર, સાથે જ જાગનાર અને સૂનાર તે બન્નેની મૈત્રી ચક્ષુની જેમ વધવા લાગી. (૭૬૮)
वर्षतुरन्यदायाता मेघाडम्बरमण्डिता । विद्युतश्चलितुं लग्ना अभितः कुलटा इव ॥७६९॥
વાદળાના આડંબરથી શોભતી વર્ષાઋતુ કોઈકવાર આવી ચારે બાજુ કુલટા સ્ત્રીની જેમ વિજળી થવા લાગી. (૭૬૯)
केकिकेकारवास्तत्र श्रुयन्ते परितोभृशम् । वियोगिनीहृदां भेदे वज्रघाता इवाभितः ॥७७०॥
વિયોગીના હૃદયને ભેદ કરનારા વજ્રઘાત જેવા મયૂરોનો ગર્જારવ ચારે બાજુથી ત્યાં સંભળાય છે. (૭૭૦)
तस्मिन् काले च तौ सिप्रा-सैकते वटसन्निधौ । क्रीडयोन्नतिकानाम्न्या रेमाते सुहृदौ मिथः ॥७७१॥
અને તે સમયે શિપ્રા નદીના કિનારે - વડના ઝાડની નજીકમાં બન્ને મિત્રો પરસ્પર ગિલ્લી-દંડા, મોઈ-દંડા નામની રમત રમે છે. (૭૭૧)
तदा चामरदत्तेन प्रणुन्नोन्नतिकाथ सा ! वटबद्धस्य चौरस्य प्रविवेश मुखान्तरे ॥७७२॥
ત્યારે અમરદત્તે નાંખેલી મોઈ વડના ઝાડ પર બાંધેલા ચોરના મોઢામાં પેંઠી. (૭૭૨)
मित्रानन्दो हसन्नूचे पश्याहो महदद्भुतम् । विवेशोन्नतिका त्वस्य मृतकस्य मुखे सखे ॥७७३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે મિત્રાનંદે હસતા કહ્યું કે હે મિત્ર ! ખરેખર અદ્‌ભુત આશ્ચર્ય જુઓ પરવશ બનેલી આ મોઈ મૃતકના મોઢામાં પેંઠી. (૭૭૩)

श्रुत्वेति कुणपेनोक्तं मित्रानन्द तवापि च । अत्रैव लम्बितस्यास्ये विक्षत्युन्नतिका ध्रुवम् ॥७७४॥

આ સાંભળીને અમરદત્તે કહ્યું કે હે મિત્રાનંદ ! આ લટકતા માણસના મોઢામાં ચોક્કસ તારી મોઈ જશે. (૭૭૪)

तत् श्रुत्त्वा मृत्युभीतोऽसौ निरुत्साहोऽवदद् द्रुतम् । पतितोन्नतिका यस्मा-न्मृतकस्य मुखे सखे ॥७७५॥

जातेयमशुचिर्नूनं तदलं क्रीडयानया । प्रत्यूचेऽमरदत्तस्तं ममाप्योन्नतिकास्त्यहो ॥७७६॥

તે સાંભળીને મૃત્યુથી ભય પામેલો ઉત્સાહ વગરનો થયેલો જલ્દી બોલ્યો હે મિત્ર ! જે કારણથી મૃતકના મોંઢામાં પડેલી મોઈ અપવિત્ર થઈ માટે હવે આ ક્રીડા વડે સર્યું ત્યારે અમરદત્તે તેને કહ્યું કે ખરેખર મારી પાસે બીજી મોઈ છે. (૭૭૫-૭૭૬)

इति प्रोक्तेऽपि तं क्रीडा-विमुखं प्रेक्ष्य भावविद । आगादमरदत्तोऽसौ मित्रयुक्तः स्वमन्दिरम् ॥७७७॥

એ પ્રમાણે કહેવા છતાં પણ ક્રીડાથી વિમુખ થયેલા મિત્રને જોઈને ભાવને જાણનાર આ અમરદત્ત મિત્ર સાથે પોતાના ઘરે આવ્યો. (૭૭૭)

द्वितीये दिवसेऽप्येनं दृष्ट्वा श्याममुखाम्बुजम् । पप्रच्छेत्यमरो मित्र किं ते दुःखस्य कारणम् ॥७७८॥

બીજે દિવસે પણ આને શ્યામમુખવાળો જોઈને અમરે પૂછ્યું કે હે મિત્ર ! તારા દુઃખનું કારણ શું છે ? (૭૭૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अतिनिर्बंधपृष्टेन तेनाप्यस्य निवेदितम् । तच्छवस्य वचो येन गोप्यं किञ्चिन्न मित्रतः ॥७७९॥
અત્યંત આગ્રહ કરીને પૂછવાથી તેણે આ શબનું વચન નિવેદન કર્યું કારણ કે મિત્રથી કંઈ પણ ગુપ્ત હોતું નથી. (૭૭૯)
तन्निशम्यामरः स्माह शबा जल्पन्ति न क्वचित । तदियं व्यन्तरक्रीडा सम्यग्विज्ञायते ननु ॥७८०॥
તે સાંભળીને અમરે કહ્યું કે કોઈપણ દિવસ મૃતક બોલતા નથી. તેથી ખરેખર આ વ્યંતર દેવતાની ક્રિડા લાગે છે. (૭૮૦)
इदं सत्यमसत्यं वा परिहासवचोऽथवा । तथापि पौरुषं कार्यं समुत्पन्ने भये जनैः ॥७८१॥
આ વચન સત્ય હોય કે અસત્ય હોય અથવા મશ્કરીનું વચન હોય તો પણ મનુષ્યોએ ભય ઉત્પન્ન થતાં પુરૂષાર્થ કરવો. (૭૮૧)
मित्रानन्दोऽवदद्देवा-यत्ते किं नाम पौरुषम् । प्रत्यूचे चामरस्तं ना-श्रौषीत्किं नु भवानदः ॥७८२॥
મિત્ર મિત્રાનંદ બોલ્યો કે દેવની પાસે પુરૂષાતન શું કામ લાગે ? અમરે જવાબ આપ્યો કે શું તે આ સાંભળ્યું નથી ? (૭૮૨)
आपन्नैमित्तिकप्रोक्ता जीवितान्तविधायिनी । शामिता पौरुषेणैव ज्ञानगर्भाख्यमंत्रिणा ॥७८३॥
નિમિત્તિયાએ કહેલી-જીવિતનો નાશ કરનારી-આપત્તિ મણ જ્ઞાનગર્ભ નામના મંત્રીએ પુરૂષાતનથી શાંત કરી. (૭૮૩)
ज्ञानगर्भः स को मन्त्री-ति मित्रेणोदितः पुनः । अमरः कथयामास तदग्रे तत्कथामिति ॥७८४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते ज्ञानगर्भ मंत्री कोण ? એ પ્રમાણે મિત્ર વડે પૂછાતાં અમરદત્ત તેની પાસે તે કથા કહેવા લાગ્યો. (૭૮૪)

अस्त्यत्र भरते धान्य-धनद्धर्या बन्धुरा पुरी । चंपेति पृथिवीख्याता लंकातुल्यामितैर्गुणैः ॥७८५॥

આ ભારત ક્ષેત્રમાં ધન-ધાન્યને સમૃદ્ધિથી ભરપૂર અને અસંખ્યગુણોથી લંકાની જેમ પૃથ્વી પર પ્રસિદ્ધ ચંપા નગરી છે. (૭૮૫)

जितशत्रुर्नृपस्तत्र कीर्तेश्च यशसो निधिः । वैरिवारगजव्रात-कुम्भपाटनकेसरी ॥७८६॥

ત્યાં તે નગરીમાં કીર્તિ અને યશનો ભંડાર-વૈરી રાજાઓના સમૂહરૂપી હાથીઓના કુંભસ્થલ ભેદવામાં કેશરી સિંહસમાન જિતશત્રુ નામનો રાજા હતો. (૭૮૬)

राज्ये सर्वेश्वरस्तस्या-भवन्मन्त्री पुरोदितः । बुद्धयावगणितो येन गुरुः स्वर्गौकसामपि ॥७८७॥

તેના રાજ્યમાં આગળ કહી ગયા સર્વમાં અગ્રેસર બુદ્ધિથી જેણે બૃહસ્પતિની પણ અવજ્ઞા કરી છે તેવો મંત્રી હતો. (૭૮૭)

भार्या गुणावलिस्तस्य पुत्रस्तत्कुक्षिसम्भवः । सुबुद्धिर्नामतश्चासी-द्रूपश्रीविजितस्मरः ॥७८८॥

તેને ગુણાવલી નામની પત્ની હતી. તેણી કુક્ષિથી ઉત્પન્ન થયેલો રૂપથી જેણે કામદેવને જીત્યો છે તેવો સુબુદ્ધિ નામનો પુત્ર હતો. (૭૮૮)

उपविष्टोऽन्यदास्थाने नृपमण्डलसेवितः । सहितो मन्त्रिवर्येण यावदासीन्महीपतिः ॥७८९॥

એક દિવસ નાના-નાના રાજાઓ વડે સેવા કરાતો મંત્રી સાથે જ્યારે રાજા સભામાં બેઠો હતો. (૭૮૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आययौ तावदष्टाङ्ग-निमित्तज्ञानपण्डितः । नृपस्य पर्षदि कश्चि-त्प्रतिहारनिवेदितः ॥७९०॥
તે વખતે કોઈ અષ્ટાંગ નિમિત્તને જાણનાર પંડિત રાજાની પર્ષદામાં આવ્યો છે એવું પ્રતીહારીએ નિવેદન કર્યું. (૭૯૦)
दत्ताशीर्वचनः गोऽथो-पविष्टो विष्टरे वरे । कियद् ज्ञानं तवास्तीति पृष्टो राज्ञेत्यभाषत ॥७९१॥
આશીર્વાદના વચન બોલીને તે પંડિત શ્રેષ્ઠ આસન પર બેઠો. તમને કેટલું જ્ઞાન છે ? એ પ્રમાણે રાજાએ પૂછ્યું ? (૭૯૧)
राजन् लाभमलाभं च जीवितं मरणं तथा । सुखं दुःखं जानामि गमनागमने नृणाम् ॥७९२॥
હે રાજન્ ! હું મનુષ્યોના લાભ અને નુકશાનને, જીવિત મરણને, સુખ-દુઃખને અને ગમનાગમનને જાણું છું. (૭૯૨)
राज्ञोचे मत्परिवार-मध्ये तु यस्य कस्यचित् । पश्यसि त्वशुभं किंञ्चि-त्पक्षान्तस्तन्निवेदय ॥७९३॥
રાજાએ પૂછ્યું. મારા પરિવારના મધ્યમાંથી જે કોઈનું પણ તું પક્ષની અંદર કંઈ પણ અશુભ જોતો હોય તે નિવેદન કર. (૭૯૩)
नैमित्तिकोऽवदद्राजन् ज्ञानगर्भस्य मन्त्रिणः । पश्यामि सकुटुम्बस्यो-पसर्ग मरणात्मकम् ॥७९४॥
ત્યારે નિમિત્તિયો બોલ્યો કે જ્ઞાનગર્ભ મંત્રીને કુટુંબ સહિત મરણાન્ત ઉપસર્ગ હું જોઉં છું. (૭૯૪)
तत् श्रुत्वा पीडितो राजा राजलोकस्तथाखिलः । अन्तर्दूनस्तथा मन्त्री तत्कालं स ययौ गृहम् ॥७९५॥
તે સાંભળીને રાજા તથા રાજલોક પીડા પામ્યો. અંતરથી દુઃખી થયેલો મંત્રી તેજ સમયે ઘેર ગયો. (૭૯૫)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

नैमित्तिकं समाहूय तमपृच्छद्रहस्ययम् । अयि भद्र कुतो हेतो-रापदं मम पश्यसि ॥७९६॥

નિમિત્તિયાને બોલાવીને તેને આનું રહસ્ય પૂછયું, હે ભાગ્યશાળી ! તું કયા હેતુથી મારી આપત્તિ જુએ છે ? (૭૯૬)

तेनापि तं समाख्यातं भाविनी ज्येष्ठनन्दनात् । विसृष्टो ज्ञानगर्भेण सत्कृत्य स निमित्तकः ॥७९७॥

તે નિમિત્તિયાએ મોટા પુત્રથી ભાવિમાં થવા વાળી આપત્તિ કહી. જ્ઞાનગર્ભ મંત્રીએ તે નિમિત્તિયાને સત્કાર કરીને વિદાય કર્યો. (૭૯૭)

अभाणि तनयस्तेन ममादेशं करोषि चेत् । आपन्निस्तीर्यते वत्स तदियं जीवितांतकृत् ॥७९८॥

તેથી તેણે પુત્રને કહ્યું કે જો તું મારો આદેશ કરશે તો હે પુત્ર ! તે જીવિતનો અંત કરનાર આપત્તિને પાર કરી શકશે. (૭૯૮)

यदादिशति मे तातः कृत्यं कुर्वे स इत्यवक् । ज्येष्ठः पुत्रो विशेषज्ञो विनयान्नतमस्तकः ॥७९९॥

ત્યારે વિશેષને જાણનાર-વિનયથી નમેલા મસ્તકવાળા તેણે કહ્યું કે મારા પિતા જે આદેશ કરશે તે હું કરીશ. (૭૯૯)

ततः पुरुषमानायां मञ्जूषायां महामतिः । सचिवस्तं निचिक्षेप भोजनादिसमन्वितम् ॥८००॥

ત્યાર પછી મોટી બુદ્ધિવાળો તે મંત્રી પુરૂષના પ્રમાણવાળી પેટીમાં ભોજન વગેરેની સામગ્રી સાથે તે પુત્રને તેમાં રાખ્યો. (૮૦૦)

दत्ताष्टतालकां तां च महीभर्तुः समार्पयत् । देवेदं मम सर्वस्वं रक्ष्यं चेति व्यजिज्ञपत् ॥८०१॥

Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પેટીને આંઠ તાળા લગાડીને તે પેટી રાજાને સોંપી અને વિનંતિ કરી કે હે દેવ ! આમાં મારૂં સર્વસ્વ છે માટે રક્ષણ કરજો. (૮૦૧)

राजा प्रोवाच हे मंत्रि-न्निदं धर्मे नियोजय । विना भवन्तमेतेन धनेनाहं करोमि किम् ॥८०२॥

રાજાએ કહ્યું કે હે મંત્રી ! આ ધનને ધર્મમાં જોડ. તમારા વગર હું આ ધન વડે શું કરું ? (૮૦૨)

भूयोऽपि सचिवः स्माह धर्मोऽयं हि नियोगिनाम् । यत्स्वामी नैव वञ्च्यो हि विपद्यपि सुसेवकैः ॥८०३॥

ફરીથી પણ સચિવે કહ્યું કે સેવકોનો આ ધર્મ છે કે વિપત્તિમાં પણ સારા સેવકોએ સ્વામીને છેતરવો નહીં. (૮૦૩)

ततो राज्ञा प्रपन्नं त-न्मंत्री च जिनमन्दिरे । अष्टाह्निकोत्सवं चक्रे सङ्घं पूजयतिस्म च ॥८०४॥

ત્યારે રાજાએ તે વાત અંગીકાર કરી, અને મંત્રીએ જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. અને સંઘની પૂજા કરવા લાગ્યો. (૮૦૪)

दीनानाथादिसत्त्वेभ्यो ददौ दानं यथोचितम् । शान्तिमुद्घोषयामासा-भयदानं च देहिनाम् ॥८०५॥

દીન અને અનાથ મનુષ્યોને યોગ્ય દાન આપ્યું. શાંતિ તથા દેહધારી પ્રાણીઓને-અભયદાનનો પડહો વગડાવ્યો. (૮૦૫)

सन्नद्धकवचैः पुम्भि-र्विविधायुधधारिभिः । गृहं स रक्षयामास तथा हयगजादिभिः ॥८०६॥

પહેરેલા કવચવાળા અને જુદા જુદા પ્રકારના આયુધોને ધારણ કરનારા પુરૂષો વડે અને હાથી-ઘોડા વગેરે વડે ઘરનું રક્ષણ કર્યું. (૮૦૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

एवं क्रमेण सम्प्राप्ते तस्मिन् पञ्चदशे दिन । राजान्तः पुरमध्ये वा-गुदस्थादिदृशी स्फुटा ॥८०७॥
यथा हि मंत्रिणः पुत्रः सुबुद्धिर्नाम दुर्मतिः । राजपुत्र्याः केशपाशं छित्वा क्वापि ययावहो ॥८०८॥
એ પ્રમાણે અનુક્રમે પંદરમો દિવસ આવ્યો ત્યારે રાજાના અંત:પુરમાં એવી લોકવાયકા (અફવા) ચાલી કે મંત્રીનો ખરાબ બુદ્ધિવાળો સુબુદ્ધિ નામનો પુત્ર રાજકુમારીનો ચોટલો કાપીને ક્યાંક ચાલ્યો ગયો છે. (८०७-८०८)
तत् श्रुत्वा कुपितो राजा दध्यौ कर्मेदृशं व्यधात् । अतिसन्मानितो मूर्खो मुमुर्षुः सचिवात्मजः ॥८०९॥
તે સાંભળીને કોપ પામેલો રાજા વિચારવા લાગ્યો કે અત્યંત સન્માન કરાયેલા મરવાની ઇચ્છાવાળા-મૂર્ખ મંત્રી પુત્રએ આવું કાર્ય કર્યું છે. (८०९)
अस्यापराधे वध्यो मे सकुटुम्बोऽपि मंत्र्यसौ । इति स्म ज्ञापयामास पार्षद्यानखिलांस्ततः ॥८१०॥
ત્યાર પછીથી તેણે સભાના લોકોને જણાવ્યું કે આ અપરાધમાં હું કુટુંબ સહિત મંત્રીને મારી નાંખીશ. (८१०)
मन्त्रिणः परिवारोऽस्य वध्योऽथ निखिलोऽपि हि । इत्यादिश्य बलं मंत्रि-गृहे प्रापन्नराधिपः ॥८११॥
આ મંત્રીનો આખો પરિવાર વધ કરવા યોગ્ય છે એમ સૈન્યને આદેશ કરીને રાજા મંત્રીને ઘેર ગયો. (८११)
अमात्यसुभटा लग्ना योद्धुं च नृपसैनिकैः । तान्निवार्य गतो मन्त्री द्रुतं भूपस्य सन्निधौ ॥८१२॥
રાજાના સૈનિકો સાથે મંત્રીના સુભટો લડવા લાગ્યા. તેઓને રોકીને મંત્રી જલદી રાજા પાસે ગયો. (८१२)
आयातं सचिवं दृष्ट्वा-ऽभवद्राजा पराङ्मुखः । तथाप्यभिमुखीभूय स नत्वेति व्यजिज्ञपत् ॥८१३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રધાનને આવતો જોઈને રાજા બીજી દિશા તરફ કરેલા મોંઢાવાળો થયો. તો પણ સામે જઈને નમીને તેણે વિનંતિ કરી. (૮૧૩)

मया मुक्तास्ति या राजन् मञ्जूषा सा विलोक्यताम् । गृहीत्वा तद्गतं वस्तु पश्चात्कुर्या यथोचितम् ॥८१४॥

હે રાજન્ ! મેં જે પેટી મૂકી છે તે પેટીને પહેલાં જુઓ. તેમાંની વસ્તુને લઈને પછી તમને યોગ્ય લાગે તેમ કરજો. (૮૧૪)

राजा प्रोवाच वित्तेन मां विलोभ्य समीहसे । अरे त्वमात्मनो मोक्ष-मपराधे महत्यपि ॥८१५॥

ત્યારે રાજા બોલ્યો કે ધન વડે લોભાવીને મોટો ગુનો હોવા છતાં પણ તારા પુત્રનો તું મોક્ષ ઇચ્છે છે. (૮૧૫)

स जगादाथ मे प्राणास्तवायत्ता: सदैव हि । परं प्रसादो मञ्जूषा-वलोके क्रियतां मम ॥८१६॥

ત્યારે તે મંત્રી બોલ્યો કે મારા પ્રાણો હંમેશા તમારે આધીન જ છે. પરંતુ પેટી જોવા માટે મારા પર મહેરબાની કરો. (૮૧૬)

ततस्तस्योपरोधेन लोकाभ्यर्थनया तथा । नृप उद्घाटयामास मञ्जूषां लोकसाक्ष्यत: ॥८१७॥

ત્યારે તે પ્રધાનની માંગણીથી અને લોકોની વિનંતિથી લોકોની સાક્ષીએ તે પેટીને રાજાએ ઉઘાડી. (૮૧૭)

सवेणीसव्यहस्तं च खड्गयुक्तान्यहस्तकम् । समीक्ष्य मन्त्रिण: पुत्रं तत्र विस्मयमाप स: ॥८१८॥

તે પેટીમાં જમણા હાથમાં ચોટલો અને બીજા હાથમાં તલવાર સાથે મંત્રીના પુત્રને તેમાં જોઈ તે રાજા આશ્ચર્ય પામ્યો. (૮૧૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

भृशं विस्मयमापन्नः पप्रच्छ सचिवं नृपः । किमेतदिति स प्रोचे नाहं जानामि किञ्चन ॥८१९॥

અત્યંત આશ્ચર્ય પામીને રાજા મંત્રીને પૂછે છે કે આ શું છે ? ત્યારે તે મંત્રી કહે છે કે આમાં હું કાંઈપણ જાણતો નથી. (८१९)

जानात्वेव भवान् राजन् यो हि भक्तेऽपि सर्वथा । व्यलीकं चिन्तयन्मूलो-च्छेदायोपस्थितो मयि ॥८२०॥

હે રાજન્ ! તમે જ જાણો. કારણ કે ભક્ત એવા મારા ઉપર આળ મૂકીને મૂળથી ઉખેડી નાંખવા તૈયાર થયા છો ! (८२०)

परमार्थं समाख्याही-त्युक्ते राज्ञाब्रवीदसौ । स्वामिन् केनापि रुष्टेन प्रचण्डव्यन्तरादिना ॥८२१॥

निर्दोषस्यापि पुत्रस्य दोष उत्पादितो मम । अन्यथैवं गोपितस्या-वस्थास्य कथमीदृशी ॥८२२॥

આ રાજાએ કહ્યું કે પરમાર્થ કહે. ત્યારે મંત્રીએ કહ્યું કે હે સ્વામી ! કોઈક ઉગ્ર રોષ પામેલા વ્યંતર વગેરે વડે નિર્દોષ એવા મારા પુત્ર પર દોષ મૂક્યો. નહિતર ગુપ્ત રાખેલા એવા પુત્રની આવી અવસ્થા કેમ થાય ? (८२१-८२२)

आपन्नैमित्तिकेनोक्तो-पस्थिता मे सुदुस्सहा । इति ज्ञात्वा च यद्युक्तं तद्विचार्य कुरुष्व भोः ॥८२३॥

નિમિત્તિયાએ કહેલી દુસ્સહ આપત્તિ મને ઉત્પન્ન થઈ. એ પ્રમાણે જાણીને જે યોગ્ય લાગે તે વિચારીને હે પ્રભુ ! કરો. (८२३)

अभ्याधात्त्व नृपो मन्त्रिं-स्तुष्टोऽस्मि तव सर्वथा । परं कथय विज्ञातं कथमेतत्त्वया स्फुटम् ॥८२४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને રાજાએ મંત્રીને કહ્યું કે તારા ઉપર હું સર્વ રીતે ખુશ થયો છું. પરંતુ તે આ સ્પષ્ટ કેવી રીતે જાણ્યું તે કહે. (૮૨૪)

ततो नैमित्तिकपृच्छा-प्रभृत्याख्याय सोऽवदत् । सुलभा देव संसारे विपदः खलु जन्मिनाम् ॥८२५॥

તેથી તેણે નિમિત્તિયાને પૂછવા વગેરેની વાત કહીને તે બોલ્યો કે હે દેવ ! સંસારમાં મનુષ્યોને આપત્તિ આવવી સ્વાભાવિક છે. (૮૨૫)

देवमानुषतिर्यक्त्व-त्कृता एताश्चतुर्विधाः । धर्मस्यैव प्रभावेण नश्यन्ति जगतीपते ॥८२६॥

અને તે આપત્તિઓ દેવ-મનુષ્ય અને તિર્યંચ વગેરેથી થયેલી ચાર પ્રકારે હોય છે. હે રાજન્ ! ધર્મના પ્રભાવથી તે નાશ પામે છે. (૮૨૬)

राज्ये मंत्रिपदे चैव निवेश्य स्वस्वनन्दनौ । तौ तेपाते तपः पूतं प्रतिपद्यानगारताम् ॥८२७॥

રાજ્યમાં અને મંત્રીપદમાં પોતપોતાના પુત્રોને સ્થાપન કરીને સાધુપણું અંગીકાર કરીને પવિત્ર એવા તપને તે બન્ને કરવા લાગ્યા. (૮૨૭)

तन्मित्र मंत्रिणा तेन यथापल्लंङ्घितौजसा । आवामपि करिष्याव-स्तथैव तद्विषीद मा ॥८२८॥

તેથી હે મિત્ર ! જે રીતે મંત્રીએ પોતાની બુદ્ધિથી આપત્તિને દૂર કરી-તે રીતે આપણે પણ કરીશું માટે તું ખેદ ન કર. (૮૨૮)

मित्रानन्दोऽवदत्तर्हि कर्तव्यं हे वयस्य किं । स ऊचेऽन्यत्र यास्यावो मुक्त्वा स्थानमदो निजम् ॥८२९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે મિત્રાનંદ બોલ્યો કે હે મિત્ર ! તો શું કરવું જોઈએ ? તે બોલ્યો કે આ સ્થાન મૂકીને આપણે બીજા ઠેકાણે જઈએ. (૮૨૯)

तस्य चित्तपरीक्षार्थं पुनर्मित्रोऽब्रवीदिदम् । देशान्तरगतस्याङ्गे खेदस्तव भविष्यति ॥८३०॥

ફરીથી મિત્ર તેના ચિત્તની પરીક્ષા કરવા માટે આવું બોલ્યો. દેશાંતરમાં જતાં તારા શરીરમાં ખેદ થશે. (૮૩૦)

भविष्यत्येव कालेन यच्छवेन निवेदितम् । परं ते सुकुमालस्य दुःखदानं न मेऽर्हति ॥८३१॥

શબે જે કહ્યું છે તે સમયે થશે જ. પરંતુ સુકુમાલ શરીરવાળા એવા તને દુઃખ આપવું યોગ્ય નથી. (૮૩૧)

अमरः स्माह गन्तव्यं दूरदेशान्तरे ध्रुवम् । मया सौख्यमसौख्यं वा भोक्तव्यं हि त्वया सह ॥८३२॥

ત્યારે અમરદત્તે કહ્યું કે દૂર દેશાંતરમાં ચોક્કસ જવું જોઈએ. અને મારે તારી સાથે સુખ કે દુઃખ જે કાંઈ થાય તે ભોગવવું જોઈએ. (૮૩૨)

ततश्च कृतसङ्केतौ गृहान्निर्गत्य तावुभौ । जग्मतुः क्रमयोगेन पाटलीपुरपत्तनम् ॥८३३॥

ત્યાર પછી કરેલા સંકેતવાળા તે બન્ને ઘરથી નીકળીને અનુક્રમે પાટલીપુર નગરમાં ગયા. (૮૩૩)

चम्पकाशोकपुन्नाग-नारङ्गतरुमण्डितम् । पश्यतः स्म तदारामं तत्र तौ सुमनोहरम् ॥८३४॥

ત્યાં તે બન્ને જણા ચંપક-અશોક-પુન્નાગ અને નારંગીના વૃક્ષોથી શોભતા મનોહર બગીચાને જોયો. (૮૩૪)

ददर्शतुरथोत्तुङ्गं तत्रैकं जिनमन्दिरम् । सुहृदौ तौ च प्रोत्तुङ्ग-प्राकारपरिवेष्टितम् ॥८३५॥

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अने बे मित्रोओ त्यां ऊंचा किल्लाओथी विंटळायेलुं एक मोटुं जिनमंदिर जोयुं. (८३५)

मुखांघ्रिकरशौचं तौ कृत्वा पुष्करिणीजले । अन्तःप्रविश्य प्रासाद-वरशोभामपश्यताम् ॥८३६॥

वावडीनां पाणीमां मोढुं अने पगनी शुद्धि करीने अंदर जईने मंदिरनी श्रेष्ठ शोभाने जोई. (८३६)

वर्णिकाप्सरसां विश्व-कर्मणेव विनिर्मिता । ददृशेऽमरदत्तेन तत्र पाञ्चालिकैकका ॥८३७॥

विधाताओ अप्सराओमां श्रेष्ठ एवी बनावेली न होय तेवी एक पुतळी अमरदत्ते जोई. (८३७)

पश्यन्नेतामथो जातो-ऽमरः स्मरशरातुरः । विदाञ्चकार नो तृष्णां न क्षुधां न श्रमं च सः ॥८३८॥

तेने जोईने कामदेवथी व्याप्त थयेलो अमरदत्त भूख-तरस अने थाकने भूली गयो. (८३८)

मध्याह्नसमये जाते मित्रेणेति प्रजल्पितम् । आवां हि नगरं यावो येनोत्सूरं प्रजायते ॥८३९॥

मध्यान्ह समय थतां मित्रानंद मित्रने कह्युं के आपणे बन्ने नगरमां जईए. कारण के जमवानो समय वीती जाय छे. (८३९)

स स्माह ननु भो भद्र क्षणं तावद्विलंबयया । यावत्पाञ्चालिकामेतां सम्यक् पश्याम्यहं सखे ॥८४०॥

ते बोल्यो के हे भद्र ! एक क्षण ऊभो रहे जेथी हुं आ पुतळीने सारी रीते जोई लउं ? (८४०)

कुतूहलेन यारुढा तस्यास्तुङ्गे कुचस्थले । परिश्रान्तेव सा दृष्टिः स्थिता तत्रैव तस्य तु ॥८४१॥

ते पुतळीना ऊंचा स्तन उपर कुतूहलथी जे दृष्टि स्थापन करी हती. ते दृष्टि थाकेली न होय तेम त्यां स्थिर थई. (८४१)

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पुनस्तथैव मित्रेण क्षणेनोक्तो जजल्प सः । चलामि चेदितः स्थाना-त्ततो मृत्युर्भवेन्मम ॥८४२॥
ક્ષણ પછી મિત્ર મિત્રાનંદે તે જ રીતે ફરીથી કહ્યું. ત્યારે તે બોલ્યો કે જે હું આ સ્થાનથી ચાલીશ તો મારું મૃત્યું થશે. (૮૪૨)
मित्रानन्दो जगादैवं कृत्याकृत्यविदां वरः । मित्राश्मघटितायां ते कास्यां रागातिरेकता ॥८४३॥
કાર્ય અને અકાર્યનો જાણકાર શ્રેષ્ઠ મિત્ર મિત્રાનંદ બોલ્યો કે હે મિત્ર ! પત્થરથી બનાવેલી આ પુતળીમાં તને અત્યંત અનુરાગ કેમ થાય છે ? (૮૪૩)
यदि नारीरिरंसा ते तदा प्राप्तः पुरे स्वयम् । विधाय भोजनं स्वेच्छां पूरयेस्तामपि क्षणात् ॥८४४॥
જો તને નારી સાથે રમવાની ઇચ્છા હોય તો શહેરમાં જઈને ભોજન કરીને તે ઇચ્છાને ક્ષણમાં પૂરી કરજે. (૮૪૪)
एवमुक्तोऽपि तेनास्मिं-स्तस्याः पार्श्वममुञ्चति । भूरिशोकभराक्रान्तो मित्रानन्दो रुदद् भृशम् ॥८४५॥
એ પ્રમાણે કહેવા છતાં પણ તે મિત્ર તેનું પડખું મૂકતો નથી. ઘણાં શોકના સમૂહથી ભરાયેલો મિત્રાનંદ ઘણું રડયો. (૮૪૫)
रुरोदामरदत्तोऽपि स्थानं तत्तु मुमोच न । तावत्तत्राययौ श्रेष्ठी प्रसादस्यास्य कारकः ॥८४६॥
અમરદત્ત પણ ઘણું રડયો પણ તે સ્થળ મૂક્યું નહિ. તેટલામાં તે પ્રાસાદને બનાવનાર શેઠ પણ ત્યાં આવ્યો. (૮૪૬)
रत्नसाराभिधानेन तेनेदं भणितावि‌मौ । भद्रौ युवां तु नारीव किं नाम रुदथो वृथा ॥८४७॥
રત્નસાર નામના શ્રેષ્ઠીએ તે બન્નેને કહ્યું કે ભોળા એવા તમે બન્ને શા માટે સ્ત્રીની જેમ રડો છો ? (૮૪૭)

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

તાતતુલ્યસ્ય તસ્યાગ્રે કથયિત્વાદિતઃ કથામ્ । મિત્રાનન્દેન મિત્રસ્ય ચેષ્ટિતં તન્નિવેદિતમ્ ॥૮૪૮॥
પિતાના જેવા એવા તેમની પાસે મિત્રાનંદે શરૂઆતથી કથા કહીને મિત્રની ચેષ્ટા કહી. (૮૪૮)
તેનાથ બોધિતોઽપ્યેષ રાગં પાઞ્ચાલિકાગતમ્ । ન યાવદ્વિજહૌ તાવત્ સ સખેદમચિન્તયત્ ॥૮૪૯॥
જ્યારે તેના વડે સમજાવવા છતાં પણ પુતળીમાં લાગેલા રાગને મિત્ર છોડતો નથી. ત્યારે તે ખેદ સહિત વિચારવા લાગ્યો. (૮૪૯)
અપ્યશ્મનિર્મિતં પુસાં યસ્યા રુપં મનોહરેત્ । વનિતા વિશ્વમોહાય મન્યે સા વેધસા કૃતા ॥૮૫૦॥
પત્થરથી પણ બનેલી સ્ત્રીનું રુપ પુરુષોના મનને હરણ કરે છે. વિધાતાએ વિશ્વને મોહ પમાડવા માટે જ સ્ત્રી બનાવી છે. (૮૫૦)
તાવન્મૌની યતિર્જ્ઞાની સુતપસ્વી જિતેન્દ્રિયઃ । યાવન્ન યોષિતાં દૃષ્ટિ-ગોચરં યાતિ પૂરુષઃ ॥૮૫૧॥
જ્યાં સુધી સ્ત્રી પુરુષોને દષ્ટિગોચર થતી નથી ત્યાં સુધી તે મૌની-યતિ-જ્ઞાની-તપસ્વી અને જિતેન્દ્રિય રહે છે. (૮૫૧)
એવં ચિન્તાપરઃ શ્રેષ્ઠી મિત્રેણ ભણિતઃ પુનઃ । તાતાસ્મિન્ સઙ્કટે પ્રાપ્તે હ્યુ પાયં વદ કોવિદ ! ॥૮૫૨॥
જ્યાં સુધી પુરુષ ચિંતામાં તત્પર એવો શ્રેષ્ઠિ મિત્ર વડે ફરીથી કહેવાયો કે હે વિદ્વાન્ પિતા ! આ પ્રાપ્ત થયેલા સંકટનો કંઈક ઉપાય બતાવો. (૮૫૨)
તસ્મિન્ કિઞ્ચિદથોપાય-મપશ્યતિ વણિગ્વરે । મિત્રાનન્દેન તમભિ-પ્રોચે બુદ્ધિમતા પુનઃ ॥૮૫૩॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते श्रेष्ठ वणिऽने ऽंईऽ उपाय नहि देખાતાં બુદ્ધિવાળા એવા મિત્રાનંદે ऽહ્યું ऽે (८५३)

तं चेत्सूत्रकृतं वेद्मि येनैषाकारि पुत्रिका । तदेच्छापूरणोपाय-मस्य तात करोम्यहम् ॥८५४॥

હે પિતા ! આ પુતળી બનાવનાર સુથારને જો મળું તો તેની ઇચ્છા પૂર્ણ ऽરવાનો ઉપાય ऽરું. (८५४)

रत्नसारोऽब्रवीदासी-त्सूरदेवोऽत्र सूत्रकृत् । स तु कुङ्कणदेशान्तः सोपारकपुरे स्थितः ॥८५५॥

ત્યારે રત્નસાર શ્રેષ્ઠિ બોલ્યો ऽે અહિ જે સૂરદેવ નામનો સુથાર હતો તે હમણાં ऽોંऽણ દેશમાં સોપારऽ નગરમાં રહે છે. (८५५)

वेद्म्यहं तं यतश्चैत-च्चैत्यकारयितास्म्यहम् । नूनं विनिर्मिता तेन वरेयं शालभंजिका ॥८५६॥

હું તે સુથારને ઓળખું છું. ऽારણ ऽે આ ચૈત્યને બનાવનાર હું પોતે જ છું. ખરેખર તેને પુતળી સુંદર બનાવી છે. (८५६)

मित्रानन्दोऽवदत्तात रक्षेश्चेत्सुहृदं मम । गत्वा पृच्छामि तत्राह-मुदन्तं निखिलं हि तम् ॥८५७॥

ત્યારે મિત્રાનંદ બોલ્યો ऽે હે પિતા ! જો તમે મારા મિત્રનું રક્ષણ ऽરો તો હું ત્યાં જઈને તેને સર્વ વૃત્તાંત પૂછું. (८५७)

कस्या अपि स्त्रियो रूपा-नुसारं चेदियं कृता । भविष्यति तदा नूनं सेत्स्यत्यस्य समीहितम् ॥८५८॥

જો આ પુતળી ऽોઈપણ સ્ત્રીના રૂપના અનુસારે બનાવી હશે ? તો આ મિત્રનું ઇચ્છિત થશે. (८५८)

श्रेष्ठिना स्वीकृते तच्चा-मरो मित्रंप्रति जगौ । द्रुतं नायास्यसि त्व चे-त्तदा यास्यन्ति मेऽसवः ॥८५९॥

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Tru

श्रेष्ठिએ તે વાત કબૂલ કરી ત્યારે અમરદત્ત મિત્ર તરફ બોલ્યો. જો તું તુરંત જ નહિ આવે તો મારા પ્રાણો જતાં રહેશે. (८५९)

इतरः स्माह नायामि द्विमास्यन्तरहं यदि । तदा त्वयावगन्तव्यं नास्ति मन्मित्रमित्यहो ॥८६०॥

તે વખતે મિત્રાનંદ બોલ્યો કે જો હું બે મહિનામાં ન આવું તો મારો મિત્ર નથી તેમ તારે જાણવું. (८६०)

कष्टेन बोधयित्वैनं श्रेष्ठिनानुमतोऽथ सः । अखण्डितप्रयाणोऽगा-त्सोपारकपुरं क्रमात् ॥८६१॥

કષ્ટથી સમજાવીને શ્રેષ્ઠિની રજાથી અખંડ પ્રયાણ વડે તે અનુક્રમે સોપારક નગરમાં આવ્યો. (८६१)

तत्राङ्गुलीयं विक्रीय गृहीत्वा वसनादि च । ताम्बूलं स समादाय प्रययौ सूत्रकृद्गृहम् ॥८६२॥

ત્યાં વીંટીને વેચીને અને વસ્ત્ર વગેરે ગ્રહણ કરી તાંબૂલ લઈને સુથારને ઘેર ગયો. (८६२)

सश्रीक इति तेनास्य प्रतिपत्तिः कृता मुदा । शुभासनोपविष्टस्य पृष्टं चागमकारणम् ॥८६३॥

તેને લક્ષ્મીવાળો જાણીને આનંદથી તેનો આદર સત્કાર કર્યો. અને સુંદર આસન પર બેસાડીને આવવાનું કારણ પૂછયું. (८६३)

सोऽवग्देवकुलं रम्यं वाञ्छे कारयितुं त्वया । परं प्रतिकृतिं काञ्चि-त्त्वत्कृतां मे तु दर्शय ॥८६४॥

ત્યારે તે બોલ્યો કે તારી પાસે એક દેવમંદિર કરાવવા ઇચ્છું છું. તારો કરેલો કોઈક નમૂનો મને બતાવ. (८६४)

उवाच सूत्रकृच्चक्रे प्रासादो मयका वरः । पुरे पाटलीपुत्राख्ये स दृष्टो भवता न वा ॥८६५॥

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

त्यारे सुथार बोल्यो के पाटलीपुत्रनगरमां में एक मंदिर बनावेल छे. ते तमे जोयुं छे के नहि ? (८६५)

मित्रानन्दोऽवदद् दृष्टः किन्तु पाञ्चालिका वरा । प्रतिच्छंदात्कृता तत्र स्वबुद्धया रचिताथवा ॥८६६॥

त्यारे मित्रानंद बोल्यो के ते मंदिर में जोयुं छे. परंतु तेमां जे पुतळी बनावी छे ते कोईनी प्रतिकृति छे के तारी बुद्धिथी ज बनावी छे ? (८६६)

स जगादावंतीपुर्या महासेनस्य भूपतेः । सुताया रत्नमञ्जर्याः प्रतिच्छंदेन सा कृता ॥८६७॥

त्यारे ते बोल्यो के अवंतिनगरीना महासेन राजानी पुत्री रत्नमंजरीना रूप वडे ते पुतळी बनावी छे. (८६७)

पृष्ट्वा सुदिनमेष्यामी-त्युक्त्वा, सोऽगाच्चतुष्पथे । विक्रीय तानि वस्त्राणि व्यधात्पाथेयसूत्रणाम् ॥८६८॥

सारो दिवस पूछीने पछी आवीश एम कहीने ते चार रस्तामां आव्यो अने त्यां वस्त्रो वगेरे वेचीने भाथानी तैयारी करी. (८६८)

ततोऽखण्डप्रयाणोऽसौ सायमुज्जयिनीं ययौ । तत्र गोपुरपार्श्वस्थे देव्या देवकुलेऽवसत् ॥८६९॥

त्यार पछी ते अखंड प्रयाणथी सांजना उज्जयिनी पहोंच्यो. अने त्यां दरवाजा पासे देवीना मंदिरमां रात रह्यो. (८६९)

अत्रान्तरे स शुश्राव पटहोद्घोषणामिमां । यामिन्याश्चतुरो यामान् यो रक्षेन्मृतकं ह्यदः ॥८७०॥

तस्मै ददाति दीनार-सहस्रं वणिगीश्वरः । मित्रानन्देन श्रुत्वैवं पृष्टो दौवारिकस्तदा ॥८७१॥

एटलामां आ मित्रानंदे पडहो सांभळ्यो के रात्रिना चार प्रहरमां जे मनुष्य आ मृतकनुं रक्षण करशे तेने आ ईश्वरशेठ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક હજાર સોના મહોર આપશે. ત્યારે મિત્રાનંદે આ સાંભળીને દ્વારપાળને પૂછયું. (૮૭૦-૮૭૧)

दीयतेऽतिप्रभूतं स्वं कथमेतत्कृते वद । स आचख्याविवं मारी-विद्रु तास्त्यधुना पुरी ॥८७२॥

આ મૃતક માટે આટલું મોટું દાન કેમ આપે છે ? ત્યારે તે બોલ્યો કે હમણાં આ નગરી મારી રોગથી ઉપદ્રવવાળી બની છે. (૮૭૨)

अयंमार्या हतोयाव-ज्जनः श्रेष्ठिगृहेऽभवत् । तावदस्तमितः सूर्यः पिहिता च प्रतोल्यसौ ॥८७३॥

આ મારીથી મરેલો મનુષ્ય જેટલામાં શેઠના ઘરે પડેલો હતો તેટલામાં સૂર્ય અસ્ત થયો ને દરવાજો બંધ થઈ ગયો. (૮૭૩)

समर्थो रक्षितुं कोऽपि न मारीहतमित्यमुम् । ततोऽस्य रक्षणे भद्र लभ्यते प्रचुरं धनम् ॥८७४॥

આ મારી રોગથી મરણ પામેલાને રક્ષણ કરવા માટે કોઈ શક્તિશાળી નથી.. તેથી હે ભદ્ર ! તેનું રક્ષણ કરવામાં ઘણું જ ધન મળે છે. (૮૭૪)

कार्याणि धनहीनानां सिद्धयन्ति न महीतले । ध्यात्वेति मित्रानन्दोऽयं शवरक्षां प्रपन्नवान् ॥८७५॥

પૃથ્વી ઉપર ધન રહિત મનુષ્યોને કાર્યો સિદ્ધ થતા નથી. એ પ્રમાણે વિચાર કરીને મિત્રાનંદે આ શબની રક્ષા કરવાનું સ્વીકાર્યું. (૮૭૫)

तस्मै तस्य धनस्यार्ध-मर्पयित्वा शवं च तम् । शेषं प्रभाते दास्यामी-त्युक्त्वागादीश्वरो गृहम् ॥८७६॥

તે મિત્રાનંદને તે ધનનો અર્ધોભાગ તથા તે શબને સોંપીને બાકીનું સવારે આપીશ એમ કહીને ઈશ્વર શેઠ ઘરે ગયો. (૮૭૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

शाकिनीभूतवेतालो-पसर्गेषु भवत्स्वपि । रक्षितं तेन तद्रात्रौ मृतकं धीरताजुषा ॥८७७॥

ધીરતાયુક્ત તેણે રાત્રિમાં શાકિની-ભૂત-વૈતાલ વગેરેના ઉપસર્ગો થવા છતાં શબનું રક્ષણ કર્યું. (૮૭૭)

प्रभाते स्वजनैस्तच्च मृतकं भस्मसात्कृतम् । धनं मार्गयतो मित्रा-नन्दस्य ददिरे न ते ॥८७८॥

સવારે તેના સ્વજનોએ મૃતકનો અગ્નિસંસ્કાર કર્યો. તે વખતે મિત્રાનંદે ધન માગતા તેઓએ તેને ધન ન આપ્યું. (૮૭૮)

सोऽवदद्यदि राजात्र महासेनो भविष्यति ।तदा लास्याम्हं वित्त-मितुक्त्वागात्स चापणे ॥८७९॥

તે બોલ્યો કે જો અહીં મહાસેન રાજા હશે તો હું ધન લઈશ. એમ કહીને એક દુકાને ગયો. (૮૭૯)

गृहीत्वा चारुवस्त्राणि दीनारैकशतेन सः । विधाय चोद्भटं वेषं वेश्यायाः सदनं ययौ ॥८८०॥

એકસો સોનામહોરને બદલે સુંદર વસ્ત્રો લઈ-ઉદ્ભટવેશ પહેરીને તે વેશ્યાના મકાનમાં ગયો. (૮૮૦)

वसन्ततिलकानाम्न्या रूपयौवनयुक्तया । अभ्युत्थानादि सत्कारो विदधेतस्य वेश्यया ॥८८१॥

રૂપ અને યૌવનવાળી-વસંતતિલકા નામની વેશ્યાએ તેનો ઊભા થવું-આસન આપવું વગેરે સત્કાર કર્યો. (૮૮૧)

दत्तानि तेन चत्वारि दीनाराणां शतानि च । कुट्टिन्यै हर्षिता सा चा-दिदेशेति सुतां निजाम् ॥८८२॥

તેણે તેની માતાને (કુટ્ટિનીને) ચારસો સોનામહોર આપી. હર્ષિત થયેલી તેણીએ પોતાની પુત્રીને આ પ્રમાણે આદેશ કર્યો. (૮૮૨)

द्रष्टव्यो गौरवेणैष पुत्र्युदारो नरस्त्वया । यतो नरोत्तमोऽस्त्येष जङ्गमः कल्पपादपः ॥८८३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

हे पुत्री ! आ उदार पुरुषने तारे सन्मानथी जेवो कारण के आ उत्तम मनुष्य जंगम कल्पवृक्ष जेवो छे. (८८३)

ततः सा स्वयमेवास्य चक्रे स्नानादिसत्क्रियां । प्रदोषसमये वास-गृहे तस्या ययावसौ ॥८८४॥

त्यार पछी तेणीए तेनी स्नान वगेरे सेवा पोताना हाथे ज करी. सांजना समये ते तेणीना वासगृहमां गयो. (८८४)

सन्ध्यायां सामरीकल्पा कल्पितानल्पभूषणा । तत्र शय्यागते तस्मिन् गणिका सा समाययौ ॥८८५॥

सांजे पहेरेला घणा आभूषणोथी शोभती देवीनी जेवी ते शय्यामां सूतो त्यारे गणिका त्यां आवी. (८८५)

सोऽथ दध्यौ न विषया-सक्तानामिह देहिनाम् । नूनं कार्याणि सिद्धयंन्ति विचिन्त्येत्यब्रवीच्च ताम् ॥८८६॥

त्यारे ते विचारवा लाग्यो के - खरेखर विषयमां आसक्त थयेला जीवोने कार्यो सिद्ध थतां नथी. एम विचारीने तेने कह्युं. (८८६)

करोमि स्मरणं किञ्चि-द्भद्रे पट्टं समानय । इत्युक्ते सहसानीतः पट्टो हेममयस्तया ॥८८७॥

हे भोळी ! हुं कंईक स्मरण करुं छुं. माटे पाट लाव. एे प्रमाणे कहेवाथी तेणीए तुरत ज सोनानो पाट लावीने आप्यो. (८८७)

तत्रोपविश्य निबिडं कृत्वा पद्मासनं तथा । वस्त्रेणाच्छाद्य चाङ्गं स्वं सोऽस्थाद् बुद्धिमतां वरः ॥८८८॥

उत्तम बुद्धिवाळा तेणे सुवर्णना पाट पर बेसी गाढ पद्मासन करी. वस्त्र वडे पोताना अंगने ढांकीने पोते स्थिर रह्यो. (८८८)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

एवं ध्यानपरस्यास्य सकलापि गता निशा। प्रभाते स समुत्थाय देहचिन्ताकृते ययौ ॥८९०॥
એ પ્રમાણે ધ્યાનમાં તત્પર એવા તેની આખી રાત્રિ પસાર થઈ. અને સવારે ઊભો થઈને તે દેહચિંતા કરવા માટે ગયો. (૮૯૦)

उदन्तेऽथ तयाख्याते पुनः सा भणिताक्रया। सर्वथा सेवनीयोऽयं हे पुत्रि। त्वकया नरः ॥८९१॥
હવે સવારે તેનો વૃત્તાંત કહેતાં તે અકકાએ કહ્યું કે હે પુત્રી ! તારે તે જ પુરૂષ સર્વથા સેવવા યોગ્ય છે. (૮૯૧)

अस्मिंश्च कामिते वित्तं स्थिरमेतद्भविष्यति। अन्यथा भद्रशीर्षे च तत्प्रसूनमिवास्थिरम् ॥८९२॥
આ પ્રસન્ન થતાં આ ધન સ્થિર થશે. નહીંતર મસ્તક પર રહેલાં તે ફુલની જેમ અસ્થિર થશે. (૮૯૨)

द्वितीयापि निशा तस्या अतिक्रान्ता तथैव हि। ततस्तं कुट्टिनी रुष्टा सोपालम्भमदोऽवदत् ॥८९३॥
બીજી રાત્રિ પણ તેણીની તેવી જ રીતે પસાર થઈ. તેથી કોપ પામેલી કુટ્ટિની તેને ઉપાલંભ સહિત બોલી. (૮૯૩)

भद्रे मां मम पुत्रीं त्व भूपानामपि दुर्लभाम्। विडम्बयसि किं नामा-नुरक्तांमप्यकामयन् ॥८९४॥
હે ભાગ્યશાળી ! રાજાઓને પણ દુર્લભ એવી અને તને ચાહતી મારી પુત્રીને નહીં ઇચ્છતો એવો તું શા માટે હેરાન કરે છે ? (૮૯૪)

कुट्टिन्या वचनं सोऽथ श्रुत्वा नीतिविशारदः। मित्रानन्दो निजे चित्ते चिन्तयामासिवानिति ॥८९५॥
કુટ્ટિનીનું વચન સાંભળીને નીતિમાં ચતુર એવો મિત્રાનંદ પોતાના ચિત્તમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો. (૮૯૫)

Punyaratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

या विचित्रविटकोटिनिधृष्टा मद्यमांसनिरतातिनिकृष्टा । कोमला वचसि चेतसि दुष्टा तां भजन्ति गणिकां न विशिष्टाः ॥८९६॥

જે વેશ્યાઓ જુદા જુદા પ્રકારના કરોડો લુચ્ચાઓ વડે ભોગવાઈ છે. અને જે મદ્ય-માંસમાં અત્યંત આસક્ત છે, નિર્દય છે, જે વચનમાં કોમળ છે અને હૃદયથી દુષ્ટ છે એવી વેશ્યાઓને વિદ્વાનો સેવતા નથી. (૮૯૬)

वेश्यासौ मदनज्वाला रूपेन्धनसमन्विता । कामिभिर्यत्र हूयन्ते यौवनानि धनानि च ॥८९७॥

આ મદનજ્વાળા વેશ્યા રૂપરૂપી લાકડાવાળી છે. તેમાં કામીઓ પોતાનાં ધન અને યૌવનને હોમી દે છે. (૮૯૭)

इति ध्यात्वावदत्सोऽथ करिष्ये समये शुभम् । किन्तु पृच्छामि राज्ञस्ते प्रवेशोऽस्ति गृहे न वा ॥८९८॥

એ પ્રમાણે વિચારીને તે બોલ્યો. યોગ્ય સમયે શુભ કરીશ. પરંતુ હું તને પૂછું છું કે તારો રાજાના ઘરમાં પ્રવેશ છે કે નહીં ? (૮૯૮)

सोवाच वत्स मे पुत्री राज्ञश्चामरधार्यसौ । तेन तस्य गृहे नित्यं सा यात्यवारिता ॥८९९॥

ત્યારે તેની માતા કુટ્ટિન્નીની બોલી કે મારી પુત્રી રાજાની ચામરધારિણી છે. તેથી તેના ઘરમાં તે હંમેશા રોકટોક વગર જાય છે. (૮૯૯)

सोऽवक् तदास्य तनयां नाम्ना किं रत्नमञ्जरीम् । त्वं जानासीति पृष्टा सा-वदत्सा मत्सुतासखी ॥९००॥

ત્યારે તે મિત્રાનંદ બોલ્યો કે તેની પુત્રી રત્નમંજરીને તું ઓળખે છે ? ત્યારે તે કુટ્ટિન્ની બોલી મારી પુત્રી તેની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહેનપણી છે. (૯૦૦)

मित्रानन्दोऽवदत्तर्हि वाच्यं इति त्वया । भद्रे गुणोत्करः पठय-मानो यस्य श्रुतस्त्वया ॥९०१॥

ત્યારે મિત્રાનંદ બોલ્યો તારે તે પુત્રીને કહેવું છે કે હે ભદ્રે ! જેના ગુણોનો સમૂહ હંમેશા સંભળાય છે. (૯૦૧)

जातानुरागया यस्य लेखश्च प्रहितस्त्वया । तस्याहोऽमरदत्तस्या-गतोऽस्ति सुहृदित्यलम् ॥९०२॥

प्रतिश्रुत्याथ तत्कार्यं सा तस्या अन्तिकं ययौ । तया च हृष्टवदना दृष्टा पृष्टैवमब्रवीत् ॥९०३॥

જેના પ્રેમથી તેં લેખ મોકલ્યો છે તે અમરદત્તનો મિત્ર અહીં આવ્યો છે. તે તેની વાત અંગીકાર કરીને કુમારી પાસે ગઈ. તે કુમારીએ તેને હર્ષિતવદનવાળી જોઈને પૂછયું. (૯૦૨-૯૦૩)

अहं हि त्वत्प्रियोदन्त-मद्य तुभ्यं निवेदितुम् । आगतास्मीति श्रुत्वा सा जगौ हृष्टा नृपात्मजा ॥९०४॥

હું તને આજે તારા પ્રિયના સમાચાર કહેવા આવી છું. તે સાંભળીને હર્ષિત થયેલી રાજપુત્રી બોલી. (૯૦૪)

कोऽसौ मम प्रिय इति तयोक्ते सा न्यवेदयत् । वृत्तान्तमखिलं तस्य मित्रानन्दमुखात् श्रुतम् ॥९०५॥

તે મારો પ્રિય કોણ ? એમ તેણીના વડે બોલાતાં તેણીએ મિત્રાનંદના મુખેથી સાંભળેલો આખો વૃત્તાંત કહ્યો. (૯૦૫)

तन्निशम्याथ सा दध्या-वेतध्धूर्तविजृम्भितम् । अद्यावधि मया लेखः कस्यापि प्रहितोऽस्ति न ॥९०६॥

તે સાંભળીને કુમારી વિચારવા લાગી કે આ કોઈક લુચ્ચાની કરામત છે. આજ સુધીમાં મેં કોઈને પણ કાગળ લખ્યો નથી. (૯૦૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

परं येनेदृशी कूट-रचना विहितास्ति वै । पश्यामि तमहं दृष्टये-त्यालोच्यासौ तयोदिता ॥९०७॥
પરંતુ જેને આવી કપટની રચના ગોઠવી છે. તેને હું નજરથી જોઉં એમ વિચારીને તે બોલી. (૯૦૭)
गवाक्षेणामुना सोऽद्या-नेतव्यः पुरुषस्त्वया । मम प्रियस्य सन्देश-लेखयुक्तो महामते ॥९०८॥
હે બુદ્ધિશાળી સખિ ! મારા પ્રિયના કાગળ સાથે તે પુરૂષને તારે આજે આ ગોખથી અહીં લાવવો. (૯૦૮)
अथागत्य स्वगेहे सा कुट्टिनी हर्षपूरिता । तदुक्तं कथयामास मित्रानन्दस्य धीमतः ॥९०९॥
હવે હર્ષથી ભરાઈ ગયેલી તે વેશ્યાપુત્રી ઘરે આવીને તેણીએ કહેલું બુદ્ધિશાળી મિત્રાનંદને કહ્યું. (૯૦૯)
निनाय निशि तं साथ राजमन्दिरसन्निधौ । प्राकारसप्तं दुर्लङ्घ्य-मिदं तस्मै शशंस च ॥९१०॥
હવે તે વેશ્યાપુત્રી તે મિત્રાનંદને રાજમહેલ પાસે લઈ ગઈ. અને આ સાત કિલ્લાઓ ઓળંગવા અઘરા છે એમ કહ્યું. (૯૧૦)
कन्यावासगृहं पृष्ट्वा मित्रोऽथ विससर्ज तां । स्वयं कपिरिवोत्प्लुत्य प्राविशच्च नृपालये ॥९११॥
રાજકન્યાનું વાસભુવન પૂછીને તે વેશ્યાપુત્રીને મિત્રાનંદે વિસર્જન કરી. અને તે પોતે વાંદરાંની જેમ કૂદીને રાજમહેલમાં ગયો. (૯૧૧)
प्राकारोल्लङ्घनं तं च कुर्वन्तं वीक्ष्य कुट्टिनी । महावीरोऽयमित्यन्त-र्ध्यायन्ती सा गृहं ययौ ॥९१२॥
વેશ્યા તેને કિલ્લાઓનું ઉલ્લંઘન કરતો જોઈને આ માણસ અત્યંત બળવાન્ છે એમ વિચારતી પોતાના ઘેર ગઈ. (૯૧૨)

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

मित्रानन्दोऽप्यथारूढो राजपुत्र्या निकेतने । सुष्वाप सापि तद्वीर-चर्यामालोकय कैतवात् ॥९१३॥
મિત્રાનંદ પણ તેના વાસગૃહમાં ગયો. અને તે રાજપુત્રી પણ તે વીરપુરૂષની ચેષ્ટા જોઈને કપટથી સૂઈ ગઈ. (૯૧૩)

कटकं राजनामाङ्कं स तद्धस्तादुपाददे । चक्रे क्षुरिकया वीर-स्तज्जङ्घयां च लक्षणम् ॥९१४॥
તેણે રાજાના નામવાળો કડો તેના હાથમાંથી લઈ લીધો અને તેણે તેણીની જંઘમાં તે છરી વડે નિશાન કર્યું. (૯૧૪)

तेनैव विधिना सोऽथ निर्गत्य नृपमन्दिरात् । सुप्तो देवकुले क्वापि दध्यौ चैवं नृपात्मजा ॥९१५॥
આવ્યો હતો તે જ રીતે તે રાજમંદિરમાંથી નીકળીને કોઈક દેવકુળમાં જઈને સૂઈ ગયો. ત્યારે રાજપુત્રી વિચારવા લાગી કે. (૯૧૫)

न सामान्यः पुमानेष चरित्रेणामुना ध्रुवम् । तन्मया न कृतं साधु नायं सम्भाषितो यतः ॥९१६॥
આ ચરિત્ર વડે કરીને આ પુરૂષ સામાન્ય લાગતો નથી. મેં એને બોલાવ્યો નહીં તે સારું ન કર્યું. (૯૧૬)

अनया चिन्तया रात्रिं गमयित्वा निशात्यये । निद्रामवाप्य सा बाला सुप्ता तत्र निजे गृहे ॥९१७॥
આ ચિંતા કરતા રાત્રિ પસાર કરીને વહેલી સવારે ઊંઘ આવવાથી તે રાજપુત્રી પોતાના મહેલમાં સૂઈ રહી. (૯૧૭)

मित्रानन्दस्तदोत्थाय गत्वा भूपतिवेश्मनि । अहो अन्याय इत्युच्चैः पूत्करोतिस्म बुद्धिमान् ॥९१८॥
ત્યારે બુદ્ધિશાળી એવો મિત્રાનંદ ઉઠીને રાજાના મહેલમાં જઈને અહો અન્યાય-અન્યાય એમ જોરથી બોલવા લાગ્યો. (૯૧૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

राजादिष्टप्रतिहारा-कारितो नृपसन्निधौ । गत्वा नत्वा नृपं मित्रा-नन्दोऽथैवं व्यजिज्ञपत् ॥९१९॥

રાજાએ આજ્ઞા આપેલા ચોકીદાર દ્વારા તે રાજા પાસે લઈ જવાયો. ત્યાં નમીને મિત્રાનંદે રાજાને આ પ્રમાણે વિનંતિ કરી. (૯૧૯)

प्रचण्डशासने देव त्वयि सत्यपि भूपतौ । वणिजा परिभूतोह-मीश्वरेण विदेशगः ॥९२०॥

આપના જેવા ઉગ્ર શાસનવાળા રાજા હોવા છતાં પણ પરદેશી એવા મને ઈશ્વર નામના શેઠે છેતર્યો છે. (૯૨૦)

राज्ञा च कथमित्युक्तः कथयामास तस्य सः । द्रव्यालाभावसानां तां शबरक्षणानां कथां ॥९२१॥

રાજાએ તેને પૂછ્યું કેમ ? ત્યારે તેણે દ્રવ્યના લાભ સુધીની શબના રક્ષણની વાર્તા કહી. (૯૨૧)

ततश्च ज्ञापितं राज्ञा-रक्षकेभ्य इति स्फुटम् । सोऽत्र बद्ध्वा दुराचारो वणिगानीयतामिति ॥९२२॥

ત્યારે રાજાએ સૈનિકોને પ્રગટ રીતે આદેશ આપ્યો કે તે દુરાચારી વણિકને અહીં બાંધીને લાવો. (૯૨૨)

ज्ञातव्यतिकरः सोऽथ स्वयमेत्य नृपांतिकम् । दीनारानर्पयत्तस्य नृपं चैव जगाद च ॥९२३॥

તેણે પણ તે વાત જાણીને પોતાની જાતે જ રાજા પાસે આવીને તે (બાકીની) સોનામહોરો આપી અને રાજાને આમ કહ્યું. (૯૨૩)

तस्मिन् काले मया देव शोकाकुलितचेतसा । शवकृत्यविहस्तेन दत्तमस्य धनं न हि ॥९२४॥

હે દેવ ! તે સમયે મેં શોકથી વ્યાકુળ ચિત્ત વડે શબના કાર્યની વ્યગ્રતાથી મેં તેને ધન આપ્યું ન હતું. (૯૨૪)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

लोकाचारेण दिवस-त्रितयं विगतं ततः । द्रव्यदानविलम्बेऽत्र दोषः को नाम मे प्रभो ॥९२५॥
ત્યાર પછી લોકવ્યવહારના કાર્યમાં ત્રણ દિવસ ગયા. તેથી હે દેવ ! ધન આપવામાં મોડું થયું તેમાં મારો શો દોષ ? (૯૨૫)

निर्दोष इति भूपालो वणिजं विससर्ज तम् । मित्रानन्दं च पप्रच्छ शवरक्षणजां कथां ॥९२६॥
રાજાએ તે વણિકને નિર્દોષ જાહેર કરીને તેને વિદાય કર્યો. અને મિત્રાનંદને શબના રક્ષણની કથા પૂછી. (૯૨૬)

सोऽवददेव यद्यस्ति भवतोऽत्र कुतुहलम् । तदैकमानसीभूय श्रृणु त्वं कथयाम्यहम् ॥९२७॥
તે બોલ્યો કે હે દેવ ! જો આપને તેમાં કૂતુહલ હોય તો એક તાન થઈને સાંભળો. હું કથા કહું છું. (૯૨૭)

तदाहं धनलोभेनां गीकृत्य शवरक्षणम् । यावदस्थामप्रमत्तो गृहीत्वा क्षुरिकां करे ॥९२८॥
ત્યારે મેં ધનના લોભથી શબનું રક્ષણ કરવાનું અંગીકાર કરીને જેટલામાં હાથમાં છરી લઈને સાવધાનપણે ઊભો રહ્યો. (૯૨૮)

गतेऽथ प्रथमे यामे रात्रेराविरभूत्तदा । स्फोटयन्निव ब्रह्माण्डं प्रचण्डः फैरवो रवः ॥९२९॥
તેટલામાં રાત્રિનો પ્રથમ પહોર પૂર્ણ થતાં બ્રહ્માંડને ફોડી નાંખે તેવો ભયંકર ફુંકારવ થયો. (હવા સાથેનો શબ્દ) (૯૨૯)

ज्वलद्दावानलज्वाला-जालपिङ्गलरोमकाम् । क्षणाच्च परितस्तस्य श्रृगालीं दृष्टवानहम् ॥९३०॥
અને પછી એક ક્ષણમાં સળગતા દાવાનળની જ્વાળાઓના સમૂહ જેવા પીળાં વાળવાળી શૃણાલીને ચારે બાજુ

P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરતી જોઈ. (૯૩૦)

कातरभयदैस्तस्याः शब्दैरक्षुभिते मयि । द्वितीये प्रहरे रात्रेः प्रादुरासन्निशाचराः ॥९३१॥

અને બીકણ મનુષ્યોને ભય આપનારા તેના શબ્દોથી હું ભય ન પામ્યો. તે વખતે રાત્રિના બીજા પહોરે નિશાચરો ઉત્પન્ન થયા. (૯૩૧)

अतिबीभत्सकृष्णास्या हस्तस्थविविधायुधाः । मम सत्त्वसमीरेण ते प्रणष्टा धना इव ॥९३२॥

અત્યંત બિભત્સ-કાળા મુખવાળા હાથમાં વિવિધ હથિયારોવાળા તેઓ મારા બળરૂપી પવનથી વાંદળાઓની જેમ નાશી ગયા. (૯૩૨)

क्व गमिष्यसि रे दासे-ति वदन्यः सकर्त्रिकाः । एत्य नष्टाश्च शाकिन्य-स्तृतीये प्रहरे निशि ॥९३३॥

હે દાસ ! તું ક્યાં જઈશ ! એમ કહેતી હાથમાં નાની છરી લઈને શાકિનીઓ રાત્રિના ત્રીજા પહોરે આવી તેઓ પણ ભાગી ગઈ. (૯૩૩)

चतुर्थे प्रहरे राज-न्नप्सरःसदृशाकृतिः । दिव्यांशुकाच्छादिताङ्गी नानाभरणभूषिता ॥९३४॥

मुक्तकेशाकरालास्या हस्तस्थायसकर्त्रिका । मम पार्श्वेऽबला काचि-दाययौ भयकारिणी ॥९३५॥

પછી હે રાજન્ ! ચોથા પહોરે અપ્સરા જેવી સુંદર આકૃતિવાળી-દિવ્યવસ્ત્રોને ધારણ કરેલી જુદા જુદા પ્રકારના આભૂષણો જેણે પહેર્યાં છે તેવી છુટ્ટા વાળવાળી વિકરાળ મુખવાળી અને જેના હાથમાં લોખંડની કર્ત્રિકા છે. તેવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભય ઉત્પન્ન કરનારી. કોઈક સ્ત્રી મારી પાસે આવી. (૯૩૪-૯૩૫)

क्षयं नेष्यामि दुष्टाद्य भवन्तमिति वादिनीम् । तां विलोक्य मया राजन् सेयं मारीति चिन्तितम् ॥९३६॥

હે દુષ્ટ ! હું આજે તારો નાશ કરીશ એમ બોલતી તેને જોઈ હે રાજન્ ! મેં નક્કી વિચાર્યું કે આ જ મારી છે. (૯૩૬)

ततोऽतिसन्निधीभूता धृता वामकरे क्षणात् । मया सा सत्त्वशीलेनो-त्पाटितान्येन शस्त्रिका ॥९३७॥

ત્યાર પછી તે અત્યંત નજીક આવતાં મેં સાહસથી એક ક્ષણમાં તેને ડાબા હાથથી પકડીને જમણા હાથ વડે છૂરિકા લઈ લીધી. (૯૩૭)

मोचयित्वाथ मे हस्तं बलादेव चचाल सा । मया क्षुरिकया यान्ती जङ्घायां खलु सा हता ॥९३८॥

હવે તે બળ વડે મારો હાથ છોડાવીને ચાલવા લાગી ત્યારે જતી એવી તેણીની જંઘમાં મેં છરી વડે માર્યું. (૯૩૮)

तस्थौ च कटकं तस्या ममैव हि करे प्रभो । अत्रान्तरे नभोदेशे समायाते दिवाकरे ॥९३९॥

તેનો કડો મારા હાથમાં જ રહી ગયો અને એટલામાં જ હે પ્રભુ ! આકાશમાં સૂર્ય ઊગ્યો. (૯૩૯)

विस्मितोऽथ नृपः प्रोचे कटकं मे प्रदर्शय । मारीहस्तादगृहीतं य-त्त्वया वीरशिरोमणे ॥९४०॥

ત્યારે વિસ્મય પામેલો રાજા બોલ્યો કે હે વીર શિરોમણી ! તેં મારીના હાથમાંથી જે કડો લીધો છે તે મને બતાવ. (૯૪૦)

परिधानांशुकग्रन्थि-मध्यादाकृष्य तद्द्रुतम् । मित्रानन्दोऽर्पयामास कटकं भूपतेः करे ॥९४१॥

ત્યારે મિત્રાનંદે પહેરેલા વસ્ત્રની ગાંઠમાંથી તે છૂરિકા ખેંચી કાઢીને તુરત જ રાજાના હાથમાં સોંપ્યો. (૯૪૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

स्वनामाङ्कं च तद् दृष्टवा स दध्यौ किमहो मम । कन्यकैवाभवन्मारी यत्तस्या भूषणं हयदः ॥९४२॥

તે કડો પોતાના નામવાલો જોઈને વિચારવા લાગ્યો કે આ શું ? શું મારી પુત્રી જ મારી થઈ છે ? કારણ કે આભૂષણ તેનું જ છે. (૯૪૨)

देहचिंतापदेशेन ततश्चोत्थाय भूपतिः । गत्वा च कन्यकापार्श्वे प्रसुप्तां तां व्यलोकयत् ॥९४३॥

દેહચિંતાના બહાનાથી રાજા ત્યાંથી ઊઠીને કન્યા પાસે જઈને ત્યાં તેને સૂતેલી જોઈ. (૯૪૩)

दृष्ट्वा वामकरं तस्या गतालङ्करणं तथा । पट्टबन्धं व्रणस्थाने वज्राहत इवाभवत् ॥९४४॥

ત્યાં તે કન્યાનો ડાબો હાથ-આભૂષણ વિનાનો અને વાગેલા ઘાના સ્થાને પટ્ટબંધ જોતાં વજથી હણાયેલાની જેવો થયો. (૯૪૪)

अचिन्तयत्स वंशो मे चन्द्रमण्डलनिर्मलः । कलङ्कितोऽन्या दुष्ट-कन्यया सर्वथा हहा ॥९४५॥

અને તે વિચારવા લાગ્યો કે અરેરે ! ચંદ્રના મંડલ જેવું નિર્મળ એવું મારું કુળ આ દુષ્ટ કન્યાએ કલંકિત કર્યું. (૯૪૫)

नृशंसोऽनृतभाषी च कुशीलश्च चलाशयः । स्त्रीजनोजायते यत्र तत्कुलं न हि निर्मलम् ॥९४६॥

જે કુળમાં નિર્દય-અસત્યવાદી-ખરાબ શીલવાળી અને ચપળ ચિત્તવાળી સ્ત્રીઓ હોય છે તે કુળ નિર્મળ રહેતું નથી. (૯૪૬)

न यावन्नगरीलोकं निखिलं मारयत्यसौ । तावत्केनाप्युपायेन कार्योऽस्या एव निग्रहः ॥९४७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેટલામાં આ મારી પુત્રી મારી નગરના બધા માણસોને મારી ન નાંખે તેટલામાં આનો કોઈપણ ઉપાય વડે નિગ્રહ કરવો. (૯૪૭)

विचिन्त्यैवं वलित्वा च पृच्छन्मित्रं महीपतिः । नूनं भद्र त्वया सत्वा-न्मृतकं रक्षितं ह्यदः ॥९४८॥

किंवास्ति मंत्रशक्तिस्ते पृष्टस्तेनेति सोऽवदत् । कुलक्रमागतो नूनं मंत्रोऽपि मम विद्यते ॥९४९॥

આ પ્રમાણે વિચારીને પાછા આવીને રાજાએ મિત્રાનંદને પૂછ્યું. હે ભાગ્યશાળી ! તે સત્ત્વથી શબનું રક્ષણ કર્યું હતું કે અથવા કોઈ મંત્રશક્તિથી રક્ષણ કર્યું હતું ? ત્યારે તેને કહ્યું કે કુળની પરંપરાથી આવેલો મંત્ર મારી પાસે છે. (૯૪૮-૯૪૯)

कृत्वैकान्तमथाचख्यौ राजा यद्भद्र मे सुता । मारी नास्त्यत्र संदेह-स्ततोऽस्यानिग्रहं कुरु ॥९५०॥

ત્યારે રાજા એકાંત કરીને બોલ્યો કે હે ભાગ્યશાળી ! જો મારી પુત્રી મારી છે જ તેમાં સંદેહ નથી. તો તું તેનો નિગ્રહ કર. (૯૫૦)

मित्रानन्दोऽवदद्वाक्यं घटते देव नेदृशम् । यत्कुमारी भवेन्मारी समुत्पन्ना कुले तव ॥९५१॥

ત્યારે મિત્રાનંદ બોલ્યો હે દેવ ! તમારા કુળમાં ઉત્પન્ન થયેલી પુત્રી મારી હોય તે વાક્ય ઘટતું નથી. (૯૫૧)

तमुवाचाथ भूनाथो-ऽघटमानं किमत्र भोः । मेघवृंदसमुद्भूता विद्युत् प्राणहरा न किं ॥९५२॥

ત્યારે તે મિત્રાનંદને રાજાએ કહ્યું કે આમાં અઘટિત શું છે ? વાંદળાના સમૂહમાંથી ઉત્પન્ન થયેલી વીજળી શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાણોને હરણ કરતી નથી ? (૯૫૨)

मित्रानन्दो जगादाथ तर्हि दर्शय तां मम । मया साध्या ह्यसाध्या वा वेद्मि दृष्टया विलोक्य ताम् ॥९५३॥

ત્યારે મિત્રાનંદ બોલ્યો કે તો મને તે પુત્રી બતાડો કારણ કે નજરથી જોઈને હું કહું કે આ સાધ્ય છે કે અસાધ્ય છે ? (૯૫૩)

गत्वा चालोकयेत्युक्तो राज्ञा तत्र जगाम सः । सुप्तोत्थिता कुमारी सा तमायान्तमलोकयत् ॥९५४॥

ત્યાં જઈને તું જો, એમ રાજાએ કહ્યું ત્યારે તે ત્યાં ગયો. ઊંઘમાંથી જાગતી એવી કુમારીએ તેને આવતો જોયો. (૯૫૪)

दध्यौ चैवं नरः सोऽयं येन मे कटकं हृतम् । मन्ये चाज्ञापितो राज्ञा यन्निःशंकः समेत्ययम् ॥९५५॥

અને તે વિચારવા લાગી કે જેણે મારો કડો હરણ કર્યો તે જ માણસ આ છે. અને હું માનું છું કે રાજાએ એને આજ્ઞા આપવાથી આ રોકટોક વગર આવે છે. (૯૫૫)

तया दत्तासने सोऽथो-पविश्यैवमुवाच ताम् । मया ह्यारोपितं सुभ्रु कलङ्कं ते महत्तरम् ॥९५६॥

તે રાજકન્યાએ આપેલા આસન ઉપર બેસીને તેને કહેવા લાગ્યો કે હે શુભ્રુ ! મેં તારા ઉપર મોટું કલંક મૂક્યું છે. (૯૫૬)

अर्पयिष्यति भूपालो मम त्वामद्य सुन्दरि ! । ततः स्थानं नयामि स्वं तव चेत्सम्मतं भवेत् ॥९५७॥

હે સુંદરી ! આજે રાજા તને મને સોંપશે. તેથી જો તારી ઇચ્છા હોય તો તને મારા સ્થાને લઈ જઉં. (૯૫૭)

नो चेदथाधुनापि त्वां निष्कलङ्कां करोम्यहम् । त्वया जलाञ्जलिर्भद्रे मम देयः पुनर्द्रुतम् ॥९५८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને જો તારી ઇચ્છા ન હોય તો તને કલંક વગરની કરું અને હે ભાગ્યશાળી ! તારે મને તુરત જ જલાંજલિ દેવી. (૯૫૮)

तत् श्रुत्वाचिन्तयत्साथ कन्या तद्गुणरञ्जिता । अहो अकृत्रिमप्रेमा कोऽप्यसौ पुरुषो मयि ॥९५९॥

તે સાંભળીને તેના ગુણોથી ખુશ થયેલી તે કન્યા વિચારવા લાગી કે આ કોઈ પુરૂષ ખરેખર મારા ઉપર અકૃત્રિમ પ્રેમવાળો છે. (૯૫૯)

दुःखमप्युररीकृत्य श्रयणीयस्त्वयं मया । सुलभो राज्यलाभोऽपि न तु स्नेहपरो जनः ॥९६०॥

મારા વડે દુઃખને અંગીકાર કરીને પણ આનું આશ્રય કરવું જોઈએ કારણ કે રાજ્યનો લાભ સુલભ છે પણ સ્નેહી મનુષ્ય દુર્લભ છે. (૯૬૦)

ऊचे च सुभग प्राणा-स्त्वदायत्ता इमे मम । त्वया सहागमिष्यामि ध्रुवं निश्चलमानसा ॥९६१॥

અને તે બોલી કે હે સુભાગ્યવાન્ ! મારા આ પ્રાણો તારે આધીન છે. ખરેખર હું નિશ્ચલ મન વડે તારી સાથે આવીશ. (૯૬૧)

अन्धो नरपतिश्चित्तं व्याख्यानं महिला जलम् । तत्रैतानि हि गच्छन्ति नीयन्ते यत्र शिक्षकैः ॥९६२॥

આંધળો માણસ, રાજા, ચિત્ત, વ્યાખ્યાન સ્ત્રી અને પાણી આ વસ્તુઓ શિક્ષકો વડે જ્યા લઈ જવાય છે ત્યાં જાય છે. (૯૬૨)

ज्ञात्वा मनोरथान् सिद्धा-निति मित्रो जगाद ताम् । फेत्काराः सर्षपक्षेपे त्वया मोच्या नृपान्तिके ॥९६३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિત્રાનંદે પોતાના મનોરથો સિદ્ધ થયા છે તે જાણી તેના તરફ બોલ્યો કે તારે સરસવ નાંખવાથી રાજાની પાસે કુંફાડા મારવા. (૯૬૩)

उपेत्य स नृपं प्रोचे सा मारी मम वस्यताम् । प्राप्ताथ ढौकयैकं मे भूपते शीघ्रवाहनम् ॥९६४॥

પછી તે આવીને રાજાને બોલ્યો કે તે મારે વશ થઈ છે, હે રાજન્ ! મને એક શીઘ્ર વાહન આપો. (૯૬૪)

तत्राधिरोप्य यामिन्यां त्वद्देशान्त नयाम्यमुम् । उदेष्यत्यन्तरा सूर्य-श्चेन्मारी सा तथास्थिता ॥९६५॥

તે વાહનમાં તેમાં બેસાડીને રાત્રિમાં જ તેને તારા દેશની બહાર લઈ જઈશ કારણ કે જો વચમાં જ સૂર્ય ઊગી જશે તો તે મારી ત્યાં જ રહી જશે. (૯૬૫)

ततो भीतेन राज्ञास्य ढौकिता वडवा निजा । वायुवेगवती प्राण-प्रिया लोकहितैषिणा ॥९६६॥

તેથી ભય પામેલા રાજાએ લોકોના હિતની ઇચ્છાથી વાયુવેગવાળી પોતાને અત્યંત પ્રિય એવી ઘોડી તેને આપી. (૯૬૬)

सन्ध्याकाले च केशेषु गृहीत्वा सा समर्पिता । तस्य तेनापि फूत्कारान् मुञ्चन्ती हक्किता ह्यसौ ॥९६७॥

અને સંધ્યા સમયે વાળ પકડીને તે રાજકન્યા તે મિત્રાનંદને સોંપી ત્યારે તેણે કુંફાડા મારતી એવી તેને હાંકવા માંડી. (૯૬૭)

ततस्तां वडवारुढां पुरस्कृत्य चचाल सः । राजापि गोपुरं यावत् तौ विसृज्य ययौ गृहम् ॥९६८॥

ત્યાર પછી ઘોડા પર બેઠેલી તેને આગળ કરીને તે ચાલ્યો. રાજા પણ તેને દરવાજા સુધી વળાવીને ઘેર ગયો. (૯૬૮)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मित्रानन्दमवादीत्सा त्वमप्यागच्छ सुन्दर ! । अस्यामारुह किं पाद-चारेण सति वाहने ॥९६९॥
તેણીએ મિત્રાનંદને કહ્યું કે હે સુંદર ! તું પણ આવ અને આ ઘોડી પર ચઢી જા. વાહન હોવા છતાં પણ પગ વડે કેમ ચાલે છે ? (૯૬૯)

क्षणमेकमहं पद्भ्यां यास्यामीति वदन्नसौ । तदर्थमर्थितो भूयः सीमां प्राप्य तया भृशम् ॥९७०॥
હું થોડોક સમય પગે ચાલીશ એમ કહેતાં તેને રાજકુમારીએ સીમા પાસે આવતાં ઘોડી પર બેસવા માટે બહુ આગ્રહ કર્યો. (૯૭૦)

मित्रानन्दोऽवदत् सुभ्रु नात्मार्थं भवती मया । आनीता किंतु मित्रस्या-मरदत्तस्य हेतवे ॥९७१॥
ત્યારે મિત્રાનંદ બોલ્યો કે હે સુભ્રુ ! હું તને મારા માટે નથી લાવ્યો. પરંતુ મારા મિત્ર અમરદત્ત માટે લાવ્યો છું. (૯૭૧)

मित्रव्यतिकरं चास्या गदित्वासौ न्यवेदयत् । न मे युक्तं त्वया सार्ध-मेकत्र शयनासनम् ॥९७२॥
ત્યાર પછી તેને મિત્રનો વૃત્તાંત કહીને તે બોલ્યો કે આ કારણથી તારી સાથે શયન-આસનયુક્ત નથી. (૯૭૨)

तत् श्रुत्वा राजपुत्री सा दध्यौ विस्मितमानसा । अहो ह्यस्य महापुंस-श्चरित्रं भुवनोत्तरम् ॥९७३॥
તે સાંભળીને વિસ્મય પામેલી ચિત્તવાળી રાજકુમારી વિચારવા લાગી કે ખરેખર આ મહાપુરૂષનું ચરિત્ર અદ્વિતીય છે. (૯૭૩)

पिता माता सखा भ्राता यदर्थं वच्च्यते जनैः । प्राप्तापि कामिनी साहं नानेन किल वाञ्छिता ॥९७४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે સ્ત્રીને માટે લોકો પિતા-માતા મિત્ર અને ભાઈ વગેરેને ઠગે છે. તેવી સ્ત્રીઓને સહજ મળવા છતાં ઇચ્છતો નથી.(૯૭૪)

सर्वोऽपि सहते क्लेशं स्वार्थसिद्धिपरायणः । परार्थसाधनं कोऽपि विरलोङ्गीकरोति च ॥९७५॥

પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે બધા જીવો ક્લેશને સહન કરે છે. પરંતુ પરોપકાર કરવાનું તો કોઈ વિરલો જ અંગીકાર કરે છે. (૯૭૫)

चेतसा चिन्तयन्त्येवं स्त्रीरत्नं रत्नमञ्जरी । पार्श्वे पाटलीपुत्रस्य निन्ये मित्रेण सा शनैः ॥९७६॥

આવી રીતે વિચારતી સ્ત્રી રત્ન એવી રત્નમંજરીને મિત્રાનંદ ધીમે ધીમે પાટલીપુત્ર લઈ આવ્યો. (૯૭૬)

इतश्चामरदत्तोऽसौ पूर्णे मासद्वये तदा । अनागते निजे मित्रे रत्नसारमदोऽवदत् ॥९७७॥

આ બાજુ અમરદત્ત બે મહિના પૂર્ણ થવા છતાં મિત્ર ન આવવાથી રત્નસારને કહેવા લાગ્યો. (૯૭૭)

तात ! मे नाययौ मित्रं काष्टैः कारय तच्चिताम् । येन तद्दुःखदग्धोऽहं प्रविशामि हुताशने ॥९७८॥

હે પિતા ! મારો મિત્ર આવ્યો નહીં. તેથી લાકડા વડે ચિતા કરાવો. કારણ કે જે દુઃખથી બળેલો હું અગ્નિમાં પ્રવેશ કરું. (૯૭૮)

तत् श्रुत्वाधिकदुःखार्त्तः स श्रेष्ठी पौरसंयुतः । क्रन्दन्नत्याग्रहेणास्य कारयामास तां चिताम् ॥९७९॥

તે સાંભળીને અત્યંત દુઃખી થતા એવા રત્નસાર શેઠે બધા નગરલોકો સહિત આક્રંદ કરતાં ચિતા કરાવી.' (૯૭૯)

वह्निपार्श्वस्थितः सर्वै-र्नागरैर्भणितोऽथ सः । भद्राद्यापि प्रतीक्षस्व येनेदमवधेर्दिनम् ॥९८०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે અગ્નિ પાસે ઊભેલા તેને બધા નગરલોકોએ કહ્યું હે ભાગ્યશાળી ! તું હજુ પણ અટક કારણ કે આજે છેલ્લો દિવસ છે.(૯૮૦)

एवं स्थितः स तत्रैव निषिद्धोमरणाज्जनैः । अपराह्ण तया सार्धं मित्रस्तस्य समाययौ ॥९८१॥

આ પ્રમાણે લોકોએ તેને મરણથી અટકાવી ત્યાં જ રાખ્યો. તેટલામાં પાછલા પહોરે તેણીની સાથે તેનો મિત્ર આવ્યો. (૯૮૧)

आगच्छन्तं तमुद्वीक्ष्या-मरदत्तः ससम्भ्रमम् । उत्थायालिङ्गयामास हर्षाश्रुजलप्लावित्: ॥९८२॥

તેને આવતો જોઈને હર્ષના આંસુરૂપી પાણીથી ભિંજાયેલા અમરદત્તે આશ્ચર્યથી ઊભા થઈને તેને આલિંગન કર્યું. (૯૮૨)

यत्तयोर्मित्रयोः सौख्यं तदा जातं वचोऽतिगम् । जानतस्तत्तु तावेव नान्यस्तद्वक्तुमीश्वरः ॥९८३॥

તે સમયે તે બન્ને મિત્રોને જે સુખ અવર્ણનીય થયું હતું. તે બન્ને જાણ્યું તેને કહેવા માટે કોઈ શક્તિશાળી નહોતું. (૯૮૩)

मित्रानन्दोऽवदन्मित्र तव चित्तस्य चौर्यसौ । आनीतास्त्युररीकृत्य मया कष्ठपरम्पराम् ॥९८४॥

ત્યારે મિત્રાનંદે કહ્યું કે હે મિત્ર ! તારા ચિત્તની ચોરી જનાર આ કન્યા છે. તેને હું ઘણાં કષ્ટોની પરંપરાને વેઠીને લાવ્યો છું. (૯૮૪)

इतरः स्माह बन्धो त्वं सत्यनामा सदैव मे । साधितेनामुनार्थेन विशेषेणाभवत्पुनः ॥९८५॥

ત્યારે અમરદત્ત બોલ્યો હે ભાઈ ! તું સાર્થક નામવાળો થયો અને વળી આ કાર્ય કરવાથી વિશેષ સાર્થક નામવાળો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયો. (૯૮૫)

दूरीकृत्य चिताकाष्टं स्थाने तत्राग्निसाक्षिकम् । मित्रः कारयतिस्माथ पाणिग्रहणमेतयोः ॥९८६॥

પછી મિત્રાનંદે ચિતાના લાકડાંઓ દૂર કરીને તે સ્થાને અગ્નિની સાક્ષીએ તે બન્નેનું પાણિગ્રહણ કરાવ્યું. (૯૮૬)

विलोक्य रत्नमञ्जर्यां रूपं पौरगणोऽवदत् । तन्नाश्चर्यं यदेतस्या मूर्त्यासावपि मोहितः ॥९८७॥

રત્નમંજરીનું રૂપ જોઈને નગરીના લોકો બોલવા લાગ્યા કે આ સ્ત્રીની મૂર્તિ જોવાથી આ મોહિત થયો તેમાં આશ્ચર્ય નથી. (૯૮૭)

कृतोद्वाहस्य तस्याथा-मरदत्तस्य तत्र यत् । सञ्जातं भाग्ययुक्तस्य तदितः श्रूयतां जनाः ॥९८८॥

વિવાહ કરેલા ભાગ્યશાળી અમરદત્તનું ત્યાં જે થયું તે હે લોકો ! સાંભળો. (૯૮૮)

तस्मिन्नेव पुरेऽपुत्रो महीपालो व्यपद्यत । चक्रे च राजलोकेन पञ्चदिव्याधिवासना ॥९८९॥

તે જ નગરનો રાજા પુત્ર વગરનો મરણ પામ્યો. તેથી રાજાના મંડળે પંચદિવ્યોને તૈયાર કર્યા. (૯૮૯)

भ्रान्त्वा त्रिकचतुष्कादि-स्थानेषु निखिले पुरे । तानि तत्र समाजग्मुः कुमारो यत्र विद्यते ॥९९०॥

તે પંચદિવ્યો ત્રણ રસ્તા-ચાર રસ્તા આદિ સ્થળોએ આખા નગરમાં ફરીને જ્યાં આ અમરદત્ત હતો ત્યાં આવ્યાં. (૯૯૦)

हयेन हेषितं तत्र हस्तिना चापि गर्जितम् । चक्रे तस्योपरि च्छत्रं स्वयं छायां विकस्वरम् ॥९९१॥

ત્યાં ઘોડાએ જાતે જ ખોંખારવ-શબ્દ કર્યો અને હાથીએ પણ ગર્જના કરી. છત્રએ ત્યાં પોતાની જાતે જ વિકસ્વર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ છાયા કરી. (૯૯૧)

वीजितं चामराभ्यां च भृङ्गारेण विनिर्ममे । भूपालत्वाभिषेकोऽस्य पुण्यैः किं नाम नो भवेत् ॥९९२॥

બન્ને ચામરો વીંજવવા લાગ્યા. ભૃંગારે પણ અવાજ કર્યો અને તેનો રાજા તરીકેનો અભિષેક થયો. પુણ્યથી શું થતું નથી ? (૯૯૨)

ततस्तं शुण्डयोत्पाट्य गजः स्कन्धेऽध्यरोपयत् । विवेश नगरे सोऽथ सञ्जातानेकमङ्गले ॥९९३॥

પછી હાથીએ તેને સૂંઢથી ઊંચકીને સ્કંધ ઉપર બેસાડ્યો. અને તેણે અનેક મંગલો થયા છે તેવાં નગરમાં પ્રવેશ કર્યો. (૯૯૩)

पुरप्रवेशे तस्याथ मिलितो महिलाजनः । राजराज्ञोः स्वरूपं तद् दृष्टवान्योन्यं जगाविति ॥९९४॥

નગરીના પ્રવેશ સમયે ભેગી થયેલી સ્ત્રીઓ રાજા અને રાણીનું રૂપ જોઈને પરસ્પર કહેવા લાગી. (૯૯૪)

काचिज्जजल्प राज्ञोऽस्य रूपसम्पदमुत्तमाम् । हले पश्य जनश्लाघ्यां कामस्येव मनोहराम् ॥९९५॥

ત્યારે કોઈક સ્ત્રી બોલી હે ભોળી સ્ત્રી ! આ રાજાની કામદેવના જેવી મનોહર અને મનુષ્યોમાં પ્રશંસા થાય તેવી રૂપ સંપત્તિ જો. (૯૯૫)

अन्या जगाद मुग्धे त्वं वर्णयसि किमु केवलम् । नृपमेव महिषीय-मपि रूपरतिप्रभा ॥९९६॥

ત્યારે બીજી સ્ત્રી બોલી હે ભોળી ! તું એકલા રાજાનું જ વર્ણન કેમ કરે છે ? આ રાણી પણ કામદેવની સ્ત્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રતિ જેવા રૂપવાળી છે. (૯૯૬)

अपरा स्माह यद्रूप-मस्यास्त्रिभुवनोत्तरम् । ततस्तत्प्रतिछन्देन मोहितोऽयमभून्नृपः ॥९९७॥

ત્યારે વળી ત્રીજી બોલી આ રાણીનું રુપ અદ્વિતીય છે તેથી તેની પ્રતિકૃતિ પર આ રાજા મોહ પામ્યો હતો. (૯૯૭)

इतरोचे हले पूर्ण-भाग्यैषा हि महीतले । यया विश्वजनश्रेष्ठो लब्ध एवंविधो धवः ॥९९८॥

ત્યારે વળી કોઈક સ્ત્રી બોલી કે અરે ભોળી ! આ પૃથ્વી ઉપર આ રાણી ભાગ્યશાળી છે. જેથી વિશ્વમાં શ્રેષ્ઠ એવો પતિ મળ્યો. (૯૯૮)

अन्यया प्रोक्तमेषोऽपि धन्योयेनेदृशी प्रिया । लब्धा विदेशगेनापि लक्ष्मीरिव मुरद्विषा ॥९९९॥

ત્યારે બીજીએ કહ્યું કે ધન્ય છે આને કે જેણે પરદેશમાં પણ કૃષ્ણને જેમ લક્ષ્મી મળી હતી તેમ આ સ્ત્રી મળી. (૯૯૯)

कृत्वा गाढोद्यमं येना-नीतेयं मृगलोचना । तदस्य भाग्यवन्मित्रं श्लाध्यमित्यपरावदत् ॥१०००॥

ત્યારે વળી કોઈક બોલી કે જેણે ગાઢ ઉદ્યમ કરીને આવી સ્ત્રીને લાવી આપી. તે ભાગ્યશાળી મિત્ર પણ પ્રશંસનીય છે. (૧૦૦૦)

जजल्पान्या सखि श्रेष्ठी श्लाधनीयो ह्यसावपि । अविज्ञातोऽपि येनायं पुत्रवत्परिपालितः ॥१००१॥

ત્યારે વળી કોઈક સ્ત્રી બોલી હે સખિ ! આ શેઠ પણ વખાણવા લાયક છે કારણ કે જેણે વગર ઓળખાણે આ અમરદત્તનું પુત્રની જેમ પાલન કર્યું. (૧૦૦૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

इत्यालापान् पुरन्ध्रीणां श्रृण्वानः प्रीतमानसः । ययावमरदत्तोऽसौ द्वारे नृपतिवेश्मनः ॥१००२॥

આ પ્રમાણે નગરની સ્ત્રીઓનો વાર્તાલાપ સાંભળતો પ્રીતિયુક્ત મનવાળો અમરદત્ત રાજાના મહેલના દરવાજા પાસે આવ્યો. (૧૦૦૨)

स्तम्बेरमात्समुतीर्य विवेशास्थानमण्डपे । उपविष्टश्च तत्रैष नृपमण्डलसेवितः ॥१००३॥

ત્યાર પછી હાથીની અંબાડી પરથી ઊતરીને સભા મંડપમાં પ્રવેશ કર્યો અને રાજાઓના મંડલથી સેવાયેલો ત્યાં બેઠો. (૧૦૦૩)

सारत्नमञ्जरी देवी मित्रानन्दः सुहृत्तथा । उपविष्टौ नृपोपान्ते यथास्थानं तथापरे ॥१००४॥

તે રત્નમંજરી દેવી અને મિત્ર મિત્રાનંદ તેની પાસે બેઠાં અને બીજાઓ પણ યથાયોગ્ય સ્થાને બેઠાં. (૧૦૦૪)

चक्रे राज्याभिषेकोऽस्य सामन्तैर्मंत्रिभिस्तथा । राज्ञा च विहिता पट्ट-राज्ञी सा रत्नमञ्जरी ॥१००५॥

સામંતો અને મંત્રિઓએ તે અમરદત્તનો રાજ્યાભિષેક કર્યો. અને રાજાએ રત્નમંજરીને પટરાણી બનાવી. (૧૦૦૫)

चक्रे सर्वाधिकारी च मित्रानन्दो महीभुजा । स्थापितश्च पितुः स्थाने रत्नसारो वणिग्वरः ॥१००६॥

અને રાજાએ મિત્રાનંદને સર્વ અધિકારીઓમાં મુખ્ય કર્યા અને રત્નસાર શ્રેષ્ઠિને પિતાના સ્થાને સ્થાપ્યા. (૧૦૦૬)

एवं कृत्वोचितं तेषां कृतज्ञैकशिरोमणिः । सोऽखण्डशासनो राज्यं पालयामास यत्नतः ॥७॥

આ પ્રમાણે કૃતજ્ઞોમાં શિરોમણી અને અખંડ શાસનવાળા એવો રાજા બધુ યથોચિત કરીને યત્નથી રાજ્ય કરવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યો. (૧૦૦૭)

राजकार्यरतोऽप्येवं मित्रानन्दः शवोदितम् । तन्मृत्युसूचकं वाक्यं विसस्मार कदापि न ॥१००८॥

રાજ્યકાર્યમાં રક્ત થવા છતાં મિત્રાનંદ તે શબ્દે કહેલું મૃત્યુ સૂચક વાક્યને કદાપિ ભૂલતો નથી. (૧૦૦૮)

एकदा तेन भूपस्य कारणं तन्निवेदितम् । देशान्तरगतिः स्वस्य प्रार्थिता च पुनस्ततः ॥१००९॥

એક દિવસ તેણે રાજાને તેનું કારણ કહીને પોતાને પરદેશ જવાની માગણી કરી. (૧૦૦૯)

प्रत्युक्तो भूभुजा सोऽपि माकार्षीस्त्वं भयं सखे । दुष्टोऽपि स्थितयोरत्र कर्ता नौ व्यन्तरः स किम् ॥१०१०॥

રાજાએ જવાબ આપ્યો કે હે મિત્ર ! તું ભય ન પામતો. અહીં રહેતા આપણને તે દુષ્ટ વ્યંતર શું કરી શકશે ? (૧૦૧૦)

मित्रानन्दोऽवदत्प्रत्या-सन्नत्वेन मनो मम । अद्यापि दूयते दूरं तन्मां प्रेषय भूपते ॥१०११॥

ત્યારે મિત્રાનંદ બોલ્યો કે નજીક રહેવાથી મારું મન દુઃખી થાય છે. તેથી હે રાજન્ ! તું મને દૂર મોકલ. (૧૦૧૧)

विचिन्त्योक्तं पुना राज्ञा यद्येवं गच्छ वै सखे । नरैः प्रत्यायितैः सार्धं वसन्तपुरपत्तनम् ॥१०१२॥

રાજાએ ફરીથી વિચારીને કહ્યું કે હે મિત્ર ! જો એમ જ હોય તો વિશ્વાસુ માણસો સાથે તું વસંતપુરનગરમાં જા. (૧૦૧૨)

अङ्गीकृते तदादेशे विसृष्टोऽसौ महीभुजा । प्रेषिताश्च समं तेन शिक्षां दत्वेति पूरुषाः ॥१०१३॥

તેની આજ્ઞાનો સ્વીકાર કરવાથી રાજાએ તેને રજા આપી અને તેની સાથે શિખામણ આપીને પુરૂષો મોકલ્યા. (૧૦૧૩)

हंहो तत्र गतैः कैश्चि-द्युष्मन्मध्यान्ममान्तिकम् । अत्रागन्तव्यमस्याथो क्षेमवार्तां निवेदितुं ॥१०१४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અરે ! ત્યાં ગયેલા તમારામાંથી કોઈએ તેની કુશળવાર્તા કહેવા માટે મારી પાસે આવવું. (૧૦૧૪)

अथ मित्रे गते राजा तद्वियोगार्दितोऽपि सः । पुण्यानुयोगतो राज्यं भुङ्क्ते स्वप्रियया सह ॥१०१५॥

હવે તે મિત્ર જવાથી તેના વિયોગથી દુઃખી થયેલો રાજા પુણ્યના યોગથી પ્રિયાની સાથે રાજ્ય ભોગવે છે. (૧૦૧૫)

तेषां मध्यादथो कोऽपि नाययौ भूभुजा ततः । अन्ये सम्प्रेषितास्तत्र नरा मित्रस्य शुद्धये ॥१०१६॥

તે મોકલેલા માણસોમાંથી જ્યારે કોઈપણ આવ્યો નહીં ત્યારે રાજાએ મિત્રની ખબરઅંતર મેળવવા બીજા માણસો મોકલ્યા. (૧૦૧૬)

प्रत्यागतैरथैतैश्च कथितं नृपतेः पुरः । दृष्टोऽसौ तत्र नास्माभि-र्वार्तापि श्रुता न हि ॥१०१७॥

પાછા આવેલા તેઓએ રાજાની આગળ કહ્યું કે અમોએ તેને ત્યાં જોયો નહીં. અને તેના કાંઈ સમાચાર પણ સાંભળ્યા નહીં. (૧૦૧૭)

ततः सम्भ्रान्तचित्तोऽसौ देवीमूचे कथं प्रिये । कर्तव्यं यत्र वार्तापि श्रुता मित्रस्य हा मया ॥१०१८॥

ત્યારે સંભ્રમચિત્તવાળા રાજાએ રાણીને કહ્યું કે હે પ્રિયા ! મેં મિત્રના કાંઈ સમાચાર પણ ન મેળવ્યા ? મારે શું કરવું ? (૧૦૧૮)

साख्यद्योति कोऽप्यत्र ज्ञानी तेन हि छिद्यते । स्वामिन्नोऽयं तु सन्देहो हन्त नान्येन केनचित् ॥१०१९॥

ત્યારે તે બોલી કે હે સ્વામી ! જો કોઈ જ્ઞાની અહીં પધારે તો આપણો સંદેહ દૂર કરી શકે. બીજો કોઈ નહીં. (૧૦૧૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

उद्यानपालकेनैत्य विज्ञप्तोऽत्रान्तरे नृपः । देवायातोऽस्ति श्रीधर्म-घोषसूरिर्वने तव् ॥१०२०॥
એટલામાં ઉદ્યાનપાલકે આવીને રાજાને વિનંતિ કરી કે હે દેવ ! આપના ઉદ્યાનમાં ધર્મઘોષસૂરી પધાર્યા છે. (૧૦૨૦)
अशोकतिलकोद्याने प्राशुकस्थंडिलस्थितः । चतुर्ज्ञानधरो धर्मं लोकानामादिशत्यसौ ॥१०२१॥
અને તે ચાર જ્ઞાનના સ્વામી એવા મુનિ અશોકતિલક નામના ઉદ્યાનમાં નિર્દોષસ્થળે લોકોને ધર્મનો ઉપદેશ આપે છે. (૧૦૨૧)
समायागमनं तस्य श्रुत्वासौ हर्षसंयुतः । ययौ तद्वन्दनाहेतोः सामग्र्या प्रेयसीयुतः ॥१०२२॥
યોગ્ય સમયે તેમનું આગમન સાંભળીને હર્ષ સહિત સર્વ સામગ્રી અને પ્રિયાયુક્ત તે વંદનના હેતુ માટે ગયો. (૧૦૨૨)
खड्गादिराजचिह्नानि मुक्त्वा गुर्वंतिके गतः । नत्वा सपरिवारं तं निषसाद यथास्थिति ॥१०२३॥
તે રાજા તલવાર વગેરે રાજચિન્હોને બહાર છોડી દઈને ગુરૂ પાસે ગયો અને પરિવાર સાથે તેઓને નમસ્કાર કરીને યોગ્ય સ્થળે બેઠો. (૧૦૨૩)
गुरुरूचेऽत्र भो भव्या ! मोक्षादिसुखमिच्छुभिः । नष्टदुष्टाष्टकर्मायं कर्तव्यो धर्म एव हि ॥१०२४॥
તે વખતે ગુરૂમહારાજ બોલ્યા કે મોક્ષ વગેરે સુખની ઇચ્છાવાળાઓએ દુષ્ટ એવા આઠે કર્મો જેનાથી નાશ પામે તેવો ધર્મ કરવો જોઈએ. (૧૦૨૪)
अत्रान्तरेऽशोकदत्तः पप्रच्छेति वणिग्वरः । भगवन् कर्मणा केना-शोकश्रीर्दु हिता मम ॥१०२५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अतीववेदनाक्रान्ता सर्वाङ्गेष्वभवत्प्रभो । चिकित्साश्च कृतास्तस्या रोगशान्तेर्बभूव न ॥१०२६॥

એટલામાં અશોકદત્ત નામના શ્રેષ્ઠવણિકે પૂછ્યું કે હે ભગવન્ ! મારી પુત્રી અશોક શ્રી કયા કર્મ વડે સર્વ અંગોમાં અત્યંત પીડા કરનારા રોગ વડે વ્યાપ્ત થઈ ? એના માટે મેં ઘણાં ઔષધ કર્યાં પણ આના રોગની શાંતિ ન થઈ. (૧૦૨૫-૧૦૨૬)

सूरिः प्रोचे भूतशाल-नगरे श्रेष्ठिनः प्रिया । साभवद् भूतदेवस्य नाम्ना कुरुमती पुरा ॥१०२७॥

ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે તે ભૂતશાલ નામના નગરમાં ભૂતદેવ નામના શ્રેષ્ઠિની કુરુમતી નામની પત્ની હતી. (૧૦૨૭)

मार्जारीवान्यदा दुग्धं पिबंती भणिता तया । स्नुषा देवमतीनाम्नी गाढक्रोधवशादिदम् ॥१०२८॥

એક વખત તેણીએ દેવમતી નામની પોતાની પુત્રવધૂને બિલાડીની જેમ દૂધ પીતી જોઈને અત્યંત ક્રોધના આવેશથી આ રીતે કહ્યું. (૧૦૨૮)

शाकिन्या किं गृहीतासि यदेवं पिबसि पयः । सापि तद्वचसा भीता कम्पिताङ्गी बभूव च ॥१०२९॥

શું તેને શાકિની વળગી છે ? કે આ રીતે દૂધ પીએ છે ? તેના વચનથી ભય પામેલી ધ્રૂજવા લાગી. (૧૦૨૯)

एकतो दुष्टमातङ्गी शाकिनीमन्त्रकोविदा । तत्रस्था तां च जग्राह छलं लब्ध्वा वधूं वशे ॥१०३०॥

એટલામાં દુષ્ટ માતંગી અને શાકિનીના મંત્રને જાણકાર કોઈ એક માતંગીએ કપટ કરીને તે વહુને વશ કરી લીધી. (૧૦૩૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ततस्तद्वेदनाक्रान्ता वैद्यैश्चापि चिकित्सिता । परं दोषो गतो नास्या योगीतः कोऽपि चाययौ ॥१०३१॥

પછી તે વેદનાથી પરાધીન થયેલી તેણીને ઘણા વૈદ્યો વડે ચિકિત્સા કરવા છતાં પણ તેનો રોગ ન ગયો. એટલામાં ત્યાં કોઈક યોગી આવ્યો. (૧૦૩૧)

मन्त्रवादेऽमुनारब्धे-ऽग्निना यन्त्रे च ताडिते । मातङ्गी मुक्तकेशा द्राक् तत्रागाद्वेदनादिंता ॥१०३२॥

તેણે અગ્નિ વડે મંત્રની આરાધના કરતાં તથા યંત્રથી મારતાં આકર્ષણ પામેલી છૂટા વાળવાળી તે માતંગી પીડા પામેલી ત્યાં આવી. (૧૦૩૨)

क्व गृहीता त्वया ह्येषा पृष्टेति योगिना पुनः । श्वश्रूदुर्वाक्यभीताङ्गी मयात्तेति जगाद सा ॥१०३३॥

તે આને ક્યાંથી પકડી છે ? આ પ્રમાણે યોગી વડે પૂછાયેલી તે બોલી કે સાસુના વાક્યથી ભય પામી ત્યારે મેં તેને ગ્રહણ કરી. (૧૦૩૩)

प्रभावाद्योगिनस्तस्य निर्दोषजनि सा क्षणात् । मातङ्गी सा च भूपेन देशान्निष्कासिता तदा ॥१०३४॥

યોગના પ્રભાવથી તે પુત્રવધૂ એક ક્ષણમાં જ દોષ વગરની થઈ ત્યારે રાજાએ તે માતંગીને દેશમાંથી બહાર કાઢી મૂકી. (૧૦૩૪)

कुरुमत्यपि लोकेन कालजिह्वे ति जल्पिता । वैराग्यात्संयतिपार्श्वे व्रतं जग्राह भावतः ॥१०३५॥

કુરુમતીને લોકો કાળજિહ્વા એ પ્રમાણે કહેવા લાગ્યા. ત્યારે તેણે વૈરાગ્યથી સાધ્વીજી પાસે ભાવપૂર્વક સંયમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

स्वीकार्युं. (१०३५)

सा शुद्धं पालयित्वा त-न्मृत्वागादमरालयम् । ततश्च्युतेयं सञ्जाता श्रेष्ठिंस्ते दुहिता ह्यसौ ॥१०३६॥

તે શુદ્ધ ચારિત્રપાલન કરીને મરીને (કાળ કરીને) દેવલોકમાં ગઈ. ત્યાંથી ચ્યવીને હે શ્રેષ્ઠિ ! તારા ઘરે તારી પુત્રી થઈ. (૧૦૩૬)

उक्त्वानालोचितं पूर्व-भवे दुर्वाक्यमेतया । तेन चात्रैवमाकाश-देव्या हि छलितास्ति वै ॥१०३७॥

પૂર્વભવમાં તેણે વગર વિચારે જે વાક્ય ઉચ્ચાર્યું હતું તેથી આ ભવમાં તેને આકાશ દેવીએ છળી છે. (ગ્રહણ કરી છે.) (૧૦૩૭)

तामिहानय कन्यां त्वं श्रुत्वा येन वचो मम । असौ पूर्वभवं जाति - स्मरणेन हि ज्ञास्यति ॥१०३८॥

તે કન્યાને તું અહીં લાવ કારણ કે મારું વચન સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન વડે પોતાનો પૂર્વભવ જાણશે. (૧૦૩૮)

तस्मादुपद्रवान्मुक्ता तथैवैषा भविष्यति । श्रुत्वेति श्रेष्ठिना निन्ये सा सद्यस्तत्पदान्तिकम् ॥१०३९॥

તેમજ તે પુત્રી આ ઉપદ્રવથી પણ મુક્ત થશે. આ પ્રમાણે સાંભળીને શેઠ જલદી તેને તેના ચરણકમળમાં લાવ્યો. (૧૦૩૯)

नष्टा सूरिप्रभावेण देवता सा खगामिनी । श्रुत्वा तच्चरितं स्वस्य जातिस्मृतिमवाप सा ॥१०४०॥

આચાર્ય મહારાજના પ્રભાવથી તે આકાશદેવી ભાગી ગઈ અને પોતાનું ચારિત્ર સાંભળીને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. (૧૦૪૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

जजल्प च प्रभो सत्यं यद्युष्माभिर्निवेदितम् । अथालं भववासेन परिव्रज्यां प्रयच्छ मे ॥१०४१॥
અને તે બોલી કે હે પ્રભુ ! આપે જે કહ્યું છે તે સાચું છે. સંસારમાં રહેવાથી સર્યું. મને દીક્ષા આપો. (૧૦૪૧)
गुरुः प्रोवाच ते भोग-फलं कर्मास्ति सम्प्रति । तद्भुक्त्वा श्रमणी त्वं हि भविष्यसि शुभाशये ॥१०४२॥
ત્યારે ગુરૂએ કહ્યું કે તને હજુ ભોગાવલી કર્મ બાકી છે. હે શુભ આશયવાળી ! તું તે ભોગવીને સાધ્વી બની શકશે. (૧૦૪૨)
एवमस्त्विति सा वाक्यं प्रतिपद्य ययौ गृहम् । तद्दृष्ट्वा चिन्तयामास विस्मितः स महीपतिः ॥१०४३॥
એમ હો ! તેઓનું વચન અંગીકાર કરીને તે ઘરે ગઈ. તે જોઈને વિસ્મય પામેલો રાજા વિચાર કરવા લાગ્યો. (૧૦૪૩)
अत्यद्भुतं मुनेरस्य ज्ञानमेतन्महीतले । प्रत्यक्षमिव येनोक्तं तद्वृत्तं पूर्वजन्मजम् ॥१०४४॥
આ પૃથ્વીતલ ઉપર આ મુનિનું જ્ઞાન અદ્‌ભુત છે. જેણે તે પૂર્વજન્મ જોયો હોય તે રીતે કહ્યો. (૧૦૪૪)
पप्रच्छ च प्रभो मित्रा-नन्दस्य सुहृदः कथाम् । ममाप्याख्याहि कृत्वा त्वं प्रसादमतुलं मयि ॥१०४५॥
પછી રાજાએ પૂછ્યું કે હે પ્રભુ ! મારા પર અત્યંત કૃપા કરીને મારો મિત્ર મિત્રાનંદની કથાને કહો. (૧૦૪૫)
गुरुणोक्तं महाराज ! त्वत्पार्श्वाच्चलितोऽथ सः । जलमार्गमतिक्रम्य स्थलमार्गं ययौ क्रमात् ॥१०४६॥
ત્યારે ગુરૂએ કહ્યું હે મહારાજન્ ! તારી પાસેથી ગયેલો તે જળના માર્ગને ઓળંગીને જમીનના માર્ગ પર આવ્યો. (૧૦૪૬)
एकस्य पर्वतस्याग्रे । नदीतीरे स्थितो ह्यसौ । तदा भोक्तुं निविष्टास्ते सर्वेऽपि तव सेवका ॥१०४७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક પર્વતની પાસે નદીના કિનારે તે રહ્યો. ત્યારે તારા બધા જ સેવકો જમવા માટે બેઠા. (૧૦૪૭)

कस्याश्चिदैवदुर्योगात् पल्लेर्मध्यात्समागता । पपात तत्र भिल्लानां घाटी तावदतर्किता ॥१०४८॥

તેટલામાં દુર્દૈવના યોગથી કોક ભિલની પલ્લીમાંથી ભિલોનું ટોળું ઓચિંતાને આવીને પડયું. (૧૦૪૮)

सर्वेऽपि पत्तयो भिल्लैः प्रचण्डैस्ते पराजिताः । मित्रानन्दः स एकाकी क्वचिद्देशे पलायितः ॥१०४९॥

તે પ્રચંડ ભિલ્લો વડે સર્વે સૈનિકો હારી ગયા. અને મિત્રાનંદ એકલો કોઈક દેશમાં ભાગી ગયો. (૧૦૪૯)

ह्रिया दर्शयितुं वक्त्र-मक्षमास्ते पदातयः । नाययुर्भवतः पार्श्वे परं देशान्तरे गताः ॥१०५०॥

લજ્જા વડે કરીને તે પાયદળના સૈનિકો મોઢું બતાવવા માટે અશક્ત થયેલા તેઓ તારી પાસે આવ્યા નહીં. અને કોઈક દેશમાં ગયા. (૧૦૫૦)

मित्रो गच्छन्नरण्येऽथ ददर्शैकं सरोवरम् । तत्र पीत्वा च पानीयं न्यग्रोधस्य तलेऽस्वपत् ॥१०५१॥

હવે મિત્ર મિત્રાનંદે અરણ્ય જતાં એક સરોવર જોયું. અને તેમાં પાણી પીને એક વડના ઝાડ નીચે સૂઈ ગયો. (૧૦૫૧)

तत्रासौ कृष्णसर्पेण निःसृत्य वटकोटरात् । दष्टो दृष्टश्च तत्रैके-नागतेन तपस्विना ॥१०५२॥

विद्यामंत्रितपानीया-भिषिक्तस्तेन स द्रुतम् । करुणापन्नचित्तेन ततोऽसौ जीवितोऽभवत् ॥१०५३॥

તેટલામાં વડની બખોલમાંથી કાળા સર્પે નીકળીને તેને ડંખ માર્યો. તેટલામાં ત્યાં આવેલા દયાળું ચિત્તવાળા એક યોગીએ મંત્રથી મંત્રેલા પાણી વડે તેના પર અભિષેક કર્યો. ત્યારે તે સજીવન થયો. (૧૦૫૨-૧૦૫૩)

P.P. Gun Gun Aaradhak Trust

पृष्टस्तेन त्वमेकाकी प्रस्थितोऽसि क्व भद्रक ! । तेनापि निजका वार्ता सत्या तस्य निवेदिता ॥१०५४॥

તે યોગીએ મિત્રાનંદને પૂછયું કે હે ભાગ્યશાળી ! તું એકલો ક્યાં જાય છે ? તેણે પોતાની સત્યકથા તેની પાસે કહી. (૧૦૫૪)

स्वस्थानं तापसः सोऽगा-द्दध्यौ मित्रोऽपि हा मया । सर्पान्नमपि नो लब्धं सुखेन मरणं किल ॥१०५५॥

તે તાપસ પોતાના સ્થાનકે ગયો. ત્યારે મિત્રાનંદે વિચાર્યું કે ખરેખર મને સર્પ વડે પણ મરણ સુખપૂર્વક ન મળ્યું. (૧૦૫૫)

सङ्गमात्सुहृदश्चापि भ्रष्टोऽहं स्वकदाग्रहात् । अथवाद्यापि तत्पार्श्वे याम्यलं चिन्तयान्यया ॥१०५६॥

હું મારા પોતાના કદાગ્રહથી મિત્રના સમાગમથી પણ રહીત થયો. અથવા તો હજુ પણ તેની પાસે જાઉં ચિંતા વડે સર્યું. (૧૦૫૬)

ततोऽसौ चलितो मार्गे गृहीतस्तस्करैः पुनः । नीत्वा च निजपल्लिं तै-र्विक्रीतो वणिगन्तिके ॥१०५७॥

ત્યાર પછી તેને માર્ગમાં ચાલતાં ચોરોએ પકડીને પોતાની પલ્લીમાં લઈ જઈ તે ચોરોએ કોઈક વાણીયાને ત્યાં વેચી દીધો. (૧૦૫૭)

सोऽपि पारसकूलाख्ये देशे गन्तुमना वणिक् । उज्जयिनीपुरे प्राप्त उद्याने च स्थितो बहिः ॥१०५८॥

પારસકુળ નામના દેશમાં જવાની ઇચ્છાવાળો તે વણિક ઉજ્જયિની નગરીની બહાર ઉદ્યાનમાં રહ્યો. (૧૦૫૮)

तत्र रात्रावसौ मित्रः कथञ्चिद्गतबन्धनः । पुर्या निर्धमनेनान्तः प्रविवेश तदा पुनः ॥१०५९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

त्यां रात्रिमां कोईपण रीते बंधन वगरनो थयेलो ते मित्रानंद नगरीना पाणी जवाना खाळ वडे नगरनी अंदर पेठो. (१०५९)

तस्करोपद्रुता सा पू-स्ततो राज्ञा नियोजितः । आरक्षको विशेषेण चौरनिग्रहकर्मणि ॥१०६०॥

ते समये ते नगरी चोरना उपद्रववाळी बनी हती. तेथी राजाए चोरने पकडवा माटे खास कोटवाळोने राख्या हतां. (१०६०)

प्रविशंश्चौरवत्तेन मित्रानन्दो निरीक्षितः । बद्धश्च केकिबन्धेन विपरीतविधेर्वशात् ॥१०६१॥

ते कोटवाळोए चोरनी जेम प्रवेश करता मित्रानंदने जोयो. अने विधिनी विपरीतता वडे ते मयूरबंध वडे बंधायो. (१०६१)

यष्टिमुष्टयादिघातैश्च ताडयित्वातिनिष्ठुरम् । वधार्थं स्वमनुष्याणा-मारक्षेण समर्पितः ॥१०६२॥

ते कोटवाळे तेने लाकडी अने मुठ्ठी वगेरेना घातथी अति क्रूर रीते मारीने वश करवा माटे माणसोने सोंप्यो. (१०६२)

अयं सिप्रानदीतीरे वटवृक्षे महीयसि । उद्बद्धय वध्यो युष्माभि-रिति चाज्ञापिता इमे ॥१०६३॥

अने पछी आज्ञा करी के आने सिप्रानदीना किनारे वडना झाड पर बांधीने तमारे तेने मारी नांखवो. (१०६३)

ततस्तैर्नीयमानोऽसौ मनस्येवं व्यचिन्तयत् । जातं तद्वचनं सत्यं यच्छवेनोदितं पुरा ॥१०६४॥

त्यार पछी ते माराओ वडे लई जवातो एवो ते मनमां विचारवा लाग्यो के पहेलां जे शबे वचन कह्युं हतुं ते

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વચન સાચું થયું. (૧૦૬૪)

यत्र वा तत्र वा यातु यद्धा तद्वा करोत्वसौ । तथापि मुच्यते प्राणी न पूर्वकृतकर्मणः ॥१०६५॥

તમે અહીં તહીં ગમે ત્યાં જાવ. ગમે તે કરો. પરંતુ પૂર્વે કરેલા કર્મોથી પ્રાણીઓ મૂકાતા નથી. (૧૦૬૫)

विभवो निर्धनत्वं च बन्धनं मरणं तथा । येन यत्र यदा लभ्यं तस्य तत्र तदा भवेत् ॥१०६६॥

વૈભવ-દરિદ્રતા-બંધન અને મરણ જેને જ્યાં મળવાના હોય તેને ત્યારે ત્યાં મળે છે. (૧૦૬૬)

याति दूरमसौ जीवो-ऽपायस्थानाद्भयद्रुतः । तत्रैवानीयते भूयो रज्ज्वेव प्रौढकर्मणा ॥१०७६॥

આ જીવ ભયના સ્થાનથી ડરીને દૂર જાય છે. પરંતુ પ્રૌઢ કર્મરૂપી દોરડાથી બંધાયેલો જીવ પાછો ત્યાં લઈ જવાય છે. (૧૦૬૭)

माकार्षीः कोपमेतेषु रे जीव वधकेष्वपि । यदीच्छसि परत्रापि सुखलेशं त्वमात्मनः ॥१०६८॥

હે જીવ ! જો તું પરલોકમાં જરા પણ સુખની ઇચ્છા રાખતો હોય તો આ મારનારાઓ પર કોપ કરતો નહીં. (૧૦૬૮)

एवं विचिन्तयन्नेष तैरारक्षकमानुषैः । वटे तत्रैव सम्बद्धो-ऽपराधरहितोऽप्यहो ॥१०६९॥

એ પ્રમાણે વિચાર કરતા તેને અપરાધ રહિત હોવા છતાં પણ કોટવાળ મનુષ્યોએ વડના ઝાડ પર બાંધ્યો. (૧૦૬૯)

अन्यदा रममाणानां गोपानां दैवयोगतः । उत्पत्योन्नतिकाविक्ष-न्मुखे तस्यापि पूर्ववत् ॥१०७०॥

એક દિવસ ત્યાં દૈવયોગે ગોવાળીયાઓ રમતાં તેના મોંઢામાં મોઈ ઉછળીને પડી. (૧૦૭૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तत्सूरिवचनात् श्रुत्वा-मरदत्तो महीपतिः । स्मारं स्मारं गुणग्रामं तस्यैवं व्यलपन्मुहुः ॥१०७१॥
અમરદત્ત રાજા તે આચાર્ય ભગવાનના મુખેથી તે વચન સાંભળીને તેના ગુણોના સમૂહને યાદ કરીને વારંવાર રડવા લાગ્યો. (૧૦૭૧)

हा मित्र निर्मलस्वान्त हा परोपकृतौ रत । हा प्रशस्यगुणव्रात हा भ्रातः क्व गतोऽसि हा ॥१०७२॥
હે નિર્મલ અંતઃકરણવાળા મિત્ર ! હે પરોપકાર કરવામાં પ્રવીણ ? હે પ્રશંસાને પાત્ર ગુણોના સમૂહવાળા ! હે ભાઈ ! તું ક્યાં ગયો ? (૧૦૭૨)

देव्यपि विललापैवं हे देवर सखीप्रिय । सुविचार गुणाधार निर्विकार क्व तिष्ठसि ॥१०७३॥
ત્યારે દેવી પણ વિલાપ કરવા લાગી. હે દિયર ! હે મિત્રને પ્રિય ! હે સુવિચારવાળા ! હે ગુણના આધાર ! હે નિર્વિકારી ? તું ક્યાં ગયો ? (૧૦૭૩)

यदाहं भवतातीता तदा के के न निर्मिता । उपायाश्च त्वया मित्र सम्प्रति क्व गतो हहा ॥१०७४॥
હે મિત્ર ! જ્યારે મને તમે લાવ્યા ત્યારે શું શું ઉપાયો નહોતા કર્યા ? અરેરે ! હમણાં તું ક્યાં ગયો ? (૧૦૭૪)

उवाच सप्रियं भूपं विलपन्तमदो गुरुः । शोकं मा कुरु राजेन्द्र भवभावान् विभावय ॥१०७५॥
પ્રિયા સહિત રાજાને રડતાં જોઈને ગુરૂએ કહ્યું કે હે રાજેન્દ્ર ! તું શોક ન કર. સંસારમાં થવાવાળા ભાવોને વિચાર કર. (૧૦૭૫)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

न चतुर्गतिकेऽप्यस्मिन् संसारे परमार्थतः । सौख्यं शरीरिणामस्ति किं तु दुखं निरन्तरम् ॥१०७६॥
આ ચાર ગતિવાળા સંસારમાં પણ પ્રાણીઓને વાસ્તવિક સુખ નથી. પરંતુ નિરંતર દુઃખ જ છે. (૧૦૭૬)
स कोऽपि नास्ति संसारे मृत्युना यो न पीडितः । स्फुटं मार्गममुं ज्ञात्वा कः शोकं कुरुते सुधीः ॥१०७७॥
આ સંસારમાં તેવો કોઈ પણ જીવ નથી કે જે મૃત્યુથી પીડા પામતો ન હોય. આ માર્ગને પ્રગટપણે જાણીને કયો બુદ્ધિમાન શોક કરે ? (૧૦૭૭)
शोकावेशं परित्यज्य राजन् धर्मोद्यमं कुरु । येनेदृशानां दुःखानां भाजनं नोपजायसे ॥१०७८॥
માટે હે રાજન્ ! શોકના આવેશને નાશ કરીને ધર્મમાં ઉદ્યમ કરો. જેના વડે તમે આવા દુઃખનું ભાજન ન થાઓ. (૧૦૭૮)
राजा प्रोचे करिष्यामि धर्मं मे कथ्यतां परम् । मित्रानन्दस्य जीवोऽसौ कुत्रोत्पन्नो मुनीश्वर ॥१०७९॥
ત્યારે રાજા બોલ્યો કે હે મુનિવર ! હું ધર્મ કરીશ પણ મિત્રાનંદનો જીવ મરીને ક્યાં ઉત્પન્ન થયો તે મને કહો. (૧૦૭૯)
सूरिः प्रोवाच ते देव्याः सोऽस्याः कुक्षौ समागतः । सुतत्वेन यतस्तेन भावना भाविता तथा ॥१०८०॥
આચાર્ય મહારાજ બોલ્યા કે તે મિત્રાનંદનો જીવ તારી રાણીની કુક્ષિમાં અવતર્યો છે. કારણ કે તેણે તેવી ભાવના ભાવી હતી. (૧૦૮૦)
जातः कमलगुप्ताख्य-स्तव पुत्रः सुविक्रमः । पूर्वं कुमारतां प्राप्य क्रमाद्राजा भविष्यति ॥१०८१॥
તે કમલગુપ્ત નામનો તારો પરાક્રમવાળો પુત્ર પહેલાં કુમારપણું મેળવીને અનુક્રમે રાજા થશે. (૧૦૮૧)

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

पुनः पप्रच्छ भूपालः कथं तस्य महात्मनः । जाता निरागसोऽप्येवं तस्करस्येव पञ्चता ॥१०८२॥
ફરીથી રાજાએ પૂછ્યું કે તે મહાન આત્મા નિરપરાધી હોવા છતાં ચોરની પેઠે મરણ કેમ થયું ? (૧૦૮૨)
कलङ्कसम्भवो देव्याः कथं वा समभूत्प्रभो । मम बन्धुवियोगश्च बाल्यादप्यभवत्कथम् ॥१०८३॥
તથા હે સ્વામી ? દેવીને કલંક કેમ આવ્યું ? અને મને બાલ્યકાળથી બંધુઓનો વિયોગ કેમ થયો ? (૧૦૮૩)
स्नेहाधिकतरोऽस्माकं कथं स भगवन् वद । इति पृष्टो मुनीन्द्रस्तु ज्ञात्वा ज्ञानेन सोऽवदत् ॥१०८४॥
તથા હે ભગવન્ ! તે અમને અધિકપ્રિય કેમ હતો ? તે કહો. એ પ્રમાણે પૂછતાં તે મુનિએ જ્ઞાન વડે જાણીને કહ્યું. (૧૦૮૪)
इतो भवात्तृतीये त्वं भवे क्षेमंकराभिधः । आसीः कौटुम्बिको राजन् सत्यश्रीस्तव गेहिनी ॥१०८५॥
હે રાજન્ ! આ ભવથી ત્રીજા ભવમાં તું ક્ષેમંકર નામનો કૌટુંબિક (કણબી) હતો અને સત્યશ્રી નામની તારી પત્ની હતી. (૧૦૮૫)
चन्द्रसेनाभिधः कर्म-करः कर्मक्रियापटुः । बभूव च तयोर्भक्तो-ऽनुरक्तो विनयान्वितः ॥१०८६॥
કામ કરવામાં હોંશિયાર એવો ચંદ્રસેન નામનો તેઓનો સેવક હતો. તે સેવક તેઓનો ભક્ત-અનુરાગવાળો અને વિનયવાળો હતો. (૧૦૮૬)
त्वत्क्षेत्रे सोऽन्यदा कर्म कुर्वाणः कञ्चनाध्वगम् । परक्षेत्राद्धान्यसन्दोहं गृह्णन्तं समलोकयत् ॥१०८७॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Tr

એક દિવસ તારા ખેતરમાં કામ કરતાં તેણે કોઈક મુસાફરને બીજાના ખેતરમાંથી ધાન્યને લેતા જોયો. (૧૦૮૭)

ऊचे चैनं महाचौर-मुल्लंबय तरावितिं । तत्क्षेत्रस्वामिना तस्य त्रिदधे किञ्चनापि न ॥१०८८॥

અને તે બોલ્યો કે આ મહાચોરને વૃક્ષ ઉપર લટકાવો. પરંતુ તે ખેતરના માલીકે તેને કાંઈપણ કર્યું નહીં. (૧૦૮૮)

दूनस्तद्वचसा सोथा-ध्वगः कर्मकृतापि तत् । बद्धं क्रोधवशात्तेन कर्म दुर्वाक्यसम्भभवम् ॥१०८९॥

તે વચનથી તે મુસાફરને દુઃખ થયું અને તે સેવકે ક્રોધના આવેશથી દુર્વાક્યથી ઉત્પન્ન થયેલું કર્મ બાંધ્યું. (૧૦૮૯)

अन्यदा पुत्रभार्याया भुञ्जानाया गृहे मुदा । उत्तानायाः कथमपि कवलो व्यलगद्गले ॥१०९०॥

એક દિવસ પોતાના ઘેર હર્ષથી પુત્રની વહુને ઉતાવળથી જમતાં કોળીયો ગળે અટકી ગયો. (૧૦૯૦)

सोचे सत्यश्रिया पापे निशाचरि न भुञ्जसि । कवलैर्लघुभिः किं त्वं यत्स नो विलगेद्गले ॥१०९१॥

ત્યારે તે સત્યશ્રી બોલી. હે પાપિની ! ડાકણ ! તું નાના કોળીયા વડે કેમ જમતી નથી ? કે જેથી કોળીયો ગળે અટકે નહીં. (૧૦૯૧)

अन्येद्युः कर्मकृत्सोऽथ स्वामिनोक्तो यथाद्य भोः । ग्रामेऽमुष्मिन् प्रयाहीति कारणेनामुना ध्रुवम् ॥१०९२॥

એક દિવસ તેના સ્વામીએ સેવકને કહ્યું કે હે સેવક ! તું આજે અમુક કારણથી અમુક ગામે જા. (૧૦૯૨)

सोऽवदद्व्याकुलोऽद्याहं बन्धूनां मिलने खलु । तदा क्रुद्धेन तेनोक्तं स्वजना मा मिलन्तु ते ॥१०९३॥

તે બોલ્યો હે આજે હું મારા બંધુઓને મળવામાં વ્યાકુળ છું. ત્યારે તેણે કોપાયમાન થઈને કહ્યું કે તારા સ્વજનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

तने नहीं मळे. (१०९३)

अत्रान्तरे मुनिद्वन्द्वं गृहे तस्य समागतं । दानमस्मै प्रदेहीति प्राह कौटुम्बिकः प्रियाम् ॥१०९४॥

એટલામાં તેના ઘરે બે મુનિનું યુગલ આવ્યું. ત્યારે તે ખેડૂતે પોતાની પત્નીને કહ્યું કે આમને દાન આપ. (૧૦૯૪)

सुपात्रमिति हर्षेण तया तत्प्रतिलाभितः । प्रासुकैर्भक्तपानाद्यै-र्भावसंयुक्तचित्तया ॥१०९५॥

ભાવયુક્ત ચિત્ત વડે તેણીએ સુપાત્ર જાણીને હર્ષથી નિર્દોષ આહાર અને પાણી વડે લાભ લીધો (વહોરાવ્યું). (૧૦૯૫)

दध्यौ कर्मकरोऽप्येतौ धन्यौ याभ्यां महामुनी । काले निजगृहायातौ भक्तितः प्रतिलाभितौ ॥१०९६॥

તે વખતે સેવકે વિચાર કર્યો કે આ બન્નેને ધન્ય છે કે જેઓએ યોગ્ય સમયે પોતાના ઘેર આવેલા બન્ને મહામુનિઓને ભક્તિથી પ્રતિલાભ્યા. (૧૦૯૬)

अत्रान्तरेऽपतत्तेषां त्रयाणामुपरि क्षणात् । क्षणिका तेन पञ्चत्वं सममेव गता इमे ॥१०९७॥

એટલામાં તે જ ક્ષણે તે ત્રણે ઉપર વીજળી પડી. અને તે ત્રણે જણાં સાથે મૃત્યુ પામ્યા. (૧૦૯૭)

सौधर्मकल्पे देवत्वं प्राप्ताश्च प्रीतिनिर्भराः । ततः क्षेमङ्करश्च्युत्वा त्वमभूर्जगतीपते ॥१०९८॥

પરસ્પર પ્રીતિવાળા તે ત્રણે સૌધર્મ દેવલોકમાં દેવો થયા ત્યાંથી ક્ષેમંકરનો જીવ જીવીને હે રાજા ! તું તે થયો. (૧૦૯૮)

जीवः सत्यश्रियः सेयं संजाता रत्नमञ्जरी । जीवः कर्मकरस्याभू-न्मित्रानन्दः सखा तव ॥१०९९॥

જે સત્યશ્રીનો જીવ હતો તે રત્નમંજરી થઈ અને સેવકનો જીવ હતો તે તારો મિત્ર મિત્રાનંદ થયો. (૧૦૯૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

बद्धं यद्येन दुष्कर्म वचसा पूर्वजन्मनि । तत्तस्योपस्थितं राज--त्रिहापि खलु जन्मनि ॥११००॥
હે રાજન્ ! પૂર્વ જન્મમાં જેણે વચન વડે દુષ્કર્મ બાંધ્યું હતું તે તેને અહીં આ જન્મમાં ઉપસ્થિત થયું. (૧૧૦૦)
ततः पूर्वभवे राजन् यद्धसद्भिर्निबद्धयते । रुदद्भिर्वेद्यतेऽवश्यं तत्कर्मेह शरीरिभिः ॥११०१॥
તેથી કરીને હે રાજન્ ! પૂર્વભવમાં પ્રાણીઓ જે કર્મ હસતાં બાંધે છે તે રડતાં પણ અવશ્ય ભોગવવું પડે છે. (૧૧૦૧)
तन्निशम्य महीपोऽसौ मुमूर्छ प्रियया सह । तत्पूर्वविहितं सर्वं जातिस्मृत्या विवेद च ॥११०२॥
તે સાંભળીને રાજા પત્ની સહિત મૂર્ચ્છા પામ્યો. અને જાતિસ્મરણ જ્ઞાન વડે પૂર્વે થઈ ગયેલું સર્વ જાણ્યું. (૧૧૦૨)
ऊचे च यत्प्रभो प्रोक्तं युष्माभिर्ज्ञानभास्करैः । तज्जातिस्मरणेनाभूत् प्रत्यक्षमधुनापि मे ॥११०३॥
અને તે રાજા બોલ્યો કે હે પ્રભુ ! જ્ઞાનરૂપી સૂર્ય એવા આપના વડે જે કહેવાયું છે તે બધું મને હમણાં જાતિસ્મરણ વડે પ્રત્યક્ષ થાય છે. (૧૧૦૩)
तदेतस्यामवस्थायां विद्यते यस्य योग्यता । कृत्वा प्रसादं युष्माभिः स धर्मो मम कथ्यताम् ॥११०४॥
તેથી આ અવસ્થામાં જેની જેવી યોગ્યતા હોય તેવો ધર્મ આપ. કૃપા કરીને મને કહો. (૧૧૦૪)
गुरुः प्रोवाच सञ्जाते तनये ते महीपते । प्रव्रज्या भवितेदानीं गृहिधर्मस्तवोचितः ॥११०५॥
ગુરૂ બોલ્યા કે તને જ્યારે પુત્ર થશે ત્યારે તારી દીક્ષા થશે. હમણાં તો તને ગૃહસ્થનો ધર્મ જ યોગ્ય છે. (૧૧૦૫)
ततो द्वादशभेदोऽपि श्राद्धधर्मो विवेकिना । प्रपन्नोऽमरदत्तेन भूभुजा प्रियया सह ॥११०६॥

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

ત્યાર પછી વિવેકવાળા અમરદત્ત રાજાએ પત્નીની સાથે બાર ભેદવાળો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. (૧૧૦૬)

पुनः पप्रच्छ भूपालो तत्तदा तेन जल्पितम् । मृतकेन तदाख्याहि कारणं विस्मयोऽत्र मे ॥११०७॥

ફરીથી રાજાએ પૂછયું કે ત્યારે મૃતકે જે કહ્યું હતું તેનું કારણ કહો. કારણ કે મને આ વાતનું ઘણું જ આશ્ચર્ય છે. (૧૧૦૭)

गुरुणोक्तमसौ पान्थो धान्यग्राही महीयते । विपद्य व्यन्तरो जज्ञे वटे तस्मिन् स्वकर्मणा ॥११०८॥

ત્યારે ગુરુ બોલ્યા કે ધાન્યને ગ્રહણ કરનાર તે મુસાફર મરીને તે પોતાના કર્મ વડે આ વડના ઝાડમાં વ્યંતર થયો. (૧૧૦૮)

मित्रानन्दं समुद्वीक्ष्य स्मृत्वा वैरं तत्कृतम् । अवतीर्य शबस्यास्ये तेन तज्जल्पितं वचः ॥११०९॥

તેથી મિત્રાનંદને ઓળખીને તેને કરેલા વૈરને ફરીને શબના મોંઢામાં પ્રવેશ કરીને તેણે તે વચન કહ્યું. (૧૧૦૯)

एवं विच्छिन्नसन्देहो-ऽमरदत्तो महिपतिः । सूरिं नत्वा स्वसदनं ययौ स्वीयप्रियायुतः ॥१११०॥

એ પ્રમાણે નાશ પામ્યો છે સંદેહ એવો અમરદત્ત રાજા આચાર્ય ભગવંતને નમસ્કાર કરીને પોતાની પત્ની સહિત ઘેર ગયો. (૧૧૧૦)

अज्ञानमोहितप्राणि-प्रतिबोधविधौ रतः । धर्मघोषमुनीन्द्रोऽपि विजहार महीतले ॥१११॥

અજ્ઞાનથી મોહિત થયેલા પ્રાણીઓને પ્રતિબોધ કરવામાં તત્પર ધર્મઘોષ નામના આચાર્યભગવંત પણ પૃથ્વીતલ ઉપર વિચરવા લાગ્યા. (૧૧૧૧)

समये रत्नमञ्जर्या देव्याः सूनुरजायत । तदेव समभूत्तस्य नाम यद्गुरुणोदितम् ॥१११२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

योग्य समये रत्नमंजरी राणीએ पुत्रने जन्म आप्यो अने गुरुએ કહેલું એવું तेनुं नाम पाડ्युं. (१११२)

धात्रीभिः पाल्यमानोऽसौ समतिक्रान्तशैशवः । समधीतकलो विश्व-भराधारक्षमोऽभवत् ॥१११३॥

धाव माताओ वडे पालन કરातो जेनो बाल्यકाળ चाली गयो छे तेवो तथा जेणे બधी કલाओ જाणी लीधी छे तेवो पृथ्वीना ભારने वहन કरवामां शક्तिशाળी બन्यो. (१११३)

स एव सुगुरुस्तत्र पुनरन्येद्युराययौ । उद्यानपालकस्तस्या-गमं राज्ञे शशंस च ॥१११४॥

એક દિવસ તે જ ગુરુ પાછા - ઉદ્યાનમાં સમવસર્યા. અને ઉદ્યાન પાલકે રાજાને તેમનું આગમન કહ્યું. (१११४)

निवेश्य तनयं राज्ये ततोऽसौ प्रियया सह । गुरुणामन्तिके तेषां परिव्रज्यामुपाददे ॥१११५॥

પછી પોતાના પુત્રને રાજ્ય પર સ્થાપન કરીને પ્રિયા સહિત ગુરુની પાસે દીક્ષા લીધી. (१११५)

राज्ञः सपरिवारस्य दत्वा दीक्षामथो गुरुः । एतेषां प्रतिबोधार्थं शिक्षामेवंविधां ददौ ॥१११६॥

હવે ગુરુએ રાજાને પરિવાર સહિત દીક્ષા આપીને તેઓના પ્રતિબોધ માટે આ પ્રમાણેની શિખામણ આપી. (१११६)

भवाम्भोधिपतज्जन्तु-निस्तारणतरीसमा । कथञ्चित्पुण्ययोगेन प्रव्रज्या प्राप्यतेऽङ्गिभिः ॥१११७॥

ભવસમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને તરવા માટે નાવડી સરખી દીક્ષા પ્રાણીઓને કોઈક પુણ્યના યોગથી પ્રાપ્ત થાય છે. (१११७)

प्रव्रज्यां प्रतिपद्यापि ये स्युर्हिं विषयैषिणः । जिनरक्षितवद्घोरे ते पतन्ति भवार्णवे ॥१११८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દીક્ષાને અંગીકાર કરીને જેઓ વિષયોની ઇચ્છા કરે છે તેઓ જિનરક્ષિતની જેમ ભયંકર સંસાર સમુદ્રમાં પડે છે. (૧૧૧૮)

स्युर्ये च निरपेक्षास्तु विषयेष्वर्थिता अपि । जिनपालितवत्तेऽत्र भवन्ति सुखभाजनम् ॥१११९॥

અને વિષયોમાં પ્રાર્થના કરવા છતાં પણ જેઓ ઇચ્છા વગરના રહે છે તેઓ અહીં જિનપાલિતની જેમ સુખી થાય છે. (૧૧૧૯)

पृष्टो राजर्षिणा तेन कथयतिस्म ततः सः । सूरिः सिद्धान्तकथितां भविष्यंतीं तयोः कथाम् ॥११२०॥

ત્યારે રાજર્ષિએ પૂછતાં તે આચાર્ય ભગવંતે સિદ્ધાંતમાં (શાસ્ત્રમાં) કહેલી તેઓની કથા કહી. (૧૧૨૦)

चम्पापुर्यां प्रसिद्धायां जितशत्रुरभून्नृपः । बभूव धारिणीनाम्नी तत्प्रिया रूपशालिनी ॥११२१॥

પ્રસિદ્ધ એવી ચંપાપુરી નગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો. અને તેને રૂપથી શોભતી ધારિણી નામની પત્ની હતી. (૧૧૨૧)

अभवत्तत्र माकंदी नाम्ना श्रेष्ठी महाधनः । प्रशान्तः सरलस्त्यागी बन्धुकैरवचन्द्रमाः ॥११२२॥

અને ત્યાં તે નગરમાં શાંત-સરળ-ત્યાગવાળો બંધુરૂપી કૈરવો માટે ચંદ્ર જેવો માકંદી નામનો મોટો ધનિક શ્રેષ્ઠી ત્યાં હતો. (૧૧૨૨)

भद्रा नाम्नी च तद्भार्या तत्सुतौ क्रमजावुभौ । जिनपालितनामाद्यो द्वितीयो जिनरक्षितः ॥११२३॥

તેને ભદ્રા નામની પત્ની હતી. તેને જન્મેલા પુત્રો નામથી પહેલો જિનપાલિત અને બીજો જિનરક્ષિત હતો. (૧૧૨૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यानमारुह्य कुर्वद्भ्यां परदेशे गतागतम् । वारानेकादशामुभ्यां निस्तीर्णः सरिताम्पतिः ॥११२४॥

વહાણમાં બેસીને પરદેશમાં આવતા જતાં તે બન્નેએ અગીયાર વખત સમુદ્રનું ઓળંગણ કર્યું. (૧૧૨૪)

अर्जितं च धनं भूरि ततस्तावतिलोभतः । गन्तुकामौ पुनस्तत्रा-पृच्छतां पितरं निजम् ॥११२५॥

અને ઘણું ધન ઉપાર્જન કર્યું. તો પણ અત્યંત લોભથી ફરીથી (બારમીવાર) જવાની ઈચ્છા વડે તેઓએ પોતાના પિતાને પૂછ્યું. (૧૧૨૫)

सोऽवदद्विद्यतेऽग्रेऽपि हे वत्सौ प्रचुरं धनम् । निजेच्छया त्यागभोगौ तेनैव कुरुतं युवाम् ॥११२६॥

ત્યારે તે પિતા બોલ્યો કે હે પુત્રો ! અગાઉનું પણ ઘણું ધન છે. તેથી તેનો તમારી ઈચ્છા પ્રમાણે ત્યાગ ભોગ વગેરે કરો. (૧૧૨૬)

इयं च द्वादशी वेला भवेत्सोपद्रवाप्यहो । ततो नो युज्यते वार्धौ गमनं भवतोरथ ॥११२७॥

આ બારમી વખત છે. તેથી તે ઉપદ્રવવાળી થાય. તેથી હવે તમારે સમુદ્રમાં જવું યોગ્ય નથી.(૧૧૨૭)

अथ तावूचतुस्तात मावादीरीदृशं वचः । भवितैषापि नो यात्रा क्षेमेण त्वत्प्रसादतः ॥११२८॥

તે વખતે તે બન્ને બોલ્યા હે પિતાજી ! તમે આવું વચન ન બોલો આ અમારી (બારમી) યાત્રા તમારી મહેરબાનીથી સફળ થશે. (૧૧૨૮)

ततस्तेन विसृष्टौ ता-वत्याग्रहपरायणौ । क्रयाणकादिव्यापार-कलासन्दोहकोविदौ ॥११२९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી અત્યંત આગ્રહવાળા કરિયાણા વગેરેના વેપારની કલામાં કુશળ એવા તે બન્નેને વિદાય કર્યાં. (૧૧૨૯)

सामग्रीं सकलां कृत्वा जलादीनां च सङ्ग्रहम् । यानमारुह्य पाथोधौ ततः प्राविशतां स्म तौ ॥११३०॥

ત્યાર પછી બધી સામગ્રી તૈયાર કરીને અને પાણી વગેરેનો સંગ્રહ કરીને વહાણમાં બેસી તે બન્નેએ સમુદ્રમાં પ્રવેશ કર્યો. (૧૧૩૦)

तयोर्महासमुद्रान्त-र्गतयोरभवत्क्षणात् । अकाले दुर्दिनं व्योम्नि विद्युदादिसमन्वितम ॥११३१॥

તેઓ જ્યારે મોટા સમુદ્રમાં દાખલ થયા ત્યારે તુરત જ વિજળી સહિત આકાશમાં અચાનક ખરાબ દિવસ થયો. (૧૧૩૧)

विललासासकृद्विद्यु-दुर्मयश्च जजृंभिरे । वातश्च प्रबलो जज्ञे घनाघनसमन्वितः ॥११३२॥

વિજળીના ચમકારાઓ વારંવાર થવા લાગ્યા. ગાઢ વાદળાઓ સહિત પવન વાવા લાગ્યો. (૧૧૩૨)

स्फुटितं यानपात्रं तद् युद्धे कातरचित्तवत् । विपन्नस्तद्गतो लोकः पतितो जलधौ तदा ॥११३३॥

યુદ્ધમાં જેમ બીકણ માણસનું હૃદય ફાટી જાય તેમ તેમનું વહાણ ભાંગી ગયું. અને તેમાં રહેલા મુનષ્યો સમુદ્રમાં પડયા અને મરણ પામ્યા. (૧૧૩૩)

कथञ्चित्फलकं लब्ध्वा तद्गाढं परिरभ्य च । तावासादयतां रत्न-द्वीपं च दिवसैस्त्रिभिः ॥११३४॥

કોઈપણ રીતે એક પાટીયું મળી જતાં તે ગાઢ રીતે પકડી રાખીને તે બન્ને ભાઈઓ ત્રણ દિવસે રત્નદ્વીપ પહોંચ્યા. (૧૧૩૪)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

नालिकेरफलैस्तत्र प्राणयात्रां विधाय तौ । तत्तैलाभ्यङ्गयोगेन सञ्जदेहौ बभूवतुः ॥११३५॥
નાળિયેર ખાવા વડે પોતાના પ્રાણોને ટકાવતાં અને કોપરેલના તેલ વડે માલીશ કરતાં અખંડ અંગવાળા બન્યા. (૧૧૩૫)
ततस्तत्राययौ रत्न-द्वीपदेवी च दैवतः । नृशंसा निर्घृणा पाणौ कृपाणं बिभ्रती द्रुतम् ॥११३६॥
તેટલામાં દૈવયોગે મનુષ્યોની હિંસા કરનારી નિર્દય અને હાથમાં તલવારને ધારણ કરનારી રત્નદ્વીપની દેવી આવી.(૧૧૩૬)
ऊचे चैवमहो सार्धं मया विषयसेवनाम् । चेद्युवां कुरुथः प्राण-कुशलं वां ततो भवेत् ॥११३७॥
અને તેણીએ કહ્યું કે મારી સાથે વિષય સુખનું સેવન કરશો તો તમે તમારાં પ્રાણોનું રક્ષણ કરી શકશો. (૧૧૩૭)
अन्यथानेन खड्गेन शिरश्छेत्स्यामि निश्चितम् । इत्युक्ते भयभीताङ्गौ तावप्येवं जजल्पतुः ॥११३८॥
જો તેમ ન હોય તો ચોક્કસ આ તલવારથી તમારું મસ્તક છેદી નાંખીશ. એમ કહેવાતા ભયભીત અંગવાળા તે બન્ને જણા આ રીતે બોલ્યા. (૧૧૩૮)
भिन्नप्रवहणावावां देवि त्वां शरणं श्रितौ । यदादिशसि किञ्चित्त्वं कर्तास्वस्तदसंशयम् ॥११३९॥
જેનું વહાણ ભાંગી ગયું છે. એવા બન્ને અમોને તું જ શરણરૂપ છે. તેથી તમે જ્યારે કંઈપણ આદેશ કરશો ત્યારે અમે ચોક્કસ કરીશું. (૧૧૩૯)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

प्रासादमात्मनो नीत्वा तौ ततः प्रीतमानसा । अपजह्रे तयोरङ्गात् पुद्गलानशुभानसौ ॥११४०॥
ત્યાર પછી ખુશ થયેલી તે બન્નેને પોતાના મહેલમાં લઈ જઈને તેમના શરીરમાં દેવશક્તિથી અશુભ પુદ્ગલો દૂર કરી નાંખ્યા. (૧૧૪૦)

बुभुजे सा समं ताभ्यां स्वैरं वैषयिकं सुखम् । ताभ्यां सुधाफलाहारं ददौ च प्रतिवासरम् ॥११४१॥
તે હંમેશા તેઓ સાથે વૈષયિક સુખો ભોગવવા લાગી અને તેઓને અમૃતફળના સ્વાદ સરખાં ફળોને હંમેશા આપે છે. (૧૧૪૧)

एवं च सुखतो याव-द्गतः कालः कियानपि । तयोस्तत्रान्यदा ताव-त्तयैवं भणितावितौ ॥११४२॥
તે રીતે સુખમાં કેટલોક સમય પસાર થયો. એક દિવસ તેણીએ તે બન્નેને આમ કહ્યું. (૧૧૪૨)

सुस्थितेनाहमादिष्टा-धिष्ठात्रा लवणोदधेः । यया त्रिसप्तकृत्वस्त्वं भद्रे शोधय वारिधिम् ॥११४३॥
મને લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવતાએ આજ્ઞા કરી છે કે હે ભદ્રે ! તારે એકવીસ વાર સમુદ્રને સાફ કરવો. (૧૧૪૩)

तृणकाष्ठाशुचिप्रायं भवेद्यद्यत्र किञ्चन । सर्वं लात्वा तदेकान्ते परित्याज्यं ममाज्ञया ॥११४४॥
ઘાસ-લાકડું અથવા કાંઈપણ અશુચીવસ્તુ હોય તેને લઈ લઈને મારી આજ્ઞાથી એક સ્થળે મૂકી દેવા. (૧૧૪૪)

ततस्तत्र मया गम्यं युवामत्रैव तिष्ठतम् । कुर्वंतौ सत्फलैरेभिः प्राणवृत्तिं शुभाशयौ ॥११४५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ते કારણથી મારે ત્યાં જવું છે. હે શુભ આશયવાલા તમે બન્ને આ સુંદર ફળો વડે પ્રાણવૃત્તિને કરતા અહીં જ રહો. (૧૧૪૫)

कथञ्चिद्विजनत्वाद्वां यद्यत्रोत्पद्यतेऽरतिः । पूर्वदिग्वनखंडे त-द्गंतव्यमपशंकितम् ॥११४६॥

કદાચ કોઈકવાર એકલા હોવાથી તમને આનંદ ન થાય તો તમારે શંકા વગર પૂર્વદિશાના વનખંડ તરફ જવું. (૧૧૪૬)

सर्वदावस्थितौ तत्र ग्रीष्मप्रावृड्संज्ञकौ । उभावृतू विनोदाय युवयोरपि भाविनौ ॥११४७॥

ત્યાં હંમેશા ઉનાળો અને ચોમાસાની ઋતુ રહે છે. આ બંને ઋતુઓ તમારા આનંદને માટે થશે. (૧૧૪૭)

न चेत्तत्रापि वां चित्तं रमेत कथमप्यहो । तदोत्तरावनीखण्डे गन्तव्यं हि ममाज्ञाया ॥११४८॥

જો ત્યાં પણ તમારું ચિત્ત કેમેય આનંદ ના પામે તો મારી આજ્ઞાથી તમારે ઉત્તર દિશા તરફના વનખંડમાં જવું. (૧૧૪૮)

तत्राप्यवस्थितौ नित्यं हेमन्तशरदाख्यकौ । भविष्यतो ऋतू नाम स्वाधीनौ युवयोरपि ॥११४९॥

ત્યાં પણ હંમેશા હેમંતઋતુ અને શરદઋતુ રહે છે તે તમારા આધીન થશે. (માફક આવશે) (૧૧૪૯)

तत्रापि नो रतिश्चेद्वां तदा प्राचीवनांतरे । गम्यं तत्रापि शिशिर-वसन्ताख्यावृतू स्थिरौ ॥११५०॥

ત્યાં પણ તમોને આનંદ ન આવે તો તમારા પૂર્વદિશાના વનખંડમાં જવું ત્યાં પણ હંમેશા શિશિરઋતુ અને વસંતઋતુ સ્થિર રહે છે. (૧૧૫૦)

ततः प्रासाद एवात्रा-गम्यमौत्सुक्यसम्भवे । दक्षिणस्यां वनेऽमुष्मिन् गन्तव्यं न कथञ्चन ॥११५१॥

ત્યાં તમોને કૌતુક થાય તો આ મહેલમાં જ પાછા આવજો. પણ દક્ષિણ દિશાના વનખંડમાં જરા પણ જતા નહીં. (૧૧૫૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यतस्तत्रासितच्छायो रुद्रकायो द्विजिह्वकः । अस्ति दृष्टिविषः सर्पो वेणीभूतोऽवनीस्त्रियः ॥११५२॥
કારણ કે ત્યાં કાળા રંગનો મોટી કાયાવાળો બે જીભવાળો તથા પૃથ્વી રૂપી સ્ત્રીની વેણી જેવો દૃષ્ટિ વિષ સર્પ રહે છે. (૧૧૫૨)

एवमुक्त्वा ययौ चेषा माकन्दितनयौ च तौ । वनखण्डत्रये तस्मिन् गच्छतःस्म पुरोदिते ॥११५३॥
આ પ્રમાણે કહીને તે વનદેવી ગઈ અને માકંદીના તે બન્ને પુત્રો પહેલાં કહેલા ત્રણેય વનમાં જવા લાગ્યા. (૧૧૫૩)

अथाचिन्तयतां तौ च दक्षिणस्या दिशो वने । मुहुर्मुहुश्च गच्छन्तौ तयावां वारितौ कथम् ॥११५४॥
હવે તે બન્ને વિચારવા લાગ્યા કે દક્ષિણ દિશાના વનમાં જતાં આપણને તેને વારંવાર કેમ અટકાવ્યા ? (૧૧૫૪)

चिन्तयित्वेति यावत्तौ तत्र गन्तुं समुद्यतौ । प्रविवेश तयोस्ताव-द्गन्धो घ्राणे सुदुस्सहः ॥११५५॥
એ પ્રમાણે વિચારીને તે બન્ને જણાં ત્યાં જવા માટે તૈયાર થયા. તેટલામાં તેઓના નાકમાં અત્યંત દુસહ દુર્ગંધનો પ્રવેશ થયો. (૧૧૫૫)

स्थगयित्वोत्तरीयेण नासारन्ध्रे ततश्च तौ । अस्थिराशिं च गच्छन्तौ वने तस्मिन्नपश्यताम् ॥११५६॥
ત્યાર પછી બન્ને નાસિકાને કપડાના છેડાથી ઢાંકીને આગળ ચાલતાં તે વનમાં હાડકાના ઢગલાને જોયો. (૧૧૫૬)

भयभीतौ विशेषेणा-लोकयन्तावदो वनम् । नरमेकं च तौ प्रेक्षा-ञ्चक्रतुः शूलिकागतम् ॥११५७॥
વિશેષ પ્રકારે ભય પામેલા તેઓએ તે વનને જોતાં શૂળી ઉપર ચઢેલા એક મનુષ્યને જોયો. (૧૧૫૭)

जीवन्तं विलपन्तं च दृष्ट्वा पप्रच्छतुश्च तम् । कस्त्वं भद्र ! कथं वा ते-ऽवस्थेयं के त्वमी शबाः ॥११५८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવતા અને વિલાપ કરતાં તેને જોઈને તેઓએ પૂછયું કે હે ભાગ્યશાળી ! તું કોણ છે ? આવી અવસ્થાને કેમ પામ્યો છે ? અને આ બધા શબો કોના છે ? (૧૧૫૮)

सोऽप्यवोचत काकन्दि-पुरीवासी त्वहंवणिक् । भग्नं वारिनिधौ यानं वाणिज्येन गतस्य मे ॥११५९॥

ત્યારે તે પણ બોલ્યો કે હું પણ કાકંદીનગરીનો વાણિયો છું. વેપાર માટે ગયેલા મારી નૌકા સમુદ્રમાં ભાંગી ગઈ. (૧૧૫૯)

लब्ध्वाहं फलकं चात्रा-गतो देव्या च कामितः । स्तोकेनाप्यपराधेन शूलायामधिरोपितः ॥११६०॥

પાટીયું મળવાથી હું અહીં આવ્યો. દેવીએ મને કામથી પરાધીન કર્યો. અને નાના એવા અપરાધમાં મને શૂલી પર ચઢાવ્યો. (૧૧૬૦)

एतयैव हताश्चैते एवमेव पुरा नराः । तद्युवां कुत आयातौ प्राप्तौ चास्या गृहे कथम् ॥११६१॥

તે દેવીએ પહેલાં પણ આ મનુષ્યોને તેવી જ રીતે માર્યા છે. તો તમે અહીં કેવી રીતે આવ્યા ? અને આના ઘેર કેમ આવ્યા ? (૧૧૬૧)

ततस्तावात्मनोर्वार्तां निवेद्य तमपृच्छताम् । भद्र ! नौ जीवनोपायः कोऽप्यस्त्येवं स्थिते सति ॥११६२॥

તેથી તે બન્નેએ પોતાની વાર્તા કહીને તેને પૂછયું કે હે ભાગ્યશાળી ! અહીં રહેલા અમારા બન્નેને જીવવાનો ઉપાય કોઈ છે ખરો ? (૧૧૬૨)

सोऽवदत् शैलको नाम्ना यक्षः पूर्ववनेऽस्ति भोः । सोऽश्वरूपधरः पर्व-दिने चैवं प्रजल्पति ॥११६३॥

ત્યારે તે બોલ્યો કે પૂર્વદિશા તરફના વનમાં શૈલક નામનો યક્ષ છે. તે અશ્વના રૂપને ધારણ કરતો પર્વના દિવસે

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

આ રીતે બોલે છે. (૧૧૬૩)

कं रक्षामि नरं कं वा विपदस्तारयाम्हम् । तद्गत्वा यक्षराजं तं भक्त्याराधयतं युवाम् ॥११६४॥

કે હું કયા મનુષ્યની રક્ષા કરું ? અથવા કોને વિપત્તિઓથી તારું ? તેથી તમે બન્ને ત્યાં જઈને ભક્તિથી તે યક્ષરાજની આરાધના કરો. (૧૧૬૪)

उद्घोषणायां जातायां-मावां रक्षेति जल्पतम् । इति शिक्षां तयोर्दत्वा स नरः पञ्चतां गतः ॥११६५॥

કોની રક્ષા કરું ? એવી ઉદ્ઘોષણા થતાં તમારે કહેવું કે અમારા બંનેની રક્ષા કર. આવા પ્રકારની સલાહ તે બન્નેને આપીને તે મનુષ્ય મૃત્યુ પામ્યો. (૧૧૬૫)

पूजयामासतुः पुष्पै-र्यक्षं गत्वा च तत्र तौ । आवां निस्तारयेत्याशु भयभीतौ जजल्पतुः ॥११६६॥

તે બન્નેએ યક્ષ પાસે જઈને પુષ્પો વડે પૂજા કરતાં અમોને તારો એ પ્રમાણે ભયભીત થયેલા તે બન્ને બોલ્યા. (૧૧૬૬)

उवाच शैलको निस्ता-रयिष्यामि युवामहम् । एकचित्ततया किन्तु वाक्यं संश्रृणुतं मम ॥११६७॥

ત્યારે શૈલક યક્ષ બોલ્યો કે હું તમારી રક્ષા કરું પણ તમે મારું વચન એક ચિત્તથી સાંભળો. (૧૧૬૭)

युवयोर्गच्छतोः पृष्टे देवता सा समेष्यति । सानुरागसकामानि जल्पिष्यति वचांस्यपि ॥११६८॥

પાછા જતા એવા તમારા બન્નેની પાછળ તે દેવી આવશે. અને તે અનુરાગવાળા કામના વચનો બોલશે. (૧૧૬૮)

अनुरागं ततस्तस्या युवां यदि करिष्यथः । ततश्चोल्लालयित्वाहं प्रक्षेप्स्यामि महोदधौ ॥११६९॥

પછી જો તમે તેનો અનુરાગ કરશો તો હું તમોને ઉછાળીને સમુદ્રમાં ફેંકી દઈશ. (૧૧૬૯)

Jun Gun Aaradhak Trust

यदिवा निरपेक्षौ हि तस्यां नूनं भविष्यथः । तदा क्षेमेण चम्पायां प्रापयिष्यामि निश्चितम् ॥११७०॥
પરંતુ જો તમે તેને વિષે રાગ વગરના રહેશો તો તમને ચોક્કસ સુખપૂર્વક ચંપાનગરીમાં પહોંચાડીશ. (૧૧૭૦)
सन्मानं च न दृष्ट्यापि तस्याः कार्यं कथञ्चन । न भेतव्यं भयं तस्या दर्शयन्त्या अपि स्फुटम् ॥११७१॥
તેને દષ્ટિથી જોવા માત્ર પણ સન્માન ન કરશો અને તે પ્રગટ રીતે ભય બતાવે તો પણ ભય ન પામતાં. (૧૧૭૧)
व्यवस्थां चेद्युवामेतां सन्निर्वाहयितुं ह्यलम् । तन्ममारुहतं पृष्ठं शीघ्रं येन नयाम्यहम् ॥११७२॥
આ શરત જો તમે પાલન કરવા માટે શક્તિશાળી હો તો મારી પીઠ ઉપર જલ્દી બેસી જાવ જેથી હું તમને લઈ જાઉં. (૧૧૭૨)
ततस्तत्पृष्ठमारूढौ तावङ्गीकृत्य तद्वचः । उत्पत्य सहसा सोऽपि ययौ मध्ये महोदधेः ॥११७३॥
ત્યાર પછી તેનું વચન અંગીકાર કરીને તેની પીઠ ઉપર તે બન્ને બેઠા ત્યારે તે એકાએક ઊઠીને તે યક્ષસમુદ્રના મધ્યમાં ગયો. (૧૧૭૩)
अत्रान्तरे च देवी सा-ऽपश्यन्ती तौ स्ववेश्मनि । बभ्राम वनखण्डेषु तत्रापि तौ ददर्श न ॥११७४॥
એટલામાં આ બાજુ તે દેવી તે બન્નેને પોતાના મહેલમાં નહીં જોતી વનખંડોમાં ભમી ત્યાં પણ તે બન્નેને ન જોયા. (૧૧૭૪)
ततो ज्ञानोपयोगेन ज्ञात्वा सा गमनं तयोः । दधावे खड्गमादाय पृष्ठे कोपपरायणा ॥११७५॥
ત્યાર પછી જ્ઞાનના ઉપયોગ વડે તેઓનું ગમન જાણીને કોપમાં તત્પર એવી તે તલવાર લઈને તેઓની પાછળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દોડી. (૧૧૭૫)

दृष्ट्वा च तावुवाचैवं रे किं याथो विमुच्य माम् । पुनरागच्छतं स्वीयं-जीवितं वांछयो यदि ॥११७६॥

તે બન્નેને જોઈને તે બોલી મને મૂકીને તમે ક્યાં જાવ છો ? જો તમે જીવિતને ઈચ્છતા હો તો પાછા આવો. (૧૧૭૬)

नोचेदनेन खड्गेन पातयिष्यामि वां शिरः । तयेत्युक्तेऽथ यक्षेण भणितौ ताविदं पुनः ॥११७७॥

નહીંતર આ તલવાર વડે તમારું મસ્તક કાપી નાંખીશ. તે દેવી વડે આમ કહેવાયું ત્યારે યક્ષે તે બન્નેને કહ્યું. (૧૧૭૭)

मम पृष्ठस्थितावस्या मा भैष्टं भो कथञ्चन । इति सन्धीरितावेतौ स्थिरचित्तौ बभूवतुः ॥११७८॥

મારી પીઠ ઉપર રહેલાં તમે જરા પણ ગભરાશો નહીં. એ પ્રમાણેના વાક્યો વડે તે બન્ને જણા સ્થિર ચિત્તવાળા બન્યા. (૧૧૭૮)

ततोऽनुकूलवाक्यानि जजल्पैवमसौ यथा । मां मुक्त्वैकाकिनी रक्तां क्व चैवं प्रस्थितौ युवाम् ॥११७९॥

ત્યાર પછી તે દેવી અનુકૂલ વાક્યો બોલવા લાગી. રાગવાળી એવી મને એકલી મૂકીને તમે ક્યાં જાવ છો ? (૧૧૭૯)

इत्यादिदीनवचनै-स्तयाभाणि तयोरपि । न चचाल तयोश्चित्तं यक्षावष्टम्भशालिनोः ॥११८०॥

એ પ્રમાણેના દીન વચનો વડે તેણીની તેઓને બોલવા લાગી. તો પણ યક્ષે આપેલા વિશ્વાસથી તેઓનું ચિત્ત ચલાયમાન ન થયું. (૧૧૮૦)

ततोऽसौ भेदनिष्णाता प्रत्यूचे जिनरक्षितम् । मम प्रियो विशेषेण त्वमेवासीर्महाशय ! ॥११८१॥

ત્યાર પછી ભેદ કરવામાં કુશળ એવી તે જિનરક્ષિતને કહેવા લાગી. હે મહાયશવાળો તું મને વિશેષ પ્રકારે પ્રિય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. (૧૧૮૧)

ईक्षणालापसन्मान-क्रियासाम्येऽपि देहिनाम् । चित्ताह्लादकरं प्रेम कस्मिंश्चिदेव जायते ॥११८२॥

જેવું-વાર્તાલાપ કરવો-સન્માન આપવાની ક્રિયાઓ સરખી હોવા છતાં દેહધારી મનુષ્યોના ચિત્તને આનંદ ઉપજાવનારો પ્રેમ કોઈકમાં જ હોય છે.(૧૧૮૨)

एवं ममापि कुर्वन्त्या युवाभ्यां सह सङ्गतिम् । जिनरक्षित ! सद्भावात् स्नेहस्त्वय्येव निश्चलः ॥११८३॥

એ પ્રમાણે જિનરક્ષિત તમારી બંનેની સાથે સદ્ભાવવાળી સંગતિ કરતાં મને તારામાં જ નિશ્ચલ પ્રેમ ઉત્પન્ન થયો છે. (૧૧૮૩)

तदेहि देहि मे कान्त ममैकान्तरते सुखम् । अन्यथाहं मरिष्यामि त्वद्वियोगरुजादिता ॥११८४॥

તેથી હે નાથ ! તું અહીં આવ. અને એકાંત પ્રિય એવી મને રતિનું સુખ આપ નહીંતર હું તારા વિયોગરૂપી દુઃખથી પીડાઈને મરી જઈશ. (૧૧૮૪)

नाथानाथावलां हा त्वं दृष्ट्यापि किं न वीक्षसे । ददाति रागिणी प्राणा-नित्यर्थे संशयो नु किम् ॥११८५॥

હે નાથ ! આ નાથ વગરની અબલા પ્રત્યે તું દૃષ્ટિ વડે પણ કેમ જોતો નથી ? પ્રેમવાળી સ્ત્રી પ્રેમ માટે પોતાના પ્રાણોને ચોક્કસ આપી દે છે. (૧૧૮૫)

तत्कूटमोहितः सोऽथ तत्सत्यमिति चिन्तयन् । दृष्ट्यालोकयतिस्मास्या दुर्गतेरिव सन्मुखम् ॥११८६॥

તેના કપટથી મોહ પામેલો તેની વાતને સાચી માનતો દુર્ગતિની જેમ દૃષ્ટિથી તેની સન્મુખ જુએ છે. (૧૧૮૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यक्षेणोल्लालयित्वा च विक्षिप्तः स स्वपृष्ठतः । तया नीरमसम्प्राप्त-स्त्रिशूलोपरि सन्धृतः ॥११८७॥
ત્યારે યક્ષે પોતાની પીઠ ઉપરથી તેને ઉછાળી ફેંકી દીધો. તે વખતે તેણીએ તેને પાણીમાં પહોંચ્યા પહેલાં ત્રિશૂલ ઉપર પરોવી દીધો. (૧૧૮૭)

लभस्व पाप रे सद्यो मम वञ्चनजं फलम् । इत्युदित्वा स खड्गेन खण्डयित्वा तया हतः ॥११८८॥
હે પાપી ! મને છેતરવાનું ફળ જલ્દી મેળવ. એમ બોલીને તેણીએ તેને તલવારથી ટુકડા કરી મારી નાંખ્યો. (૧૧૮૮)

ततश्च कूटकपट-रचनानाटिकानटी । सञ्चालयितुमारेभे चाटुभिर्जिनपालितम् ॥११८९॥
ત્યાર પછી કૂડકપટ કરવાની રચના કરવામાં હોંશિયાર એવી તેણીએ મધુર વચનો વડે જિનપાલિતને લોભાવવા લાગી. (૧૧૮૯)

यक्षेण भणितः सोऽथ यद्यस्या वचने रुचिः । भविष्यति गतिस्तत्ते कनिष्ठस्येव निश्चितम् ॥११९०॥
યક્ષે તેને કહ્યું કે જો તને આના વચનમાં પ્રેમ થશે તો તારી ગતિ પણ તારા નાના ભાઈ જેવી જ થશે. (૧૧૯૦)

जातनिश्चलचित्तोऽसौ तत्कूटमवधूय तत् । क्षेमेण सह यक्षेण प्राप्तश्चम्पापुरीं निजाम् ॥११९१॥
તેના કપટને જાણીને તે નિશ્ચલ ચિત્તવાળો બન્યો. તેથી સુખપૂર્વક યક્ષ સાથે પોતાની નગરી ચંપાપુરીમાં પહોંચ્યો. (૧૧૯૧)

वलिता व्यन्तरी साथ यक्षोऽपि वलितः सकः । प्रणतः कृतकृत्येन श्रेष्ठिपुत्रेण भक्तितः ॥११९२॥
ત્યારે તે વ્યંતર દેવી પાછી વળી અને કૃતકૃત્ય થયેલા એવા શ્રેષ્ઠિપુત્ર વડે પ્રણામ કરતો યક્ષ પણ પાછો વળ્યો. (૧૧૯૨)

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

गेहं गत्वा स्वलोकस्य मिलितो जिनपालितः । कथयामास तद्बन्धु-मरणं शोकसङ्कुलः ॥११९३॥
જિનપાલિતને ઘેર જઈને સ્વજનોને મળ્યો. અને ભાઈનું શોક સહીતનું મરણ જણાવ્યું. (૧૧૯૩)
मृतकार्याणि तस्याथ माकन्दी स्वजनान्वितः । विधाय पालयामास गृहवासं सुतान्वितः ॥११९४॥
હવે તે માકંદીને શ્રેષ્ઠિએ પોતાના સ્વજનોની સાથે તેની મૃત્યુની ક્રિયાઓ કરીને પુત્ર સહિત સંસારને પાલન કરવા લાગ્યો. (૧૧૯૪)
अन्यदा समवासार्षी-त्तत्र वीरजिनेश्वरः । तं नन्तुमागतौ चैतौ माकन्दिजिनपालितौ ॥११९५॥
એક દિવસ ત્યાં વીર જિનેશ્વર પ્રભુ સમવસર્યા. તેઓને નમસ્કાર કરવા માટે માકંદી શેઠ અને જિનપાલિત ગયા. (૧૧૯૫)
श्रुत्वा तदन्तिके धर्मं प्रतिबुद्धौ महाशयौ । जातव्रतपरिणामौ तौ तं नत्वा गतौ गृहम् ॥११९६॥
તેમની પાસે ધર્મ સાંભળીને પ્રતિબોધ પામેલા મોટા આશયવાળા અને વ્રત લેવાની ઈચ્છાવાળા તે બન્ને નમીને પોતાના ઘેર આવ્યા. (૧૧૯૬)
पौत्रे भारं कुटुम्बस्य विन्यस्य सुतसंयुतः । स श्रेष्ठी परिवव्राज श्रीवीरजिनसन्निधौ ॥११९७॥
ત્યાર પછી પોતાના પૌત્રને ઘરનો ભાર સોંપીને પુત્રની સાથે તે શેઠે શ્રી વીરજિનેશ્વર પાસે દીક્ષા લીધી. (૧૧૯૭)
पित्रा समन्वितः सोऽथ जिनपालितसंयतः । स्वकार्यसाधको जज्ञे तपः कृत्वा सुदुश्चरम् ॥११९८॥
તે જિનપાલિત સાધુ-પિતાની સાથે દુષ્કર તપ તપીને પોતાના કાર્યની સિદ્ધિને કરનારો થયો. (આત્મહિત કરનારો) (૧૧૯૮)

P.P.Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कथयित्वा कथामेवं धर्मघोषमुनीश्वरः । राजर्षेरमरस्योप-नयं कथयतिस्म सः ॥११९९॥
આ પ્રમાણે કથાને કહીને તે ધર્મઘોષ નામના આચાર્ય ભગવંત શ્રી અમરદત્ત રાજર્ષિને કથાનો ઉપનય કહેવા લાગ્યા. (૧૧૯૯)

यथा तौ वणिजौ तद्व-ज्जीवा संसारिणोऽखिलाः । रत्नद्वीपस्य देवीवा-ऽविरतिश्च प्रकीर्तिता ॥१२००॥
જે રીતે તે બે વણિકના પુત્રો હતા તેવી રીતે સંસારના સર્વે જીવો જાણવા. અને રત્નદ્વીપની દેવીની જેમ અવિરતિ જાણવી. (૧૨૦૦)

तथाऽविरतिजं दुःखं यथा स्याच्छवसञ्चयात् । शूलागतमनुष्याभो हितभाषी गुरुः सदा ॥१२०१॥
જેવી રીતે શબના મોંઢામાંથી નીકળેલા શબ્દોવાળું દુઃખ તે અવિરતિથી ઉત્પન્ન થયેલું દુઃખ જાણવું. અને શૂળી ઉપર પરોવાયેલા મનુષ્યની જેમ હિતને કહેનારા ગુરુને જાણવા. (૧૨૦૧)

तत्स्वरूपं यथा तेन स्वानुभूतं निवेदितम् । तथैवाविरतेर्दुः खं गुरुराख्याति देहिनाम् ॥१२०२॥
તે શૂળી ઉપર ચઢેલા મનુષ્યે પોતે અનુભવેલું દુઃખ કહ્યું તેવી જ રીતે દેહધારી પ્રાણીઓને અવિરતિથી ઉત્પન્ન થયેલું દુઃખ ગુરુમહારાજ કહે છે. (૧૨૦૨)

यथासौ शैलको यक्ष-स्तारकः संयमस्तथा । समुद्र इव संसार-स्तरणीयोऽमुना ध्रुवम् ॥१२०३॥
જેવી રીતે તારનારો શૈલકયક્ષ હતો તેવી રીતે અહીં તારનારો સંયમ છે અને તે સંયમ વડે સમુદ્ર જેવો સંસાર સમુદ્ર તરવાનો છે. (૧૨૦૩)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यथा तस्या वशीभूतो विनष्टो जिनरक्षितः । तथैवाविरतेर्जन्तु-र्वशीभूतो विनश्यति ॥१२०४॥
જેમ તે દેવીને વશ થયેલો જિનરક્ષિત નાશ પામ્યો. તેવી જ રીતે અવિરતિથી વશ થયેલો પ્રાણી વિનાશ પામે છે. (૧૨૦૪)

देवतोक्तनिराकाङ्क्षी यक्षादेशमखण्डयन् । क्षेमेण स्वपुरं प्राप्तो यथासौ जिनपालितः ॥१२०५॥
દેવીના વચનમાં લોભ ન પામેલો અને યક્ષની આજ્ઞાને ખંડન ન કરનાર જિનપાલિત જેમ સુખપૂર્વક પોતાના નગરમાં પહોંચ્યો. (૧૨૦૫)

विरतोऽविरतेः शुद्ध-चारित्रमविराधयन् । निष्कर्मा जायते प्राणी निर्वाणसुखभाजनम् ॥१२०६॥
અવિરતિથી અટકેલો શુદ્ધચારિત્રની વિરાધના ન કરતો કર્મ વગરનો પ્રાણી મોક્ષ સુખનું ભાજન બને છે. (૧૨૦૬)

तद्धोः प्रपद्य श्रामण्यं पुनर्भोगेषु नो मनः । कर्तव्यमिति सन्दिष्टे गुरुणा मुमुदे मुनिः ॥१२०७॥
તેથી તમારે સંયમ લઈને ભોગોમાં મનને ન જોડવું. એમ ગુરૂએ ઉપદેશ આપતાં તે મુનિ આનંદીત બન્યા. (૧૨૦૭)

समर्पिता प्रवर्त्तिन्या-स्ततोऽसौ रत्नमञ्जरी । कृत्वोदारं तपस्तौ द्वौ सम्प्राप्तो परमं पदम् ॥१२०८॥
ત્યારે રત્નમંજરીને ગુરૂણીને સોંપી. તે બન્ને આત્માઓ મહાન તપ કરતાં પરમ પદ મોક્ષને પામ્યા. (૧૨૦૮)

तच्चरित्रमिति श्रुत्वा केचिद्भव्या गुरोर्मुखात् । उद्विग्नाश्च क्षणादेव सञ्जाता भववारिधेः ॥१२०९॥
ગુરૂના મુખેથી તે ચરિત્ર સાંભળીને કેટલાક ભવ્ય પ્રાણીઓ તે જ સમયે સંસાર સમુદ્રથી ઉદ્વિગ્ન ચિત્તવાળા

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

थया. (१२०९)

त्रयोऽपि लघुकर्माण-स्ते प्रबुद्धा गुरोर्गिरा । पुण्यसारं सुतं राज्ये चित्रसेनो न्यवेशयत् ॥१२१०॥

તે ત્રણેય લઘુકર્મીઓ ગુરુની વાણીથી પ્રતિબોધ પામ્યા. ચિત્રસેન રાજાએ પોતાના પુત્ર પુણ્યસારને રાજ્ય પર સ્થાપન કર્યો. (૧૨૧૦)

रत्नसारसुतं चापि सुमतिनामधारिणम् । मन्त्रीश्वरपदे राजा स्थापयामास सम्मदात् ॥१२११॥

અને રાજાએ સુમતિ નામના રત્નસારના પુત્રને (પૌત્રને) હર્ષથી મંત્રીના પદે સ્થાપન કર્યો. (૧૨૧૧)

ततोऽसौ मन्त्रिणा युक्तः पद्मावत्या समन्वितः । वैराग्यरञ्जितो राजा समागाद्गुरुसन्निधौ ॥१२१२॥

ત્યાર પછી વૈરાગ્યના રંગથી રંગાયેલો રાજા મંત્રી અને પદ્માવતી સહિત ગુરૂ પાસે આવ્યો. (૧૨૧૨)

परित्यज्य कषायादीन् प्रमादैः पञ्चभिः सह । मुक्त परिग्रहादेष गुरून्नत्वा व्यजिज्ञपत् ॥१२१३॥

પાંચેય પ્રમાદોની સાથે કષાયોને છોડીને-છોડી દીધો છે પરિગ્રહ જેણે એવા ગુરૂને તેણે નમીને વિનંતી કરી. (૧૨૧૩)

स्वामिन् संसारभीतोऽस्मि देहि दीक्षां जिनोदिताम् । भवभ्रमणभीतानां शाश्वतानन्ददायिनीम् ॥१२१४॥

હે સ્વામી ! ભવભ્રમણના ભયથી ભય પામેલાને શાશ્વત આનંદને દેનારી એવી અને જિનેશ્વર ભગવંતે કહેલી એવી દીક્ષા સંસારથી ભય પામેલા એવા મને આપો. (૧૨૧૪)

योग्यं ज्ञात्वा गुरुस्तेषां दत्वा दीक्षां जिनोदिताम् । संसाराब्धितरीतुल्यां विजहार वसुन्धराम् ॥१२१५॥

ગુરૂએ પણ તેઓને યોગ્ય જાણીને સંસારરૂપી સમુદ્રને તારવામાં નૌકા જેવી જિનેશ્વર પ્રભુએ કહેલી દીક્ષા આપીને પૃથ્વી પર વિહાર કર્યો. (૧૨૧૫)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चारित्रं निरतीचारं पालयित्वा कियद्दिनैः । प्राप्तास्ते त्वच्युते कल्पे समुदायिककर्मतः ॥१२१६॥
કેટલાક દિવસો સુધી નિરતિચાર ચારિત્ર પાલન કરીને સામુદાયીક કર્મથી તેઓ અચ્યુત દેવલોકમાં ગયા. (૧૨૧૬)
यत्पुण्यं समुदायेन त्रिभिर्जीवैरूपार्जितम् । समुदायसुखं भुङ्क्त्वा ते यास्यन्ति शिवं क्रमात् ॥१२१७॥
જે પુણ્ય તે ત્રણે જણાએ સાથે ઉપાર્જન કર્યું હતું. તેથી તે સુખ તેઓ સાથે ભોગવીને અનુક્રમે મોક્ષમાં જશે. (૧૨૧૭)
शीलप्रभावात्तैरेवं भुङ्क्त्वा राज्यश्रियंनिजाम् । जैनधर्मं समाराध्य संप्राप्तं वाञ्छितं फलम् ॥१२१८॥
આ પ્રમાણે તેઓએ શીલના પ્રભાવથી પોતાને મળેલી રાજ્ય લક્ષ્મીને ભોગવીને જૈન ધર્મની આરાધના કરીને ઇચ્છિત ફળ (મોક્ષ)ને મેળવ્યું. (૧૨૧૮)
वाञ्छितां च गृहे लक्ष्मीं रम्यस्त्रीपुत्रपौत्रकान् । गौरवं स्वजने कीर्तिं लभन्ते शीलपालनात् ॥१२१९॥
શીલનું પાલન કરવાથી-ઈચ્છિત લક્ષ્મી, સુંદર સ્ત્રી-પુત્ર-પૌત્ર વગેરે સ્વજનોમાં ગૌરવ અને કીર્તિ મળે છે. (૧૨૧૯)
शीलप्रभावतो नूनं नश्यन्ति व्याधयोऽखिलाः । शाकिनीभूतवेताल-सिंहसर्पभयानि च ॥१२२०॥
ખરેખર શીલના પ્રભાવથી બધી વ્યાધિઓ નાશ પામે છે અને શાકિની-ભૂત-વૈતાલ, સિંહ અને સર્પના ભયો નાશ પામે છે. (૧૨૨૦)
शीलप्रभावमेवं तं विदित्वा पुरुषोत्तमैः । भवनिस्तारकं तत्तु पालनीयं निरन्तरम् ॥१२२१॥
આ પ્રમાણે શીલનો પ્રભાવ જાણીને ઉત્તમ પુરૂષોએ સંસારમાંથી તારનારૂં એવું શીયળ નિરંતર પાલન કરવું જોઈએ. (૧૨૨૧)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

नागलोकादिकं सौख्यं नृसौख्यं देवसौख्यकम् । शीलप्रभावतो नूनं प्राप्यते परमं पदम् ॥१२२२॥
ખરેખર શીલના પ્રભાવથી નાગલોક-મનુષ્યલોક-દેવલોક અને મોક્ષનું સુખ પણ મળે છે. (૧૨૨૨)

गतियुगेनान्वितबाणचंद्रे संवत्सरे चाश्विनमासके च । कृष्णत्रयोदशीशनैश्चरवासरे च कथा कृता शीलतरङ्गिणीतः ॥१२२३॥
સંવત. ૧૫૪૪માં આસો મહિનાની વદી તેરસના દિવસે શનિવારે શીલતરંગિણીમાંથી આ કથા ઉદ્ધૃત કરી છે. (૧૨૨૩)

श्रीधर्मसूरेस्तदनुक्रमेण श्रीमूलपट्टे च समागतोऽभूत् । श्रीपद्मचन्द्रः सुगुरुस्ततोऽभूत् साधूत्तमः श्रीमहिचंद्रसूरिः ॥१२२४॥
શ્રી ધર્મસૂરિની મૂળ પરંપરામાં અનુક્રમે શ્રી પદ્મચંદ્ર નામના ઉત્તમ ગુરૂ થયા. ત્યાર પછી શ્રી મહીચંદ્રસૂરિ નામના ઉત્તમ સાધુ થયા. (૧૨૨૪)

शिष्यस्तदीयो महिमान्वितश्च चारित्रपात्रं स्वगुणैः प्रधानः । पद्मावती शीलगुणोरूकीर्त्तनां चक्रे कथां पाठकराजवल्लभः ॥१२२५॥
તેઓના મહિમાવાળા ચારિત્રવાન અને પોતાના સદ્ગુણોથી પ્રસિદ્ધ થયેલા રાજવલ્લભ પાઠક નામના શિષ્યે પદ્માવતી શિયળના કીર્તનરૂપ આ કથા રચી છે. (૧૨૨૫)

॥ शीलगुणकीर्तना चित्रसेनपद्मावतीकथा समाप्ता ॥
શ્રી ચિત્રસેન-પદ્માવતીની કથા સંપૂર્ણ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust